

સઆદતે દારૈન

-: લેખક :-

મુતરજીમે મસન્વી, ઉલમા એ
અહેલે સુન્નત અલ્લામા
અલ્હાજ ડો સૈયદ હાજી
જંહાગીર શાહ બુખારી

પ્રસ્તાવના

અલ્લાહના નામથી શરૂ જે ઘણો જ મહેરબાન નિહાયત રહેમવાળો છે સઘળી હમ્દોસના અલ્લાહ ત્આલાના ઝાતે પાક માટે છે.કરોડો દુરૂદ અને સલામ અલ્લાહ ત્આલાના સાચા રસુલ અને અમારા પ્યારા આકા વ મૌલા હઝરતે મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે.વસલ્લમ)ની ઝાતે બાબરકાત પર અને તેમની અહેલે બયત પર અને તેમના અસ્હાબ પર.

આજના પ્રવર્તમાન સમયમાં જયારે દુનિયા હાઈ ટેકનોલોજીની સાથે આગળ વધી રહી છે.ટી.વી,મોબાઈલ,કોમ્પ્યુટર,ફેકસ,જેવી સુવિધાઓ ,વળી,મુસાફરી માટેહાઈટેક વિમાનોની ઉપલબ્ધતા એ તો દુનિયાના દેશો વચ્ચેનું અંતર પણ ઓછુ કરી નાખ્યું છે ત્યારે આજનો સુખી સંપન્ન માણસ અમુક સમય સુધી પોતાના કામ ધંધા–કારોબાર ની ચિંતા પડતી મૂકી દુનિયાના અવનવા સ્થળોએ સહેલગાહે ઉપડી જાય છે. તે સ્થળોની રંગીન રાત્રિઓ અને અવનવા આનંદાયક સાધનોથી પોતાના આત્માને સંતોષ આપવાનો પ્રયત્ન કરે છે.જેમાં આજનો મુસલમાન વર્ગ પણ સામેલ છે.સહેલગાહે જતી વ્યકિતનો હેતૂ એટલા સમય પૂરતો પોતાના કારોબાર–ધંધાની,પોતાની અન્ય ચિંતાઓની તાણમાંથી મુકિત પામવાનો હોય છે.એ સમજે છે કે આવી રીતે આનંદ પામી ,સ્થળોની સુખ–સગવડતા ભોગવી પોતે ચિંતા મુકત રહી શકે છે.જે હેતુ એટલા જ સમય પૂરતો સિધ્ધ થાય છે.એ મુસાફરી માટેનો જંગી ખર્ચ હસતાં હસતાં કરી નાખે છે.

પરંતુ એ સ્થળેથી પ્રવાસ પૂર્ણ કરી આવ્યા પછી એ પાછો એ જ ચિંતાઓમાં ડૂબી જાય છે આગળના પ્રવાસનો આનંદ ને જે આત્માને સંતોષ આપવાનો હેતુ હતો તે કયાંય રહેતો નથી તો પછી આટલો ખર્ચ ,આટલો સમય વેડફવાનો અર્થ શું ?જે હેતુ હતો તે તો આટલો ખર્ચ કર્યા પછી પણ સિધ્ધ થતો નથી.આવા સ્થળોની ચમક–દમકમાં આજનો મુસલમાન પણ અંજાઈ ગયો છે.એને પણ આવા સ્થળોની ભૌતિક સુવિધાઓ પોતાના તરફ આકર્ષિત કરે છે.આજનો મુસલમાન પોતાની સહેલગાહના સ્થળો ભૂલી ગયો છે.જ્યાં ભલે કદાચ ભૌતિક સાધનો ઓછા હશે.પરંતુ રૂહાની શુકૂન તો તે સ્થળોએ જ મળે છે એ વિસરી ગયો છે.દુનિયાના અન્ય સ્થળોએથી જ્યારે એ પાછો આવે છે ત્યારે ધન,સમય,શરીરની સ્ફૂર્તિ બધાનો ભોગ આપી એ પાછો આવે છે.

જ્યારે આપણાં દીનનો બુઝુર્ગો,અસહાબો,વલીઓ વગેરેની ઝીયારતોથી મુસલમાનને ઈમાનની તાજગી મળે છે,રૂહાની શુકૂન મળે છે અને કદાચ કોઈ તેમાંથી નેક બંદાની નજરે કરમ થઈ જાય તો એ જ પ્રવાસ એના માટે જન્નતના દરવાજાની ચાવી બની જાય છે.એ સિવાય પણ તેમની ઝીયારતોથી તેમની જિંદગી,સિરતે પાક ,નેક આમાલથી માહિતગાર થઈ પોતે પણ એ મુજબ અમલ કરે તો એની જિંદગી અને આખેરત માલામાલ થઈ જાય. પણ, અફસોસ !કે આજનો મુસલમાન આ સ્થળોથી દૂરને દૂર થતો જાય છે.

જિંદગી ખર્ચ કરનાર બુઝુર્ગો વિશે,તેમની મજારમુબારક અને સિરત વિશે જાણે,ત્યાંનો પ્રવાસ ના થાય અને કયારેય નાશ ન પામતાં રૂહનો શુકૂન મેળવે.તે જ આ કિતાબ લખવાનો હેતુ છે.

અલ્લાહ ત્આલાના ફઝલ અને કરમથી ચાર હજ્જઓઉમરાહની સઆદત નસીબ થઈ. પહેલો હજ્જ ૧૯૬૮માં અદા કર્યો.બીજો હજ્જ ઈ.સ.૧૯૯૬માં કર્યો ત્યારે બગદાદ શરીફ અને બયતુલ મુકદ્દસ અને અન્ય મુકદ્દસ મકામાતની ઝીયારતનો શોક અને ઘણી જ આરઝુ હતી.પણ વકતે લડાઈ(અમેરીકા–ઈરાક)થઈ જેના કારણે બગદાદ જવાનું બંધ કરી દેવામાં આવ્યું.એ પછી ઈ.સ.૨૦૦૩માં હજ્જની હાજરી નસીબ થઈ .ત્યારે પણ અખાતી જંગના કારણે બગદાદ જવાનું બંધ કરી દેવામાં આવ્યું.બંને વખતે આ આરઝુ અધૂરી રહી ગઈ.ખૈર ! જેઅલ્લાહ ત્આલાને મંજુર હોય તે થયા કરે.આ વર્ષ ઈ.સ.૨૦૦૫માં મારો હજ્જનો ઈરાદો થયો .માટે હજ્જથી પહેલા તે મુકદદસ ઝીયારતો માટે અમે તૈયારી કરી લીધી.અલ્લાહ ત્આલાએ આ મિસ્કીનની આરઝુ પૂરી ફરમાવી .સાથે મને દિલમાં ખ્યાલ આવ્યો કે આ મુકદ્દસ મકામાતની ઝિયારતનો મુખ્તસર અહેવાલ અને સાથે ત્યાં આરામ ફરમાં અંબીયાએ કીરામ,સાહબાએ કીરામ,અવલીયાએ કીરામનો મુખ્તસર અહેવાલ લખું.એટલે એના માટે હિંમત કરી મેં મારા માવિત્ર અને ઉસ્તાદે મહોતરમ અલ્લામા મુફ્તી–એ–કચ્છ અલ્હાજ અહમદશાહ દામત બરકાતોહુ મૂલઆલીયાની બારગાહમાં બતૌરે ઈજાજત વાત કરી.તો હઝરતે મારી એટલી હિંમત અફઝાઈ કરી કે જે મારા દિલમાં થોડી રૂકાવટ હતી એ પણ દુર થઈ ગઈ.આપે મને ફરમાવ્યું કે "હર આલીમ અને ઝીઈલ્મનું ઈલ્મ અને ફૈઝ કિતાબી સૂરતમાં જ બાકી રહે છે.હું તમારી લખેલી તેહરીર તૈયાર કરો તો હું જોઈને એની જરૂર જણાતા ઈસ્લાહ પણ કરીશ."આ આપની દુઆઓનો તસદ્દુક છે કે આપ અલીફથી કરી પુરી આલેમાના તાલીમના મારા ઉસ્તાદ અને મુસ્લેહ રહયા છે.

આ કિતાબ વાંચી કોઈ પણ એક મુસલમાન એ મુકદ્દસ મકામાતો વિશે માહિતગાર થાય અને સદ્નસીબે એ મકામાતોની ઝીયારત કરે,એ મુકદ્દસ મકામાત સાથે સંકળાયેલ બુઝુર્ગોના જીવનના અમલ પોતાના જીવનમાં ઉતારશે તો મારો આ પ્રયાસ સફળ થયેલો ગણાશે.એ ઝીયારતથી અને અમલથી એને મળતું શુકૂન અને અઝરો સવાબમાં અલ્લાહ ત્આલા મને પણ સામિલ કરે અને આ કિતાબ લખવાની થોડી મહેનતને કબુલ ફરમાવે તમારી દુઆનો તલબગાર રહીશ.

આ નાચીજની ઘણી જ નાનકડી તસ્તીફને અલ્લાહ ત્આલા કબુલ ફરમાવે અને પોતાના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વસીલાથી વધુ ઈલ્મી ખીદમતની તૌફીક અતા કરે ...આમીન..

અંતમાં આ કિતાબમાં કયાંય પણ કોઈ જાતની ક્ષતિ રહી ગઈ હોય તો તાલીબે–ઈલ્મ સમજી મને ક્ષમ્ય ગણશો એવી આજીજી સહ.....

નાચીજ–ખાદીમે દીન
સૈયદ જહાંગીરશા હાજીમીયાં સાહેબ,વિંઝાંનવી,
વિંઝાણ,તા.અબડાસા.(કચ્છ)

જીયારતે મઝારાત,તબર્રૂકાત ના ફાયદા

નહમદો–હુ–વનોસલ્લી–વનોસલ્લીમો–અલા હબીબે હીલ કરીમ,વઆલા આલેહી–વ–અસ્હાબેહી–વ–ઔલીયાએ,ઉમ્મતેહી અજમઈન.અમ્માં બઅદ બિસ્મિલ્લાહ હિરર્હમા નીરૂહીમ–વ–મન યુઅઝ્ઝેમો શઆએરલ્લાહે–ફ–ઈન્નહા મીન તકવીલ કુલુબ.(અલહજ–૨૨)

અલ્લાહના નામથી શરૂ જે ઘણો જ મહેરબાન નિહાયત રહેમવાળો છે સઘળી હમ્દોસના અલ્લાહ ત્આલાના ઝાતે પાક માટે છે.કરોડો દુરૂદ અને સલામ અલ્લાહ ત્આલાના સાચા રસુલ અને અમારા પ્યારા આકા વ મૌલા હઝરતે મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઝાતે બાબરકાત પર અને તેમની અહેલે બયત પર અને તેમના અસ્હાબ પર.

જીયારતે મઝારાત,તબર્રૂકાત અને તેના ફાયદાનાં સબુતમાં મુખ્તસર હવાલાથી બયાન કરૂં છું.બારીતઆલા અમને હીદાયત અતા કરે.આમીન

કુરાને શરીફમાં મક્કામે ઈબ્રાહીમ(હઝરત ઈબ્રાહીમ અલય હિસ્સલામની ઊભા રહેવાની જગ્યા.)ને ખુલી નિશાની (આયાતુમ્બય્યેનાત)ફરમાવ્યું. તફસીરે કબીરમાં છે.કે મક્કા મોઅઝ્ઝમાંની બીજી ફઝીલત મકામે ઈબ્રાહીમ છે.આ તે પથ્થર છે જેના ઉપર હઝરત ઈબ્રાહીમ અલય હિસ્સલામ પોતાનો કદમ મુબારક રાખ્યો હતો.પથ્થરના જેટલા ભાગ ઉપર આપનો કદમ મુબારક પડતો એટલો ભાગ પથ્થર નરમ થઈ જતો.ફરી જ્યારે આપ એ પથ્થરથી પોતાનો કદમ મુબારક ઉપાડતા એ પાછો સખ્ત થઈ જતો.એ પથ્થરનાં એટલા ભાગ ઉપર આપના કદમ મુબારકની નિશાની રહી ગઈ છે.જે અલ્લાહનાં ફઝલો કરમથી આજે પણ મૌજુદ છે.અને જોઈ શકાય છે.અને એજ પથ્થર પાસે નમાઝ પઢવાની કુરાનશરીફમાં તાકીદ આવી છે.

કુરાન શરીફમાં સફા અને મરવાની પહાડીઓને શઆએરલ્લાહ (અલ્લાહની નિશાની)ફરમાવવામાં આવી છે.આ પહાડીઓને અલ્લાહની નિશાનીઓ અટેલામાટે કહેવામાં આવે છે.આ પહાડીઓનાં દરમ્યાનમાં બીબી હાજરા રદીયલ્લાહો તઆલા અન્હા પોતાના દિકરા ઈસ્માઈલ અલૈહીસ્સલામ માટે પાણીની શોધ માટે ચક્કર લગાવ્યા હતાં.આપના મુકદ્દસ કદમ મુબારક આ પહાડીઓ ઉપર પડવાથી આ પહાડીઓનો દરજજો એટલો બુલંદ થયો કે,એને અલ્લાહે પોતાની નિશાનીઓ તરીકે જાહેર કરી.જેમકે કુરાનેશરીફમાં છે કે,"ઈન્ન સ્સફા વલ મરવત મીન શઆએરલ્લાહ"(અર્થ:બેશક સફા અને મરવા અલ્લાની નિશાની પૈકી છે)અલ્લાહનીશાનીઓની તાઝીમ કરવી દિલની તકવા કુરાનશરીફમાં કહેવામાં આવી છે.

કુરાને શરીફમાં તાબુતે શકીનાનું ઝીકર છે."તાબુતે શકીના" જેને અલ્લાહે નિશાની તરીકે દર્શાવ્યુ.તે સમશાદનાં લાકડાની બનાવેલી એક પટી હતી.તે પેટી ત્રણ હાથ લાંબી અને બે હાથ પહોળી હતી.હઝરત અલ્લામા જલાલુદીન સોયુતી રહમતુલ્લાહ અલયહએ "તફસીરે જલાલેન"માં લખ્યું છે કે,આ તાબુતે શકીનાને અલ્લાહ તઆલાએ સૌ પ્રથમ હઝરત આદમ અલૈહીસ્સલામ પર નાઝીલ કર્યુ હતું.તે પેટી વારસા તરીકે બદલાતી–બદલાતી હઝરત મુશા

અલૈહીસ્સલામ સુધી પહોંચી. હઝરત મુશા અલૈહીસ્સલામ આસમાની કીતાબ (તૌરેત)અને બીજો તેમનો સામાન પણ તે પેટીમાં મુકી રાખતાં હતાં.તેમજ તેમનો અસા,કપડા,નાલૈનમુબારક તથા હઝરત હારૂન અલૈહીસ્સલામનો અમામોશરીફ તેમજ તેમનો અસા તેમજ થોડા પ્રમાણમાં "મન" જે આકાશમાંથી ઉતર્યું હતું.જેવી વસ્તુઓ મુકી હતી.લડાઈનાં પ્રસંગોએ હઝરત મુસા અલૈહીસ્સલામ આ પેટીને પોતાની સમક્ષ મુકી દેતાં તેથી યહુદીઓનાં દીલને તસલ્લી થતી હતી.હઝરત મુસા અલૈહીસ્સલામ પછી આ તાબુતે શકીના યહુદીઓમાં વારસાગત આગળના વંશોમાં બદલાતું રહયું.જ્યારે કોઈ મુસીબત આવતી તો યહુદીઓ આ તાબુતને સામે રાખી દુઆ કરતાં તો તેમને કામયાબી મળતી.અને દુશ્મનો સામેની લડાઈમાં તે પેટીની બરકતથી વિજય મળી જતો હતો.

બયાનુલ કુરાનમાં પણ તેમનો ઝીકર છે કે,તાબુતે શકીના જેમા હઝરત મુસા અને હઝરત હારૂન અલય હિસ્સલામનાં તબર્રૂકાત હતા.જેમાં અસામુબારક,અમામાશરીફ,પોશાક અને તેમના નાલૈનશરીફ વગેરે હતાં.બનીઈસરાઈલ આ તાબુતના વસીલાથી લડાઈમાં દુઆ માંગતા અને હર મુસીબતની નજાત માટે દુઆ કરતાં અને તેમની દુઆઓ કબુલ થતી.(બયાનુલ કુરાન)

"કીમીયા પૈદા કુન,અજ મુશ્તે ગીલ– બોસા ઝન બ આસ્તાને કામીલે.

(અર્થઃ હે મુસલમાન જો તું તારી એક મુઠ્ઠી ખાકને કીમીયા(સોનું)બનાવવા ચાહતો હોય તો કોઈ મર્દે કામીલનાં આસ્તાનાની પાકે ચોખટને ચુમી લે.(દરવેશ લાહોરી)

કુરાનશરીફમાં હઝરત યુસુફ અલય હિસ્સલામનાં કમીઝ મુબારકનો પણ ઝીકર છે.જે પોતાના વાલિદ હઝરત યાકુબ અલય હિસ્સલામની આંખોની બીનાઈ માટે મોકલ્યો હતો.

મુખ્તસર કુરાન શરીફના હવાલા પછી આપણે હદીસ શરીફનાં હવાલા જોઈએ.

સહી બુખારી શરીફમાં છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ હજામને બોલાવ્યો અને પોતાના જમણી તરફનાં બાલ મુબારક મુંડવાનો હુકમ કર્યો.જ્યારે હજામે જમણી તરફનાં બાલમુબારક ઉતાર્યા તો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત અબુતલ્હા રદીયલ્લાહો તઆલા અન્હોને બોલાવી ને આ બાલ મુબારક અતા ફરમાવ્યા.પછી હજામને ડાબી બાજુનાં બાલમુબારક મુંડવાનું હુકમ કર્યો.જ્યારે ડાબી બાજુનાં બાલમુબારક હજામે ઉતાર્યા તો પછી તે બાલ મુબારક હઝરત અબુતલ્હા રદીયલ્લાહો તઆલા અન્હોને આપીને હુકમ કર્યો કે આને સહાબામાં તકસીમ કરી દયો.

બુખારીશરીફ અને હદીસની કિતાબોમાં ઝીક છે કે,જ્યારે ઉરવા બીન મસઉદ સકફી હુદૈબીયામાં કુરૈશ તરફથી આવ્યા ત્યારે જોયું કે,હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે વુઝુ ફરમાવતા.ત્યારે વુઝુનું વપરાયેલું પાણીને લેવા માટે સહાબાએ કિરામ એટલી પડાપડી કરી કે મને એમ થયું કે આપસમાં તલવાર ન ઉપડે.અને જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ થુંકતા તો આપની થુંક મુબારક હાથો ઉપર લઈ પોતાના ચહેરા અને જીસ્મ ઉપર મસળતાં.જે સહાબાને ન મળતું તે બીજા સહાબીનાં હાથને મસળીને પોતાના ચહેરા ઉપર લગાવતાં.

સહી મુસ્લિમ શરીફની હદીસ છે કે હઝરત અસ્મા બીન્તે અબુબકર રદીયલ્લાહો તઆલા અન્હા એ એક રેશમી દોરીવાળું ઉનનો ઝભ્ભો કાઢયો.પછી આપે ફરમાવ્યું કે આ ઝભ્ભો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું છે. જેને હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પહેરતા હતાં.જે હઝરત બીબી આયશા સિદીકા રદીયલ્લાહો તઆલા અન્હા પાસે હતું.હઝરતે આયશા સિદીકા રદીયલ્લાહો તઆલા અન્હા ના વિસાલ પછી મેં લઈ લીધું. અને અમે કોઈ બીમાર અને મરીજોને તે ઝભ્ભાને ધોઈને એનું ધોયલું પાણી પીવડાવીએ છીએ.તો તેના બરકતથી શીફા થાય છે.

મીશ્કાત શરીફમાં બુખારીશરીફના હવાલાથી રીવાયત છે કે હઝરત ઉસ્માન બીન અબ્દુલ્લા રદીયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે એક વખત મારી બીબીએ પાણીથી ભરેલો પ્યાલો આપીને મને હઝરતે બીબી ઉમ્મે સલમા રદીયલ્લાહો તઆલા અન્હાના પાસે મોકલ્યો.મારી બીબીની આદત હતી કે,જ્યારે પણ કોઈને નજર લાગતી અથવા બીમારી હોય તો પાણીનો વાસણ ભરીને ઉમ્મુલ મોઅમેનીન પાસે મોકલી આપતાં.હઝરત બીબી ઉમ્મે સલમા રદીયલ્લાહો તઆલા અન્હાની પાસે પ્યારા આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો બાલ મુબારક હતો.તેને ચાંદીની નળીમાં રાખ્યો હતો.જ્યારે કોઈ મરીઝ પાણીનો ભરેલ વાસણ લાવે તો તેમા એ નળી ફેરવી આપતા.અને મરીઝને પીવડાવતા તો શીફા થઈ જતી.

હઝરત બહીરા રદીયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે મારા ચાચા ખદદાશ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી તે પ્યાલો માંગી લીધો.જેમા હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ખાતાં જોયા હતાં.તે પ્યાલો અમારી પાસે મહેફુઝ હતો.હઝરત ફારૂકે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હો અમારી પાસે આવતાં તો અમે આ પ્યાલામાં ઝમઝમ ભરીને આપતાં.આપ તે પાણી પીતાં અને બાકીનાં પાણીને પોતાના મોઢા ઉપર અને માથા ઉપર લગાવતાં.(કનઝુલઉમ્માલ–કિતાબુલ ફઝાઈલ સફા નં.:–૨૭૨)

અલ્લામા મોહંમદ બીન શીરીન રદીયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે,હઝરત અનસ રદીયલ્લાહો તઆલા અન્હોની પાસે પ્યારા આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની છડી મુબારક હતી.જ્યારે આપનો વિસાલ થયો તો આપની વસીયત પ્રમાણે તે છડી મુબારકને આપના કફનની અંદર રાખવામાં આવી.(કનઝુલ ઉમ્માલ–કિતાબુલ ફઝાઈલ ઝીલ્દ ૧૩–સફા નં.૧૨૬)

સીનાન બીન તલક અલયમાનીથી રીવાયત છે કે હું બનીહનીફાનાં વફદના સાથે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં ગયો.તો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાનુ સર મુબારક ધોઈ રહયાં હતાં. મને ફરમાવ્યુ કે તમે પણ તમારૂ સર ધોઈ લ્યો. એટલે મેં આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું બચેલું પાણી લઈ લીધું.અને તે પાણીથી મે પણ મારૂં માથું ધોઈ.લીધું અને ઈસ્લામ લાવ્યો. નબીએ પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મને કાંઈ લખીને આપ્યું. પછી પાછા જતાં મેં અરજ કરી કે, યા રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપના કમીજ મુબારક નુ એક ટુકડો અતા ફરમાવો તો હું એનાથી ઉનસ હાસિલ કરીશ. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મને એક ટુકડો અતા ફરમાવ્યો.પછી જ્યારે પણ હઝરત સીનાન બીન તલક પાસે કોઈ બીમાર આવતો તો તે ટુકડો પાણી માં પલાળી ને પીવડાવતા તો તેને શફા થઈ જતી.(ખસાઈસે કુબરા–ઝીલ્દ ૨ સફા નં.૧૬)

રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફઝર ની નમાઝ અદાકરી મસ્જીદ થી બહાર નીકળતા તો મદિના વાસીઓ,ખાદીમો વાસણોમાં પાણી ભરીને ઊભા રહેતા.હુઝુર આ વાસણોમાં પોતાના આંગળા મુબારક ફેરવી આપતાં અને તેઓ તે પાણીને મરીઝોને પીવડાવતા.(કનઝુલ ઉમ્માલ જીલ્દ ૭ સફા નં ૫૦).

હઝરત અનસ રદીયલ્લાહો તઆલા અન્હોએ હુઝુર અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નું બાલ મુબારક દફન વકતે પોતાની જબાન નીચે રાખવા વસીય્યત કરી.આપની વફાત બાત દફન કરતી વખતે વસીય્યત મુજબ તે બાલમુબારક આપની જબાન નીચે રાખવામાં આવ્યો.(અલ અસાબા ફી નમાઝીલ સહાબા. જીલ્દને ૧ સફા નં. ૭૧)

શીફા શરીફ માં છેકે હઝરત અબ્દુલ્લા ઈબને ઉમર રદીયલ્લાહો તઆલા અન્હો ને લોકોએ જોયું કે તેઓ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મીમ્બર મુબારક બેસવાની જગહ ઉપર પોતાના હાથ ફેરવતા અને તે ફેરવેલા હાથ પોતાના મોઢા ઉપર ફેરવતા.

અલ્લામાં તાજુદદીન ફાકેહાની પોતાની કીતાબ અલ ફઝરૂલ મુનીરમાં માં કબરે મુકદદસા નાં બારામાં એક બાબ બાંધ્યો છે.જેમાં એનાં ફાએદામાં બતાવ્યું છે કે, જે માણસ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં રોઝા મુબારક ની ઝીયારત ન કરી શકે તો તે રોઝા મુબારકની છબીને મહોબત અને શૌક થી જુએ અને મોહબત થી બોસો આપે.અને પોતાનાં ઈશક માં વધારો કરે.

મૌલાનાં અશરફ અલી થાનવી પોતાની કીતાબ ઝાદુસ્ઈદમાં લખ્યું કે દલાએલુલ ખૈરાત નાં લેખક ની કબર ઉપરથી મુશક અને અંબર ની ખૂશબુ આવે છે. અને એમા હઝરત ફાકેહાની કીતાબ "ફઝરૂલ મુનીર"નુ પણ ઝીક્ર કયું છે.

એ સિવાય આલમે ઈસ્લામનાં આલીમો ઈમામ નવવી અને ઈમામ અહમદ કુસ્તુલાની રદીયલ્લાહો તઆલા અન્હોની જગ વિખ્યાત કિતાબ"ઈરશાદુસ્સારી" શરહ સહી બુખારીમાં અને મુલ્લાઅલી કારી મીશકાતની શરહ "મીરકાત"માં અને હઝરત શાહ વલીયુલ્લા મોહદદીસ દહેલવી રહમતુલ્લાહ અલયહની મીશકાતની શરહ "અશઅતુલ લમઆત" માં હદીશના સુબુતથી તબરૂક હાંસીલ કરવું તેનો જવાઝ ફઝીલત ને ઘણી જ વજાત થી લખ્યું છે.

—:— કોઈએ મોલાના રશીદ અહમદ ગંગોઈને એક ફતવો પુછયું.

સવાલ:— સુફી કુબુરે ઔલીયા પર આંખે બંદ કરકે બેઠતે હૈં ઔર સુરએ અલમ નશરા પડતે હૈં ઔર કહેતે હૈં કે હમારા સીના ખુલતા હૈ ઔર હમકો બુઝુર્ગો સે ફૈઝ હોતા હૈ ઈસ બાત કી કોઈ અસલ હૈ યા નહી ?

જવાબ:—ઈસકી ભી અસલ હૈ,ઈસ્મે કોઈ હરજ નહી .અગર બ નીય્યત ખૈર હૈ, (ફકત વલ્લાહ તઆલા આલમ અહકર આમદ ગંગોઈ—ફતવા રશીદીયા સફા નં ૭૨)

અશરફ અલી થાનવી લખે છે કે,એક વખત અહકર(અશરફ અલી થાનવી)અમુક મકામાતે મુતબરેકાની ઝીયારત માટે ગયો હતો.જેના લીધે હઝરત(ઈમદાદુલ્લા મુહાજીર મક્કી)ની ખીદમતમાં પહોંચતાં થોડો મોડું થઈ ગયું.હઝરત સાહેબે મોડું આવવાનું કારણ પુછયું તો મેં ઝીયારતનું કારણ બતાવ્યું.તો આપે ફરમાવ્યું કે તમો જે મકામાત ઉપર ગયા હતાં.તે ઘણું સારૂ કર્યુ.તે જગ્યાઓ બા બરકત હોય છે.(કમાલાતે ઈમદાદીયા સફા નં. ૨૭ મૌલાના અશરફ અલી.થાનવી)

એક વખત ઈમદાદુલ્લા મુહાજીર મક્કી અહયાઉલ ઉલુમને પડી રહયા હતાં.ત્યારે મેં અર્જ કર્યું કે,આજે હું અમુક મુતબર્રક મકામાતની ઝીયારત માટે ગયો હતો.માટે હાજરીમાં મોડો થઈ ગયો.તો હાજી ઈમદાદુલ્લા મુહાજીર મક્કી સાહેબે ઈરશાદ ફરમાવ્યું કે,"જાએ બુઝુર્ગાં બજાએબુઝુર્ગાં ઝીયારત આસારે બુઝુર્ગા" માં બરકત હોય છે.(ઈમદાદુલ મશાક સફા ૪૫મૌલાના અશરફ અલી થાનવી)

મૌલાના અશરફ અલી થાનવી લખે છે કે,એવી જ રીતે ઉમ્મતના નેક બંદાઓની કરામાત આ ઉમ્મતના નબી અલૈહીસ્સલામનાં મોઅજેઝાતમાં છે.અને ઔલીયાઅલ્લાહના વજુદ,હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના હમેંશા રહેવાવાળા મોજીઝાઓ છે.એમની જ બરકતથી માણસોની હાજતો પુરી થાયછે.એમનાથી જ શહેરો ઉપરથી બલા દફઅ થાય છે.તેમની જ દુઆઓથી અલ્લાહ તઆલાની રહેમત નાઝીલ થાય છે.(જમાલુલ ઔલીયા સફા નં.૨૮ મૌલાના અશરફ અલી થાનવી)

મૌલાના રશીદ અહમદગંગોઈ કીધુ કે હું શાહ અ.કુદદૃસ રહ.નાં મઝાર ઉપર ઘણીજ મુદત સુધી બેઠો.અને મને શાસાહબ તાલીમ પણ આપી છે.અને મને જે ફાયદો થયો છે.તે હઝરત હાજીસાહેબ અને શાહ અ.કુદદૃસ સાહેબનાં જ તુફૈલથી થયું છે. (તઝકેર તુરશીદ સફા નં.૧૮૯ જીલ્દ ૨)

આશિક ઈલાહી મેરઠી સાહેબ તઝકેરતુખલીલમાં લખે છે કે હું અને મારા ચાચા,હઝરત ખલીલ અહમદસાહેબનાં સાથે મદિના શરીફ ગયા ત્યારે ત્યાં મારા ચાચા સખત બીમાર પડી ગયા.તબીબોએ ચાચા ને બહાર નીકળવાની મનાઈ કરી.અને કહયું કે મોઢા ઉપર જરા પણ હવા ન લાગે તેનું ધ્યાન રાખવું મોઢા ઉપર ઊની ચાદર લપેટી રાખવી કારણકે, જો હવા લાગી જશે તો બીમારી વધી જવાનો ખતરો છે.હઝરત ખલીલ અહમદ સાહેબે મને ફરમાવ્યું કે,હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં આસ્તાનાની માટી લઈ આવો અને ચાચાનાં મોઢા ઉપર લગાડી દયો.મે કહયું "હઝરત"રોઝા શરીફ પાસે માટી નહી હોય.તો હઝરત સાહેબે ફરમાવ્યું કે,રોઝા મુબારક પાસે બીછાવેલ કાલીન નીચે જે કાંઈ ગીરદો ગુબાર હોય તે લઈ આવો હું હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં રોઝા મુબારક પાસે બીછાવેલી કાલીન નીચેથી માટી લઈ આવ્યો.અને મારા ચાચાનાં મોઢા ઉપર લગાડીને રૂ બાંધી દીધું.ઈશા નમાઝ બાદ ચાચા સાહેબને પુછયું તો ચાચા સાહેબે ફરમાવ્યું કે,મને આરામ લાગે છે.મોઢા ઉપરથી કપાસ કાઢીને જોયું તો મોઢા પરથી સોજા બિલકુલ ઉતરી ગઈ હતી.આમ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં રોઝા મુબારકનાં કાલીન નીચેથી લીધેલી માટી અકસીર સાબીત થઈ.મે ફરીથી ત્યાં જઈ માટી લઈ મારા ચાચાનાં મોઢા ઉપર બાંધી દીધી.ચાચા સાહેબની તબીયત બીલકુલ સારી થઈ ગઈ.તબીબોએ આપેલી બધી દવા ફેંકી દીધી.પછી તો હું હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં રોઝા મુબારક પાસેથી કાલીન નીચેની માટી ભેગી કરી રાખી દીધી.અને મારા ચાચાની બીમારી માટે ઉપયોગ કરવા લાગ્યો.ચાચાને એકદમ શીફા થઈ ગઈ.મરઝ બીલકુલ ખતમ થઈ ગયો.(તઝકરે તુલખલીલ સફા નં.૫૨૭)

આશીક ઈલાહી મેરઠી લખે છે કે હઝરત મૌલાના કાસમ નાનોત્વીની ટોપી મારી માતાજી પાસે હતી.અને અમને કયારે પણ કોઈ બીમારી થતી તો અમારી મા અમને તે ટોપી

માથા ઉપર પહેરાવી દેતા.તો અમને બીમારીથી શીફા થઈ જતી.(તઝકરે તુલખલીલ સફા નં.૨૨૨).

ઉપરોકત બયાનનાં જે હવાલા આપેલા છે.તે કુરાન શરીફ અને હદીશની રોશનીમાં અને ઉલ્મા એ દેવબંદની મશહુર કીતાબોનાં હવાલા આપેલા છે.તો ઉપરોકત બયાનોથી સ્પષ્ટ થયું કે,અંબીયા અલૈહીસ્સલામ અને સાલેહીનની બારગાહઅને નિશાનીઓ અને તબર્રૂકાતની ઈઝઝત કરવી,માન આપવું અને એનાથી ફૈઝ હાંસીલ કરવું ઈમાનવાળા માટે જરૂરી છે.આ નિશાનીઓની બરકતથી દુઆ કબુલ થાય છે.અલ્લાહ તઆલા આપણને અલ્લાની નિશાનીઓ(શઆએરલ્લાહ)ની અને મુકદસ્સ મકામાતનો અદબો એહતરામ અને ફૈઝ હાસીલ કરવાની નેક તૌફીક આપે..... આમીન.

આખરે તે સુખદ શુકુન બખ્શ ઘડી આવી પહોંચી જે ઘડીનો હું વર્ષોથી બેહદ બેસબ્રીથી મુન્તઝીર હતો.તા.૧૯/૧૨/૨૦૦૫ને સોમવારના રોજ અમારી રવાનગી મુકર્રર થઈ.

બપોરના ઝોહર નમાઝ બાદ ઘરે નવાફીલ પઢી(જે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સુન્નત અને બુઝુર્ગોને બતાવેલ તરીકો છે)દોસ્તો બીરાદરો,અહેલો અયાલ,અજીજોની વિદાય લઈ,દુઆએ ખૈર માંગી અમે કાર ધ્વારા માંડવી હઝરત કીબ્લા માવિત્ર હાજી અહેમદશાની મુલાકાત લઈ આપની ઝીયારતથી મુસ્તફીઝ થયા.દુઆઓ લઈ પછી હઝરત મખદુમ ઈબ્રાહીમ રહમતુલ્લાહ અલયહેના મઝાર મુબારક પર હાજરી આપી.ત્યાંથી મોહતરમા મહુમા મા સાહેબા હાજીયાણી મા સાહેબાના મઝાર મુબારકથી દુઆઓ લઈ માંડવી થી રૂખસદ થયા.સાંજે ૫:૩૦ વાગે ભુજમાં આવી પાટવાળી નાકે બકાલી મસ્જીદમાં નમાઝે અસર અદા કરી.ભુજ રેલ્વેસ્ટેશનથી અજીજો દોસ્તો રૂખસદ કરવા આવ્યા હતા. તેમને વિદાય કરી સાંજે ૬:૩૦ વાગે ટ્રેનમાં રવાના થયા. બરાબર ૭:૪૫ ગાંધીધામ આવ્યા અહીંયા પણ દોસ્તો રૂખસદ કરવા આવ્યા હતા.તેમની મુલાકાત કરી. ૮:૨૫ અહીંથી રવાના થયા.તા.૨૦/૧૨/૦૫ મં ગળવારે બપોરે ૧૨ વાગે મુંબઈ સેન્ટ્રલ પહોંચી ગયા.ત્યાં ટુરવાળા તરફથી માણસ અને બસ મૌજુદ હતા.બસથી અમે સીધા જુના હાજી મુસાફીર ખાના, ક્રાફેટમાર્કેટ આવ્યા. અહીં પણ દોસ્ત બીરાદરો મળવા આવતા રહયાં તેમની સાથે મુલાકાતો કરી.રાત્રે ૨ વાગે અહીંથી અમે એરપોર્ટ જવા નીકળ્યા. સવારના ૩:૩૦ વાગે પહોંચ્યાં.અંદર ગયા પછી ફઝર નમાઝ ત્યાંજ અદા કરી. સવારે ૭:૩૦ વાગે સીરીયન એરલાઈન્સના પ્લેનમાં મુંબઈથી દમાસ્કસ રવાના થયાં.

૩ કલાકની ઉડાન પછી પ્લેન દુબઈ ઉતર્યું.ત્યાં ૧ કલાક રોકાણ કર્યું.
આ એરપોર્ટ પર દુનિયાભરનાં પ્લેનોની આવન–જાવન રહે છે.ઈન્ટરનેશનલ
એરપોર્ટ હોવા સાથે દુબઈ ફ્રીપોર્ટ બંદર પણ છે.દુનિયાના સુંદર શહેરોમાં દુબઈની ગણના થાય છે. એટલે આ એરપોર્ટ પર દેશ દેશાવરના લોકોની સતત અવર–જવર ચાલુ જ રહે છે.અને આ એરપોર્ટ રાત–દિવસ ધમ ધમતું રહે છે.૧ કલાકના રોકાણ પછી ત્યાંથી રવાનગી કરી.

૩:૩૦ કલાકના સતત ઉડાન પછી દમાસ્કસ પહોંચ્યાં.કસ્ટમ વગેરેની વિધી પતાવી નમાઝે અસર ત્યાંજ અદા કરી.એરપોર્ટથી બસ ધ્વારા હોટલ
પર જવા નીકળ્યાં. ૩૦ મીનીટનો રસ્તો હતો.આગલા દિવસે બરફ પડયો હોવાથી કાતીલ ઠંડી પડી રહી હતી.હોટલ પર પહોંચ્યાં.ત્યાં ગરમ હીટર હોવાના લીધે થોડી રાહત મળી. હોટલમાં જ રાત્રે જમી પરવારી થોડો આરામ કર્યો.ફરી અમારી મુસાફરી શરૂ થઈ.રાતના ૨ વાગે બસ ધ્વારા રાતના ૨ વાગે જોર્ડન રવાના થયા.૩ કલાકની સતત મુસાફરી પછી સવારે જોર્ડનની સરહદે પહોંચ્યા .ત્યાંથી બોર્ડર પાસની વિધી પતાવ્યા પછી ઈરાક જવા રવાના થયા.ઈરાક બોર્ડર ઉપર સુરક્ષાના હીસાબે ઘણી જ વાર લાગી.અસર નમાઝનો વકત થયો.અમને જે ઈરાકી એજન્ટ લેવા આવ્યો હતો. તે બોર્ડર ઉપર હાજર હતો.તેના કહેવા પ્રમાણે રાત્રે ઈરાકમાં મુસાફરી કરવામાં ખતરો છે. કારણ કે અમેરીકી આક્રમણ પછી અહીંયા ભુખમરો વધી ગયો છે. માણસો લુંટફાટ ઉપર ઉતરી આવ્યા છે.એટલે અમે સાંજે એક હોટલ ઉપર જ રાત રોકાવાનું નક્કી કર્યું.હોટલોની સગવડ સારી છે રાત્રે ત્યાં જમી કરી બસમાં જ આરામ કર્યો. અહીંથી વહેલી

સવારના ૫ વાગે રવાના થયા. શુક્રવારે બપોર ૩ વાગ બગદાદ પહોંચ્યા.

આજનાં બગદદાનું દ્રશ્ય જોઈ દીલ ભુતકાળમાં ખોવાઈ ગયું.શું એજ બગદાદ શરીફ છે.જે વીતેલા સમયમાં દુનિયાને દીની ઈલ્મ અને દુન્વયી શિક્ષણથી પ્રકાશીત કરતું હતું.જ્યાં દુનિયાની સર્વશ્રેષ્ઠ વિદ્યાલય કાયમ હતી.જ્યાંના બુઝુર્ગો–આલીમો પોતાના ઈલ્મ અને અમલથી ઈસ્લામને જિંદા ફરમાવ્યું. એજ બગદાદ શરીફમાં જ્યારે અમે પ્રવેશ કર્યો ત્યારે દીલ વિતેલા સમયનાં અનુસંધાનમાં આજનું દશ્ય જોઈ ગમગીન થઈ ગયું.હવે મુઅર્રેખીન (ઈતિહાસકારો)ઈરાકની તવારીખને બે હિસ્સામાં તકસીમ કરશે.પહેલાંનો ઈરાક જે સદીઓ સુધી જહને–ઈન્શાન ઉપર છવાયેલું રહયું ! જેની બુનિયાદથી ઈલ્મ અને ફનનાં મીનાર બુલંદ થયાં.તે ઈરાક આજે ઝાલીમ હુકુમતોનાં જુલ્મથી વેર વિખેર થઈ ગયું છે.અને મલબામાં ફેરવાઈ ગયું છે.જેની રાખ દુનીયાનાં ચહેરા ઉપર ઈબરતની જેમ લગાવી દેવામાં આવી છે.

કદીમ(જુનો)ઈરાક સાયન્સ અને ટેકનોલોજી,ઈલ્મ અને ફન ફીકર(ચિંતન)અને ફીલોસોફીનો દરીયો હતો.આ તેજ જમીન છે.જ્યાં રહેનારાઓએ દુનિયાનું પહેલું પૈડુ(ચક્ર)બનાવ્યું તે પૈડુ લાકડાનાં મોટા મોટા તકતોની નીચે લગાડવામાં આવ્યું.અને આ લાકડાનાં તખતા આગળ બળદ બાંધવામાં આવ્યા.અને આમ દુનીયાની પહેલી ગાડી હતી.ઈન્સાને આવનારા સમયમાં આજ ગાડીને દુનીયાની પહેલી બખ્તરબંધ,પહેલી ટેન્ક અને પહેલી તોફની સુરત આપી.તસ્વીરી રસ્મુલ ખત(સચિત્રપુસ્તિકા)તહરીરી કવાની(હસ્તપ્રતલેખ)જમહુરી નીઝામ(લોહશાહી)પણ આજ સરજમીન ઉપર જન્મ લીધો.રીયાઝી(હીકમતના ત્રણ ઈલ્મો)ની બુનિયાદ પણ આજ મુલકમાં રાખવામાં આવી.ઈલ્મે નુઝુમ પણ ઈરાકીઓની મહેરબાનીઓથી મળ્યું.દુનિયાની પહેલી યુનિવર્સિટી પણ ઈરાકમાં કાયમ થઈ.આજ તે સરજમીન છે. જેના પર ચકમકથી આગ બાળવામાં આવી.તાંબાનું પહેલું વાસણ પણ આજ મુલકમાં બનાવવામાં આવ્યું.ઈન્જીનિયરીંગની પહેલી ડીઝાઈન પણ અહીંજ તૈયાર કરવામાં આવી.દુનીયાની પહેલી જરઈ જન્તરી (ખેતીને લગતું આયોજન)પણ આ જમીન ઉપર બનાવવામાં આવી.તહરીર અને લખાણની બુનિયાદ પણ ઈરાકમાં રાખવામાં આવી.ઝર્રાઅતનો ઈલ્મ પણ આજ જમીનની મહેરબાની છે.દુનીયાનો પહેલો કીલ પણ અહીંયા બન્યું.દુનીયાની તહઝીબનો એઝાઝ પણ ઈરાકને હાસીલ છે.આ તહઝીબને"સમર"કહેવામાં આવતું.દુનિયાનું પહેલું કેદખાનું,પહેલું પોલિસ સ્ટેશન પહેલી અદાલત આજ જમીન ઉપર કાયમ કરવામાં આવી.દુનિયાની પહેલી ફોજ અહીંજ તૈયાર થઈ.પહેલવહેલું માર્શલ લો પણ ઈરાકમાં જ લાગ્યું.ટપાલ સેવા પણ ઈરાકવાળાઓએ આપી.પણ અફસોસ તે ઈરાક તારીખની ગર્દમાં ગુમ થઈ ગયું અને વકતની ધુળમાં ખોવાઈ ગયું.હવે તે ઈરાક આપણી સામે છે.જે ઈરાક આગજની,મલ્બા અને લાશોનો જંગલ બની ગયો છે.

આ ખ્યાલોમાંથી આંખ ખુલ્લી ત્યારે ગાડી હોટલ ઉપર પહોંચી ગઈ હતી.અમેરીકન ટેંક અને સૈનિકોની સતત ફલેગમાર્ચ ચાલુ હતી.જેના કારણે ઘણી જ રૂકાવટ થતી હતી.જ્યાં સુધી એમની ગાડી કે ટેંક પસાર ન થઈ જાય ત્યાં સુધી બીજા વાહનોને થોભાવી દેવામાં આવતા હતા.

અમારો ઈરાદો જુમ્માની નમાઝ ગોસે આઝમની મઝાર મુબારકની મસ્જીદમાં અદા

કરવાનો હતો.પરંતુ આવી રૂકાવટના કારણે એ શકય ન બની શકયું.હોટલ ઉપર પહોંચી ઝોહર નમાઝ હોટલમાં અદા કરી.બપોરના જમી થોડીવાર આરામ કર્યો.ઢળતી બપોરે નાહી–ધોઈને હોટલ ઉપરથી બસ ધ્વારા ગૌસે આઝમનાં રોઝા મુબારક તરફ રવાના થયાં.હોટલથી બસ ધ્વારા ૧૫ મીનીટનાં રસ્તે ગૌસે આઝમનો મઝાર મુબારક આવેલો છે.ત્યાં પહોંચી પહેલા ગૌસે આઝમનાં જીશાન,બાબરકત મઝાર મુબારક ઉપર હાજર થઈ ઝીયારતનો સર્ફ હાશીલ કર્યો. અસર નમાઝ અદા કરી અને પાછા ગૌસે આઝમનાં દરબારમાં હાજર થયાં.

હુઝુર ગૌસે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોનો રોઝો મુબારક આલીશાન અને ખુબ સુરત નકશીકામથી ઝળહળતું નજરે આવે છે.(અમેરીકી હુમલાથી થોડું ઘણું નુકશાન થયેલ છે.)માશા અલ્લાહ,આજે પણ રોઝા મુબારક ઉપર નજર પડતાં જ દિલને શુકુન બખ્શ દશ્ય સામે આવી જાય છે.રોઝા મુબારકની અંદર કબર શરીફ સામે હાજર થઈ હાજરીનો સર્ફ હાશીલ કર્યો.ત્યારે સુબ્હાન અલ્લાહ,જે ફૈઝ અને કરમ,કેફીયત ગૌસે આઝમને જાહેરી હયાતીમાં અલ્લાહ તઆલાએ અતા ફરમાવી હતી.તેવો જ ફૈઝ અને કરમ આજે પણ આપના દરબારમાં ઝારીવ સારી છે.રોઝા મુબારકની હાજરી વખતે એવું મહેસુસ થાય છે કે ગૌસે આઝમની રૂબરૂ આપણે એમની સામે બેઠા છીએ.તેઓની બારગાહમાં શુકુન અને રાહત અને કલ્બને આરામ અને રૂહની ગીજા આજે પણ ઝારી વ સારી છે.બેશક,જે અલ્લાહના નેક મહેબુબ બંદા છે તેમની અઝમત અને શાન ઘણી જ નિરાલી છે. અલ્લાહ તઆલાએ કુર્આને શરીફમાં ફરમાવ્યું ''ફઝકુરૂની અજકુરૂકુમ'' ('તમે મારું ઝીક્ર કરો,હુ તમારો ચર્ચો કરીશ.') બેશક અલ્લાહ તઆલાનું ઝીક્ર કરવાવાળાની ચર્ચા રબ્બે કરીમ કયામત સુધી ઝારી વ સારી રાખે છે અને તેમના દરબારના સદકાથી ફૈઝ અને કરમ જારી રાખે છે.

હુઝુર ગૌસે આઝમ /
(રદીયલ્લાહો તઆલા અન્હો)નો રોઝો મુબારક



રોઝો મુબારક–ગૌસેપાક(બગદાદ–ઈરાક)

હુઝુર ગૌસે આઝમના દરબારમાં બેસી હું ૯૫૦ વર્ષ પહેલાંનાં યુગમાં તવારીખી કિતાબો દ્વારા સફર કરવા લાગ્યો કે,"અય પરવરદિગાર તારી ઝાત બેમીસાલ છે.તારા જેવો અઝીમ કોઈ નથી.તારો કોઈ શરીક નથી.તેં ઈન્શાનને એટલા માટે બનાવ્યો કે તે ઈન્શાન આખરી દમ સુધી તારી અઝમતોની ચર્ચા કરતો રહે.અને તારી ઈનાયતોનાં ગુણ ગાતો રહે.તારી મોહબતનો તાજ હરઘડી પોતાના સર ઉપર સજાવીને ફરતો રહે.પણ એ દરેકને નસીબ ન થયું.પરંતુ તારી નિગાહે કરમનો તેજ હકદાર થયો.જેણે દુનિયાના બધાં જ સુખ–ચેન એશો આરામ દોલત લુંટાવી તારી મોહબ્બતનો ભીખારી બન્યો.બસ એનો મકસદ એજ બની ગયો કે,નિગાહે બાતીનમાં તું હરઘડી નજર આવે.અને પોતાનો સર ઝુકાવે તો પોતાને તારી મોહબતમાં ખોવાયેલો જુએ.તે જ્યાં નજર કરે ત્યાં તારી અને તારા રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મોહબત સિવાય કાંઈ નજર ન આવે. મતલબ કે,જેણે તારી મોહબતને તન મનમાં વસાવી તો પછી તેમની નિગાહે નાઝમાં તું જ જાહેર થયો.તું જ તેમની ગુફતારમાં બોલ્યો.તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં તારી અઝમતોની ચર્ચા કરતા ગયાં.તેઓને જ જીંદગીનો અસલ રાજ મળ્યો.આવા બંદા અમુક જ છે.જેને સદીઓ વીતી ગઈ પણ આજે પણ એમના નીશાન તારી મોહબતની ખુશ્બુ ફેલાવી રહયા છે.

એ કોણ છે ? કયાંથી આવ્યા ? કયાં દીની તાલીમ લીધી ?જેના ઉપર આજે પણ તારા કરમની વરસાદ ચાલુ છે.આવા બહુ ઓછા બંદા છે.જે તારા બન્યા અને તું એમનો બન્યો.આવા બંદામાંથી એક શખ્શીયત તે સુલ્તાનનુલ ઔલીયા હઝરત શેખ સૈયદના અબ્દુલકાદર જીલાની રદીયલ્લાહો તઆલા અન્હો છે.

આજે દુનિયામાં એમના નામની ચર્ચા હર ઝબાન પર જારી છે.પરંતુ કેટલા લોકો છે ? જેમને ખબર હોય કે,આ સુલ્તાનુલ ઔલીયા કયાં પૈદા થયા ? કયાં કયાંથી ઈલ્મની તરસને બુજાવી અને કયાં અલ્લાહની મોહબતમાં દિવસ રાત પસાર કર્યા ? પોતાની જીંદગીની મુશ્કીલ ઘડીને તારી મોહબતનાં જામથી પીતા રહયા."અય મૌલા આ તારા બરગુજીદા બંદાનો દરબાર છે.જે અહેલે દુનિયાની સામે છે.તેમની જીંદગીના તેજ કીરણો હજારો કિતાબોમાં સજાએલા છે.પણ હું નાચીજ મારી કલમથી અકીદતનાં ફુલ ન્યોછાવર કરૂં છું.

ગૌસે આઝમની સીરત ઉપર બયાન અલગ–અલગ કીતાબોથી જમા કર્યું છે.

"તું હસની ઔર હુસેની કયું ન મોહયુદીન હો અય ખીઝર મઝમએ બહારૈન હે દરીયા તેરા (આલા હઝરત)બેશક ગૌસે આઝમ હસની અને હુસેની સાદાત છે. આપનાં વાલીદે મોહતરમ જેમનું ઈસમે ગિરામી હઝરત સૈયદ અબુ સાલેહ મુશા જંગી દોસ્ત છે.આપ હમેંશા પોતાના નફસથી ઝેહાદ કરતા હતાં.એટલે આપનો લકબ જંગી દોસ્ત હતું.આપ જે મહેફીલમાં રોનક અફરોઝ થતા તે મહેફીલ મુનવ્વર થઈ જતી.ઝબાનમાં ઘણી જ ફસાહત અને મીઠાસ હતી.આપ હમેશા ફરમાવતા હતા કે,હુ ખુદાનો બંદો છું અને અલ્લાહના બંદાઓને મહેબુબ રાખું છું.રબ તબારક તઆલાથી હંમેશા ડરતા રહો.શરીઅતની ખીલાફ કોઈપણ અમલ ન કરો.જ્યારે પણ કોઈ મહેફીલમાં સૈયદુલ અંબીયા મોહમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો નામ નામીએ ગરામી આવે તો દુરૂદ શરીફનો નઝરાણું પેશ કરો.કોઈપણ વકતે અલ્લાહને ન ભુલો. હરપળ પરવરદિગારે આલમને સમી ઉન બશીર જાણો.

હઝરત ગોસે આઝમના વાલીદા માજીદા નું નામ હઝરત સૈયદા ફાતીમાં છે.હઝરત અબ્દુલા સુમઈના સાહબજાદી છે.હઝરત અબ્દુલા સુમઈ જીલાનનાં મસાએખે કીરામ અને અહેલે તકવા હઝરાત માંથી છે.આપ ઘણાંજ આબીદ અને જાહીદ અને સાહીબે ફઝલો કમાલ છે.આપની સખાવત જીલાન ભરમાં મશહુર હતી.આપ પોતાની ઝઈફીમાં પણ કસરતથી નવાફીલ પઢતા હતાં.આપ ઘણાજ ખુશુ વ ખુઝુની સાથે ઝીકરે ઈલાહીમાં મશગુલ રહેતા.

આ બાકમાલ હસ્તીની સાહબજાદી હઝરત સૈયદા ફાતીમા જેની સીરત બાકમાલ છે.જેણે પોતાની આંખોથી નામેહરમ ઉપર કયારે પણ નજર ન નાખી.જેના કાનોએ કદી ખીલાફે હક સાંભળ્યું નહિ.જેના કદમ કયારે ઘરની બહાર ન નિકળ્યાં.જેણે કયારેય શરીઅતની ખીલાફ કોઈ કામ ન કર્યું.આ પાક બાઝ હસ્તીઓ સૈયદા ફાતીમા અને હઝરત અબુસાલેહ જંગી દોસ્ત જે બે તકવા પરહેજગારીનાં સમંદર છે.તેમાંથી ગૌસે આઝમ પૈદા થયા.આપના વાલીદનો સીલસીલાએ નસબ હઝરત ઈમામ હસન રદીયલ્લાહો તઆલા અન્હોથી છે.અને વાલીદા માજીદાનો સીલસીલાએ નસબ ઈમામ હુશૈન રદીયલ્લાહો તઆલા અન્હોથી છે.એટલે જ આલા હઝરતે ફરમાવ્યું.

"તું હસની ઔર હુસેની કયું ન મોહયુદ્દીન હો અય ખીઝર મઝમએ બહારૈન હે દરીયા તેરા.

હઝરત ગૌસે આઝમ અબ્દુલ કાદર જીલાની રદીયલ્લાહો તઆલા અન્હો ની સવાને હયાતમાં તો ઘણી જ કિતાબો લખેલી છે.મારી ઈલ્મી કાબેલીયત કેટલી કે હું એમના કમાલાત બયાન કરી શકું ? પરંતુ મુખ્તસર આપની ખીદમતમાં લખી અલ્લાહ તઆલા અને એના પ્યારા રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં સવાબે દારેન હાસીલ કરવાની ઉમ્મીદ રાખુ છું.આપ રદીયલ્લાહો તઆલા અન્હોની વિલાદત ૧ રમઝાન હીજરી સન ૪૭૧ માં જીલાન નામના શહેરમાં થઈ આપનું ઈસ્મેગીરામી અબ્દુલકાદીર,કુન્નીયત અબુમોહંમદ અને લકબ મોહયુદદીન છે.આપ ૧૮ વર્ષ સુધી જીલાનમાં ઈલમે દિની હાસીલ કરતા રહયા. જ્યારે આપ ૧૯ વર્ષના થયા ત્યારે પોતાના વાલેદા માજેદા ઉમ્મુલખૈર ફાતેમા સાની રદીયલ્લાહો તઆલા અન્હાથી ઈજાઝત લીધી કે "હવેમને દિને પાકે મુસ્તફા હાંસીલ કરવા ઈજાજત આપો.'' આપના વાલેદા પણ સાહેબે હાલ અને વલીય્યા હતા.આપે દિન ખાતર પોતાના લખતે જીગરની જુદાઈ કબુલ કરી લીધી.આપ જીલાનથી હમદાન થઈ બગદાદ પહોંચ્યા.જ્યારે બગદાદ પહોંચ્યા ત્યારે રાત થઈ ચુકી હતી અને વરસાદ પણ પડી રહયો હતો.આપ સીધા હઝરત હમ્માદની ખાનકાહમાં પહોંચ્યા.રાતનો સમય હોતા હઝરત હમ્માદની ખાનકાનો દરવાજો બંધ હતો.એટલે આપે બહાર જ રહેવાનું પસંદ કર્યુ.સવારનાં આપ ખાનકાહમાં દાખીલ થયા ત્યારે શેખે આપનું ગરમજોશીથી સ્વાગત કર્યુ અને કહયું કે"મરહબા આજે ફખરો મારેફત અમારી પાસે છે,કાલે તમારી પાસે પહોંચશે અને કહયુંકે અય ઈરાકની જમીન,તને મુબારક છે કે એવી મુક્કદસ હસ્તીનાં કદમનાં સદકાથી તારા ઉપર રહેમતના વાદળો છવાઈ જશે,ઈલ્મ અને ઈરફાનની વરસાદ થશે,જેનાથી દુનિયા ભરના કુલુબ સર સબઝ શાદાબ(દિલ ગુલેગુલઝાર) થઈ જશે.આ બધુ આપ કશફના ઝરીએ કહી રહયા હતા. હઝરત ગૌસે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હો તમામ ઉલુમ દીનીયા હઝરત હમ્માદ રદીયલ્લાહો તઆલા અન્હોથી જ હાસીલ કર્યા.આપ બૈઅત હઝરત કાઝી અબુ સઈદ રદીયલ્લાહો તઆલા અન્હોના દસ્તે હક્ક પર કરી,અને આપના હાથે જ ખરકએ ઈરાદત પહેરાવ્યું.

૨૫ વર્ષની ઉમર સુધી આપે દિની તાલીમ લીધી.ત્યારબાદ ૨૫ વર્ષ ઈબાદત રીયાઝત માટે જંગલોમાં નીકળી પોતાના વજુદને ફના કરી એવા ગુમ થઈ ગયા કે આપને કોઈ ઓળખતો પણ ન હતો.આપને લોકો દીવાના તરીકે જોવા લાગ્યા.ઈબાદત રીયાઝતમાં ઉચ્ચ મકામ હાસીલ કર્યા પછી આપ બગદાદ આવ્યા.

એક રાત્રે મુકદદરનો સીતારો બુલંદ થયો અને ખ્વાબમાં હુઝુર રસુલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો દીદાર થયો.ખ્વાબમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે દીનની દાવત આપવા હુકમ કર્યો.આપે અરઝ કરી કે હું અજમી છું. આપની ઝબાન ફારસી હતી.એટલે ગૌસે આઝમે અર્જ કર્યુ ! યા રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઈરાકમાં તો બધા અરબી છે. એમની માદરી ઝબાન(માતૃભાષા)હું કેવી રીતે એમની સામે બોલી શકું ?આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાના મોઢામાંથી લુઆબ(થુક)મુબારક કાઢી આપના મોઢામાં દાખલ કરી.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં લુઆબ મુબારકનાં સદકાથી આપનું સીનુ મુબારક ઈલ્મથી મોજા મારવા લાગ્યું.આપે પહેલી તકરીર ૭ રબી. અવ્વલ હિજરી સન ૫૧૧ ના ફરમાવી.થોડા દિવસોમાં આપની શહોરત થઈ ગઈ અને આજુબાજુ દુર દરાજથી માણસો પરવાનાની માફક

ભેગા થવા લાગ્યા પછીતો એટલો મજમુ(શ્રોતાઓ)થતો કે બાબે શામયાંની મસ્જીદ પણ સાંકડી પડવા લાગી. ઈદગાહના વસી મેદાનમાં ૮૦ હજાર માણસોના મજમાથી ઈદગાહની મસ્જીદ પણ સાંકડી થવા લાગી.

આ દૌર ખલીફા અબ્બાસીયાનું હતું.અમીર ઉમરા બદકારીઓમાં મશગુલ હતા.શરાબની મહેફીલો આમ થઈ ગઈ હતી.ખુબસુરત કનીઝોનાં નાચગાન આમ મજમામાં થવા લાગ્યાં હતાં. અમીર માણસો ગરીબોને જલીલ સમજવા લાગ્યા હતાં.અબ્બાસીયા દરબાર દુનિયા પરસ્ત ઉલમાઓથી ભરેલો રહેતો.તેઓની બદતર હાલતને આપે ઈલ્મ,અકલ,સબ્બર અને જહદો જહદથી ઈસ્લાહ ફરમાવી.આપની તકરીરથી કેટલાય ગૈર મઝહબ તોબા કરી ઈસ્લામમાં દાખલ થયા.કેટલાય શરાબી, ડાકુચોર, ગુન્હાગાર તૌબા કરી નેકોકાર બન્યા.કેટલાય મોતબર વિલાયત ઉપર ફાએઝ થયાં.આપ દીની તબલીગ અને ખીદમત માટે એક જબરજસ્ત મુહીમ શરૂ કરી.પોતાની નીગરાનીમાં જેની ઈલ્મી,અમલી, અખલાકી અને કલ્બી હાલતને સંવારી તેઓને સુન્નત અને તરીકતના નમુના બનાવીને ઈસ્લામી દાવત માટે આજુબાજુ યા બીજા મુલ્કોમાં રવાના કર્યાં. જેના મુખ્તસર નામ આ પ્રમાણે છે. (૧)હઝરત હાસમ બીન ઝૈદ (૨)હઝરત તલહ બીન અસદ(૩) અબ્દુલ્લા બીન શેહાબ(૪)'અ.સમાન બીન મસ્ઉદ'(૫)ઝુબૈરબીન વહબ અને (૬) જાફરબીન શઈદને દીની દાવત માટે એવી એવીએ જગ્યાએ મોકલ્યા જ્યાં ન કોઈ પહેચાન, ન કોઈ ઠેકાણું,પણ હર જગ્યાએ એમના અખલાક,નેકી અને ખાલીસ દીની ખીદમત જોઈને હજારો લોકો આપના હમદર્દ અને સાથી બન્યા.

આપની કીતાબોનાં બે મોટા મજમુઆ છે.જેમા "ફુતુહોલગૈબ" અને "ફતેહરબ્બાની" હીજરી સન પરર માં તૈયાર થઈ.આ કિતાબોથી આજેપણ દુનિયાને પુરી આબોતાબથી ફૈઝ આપી રહયાં છે.ફુતુહોલ ગૈબમાં આપના ૭૮ વાએઝ છે.ફતેહરબ્બાનીમાં ૬૩ ખુતબાત છે.આ ખુતબાતનુ એક એક લફઝ દીલની ગહેરાઈઓથી નીકળેલો છે માટે તેનો એક એક લફજ પણ હર એકનાં દીલની ગહેરાઈમાં ઉતરી જાય છે.હઝરત શેખ અફીફુદીન બગદાદી ફરમાવે છે કે, "હીજરી સન ૫૧૧ થી ૫૨૧ સુધી મે મુશલ્સલ સફર કરી જોયું તો હઝરત ગૌસે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોનું તબલીગી ફૈઝ અને હીદાયત બુસ્તામ,નેશાપુર,તબરેઝ,હમદાન, અસ્ફાહાન,મુસલસીરાઝ,કીરમાન,હલબ કૈસારીયા,અનતાકીયા દમીસ્ક,ઈસ્કનદરીયા સુધી પહોંચી ગયું હતું.આપનો તબલીગી ફૈઝ અરબથી અજમ સુધી રોશન થયો.હીજરી સન ૫૫૭ સુધી આપે તૈયાર કરેલા આપના મુબલ્લીગો જે ઈલ્મ અને અમલ મારેફત,તરીકત અને ઈસ્લાહ કુલુબનો મોટો તજુરબો હાસીલ કર્યો હતો.અને તેઓએ એવી દાવત અને ફૈજ દીધો કે જેમા યહુદી,નસારા,મુશરીક,મજુસી,શરાબી,ઝાલીમ,ચોર,ડાકુઓના દિલ મુન્નવર કરી દૌલતે ઈમાન અને અમલો ઈરફાનથી માલમાલ થઈ ગયા.ઈખ્તેસારનાં હીસાબે આપની ૯૧ વર્ષની મુબારક જીંદગીમાં આપ દિને મુસ્તફાને અઝસરનૌ ઝીન્દા કરી અને આપના વિલાયતનો ફૈઝ કયામત સુધી છોડી ગયા.જે આજેપણ ઝારી અને સારી છે.

આપના વિસાલ મુબારકનું ઝિક્ર "કીતાબુલ મજાલીસ"થી નકલ કરી છેકે જનાબ ગૌસે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોનાં સાહબ જાદા શેખ અબ્દુલ વહાબ રદીયલ્લાહો તઆલા અન્હોને વિસાલનાં સમયે વસીયત કરી.આપે ફરમાવ્યું."બેટા,તમારા માટે તકવા ઘણી જ

મોટી દોલત છે.અલ્લાહ તઆલાની જાત વગર બીજા કોઈથી ન ડરો, કોઈ ના સામે પોતાની હાજત ન કહો,બીજા કોઈ પર ભરોસો ન કરો,અલ્લાહની જાત વગર કોઈ એતેમાદને લાયક નથી.એજ તોહીદ છે.સારી ઉમ્મતનું એના ઉપર જ ઈઝમાઅ છે."એવી નશીહતો સાથે આપ કલ્મએ તોહીદ–લા ઈલાહા ઈલ્લલ્લાહો મોહમ્મદુર્ રસુલુલ્લાહે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પઢયું. પછી ૩ વખત અલ્લાહ અલ્લાહ અલ્લાહ કહયું અને આંખ બંધ કરી લીધી. આમ,આખી દુનિયાનાં વિલાયતનાં તાજદાર દુનિયામાંથી રૂખસદ થઈ ગયાં.ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન.

ભાઈઓ પીરાને પીર દસ્તગીર ગૌસે આઝમની શાન નિરાલી છે.આપની અજમત,વિલાયત,તસર્રૂફાત અને શકિત વિશે બેમત છે જ નહી.આલા હઝરત ફરમાવે છે કે,
"વાહ ! કયા મરતબા અય ગૌસ હય બાલા તેરા, ઊચેં ઊચોં કે સરોં સેં કદમ આલા તેરા"
હું એક નાચીજ આજે સુલ્તાનુલ ઔલીયાનાં દરબારમાં બેઠો છું.તેઓની મુકદદસ બારગાહ જેની બરકતથી દીલનાં દરવાજા ખુલી જાય છે.હું આજે મારી કિસ્મત ઉપર નાઝ કરતો હતો કે,હું કોના કદમમાં બેઠો છું ? તે વખતે મને જનાબ સાજીદ અલીનાં બે શેર યાદ આવી ગયા.



મઝાર મુબારક–ગૌસેપાક(બગદાદ–ઈરાક)

"લીખેકો મીટા કર,તું લીખને પે કાદીર–કે તેરે હય લોહો કલમ ગૌસે આઝમ"
" મહોબત કી દુનિયામેં,હલચલ મચી હય–મુસખ્ખર હય જમ્મ,અય ગૌસે આઝમ"

હુઝુર ગૌસે આઝમના ઉસ્તાદો

(૧) હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ બિન મુહમ્મદ તબરેઝી રહમતુલ્લાહઅલયહે.
(૨) અબ્દુલ વફા અલી બીન અકીલ હમ્બલી રહમતુલ્લાહઅલયહે.
(૩) અબુલહસન મુહમ્મદ બીન કાઝી અબુલ અલા હમ્બલી રહમતુલ્લાહઅલયહે.
(૪) શેખ અબુલ ખતાબ રહમતુલ્લાહઅલયહે.
(૫) અબુલ બરકાત તલ્હા રહમતુલ્લાહઅલયહે.
(૬) અબુલ ગનાઈમ મુહમ્મદ બીન અલી મયમુન રહમતુલ્લાહઅલયહે.
(૭) અબુ ઉસ્માન બીન ઈસ્માઈલ બીન મુહમ્મદ અસ્બહાની રહમતુલ્લાહઅલયહે.
(૮) અબુ તાહીર અબ્દુર્રહેમાન બિન અહમદ રહમતુલ્લાહઅલયહે.
(૯) અબુ મન્સુર અબ્દુર્રહેમાન રહમતુલ્લાહઅલયહે.
(૧૦) અબુ ગાલીબ મુહમ્મદ બિન હસન અલ્બાકલાની રહમતુલ્લાહઅલયહે.
(૧૧) કાઝી અબુ શઈદ મખઝુમી રહમતુલ્લાહઅલયહે.
(૧૨) અબુબકર બીન મકતર રહમતુલ્લાહઅલયહે.
(૧૩) અબુલ કાસમ બિન બનાન રહમતુલ્લાહઅલયહે.
(૧૪) અબુ મુહમ્મદ જાફર સીરાજ રહમતુલ્લાહઅલયહે.
(૧૫) અબુ તાલીબ બીન યુસુફ રહમતુલ્લાહઅલયહે.

ઉપરાંત બીજા પણ આલીમો છે.જેમની પાસે ગૌસે પાક ફીકહ,હદીશ, તફસીરેકલામ,અને બીજો દીની ઈલ્મ હાસીલ કર્યો હતો.

હુઝુર ગૌસે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોની લખેલી નાત શરીફ

(૧) ગુલામે હલ્કા બગોશે રસુલે સાદાતમ,
ઝહે નજાત નમુદન હબીબો આયાતમ.
(૨) કીફાયત અસ્ત ઝે રૂહે રસુલ વ અર્વલાદશ,
હમેશાં દર દો જહાં જુમલયે મોહિમ્માતમ.
(૩) ઝે ગયરે આલે નબી હાઝતે અગર તલબમ,
રવા મદાર યકે અઝ હઝાર હાજાતમ.
(૪)દિલમ ઝે ઈશ્કે મુહમ્મદ પુર અસ્ત,વઆલે મજીદ,
ગવાહે હાલે મન અસ્ત ઈ હમા હીકાયાતમ.
(૫) યુ ઝર્રા ઝર્રા શવદ ઈ તનમ બ ખાકે લહદ,
તુ બશનુઈ સલવાત અઝ જમીએ ઝરાતમ.
(૬) કમીના ખાદીમે ખુદામે ખાન્દાને તુ અમ,
ઝે ખાદીમીયે તુ દાયમ બુવદ મુનાજાતમ.
(૭) સલામ ગોયમ વ સલ્વાત બરતુ હર નફસ,
કબુલ કુન બ કરમ ઈ સલામો સલ્વાતમ.
(૮) ગુનાહે બેહદે મન બી,તુ યા રસુલલ્લાહ
શફાઅતે બ કુન વ મહવ કુન ખયાલાતમ.
(૯) ઝે નેકો બદ હુમા દાનદ કે મન મુહંમદી અમ,
અલાઈકે કુનદ ગોશ બર મકાલાતમ.

મગરીબ નમાઝ પછી દરગાહ બંધ થઈ જાય છે.અમે નમાઝ મગરીબ આપનો મસ્જીદ જે આપના રોઝા મુબારક સાથે જ જોડાયેલી છે. એટલે જાણે કે મસ્જીદ અંદર જ આપનો મઝાર છે. ત્યાં નમાઝે મગરીબઅદા કરી.ત્યાં દરરોજ મગરીબ નમાઝ પછી ઝીકે કાદરીયા કરવામાં આવે છે.ઈમામ સાહેબ અને બાંગીસાહેબ ઝીક્ર કરાવે છે.તે ઝીકમાં અમે શરીક થયાં.શું ઝીકની શાન હતી. ઝીકમાં એવો લુત્ફ આવ્યો.કે અમારા ઉપર રીક્કત તારી થઈ ગઈ.દર ગુરૂવારે હજારો માઈલ દુર રહી કરીને આપણે જેના તરીકા ઉપર ઝીક્ર કરીએ છીએ પણ આજે તો આપ ખુદનો રોઝો મુબારક આંખોની સામે અને અલ્લાહનાં ઘરમાં જે ઝીક્ર થઈ રહયો હતો.તેની કેફીયત નીરાલી હતી.ઝીકનો પ્રોગ્રામ ૨૦ મીનીટ ચાલ્યો.દુઆએ ખૈર પછી અમે નમાઝે ઈશા સુધી અહીં જ રોકાણા.કાફલાવાળાનાં ઈસરારથી મસ્જીદની સેનમાં અને આપ સરકારનાં રોઝા મુબારકની સામે ફઝાઈલે ગૌસે આઝમ ઉપર તકરીર કરી. તો કાફલાવાળાની સાથે સાથે બીજા ઝાહેરીન જે ઉર્દુ સમજતા હતાં. તે પણ તકરીરમાં શરીક થયા.મેં હુઝુર ગૌસે પાકનાં દરબારમાં આપના ફઝાઈલ બયાન કર્યાં.પોણો કલાક તકરીર પછી ઈશા નમાઝ અદા કરી.આપના રોઝા મુબારકનો દરવાજો બંધ થઈ ગયો હતો એટલે અમે દરવાજાની બહાર ઉભા રહી ફાતેહા અરજ કરી.

રોઝા મુબારકની ઝીયારત પતાવી અમે હોટલ તરફ રવાના થયાં.થોડો થોડો વરસાદ પડી રહ્યો હતો.ઠંડીનું સામ્રાજય છવાયેલું હતું.હોટલ ઉપર આવી રાતનું જમણ પતાવ્યું.થાક પણ ઘણો જ હતો એટલે અમે તરત સુઈ ગયાં.આમ પણ મગરીબ પછી શહેરમાં કરફ્યુ જેવો વાતાવરણ થઈ જાય છે. કારણ કે ઠેક ઠેકાણે વિસ્ફોટ અને ફાયરીંગ ચાલુ હોવાથી શહેરમાં રાતનાં કોઈ માણસ બહાર નીકળી શકતો નથી.માત્ર સાયરનવાળી પોલીસની ગાડીઓ જ રસ્તા ઉપર દોડતી દેખાય છે.રાતનાં ભાગમાં પોલીસની ગાડીના સાયરનનો જ અવાજ સંભળાયા કરે છે.

અબુ સઈદ મખઝુમી

હઝરત અબુ સઈદ મખઝુમી રહમતુલ્લાહ અલૈહે હઝરત ગૌસે પાકના પીરો મુરશીદ છે.બગદાદ શરીફથી સાઈઠ કીલોમીટર દુર એક નાનું ગામ છે.તેનું નામ દાયાલ છે.

આપનું ઈસમશરીફ (નામ) હઝરત મુબારક બીન અલી બીન હુસૈન બીન દીનદાર અલબગદાદી અલ મખઝુમી છે.મખઝુમ બગદાદના એક મોહલ્લાનું નામ છે.આપની કુન્નીયત અબૂ સઈદ છે.આપની વિલાદત બગદાદમાં થઈ.આપ પોતાના જમાનાનાં મુમતાઝ ઉલ્લમાએ કિરામ અને મશાઈખે ઈઝામથી તાલીમ હાંસીલ કરી.આપ શૈખ ઈબ્રાહીમ અબુલ હસન અલી કારી રહમતુલ્લાહ અલયહેનાં મુરીદ અને ખલીફા હતા. આપ પહેલાં કાઝીના ઓહદા ઉપર રહયા.આપની તવજ્જહમાં એક ખાસ તાસીર હતી.આપ હમ્મબલી મઝહબનાં મુકલ્લીદ હતાં.બગદાદ શરીફનું મશહુર મદ્રેસો બાબુલ અઝઝ આપે તામીર કરાવ્યો હતો અને એને હઝરત ગોસે પાકનાં હવાલે કર્યો હતો.આપ ફરમાવતા,કે શૈખ અબ્દુલ કાદીર મારાથી ખરકો પહેરયો અને મેં તેમનાથી તબર્રૂક લીધો.

આપ હઝરત ખીઝર અલૈહિસ્સલામનાં મસાહીબમાંથી છે.હઝરત ગોસે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે,હું ૧૧ વર્ષ એક ગારમાં બેઠો અલ્લાહની ઈબાદતમાં મશગુલ હતો.અને દીલમાં ઈરાદો કર્યો કે જ્યાં સુધી અલ્લાહ તઆલા ન ખવડાવે

–પીવડાવે ત્યાં સુધી ખાવું–પીવું નહીં.એવી રીતે ચાલીસ દિવસ સુધી કાઈ પણ ખાધા પીધા વિનાના પસાર થઈ ગયા.ચાલીસ દિવસ પછી એક માણસ આવ્યો અને ખાવાનું મારી આગળ રાખીને ચાલ્યો ગયો.મને ચાલીસ દિવસની ભુખ હતી.એટલે મારો નફસ ખાવા ઉપર તુટી પડવા તૈયાર હતો.પણ ખુદાની કસમ,હું મારા ઈરાદાપર કાયમ રહયો.અને એક કોળીયો પણ ખાધું નહી.થોડીવાર બાદ બાતીનથી અવાજ આવ્યો કે,જે કાંઈ તમારી સામે પડયું છે તે ખાઈ લ્યો પણ મેં ત્યારે પણ ન ખાધું.ત્યાંજ અચાનક હઝરત અબુ સઈદ મખઝુમી તશરીફ લાવ્યા.અને તેઓ પેલો અવાજ સાંભળીને કહયું કે,અબ્દુલ કાદીર આ કેવો અવાજ છે.મેં જવાબ આપ્યો કે,આ નફસનો અવાજ છે.પણ રૂહ મારી બરકરાર છે.પછી શેખે ફરમાવ્યું કે,મારા મકાન ઉપર ચાલો પણ હું ગયો નહી.મેં મનમાં ઈરાદો કર્યો કે હું બહાર નહી જાઉં તે પછી હઝરત ખીઝર અલૈહિસ્સલામ તશરીફ લાવ્યા.અને કહયું કે ઉઠો અને હઝરત અબુ સઈદની ખીદમતમાં જાઓ.ત્યારે હું હઝરત અબુ સઈદના દૌલત ખાના ઉપર હાજીર થયો.ત્યાં જોયું તો હઝરત દરવાજા ઉપર મારો ઈન્તજાર કરી રહયા હતા.ત્યારે શેખે ફરમાવ્યું કે, અબ્દુલ કાદીર મેં તમને જે કીધું તે કાફી ન હતું.જે હઝરત ખીઝર અલૈહિસ્સલામ ને કહેવું પડયું. ત્યારપછી મને મકાન અંદર લઈ ગયા.અને ખાવાનું લુકમુ ઉપાડી મારા મોઢામાં નાખ્યો.અને હું ખાવાનું ચાલું કર્યું કે ત્યાં સુધી ખવડાતા રહયા કે મારો પેટ ભરાઈ ગયો.તે પછી મને ખરકો પહેરાવ્યો.અને મેં એમની સોહબત લાઝીમ કરી દીધી.

હઝરત અબુ સઈદ મખઝુમી રદીયલ્લાહો તઆલા અન્હોનો વિસાલ સાબાન તા.૨૭ સોમવાર હિ.સન ૫૯૩ માં બગદાદ શરીફમાં થયું.અને દાયાલ ગામમાં તેમના મદ્રેસામાં આપને દફન કરવામાં આવ્યા.

"સરવરે મખઝુમ સૈફુલ્લા એ ખાલીદ બકુર્બ,

બૂ સઈદા અસઅદા સઅદુલવરા ઈમદાદકુન "

હઝરત સલમાન ફારસી રદીયલ્લાહો તઆલા અન્હોનો રોઝો મુબારક (મદાયન ઈરાક)

તા.૨૪/૧૨/૨૦૦૫,શનિવારનાં સવારે ફઝર નમાઝ હોટલ ઉપર જમાતથી અદા કરી.આજે અમારો કાફલો મદાયનની ઝીયારત માટે તૈયારી કરી રહયો હતો.અમારા કાફલામાં કચ્છ,ગોંડલ,રાજકોટ,જામનગર અને યુ.પી.નાં કુલ્લ ૫૪ જણા હતાં.સવારે ૯ વાગે અમે બસ ધ્વારા મદાયનની ઝીયારત માટે રવાના થયાં.બગદાદથી ૪૦ માઈલ દુર મદાયન આવેલ છે.હવે તેને સલમાન પાર્ક પણ કહે છે.ત્યાંથી થોડે દુર દજલા નદી વહે છે.ત્યાં હઝરત સલમાન ફારસી રદીયલ્લાહો તઆલા અન્હો તથા હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોતથા હઝરત ઝાબીર રદીયલ્લાહો તઆલા અન્હોનાં મઝારો આવેલા છે.સૌ પ્રથમ અમે હઝરત સલમાન ફારસીનાં મઝાર ઉપર જવા નિકળ્યાં.રસ્તો બહુ જ સાંકળો હતો.અમારી બસ ધીમે ધીમે ચાલી રહી હતી.અચાનક અમારી બસ ઉભી રહી ગઈ.ત્યાં અમારાથી ૧૦ મીનીટ પહેલા જ એક નાનો મીસાઈલ પડયો હતો.એના કારણે રસ્તો બંધ પડયો હતો.એક પોલીસની ગાડી અમને બીજા રસ્તાથી ગાઈડ કરી હઝરત સલમાન ફારસીનાં રોઝામુબારક ઉપર પહોંચાડી દીધા.

હઝરત સલમાન ફારસી રદીયલ્લાહ તઆલા અન્હોનાં નામ ઉપરથી જ જણાઈ આવે છે કે,આપ ફારીસ(ઈરાન)નાં રહેવાસી છે.ખુદ આપનું પણ કહેવું છે કે,"હું ફારીસનાં શહેર અસ્ફહાનનાં નાનું એવું ગામ જૈયાનમાં મોટો થયો છું."એમના બાપ દાદા આગનાં પૂજારી હતાં.અને તે એમની કોમનાં મોટા રઈશ હતાં.સલમાન ફારસીના વાલિદ ગામના અગ્રણી અને

ખુબ માલદાર હતાં.હઝરત સલમાન ફારસી ખુદ ફરમાવે છે કે,"મારા વાલિદ મને ખુબ જ ચાહતા અને મારાથી ઘણી જ મોહબત કરતા હતા.મારો ઝુકાવ મઝુસી અકીદા તરફ થઈ ગયો.અને હું એમાં એટલો ઓતપ્રોત થઈ ગયો કે મને એમણે આગનો મુતવલી બનાવી દીધો જેથી હું આગને બુઝવા જ ન દઉં. મારા વાલિદ પાસે ઘણી જ જાએદાદ હતી.જેમા જમીનની દેખ ભાલ એ પોતે કરતાં.એક દિવશ હું એક ઈસાઈ ગીરીજાઘરમાં ગયો તો ત્યાં ઈસાઈ મઝહબ પ્રમાણે ઈબાદત થઈ રહી હતી.હું એમની નમાઝ અને દુઆઓથી ઘણો જ મુતઅસ્સીર થયો.અને મારૂં દીલ ઈસાઈયત તરફ ખેંચાઈ ગયું.મારા વાલિદ સાહેબને ખબર પડી તો તેમણે મને ઘણું જ સમજાવ્યું પણ હું જ્યારે ન માન્યો તો મારા પગ સાંકડથી બાંધી ઘરમાં પુરી દીધો.મેં મારા ઈસાઈ મિત્રોને સમાચાર મોકલ્યાં.તેઓની મદદથી કેદમાંથી છુટી હું એક કાફલા સાથે શામ પહોંચી ગયો."

હઝરત સલમાન શામમાં પાદરીઓની ખીદમત કરતા રહ્યા.એક વખત ત્યાં એક પાદરીએ આપને કહયું કે એક નબી આ ધરતી પર આવનાર છે. જેની ઓળખ એવી છે કે એ સદકાને અડશે પણ નહી.પરંતુ હદીયાને કબુલ કરશે અને એ નબી દુનિયાને સીધો રસ્તો બતાવશે.હઝરત સલમાન ફારસી આ સાંભળી અરબસ્તાન જવા માટે પ્રયત્ન કરવા લાગ્યાં.એ સમયગાળા દરમ્યાન કબીલાએ કલ્લબનાં અમુક સરદારોનો કાફલો પસાર થયો.આપ તેઓને સારી રકમ આપીને પોતાને અરબસ્તાન લઈ જવા માટે રાજી કર્યાં.તેઓ તે કાફલામાં રવાના થયા.મદીના શરીફ અને શામના રસ્તા વચ્ચે એક વાદી આવે છે. જેનું નામ વાદીએ કુરઆ છે.આપ કાફલા સાથે ત્યાં પહોંચ્યા ત્યારે તે લોકોએ વાયદો તોડી આપને એક યહુદીને ત્યાં વેંચી નાખ્યો.તે યહુદ્દી આપને થોડા દિવસ પોતાની પાસે રાખી પછી પોતાના ભત્રીજાને ત્યાં વેંચી નાખ્યો.તે બની કુરૈઝાનાં કબીલામાંથી હતો.તે આપને મદીના મુનવ્વરા લઈ આવ્યો એ સમયે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મક્કા શરીફમાં નબુવ્વતની એલાન કરીને માણસોને ઈમાનની દાવત આપી રહયાં હતાં.જ્યારે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હીજરત ફરમાવી મદીના શરીફ આવ્યા.એક વખત હઝરત સલમાન એક ખજુરનાં ઝાડ ઉપર હતાં.અને એમનો આકા નીચે ઉભો હતો. ત્યારે તેના ભત્રીજાએ આવીને કહયું કે "ખુદા ઔસ અને ખીજરજની સાથે જંગ કરે કે,તેઓ આજે કુબામાં એવા માણસથી મળવા ભેગા થયા છે,જે મક્કાથી આવ્યો છે અને પોતાને નબી કહે છે.હઝરત સલમાન ફારસી ફરમાવે છે કે,"આ સાંભળતાં જ મારા શરીરમાં કંપારી આવી ગઈ.હું ઝાડ ઉપરથી નીચે ઉતરી માલિકનાં ભત્રીજાને પુછવા લાગ્યો કે,તમે શું કહેતા હતાં ? આ સાંભળીને મારા માલિકે મને થપ્પડ મારી અને કહયું કે,તારે એમાં શું પુછવાનું છે? તું તારૂં કામ કર.એ પછી હું એક દિવસે ખજુરો લઈ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાસે ગયો અને કહયું, તમે સાચા માણસ લાગો છો,તમારી સાથે અમુક માણસો છે જે હાજતમંદ લાગે છે.માટે હું સદકાની ખજુર લાવ્યો છું.લો,તમે ખાઓ અને તે હાજતમંદોને પણ આપો.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે સહાબાકીરામને હુકમ કર્યો કે,તમે ખાઓ.પરંતુ આપે એક પણ ખજુર ચાખી નહી.

હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે કુબાથી મદીના શરીફ જવા લાગ્યાં.ત્યારે હું ફરી ખજુર લઈને હાજર થયો.અને અરજ કરી કે,હું તમારા માટે હદીયો(તોહફો)

લાવ્યો છું.તો તેમાંથી હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતે પણ તનાવુલ ફરમાવી અને સહાબાકીરામે પણ ખાધી.તેથી તે શામના પાદરીની બતાવેલી નીશાનીઓ સાચી સાબીત થઈ.માટે મેં સાચા દીલથી હુઝુર ઉપર કલમો પઢી લીધો.

હઝરત સલમાન ફારસીનો યહુદી માલીક જે સલમાન ફારસીને ઘણું જ કામ કરાવતો હતો.માટે તે કારણથી ચાર વર્ષ સુધી આપ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને સહાબાથી બહુજ મુશ્કેલીથી મળી શકતાં હતાં.પરંતુ દીલમાં આઝાદી માટે ઘણી જ તમન્ના થતી.એક દિવસ પોતાના માલિકને આઝાદી માટે વાત કરી તો માલીકે ઘણી જ કીંમત માંગી.૪૦ ઔંસ સોનું અને ૩૦૦ ઝાડ ખજુરોનાં લગાવી અને જ્યારે એ ખજુરનાં ઝાડને ફળ આવે ત્યારે તેમને આઝાદી મળશે તેમ કહયું.હઝરત સલમાન ફારસી રદીયલ્લાહ તઆલા અન્હોએ આ વાત હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ થી કરી અને મદદ માટે અરજ કરી.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે સહાબા એ કીરામને જમા કરીને કોઈને ૧૦ કોઈને ૨૦ એવી રીતે ઝાડ લગાવવાનું કામ સોપ્યું.હઝરત સલમાન ફારસીને આપે ફરમાવ્યું તમે ખાડા ખોદો.સલમાન ફારસી ખાડા ખોદતા ગયા.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાના હાથ મુબારકથી ઝાડ લગાવતા ગયા.અલ્લાહની શાનથી એ ઝાડ તરત જ મોટા થઈ ફળ આપતાં થઈ ગયા.એ પછી હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એક સોનાનો ટુકડો હઝરત સલમાન ફારસીને એનાયત ફરમાવ્યો.આ ટુકડો બરાબર ૪૦ ઔંસ જ થયો જેટલો આપના યહુદી માલીકે માંગ્યો હતો.આપે તે કર્ઝ અદા કરી દીધું. માટે આપને આઝાદી મળી ગઈ.

આપની સવાને હયાત ઘણી જ મોટી છે.તવારીખની કઈ કીતાબોનાં પાના આપની ફઝીલતથી ભરાયેલા છે.જેમાથી હું બીલકુલ મુખ્તસર જ આપનો બયાન કરૂં છું. હઝરત સલમાન ફારસી ઘણા જ સમજદાર અને દાના હતા.જંગે ખંદકમાં રસુલલ્લાહો અલયહે વસલ્લમને ખંદક ખોદવાનો મશવરો આપે જ આપ્યો હતો.જેથી આ મશ્વરા મુજબ સહાબાકીરામ ખંદક ખોદી જેમા સલમાન અને હુઝુર અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ સામીલ હતાં.આ મશવરાથી હુઝુર એટલા બધા ખુશ થયા કે,આપે ફરમાવ્યું
હદીશ "સલમાનો મીન્નાં અહલલબૈત"(અર્થ:સલમાન મારા અહલે બૈતમાંથી)

આપ હુઝુરની ઘણીજ સોહબતમાં રહયા.ઘણું જ શીખ્યા.એક દિવસ હુઝુરની સાથે હતા.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઝાડની સુકી ડાળી મોતાના હાથમાં લઈને એને ઝંઝોડી.જેથી ડાળીનાં બધા પાન ખરી પડયા આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પુછયું કે,"સલમાન તમે મને ન પુછયું કે મેં આ શું કામ કર્યું ?હઝરત સલમાને અરજ કરી કે,આકા,આપે શેના માટે કર્યું ? હુઝુરે ફરમાવ્યું "જે મુસલમાન બરાબર વઝુ કરી.ખુશુઅ અને ખુઝુથી પાંચ વખત નમાઝ અદા કરે તો તેના ગુના આવી રીતે ખરી પડે છે."

આપનો વિસાલ હીજરી સન ઉપ હઝરત ઉસ્માનગની રદીયલ્લાહો તઆલા અન્હોનાં ખીલાફતનાં જમાનામાં થયો.આપનો રોઝો મુબારક લાલ લાકડાનાં કઠોળાથી બનેલો છે. જેમા ખુબજ મીનાકારી કરેલી છે.સીરાની કઠેળાની ઉપર આપનું નામ મુબારક લખેલ છે.રોઝા મુબારકની ચોતરફ પીતળની જાળીઓ લાગેલીઓ છે.આપનો મઝાર એક વિશાળ કમ્પાઉન્ડમાં આવેલો છે.

હઝરતે હુઝૈફા અને જાબીર (રદીયલ્લાહો તઆલા અન્હોમા)

હઝરત હુઝૈફા અને જાબીર રદીયલ્લાહો તઆલા અન્હોમાનો રોઝો મુબારક
(મદાયન ઈરાક)

મદાયનની ઝીયારતોમાં હજરત સલમાન ફારસી રદીયલ્લાહો તઆલા અન્હોની સાથે તેજ ઈમારતમાં હઝરત હુઝૈફા અલ યમાની રદીયલ્લાહો તઆલા અન્હો અને હઝરત ઝાબીર રદીયલ્લાહો તઆલા અન્હોના મઝાર મુબારક આવેલા છે.આ બન્ને પણ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં જાંનીસાર સહાબી હતાં.

હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોને "અમીને સીરે રસુલ" કહેવામાં આવતાં.યાની હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં રાઝનાં મુહાફીઝ કહેવામાં આવતાં.

હઝરત હુઝૈફાને હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું "તમે ચાહો તો પોતાને મુહાઝીરોમાં ગણો યા અનસારમાં તમને જે પસંદ હોય તે કબુલ કરો" એના પાછળ.એ રાજ હતું.કે,આપનાં વાલીદ અલયમાની મક્કાનાં રહેવાસી હતાં.અને મક્કામાં ત્યાં તેમના હાથે કોઈનું ખુન થઈ ગયું હતું.જેના કારણે એમને મક્કા મુકી મદીના શરીફ જવું પડયું.અને તેઓ

મદિનામાં સ્થાઈ થઈ ગયા અને બનુ અબ્દુલ અશહલનાં હલીફ બની ગયા.અને એજ કબીલામાંથી શાદી કરી લીધી.તે ઔરતમાંથી હઝરત હુઝૈફા પૈદા થયાં.હઝરત હુઝૈફા ઉપર મક્કામાં આવવાની પાબંદી ઉઠાવી લેવામાં આવી.જેથી આપ મક્કાથી મદીના અવર–જવર કરતાં હતાં.એટલે હજરત હુઝૈફાનું તાલ્લુકત મક્કા અને મદીનાથી હતું. આ ખાનદાન હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની હીજરતથી પહેલાંજ ઈસ્લામ કબુલ કરી લીધું હતું.હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોએ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુલાકાતથી પહેલા ઈસ્લામ લઈ આવ્યા.અને જ્યારે હુઝુરની મુલાકાત કરી ત્યારે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સવાલ પુછ્યું કે,"યા રસુલલ્લાહ, હું મુહાઝીર છું યા અનસારી ?" જવાબમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે,"તમે પોતાને મુહાઝીર કહો યા અનસાર" એજ રાજ તરફ આપનો ઈશારો હતો. પણ હજરત હુઝૈફાએ પોતાના માટે અનસારી પસંદ કર્યું.હજરત હુઝૈફા હુઝુરથી એકદમ કરીબ થઈ ગયા.બદરની જંગને બાદ કરતાં.આપ બધી જંગોમાં ભાગ લીધો.બદરની જંગ સમય આપ પોતાના વાલીદ સાથે મદીનાથી બહાર હતાં.તેઓએ કુરૈશ સાથે વાયદો કરેલો કે,મદીનામાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મદદ ન કરવી.જ્યારે આપ મદીનામાં પાછા આવ્યા ત્યારે હુઝુરથી અર્ઝ કરી."યા રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ,અમે કુરૈશથી આ રીતનો વાયદો કરી ચુકયા હતાં." હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે,"તમે વાયદા ઉપર કાયમ રહો અને અલ્લાહ તઆલાના હુકમનો ઈન્તઝાર કરો."

હઝરત હુઝૈફા જંગે ઓહદમાં શરીક થયાં. એમના વાલીદ ભૂલથી મુસલમાનો ના હાથે શહીદ થયાં. હુઝુરે તેઓને "દીય્યત" અદા કરવા ફરમાવ્યું તો હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોએ ફરમાવ્યું કે,"મારા વાલીદ શહાદત ની તમન્ના રાખતા હતાં માટે હું "દીય્યત" નહી લઉં."

હઝરત હુઝૈફા અલ યમાની રદીયલ્લાહો તઆલા અન્હોની કુન્નીયત અબ્દુલા,કબીલો અતફાન અને ખાનદાન અબસ હતું. આપ મદની તાજદાર હઝરત રસુલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નાં ઘણાજ નિકટનાં સાથી હતા આપ બહુજ ઝહીન અને હાઝર જવાબી હતાં. હુઝુર એમના થી ઘણા ખુશ થતાં. તેઓ માણસોનાં રાઝ હીફાઝતથી રાખતા એટલે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેમને યહુદીઓ અને મુનાફીકોનાં નામથી વાકેફ કર્યા હતાં અને એમના ઉપર નજર રાખવા કહયું હતું. આપની વાલીદા માટે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે બખ્શીસ ની દુઆ માંગી હતી.હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોને ઓહદ ની લડાઈમાં જનાનખાનાની રક્ષણ ની જવાબ દારી આપને જ સોંપવામાં આવી હતી.

જંગે ખંદક જ્યારે કુફારોએ ઘેરી લીધું અને તકલીફોમાં વધારો કરવા લાગ્યાં.ત્યારે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરતે હુઝૈફાને તેઓની સાજીશોની જાણકારી મેળવવા માટે મોકલ્યાં.જે કામ હઝરતે હુઝૈફાએ બહુ જ હોશીયારીથી કર્યું હતું.

જ્યારે ઈરાક ફતેહ થયું ત્યારે ઈસ્લામનાં બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોએ હઝરતે હુઝૈફાને દજલા નદીની આસપાસ નાં વિસ્તારોનાં બંદોબસ્ત માટે અફસર બનાવી મોકલ્યાં. તેમને મદાયનનાં હાકિમ પણ બનાવ્યા હતાં. હીઝરી સન ૩૨ માં આપે આઝરબૈઝાન ફતેહ કર્યુ.જંગે નેહાવંદમાં હઝરત ઉમર રદીયલ્લાહો તઆલા

અન્હોએ આપને હઝરત નોમાન બિન મકરાનનાં સહાયક કમાંન્ડર તરીકે મોકલ્યા આ જંગ ઈરાનીયો સાથે હતી.હઝરત નોમાન જંગની શરૂઆતમાં શહીદ થઈ ગયાં.તો હઝરત હુઝૈફાએ કમાન્ડ સંભાળી અને આપના હાથ ઉપર ફતેહ થઈ. હઝરત ઉમર રદીયલ્લાહો તઆલા અન્હોએ આપને કુફા અને મદાયનનાં ગર્વનર બનાવ્યા.

હઝરત ઉસ્માનગની રદીયલ્લાહો તઆલા અન્હો એ જે કુરાન શરીફ જમાં કર્યુ હતું એની નકલો(પ્રત)આખા મુલકમાં ફેલાવી દેવાનો મશવરો પણ આપે જ આપ્યો હતો. આપથી ઘણી જ હદીસો રીવાયત છે.

હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોની કબર મુબારક (મદાયન ઈરાક)

હઝરત જાબીર રદીયલ્લાહો તઆલા અન્હો

હઝરત જાબીર રદીયલ્લાહો તઆલા અન્હો પણ મશહુર સહાબી છે.આપ પણ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઘણા ચાહીતા સહાબી હતાં.આપની કુન્નીયત અબ્દુલ્લાહ હતી. તેઓ કબીલાએ ખઝરજમાથી હતા. બૈઅતે ઉકબા વખતે આપ પોતાના વાલીદ સાથે મુસલમાન થયા હતાં. આપ ઘણી લડાઈઓમાં શરીક થયાં. બૈઅતે રીઝવાન અને હજ્જતુલ વીદા આ બન્ને પ્રસંગોએ આપ હાજર હતા.

એક વખત હઝરત ઝાબીર રદીયલ્લાહો તઆલા અન્હોએ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની દાવત કરી. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સહાબા એ કિરામની સાથે તેમના ઘરે તશરીફ લઈ ગયા.હઝરત ઝાબીરે મહેમાનો માટે એક બકરી ઝબહ કરી હતી. જ્યારે આપે તે બકરીને ઝબહ કરી ત્યારે એ મન્ઝર એમના બે નાના બાળકોએ જોઈ અને એની નકલ પ્રમાણે એક બાળકે એ એના ભાઈની ગરદન પર છુરી ફેરવી દીધી. જેથી તેના ભાઈનું તત્કાલ મૃત્યુ થઈ ગયું.

ખુન થી તરબતર ભાઈ ને જોઈ બીજો ભાઈ ગભરાઈને છત ઉપર થી નીચે પડયો.અને તે પણ ઘાયલ થઈને મૃત્યુ પામ્યો એવી રીતે બન્ને બચ્ચાઓનું મૃત્યુ થયું.હઝરત ઝાબીરની બીબીએ બન્નેની લાશોને છુપાવી ચાદર ઓઢાડી સંતાડી દીધા.જેથી હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની દાવતમાં ખલેલ ન પડે. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે તશરીફ લાવ્યા ત્યારે અલ્લાહ તઆલાનાં આપેલા ઈલ્મથી હઝરત ઝાબેરની પરેશાની જાણી લીધી.તઆમ(ખાવાનું)માં આપે આપનુ લુઆબ મુબારક નાખ્યું લુઆબ મુબારકનાં સદકાથી એવી બરકત થઈ કે બધાએ પેટ ભરીને ખાધું .છતાં પાછુ એટલુ જ બચેલુ રહયું. ખાધા પછી હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે ,"ઝાબીર,તમારા બાળકો ને લાવો અમોને જોવા છે.આ સાંભળી હઝરત ઝાબીર જવાબ આપ્યો કે "યા રસુલલ્લાહ તેઓ આરામ કરે છે."હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મુસ્કુરાઈ અને ફરમાવ્યું "જાઓ તેઓને કહોકે હુઝુર બોલાવે છે."હઝરત ઝાબીર જ્યા લાશો પડી હતી ત્યાં ગયાં અને જોર થી અવાજ આપી કહયું કે બેટા,તમને હુઝુર બોલાવે છે. અવાજ સાથે જ બન્ને જીવતાં થઈ દોડતાં હુઝુરની બારગાહમાં હાજર થઈ ગયા. તે બાળ કોમાંથી હઝરત ઝાબીરનાં ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ હુઝુરની ખીદમત અને સોબતમાં ઘણા સમય રહયાં.

હઝરત સલમાન ફારસી રદીયલ્લાહો તઆલા અન્હોની મઝાર મુબારક સાથે આ બન્ને સહાબીઓની મઝાર મુબારક પણ એજ ઈમારતમાં આવેલા છે. એની સાથે અન્ય બુઝુર્ગાને દીનની મઝાર મુબારકો મદાયનમાં આવેલા છે. જેમા હઝરત તાહેરબીન મોહંમદ બાકીર રદીયલ્લાહો તઆલા અન્હો,હઝરત અબ્દુલ્લાહબીન ઝાબીર રદીયલ્લાહો તઆલા અન્હો સામેલ છે. આ આખી ઈમારતમાં એવો નુરાની માહોલ છે. જાણે આખા વિસ્તારમાં નુરની વરસાદ થતી હોય. આ ખુદાના હબીબનાં પ્યારા સહાબીઓની શું શાન અને અલ્લાહ તઆલાએ કેટલો મર્તબો અતા કર્યો છે. અને કેવી દાયમી જીંદગી અતા કરી છે તેનો આપણને ખ્યાલ આ એક વાકયાથી આવી જશે. જે વાકેઓ લગભગ ૬૫ વર્ષ પહેલાં બનેલો છે. જેને જોવાવાળા એક બે નહી પણ હજારો માણસો હયાત છે.અને આ આખો વાકેઓ કેમેરામાં કેદ થયેલ છે.અને જેની માહીતી આજનાં મીડીયા પાસે પણ છે.જે નીચે પ્રમાણે છે.

હઝરત જાબીર અને હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોમાંના મઝાર મુબારક હાલે જે જગ્યાએ છે તે જગ્યાએ પાછળથી દફન કરવામાં આવ્યા છે.પહેલાં તેમના મઝાર મુબારક દજલા નદીના કિનારે હતાં.

તવારીખની કિતાબોમાં અને અમુક ઈસ્લામી સામયિકોમાં આ મઝાર મુબારકની તબદીલી વિશે લખવામાં આવ્યું છે કે તે વખતનાં બાદશાહને સતત ત્રણ દિવસ સુધી સ્વપ્નમાં હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોએ જણાવ્યું કે,દજલા નદીનું પાણી તેમના મઝાર મુબારકોમાં આવી રહયું છે માટે તેઓને અન્ય જગ્યાએ દફન કરવામાં આવે.ત્યાર બાદ ત્યાંના મુફતી આઝમને પણ આ જ સ્વપ્ન આવ્યું.જેમા હઝરત હુઝૈફાએ તેમને જણાવ્યું કે,મે તમારા બાદશાહને પણ આ વાત સ્વપ્નમાં જણાવી છે.મુફતી સાહેબે બાદશાહનુરીપાશા સાથે સંપર્ક કરી આ સ્વપ્ન વિશે વાતચીત કરી તો બાદશાહે પણ પોતાના સ્વપ્નની પૃષ્ટિ કરી.

ત્યારબાદ નક્કી કરવામાં આવ્યું કે,એ મઝાર મુબારકોની આસપાસ ખોદી તપાસવામાં

આવે કે આસપાસની જમીનમાં પાણી છે કે કેમ ? જો મઝારમુબારકોની નજીકમાં પાણી હશે તો તેનો અર્થ એ થાય કે મઝાર મુબારકો માં પણ પાણી હશે.નક્કી કર્યા મુજબ ખોદાઈ કરી જોવામાં આવ્યું તો ત્યાંની માટી તદ્દન સુકી હતી.જેની ખબર બાદશાહને આપવામાં આવી.તે જ રાતે ફરીથી સ્વપ્નમાં હઝરત હુઝૈફાએ બાદશાહનું ધ્યાન દોર્યું પરંતુ બાદશાહે તપાસ કરાવી હતી.જેથી આ સ્વપ્ન તરફ લક્ષ્ય આપ્યું નહી.બીજી રાતે ત્યાંના મુફ્તી આઝમને ફરીથી હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોએ સ્વપ્નમાં આવી સખત તાકીદ કરી કે,અમારી મઝાર મુબારકને અન્ય જગ્યાએ ખસેડો,અમારી મઝારમાં પાણી આવી રહયુ છે.બીજા દિવસે મુફ્તી સાહેબે બાદશાહને વાત કરી તો બાદશાહને પણ આગલી રાતે આવેલ સ્વપ્નની વાત યાદ આવી.બાદશાહે તરત મુફ્તી સાહેબ પાસેથી કબરો ખોલવાનો ફતવો મેળવી સાર્વજનીક એલાન સાથે કબરો ખોલવાનો હુકમ જારી કર્યો.

હજજ પછીનાં દિવસો હતા.સાર્વજનીક એલાન હતું જેથી દુનિયાભરના હાજીઓ,સ્થાનિક પ્રજા,વિશ્વભરના વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ,ટેલીવિઝન મીડીયાવાળાઓ,અલગ અલગ દેશોનાં પ્રતિનિધિઓની હાજરીમાં બકરી ઈદ પછી ૧૦ દિવસ બાદ તેમના મઝાર મુબારકને જ્યારે ખોલવામાં આવ્યાં,ત્યારે સુબ્હાનલ્લાહ,દુનિયા આખીએ જોયું કે હઝરત હુઝૈફા રદીયલ્લાહો તઆલા અન્હોની કબર મુબારકમાં પાણી પ્રવેશી ચુકયું હતું જ્યારે હઝરત જાબીર રદીયલ્લાહો તઆલા અન્હોની મઝાર મુબારકમાં પાણીની ભીનાશ આવી ચુકી હતી.

અલ્લાહ ! અલ્લાહ ! પવિત્ર સહાબાઓની આવી નિરાલી શાન છે,તો મારા આકા વ મૌલા,માલીકે જન્નત, માલીકે કોનોમકાં,માલીકે હૌઝે કોસર,સરવરે કાયેનાત,મદની સરકાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાનની તો કલ્પનાજ શી થઈ શકે ? દુનિયાની સગી આંખોએ જોઈ લીધુ કે તે બન્ને પવિત્ર સહાબાની લાશોનું કફન પણ ચૌદસો વર્ષ પછી તેવુંને તેવું જ જળ વાયું હતું.બન્ને પવિત્ર સહાબાની દાઢી મુબારકના વાળ પણ તેવાને તેવાજ હતા.બન્ને સહાબાના પવિત્રશરીરો પણ એવાંજ નુરાની અને અસલ હાલતમાં હતા.જાણે એવું લાગતું હતુ કે હમણા બે ત્રણ દિવસ ઉપરજ તેમને દફનાવ્યા છે,સૌથી હયરતઅંગેઝ વાત તો એ હતી કે બન્ને સહાબાની આંખો તદ્દન ખુલ્લી હતી.તે આંખોમાં એટલી બધી ચમક હતી કે જોનારાની આંખો પાછી પડતી હતી,હા ! ભાઈ,કેમ ના હોય ? જે આંખોએ એક જમાના સુધી,આમેનાના લાલ,મેઅરાજના દુલ્હા,સૈય્યદુલ,અંબિયા,(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના નુરાની ચ્હેરાના દર્શન કર્યા હતા,તે આંખોમાં નુરે નબીના દરિયા છલકીજ ઉઠે,તેમા કોઈ શંકા નથી.શુબ્હાનઅલ્લાહ ! શુબ્હાનઅલ્લાહ ! અંતરરાષ્ટ્રીય ખ્યાતી મેળવનાર એક જર્મન ડોકટર જે આંખોના ડોકટર હતા.તે ત્યાં હાજર હતા.તે ડોકટર તો આ દશ્ય જોઈ દિગ્મુઢ થઈ ગયા.ઈસ્લામની સદાકત સમક્ષ તેમનુ દિલ પીગળી ગયું તે દોડતા દોડતા મુફ્તી સાહેબને વળગી પડયા અને બોલી ઉઠયા કે ઈસ્લામની હકકાનીયત(સચ્ચાઈ) અને સહાબાની બુઝુર્ગી આથી વિશેષ સાબિતી મેળવવાની મારે જરૂર નથી,એવું કહીને કલ્મયે તૈય્યબ"**લા ઈલાહા ઈલ્લલ્લાહ મોહમ્મદુર્રસુલલ્લાહ**" પઢીને તરતજ મુસલમાન થઈ ગયા .લાખો લોકોએ બન્ને સહાબાના પવિત્ર મુખડાના દર્શન કર્યા.ઈરાકી લશ્કરે વિધિસર સલામી પેંશ કરી.તોપોથી પણ સલામી આપવામાં આવી,તમામ લોકોએ નમાઝે જનાઝા પણ પઢી અસંખ્ય લોકોએ લશ્કરને કાંધો આપ્યો.એક જર્મન ફીલ્મ નિર્માતાએ,૩૦ ફુટ

લાંબી અને ૨૦ ફુટ પહોળી ટેલીવીઝન સ્ક્રીન પર આ તમામ કાર્યવાહી ત્યાંજ લાખો લોકોને કેમેરાના માધ્યમથી બતાવી હતી.બીજા ચાર મોટા સ્ક્રીન પણ લગાવવામાં આવ્યા હતા.જેથી લાખો લોકો સરળતાથી એ કાર્યક્રમ જોઈ શકયા હતા.

તે પછી બન્ને સહાબાના જનાઝા સલ્માનપાક તરફ લઈ જવામાં આવ્યા.ત્યાં સુધીનો રસ્તો પસાર કરતી વખતે આસ્માનમાં હવાઈ જહાજોએ ગોથાં લગાવીને સલામી આપી અને ફુલો વરસાવ્યા.ઉપરાંત ઢગલાબંધ ફુલ લોકો તરફથી ચઢાવવામાં આવ્યા, રસ્તામાં થોડા થોડા અંતરે જનાઝાને ઉભો રાખતા હતા.જેથી લોકો ફુલ ચઢાવી શકે.લગભગ ચાર કલાક પછી તે બન્ને જનાઝા સલ્માનપાકના સ્થળે આવી ગયા,જ્યાં હઝરત સલ્માન ફારસી(રદીયલ્લાહો ત્આલા અન્હો)નો મઝાર પહેલાથી જ બનાવેલો છે.તે સ્થળે આ બન્ને સાહેબોને લઈ આવ્યા.ત્યાં પહોચ્યાં બાદ,ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું તે પછી,જે હસ્તીઓએ કેઈન પરથી બન્ને પવિત્ર લાશોને ઉતારીને કાચની પેટીમાં મુકી હતી,તેજ હસ્તીઓએ તે બન્ને લાશોને સલ્માન પાકના સ્થળે સંપૂર્ણ અદબ,માન અને અહેતરામ સાથે દફન કરી દીધી.આ સ્થળે આવવાનું જ હતુ માટે પહેલાથીજ બે કબરો ખોદીને તૈયાર રાખવામાં આવી હતી.આ રીતે તોપોની ગરજ, અને અલ્લાહો અકબરના ફલક શગાફ નારાઓ વચ્ચે આ બન્ને સહાબાઓને ફરીથી સિપુર્દે ખાક કરવામાં આવ્યા.બીજા દિવસે બગદાદનાં થિયેટરોમાં આકાર્યક્રમી ફીલ્મ દર્શાવાઈ હતી.આ પ્રસંગ વખતે લાખો માણસો મુસલમાન થઈ ગયા હતા.ઈરાક દેશમાં,સલ્માનપાકમાં આજે પણ હઝરત સલ્માન ફારસી(રદીયલ્લાહો ત્આલા અન્હો)ના મઝારે અકદસની પાસેજ ઉપરોકત બન્ને પવિત્ર સહાબાના મઝારો મોજુદ છે.બેશક અલ્લાહના પ્યારા બંદાઓ સદાકાળ અલ્લાહની રહેમતમાંજ પોઢેલા છે. અને તેમને કોઈનોય ડર નથી.કુર્આને હકીમમાં પણ એજ કહયું છે કે અલ્લાહના અવલીયાઓને કોઈનોય ગમ હશે નહિ અને ડર હશે નહિ.ભાઈઓ હઝરત હુઝૈફાએ (રદીયલ્લાહો ત્આલા અન્હો) સ્વપ્નમાં દર્શન આપીને બાદશાહે ઈરાકને અને મુફતીયે ઈરાકને જે કાંઈ ફરમાવ્યું તે મુજબ તે સ્થળે તેજ હકીકત જોવા મળી.આટલાજ બનાવને કોઈ ભાઈ કદાચ યોગાનુયોગ પણ કહી દે. પરંતુ ચૌદસો વર્ષ પૂર્વે દફન થએલા તે બન્ને પવિત્ર સહાબાનાં શરીરો પણ અકબંધ હતા,કફન પણ તેવું જ હતું,આંખો પણ ખુલ્લી,તેજસ્વી અને પાણીદાર હતી.એ સત્ય હકીકતો આપણા પ્યારા રસુલની,માનવંતા સહાબાની,માનવંતા વલીઓની અને તમામ બરગુઝીદા બુઝુર્ગોની પવિત્રતા,સચ્ચાઈ અને સદાકત જાહેર કરે છે.તેમજ ઈસ્લામે આપેલા વહેદાનીયતના સંદેશને સાચા ઠેરવે છે. તેજ સિરાતે મુસ્તકીમ છે.હિદાયત પણ ત્યાંથી જ મળશે,ઈરફાને ઈલાહીનું નૂર પણ ત્યાથીજ પ્રાપ્ત થશે,શફાઅતે મુહમ્મદી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની આશા રાખનારા અને કયામતની અસહ્ય ગરમીમાં દામને રસુલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)માં પનાહ ઢુંઢનારા બધાય સ્ત્રી–પુરુષો એ સિરાતે મુસ્તકીમ પર ચાલી નીકળે,તેટલી જ વિનંતી કરીએ છીએ.

અલ્લાહ ત્આલા મને–તમને,દરેકને નેક તૌફીક બક્ષે અને સાચા સુન્ની અકીદાઓથી આપણા દિલોને ફેઝયાબ કરે,આમીન.(આ બનાવ ૧૯૩૨ માં પેશ આવ્યો.રીર્સચ કરવાળાએ ૧૯૪૦ માં લખી છે.)

અલ્લાહના ફઝલો કરમથી ઉપરોકત મુબારક હસ્તીઓની ઝીયારત કરી.દરૂદો ફાતેહા

પઢી અને અમારા દીલોને આ નુરાની હસ્તીઓનાં સદકાથી તકવા પરહેજગારીની દુઆઓ માંગી.સાથે આજ બલદમાં હઝરત ઈમામ અલી નકી રદીયલ્લાહો તઆલા અન્હોનાં ફરઝંદ હઝરત સૈયદ મોહંમદનો પણ મઝાર છે.અહીંયા એક બીજો નાનો કસ્બો છે.જેને સામરા કહે છે.આ કસ્બામાં હઝરત ઈમામ અલી નકી રદીયલ્લાહો તઆલા અન્હો અને હઝરત ઈમામ હસન અસકરી રદીયલ્લાહો તઆલા અન્હોનાં મઝારે પાક છે.ત્યાં પણ નુરો ઈરફાનની વરસાદ વરસે છે.આપ અહેલે બૈતે મુસ્તફાનાં રોશન ચીરાગ છે.

કિસરાનો મહેલ



કિસરાના મહેલના ખંડેરો



મદાયનમાં એક પુરાનો મહેલ છે.જે હઝરત સલમાન ફારસી રદીયલ્લાહો તઆલા અન્હોનાં દરબારથી એક ફલાંગની દુરી ઉપર છે.જે કિસરા બાદશાહ નો મહેલ છે. જે ત્યાર થી કરી આજ દિવસ સુધી એજ હાલતમાં કાયમ છે. આપણા આકા હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વિલાદત બા સઆદત વખતે એજ મહેલના ચૌદ મીનારા પડી ગયાં હતા.કિસરા બાદશાહનો એક પોતાનો તરીકો હતો કે જે મુલકને ફતેહ કરતો એની યાદમાં પોતાના મહેલ ઉપર મીનારા બનાવતો.જે તેણે ચૌદ મીનારા બનાવ્યા હતાં તે એની પોતાની ફતેહનાં નીશાની રૂપે રહેતાં. એ મહેલની અંદર પ્રવેશની મનાઈ છે.હાલમાં ત્યાં અમેરીકન ફૌજની સીકયુરીટીનાં કારણે અંદર પ્રવેશની રજા આપવામાં આવતી નથી.માટે અમે બહારથી જ મહેલને જોયું..

હઝરત યુશા અલૈહીસ્સલામ

હઝરત યુશા અલૈહીસ્સલામનો રોઝો મુબારક (મદાયન ઈરાક)

કિસરાનાં મહેલથી આગળ બસ ધ્વારા ૧૦ મીનીટ અંતરે બલદસામરા છે.જ્યાં યુશા બીન નુન અલયહિસ્સલામનું મઝાર મુબારક છે. આપ અલ્લાહનાં નબી હતાં.આપની મઝાર મુબારક જૂની હાલત માં કાયમ છે.રોઝા મુબારકની એક બાજુની દીવાર અમેરીકન બોમ્બ હુમલામાં ધ્વસ્ત થઈ થઈ છે. જે એજ હાલતમાં પડી છે. અહી ઈસાઈ પણ આપના કબરની ઝીયારત માટે આવે છે.મકબરાની બહાર અમુક પાદરીઓનાં મઝારો આવેલા છે.

અલ્લાહ ના નબી હઝરત યુશા બીન નુન અલૈહીસ્સલામ હઝરત યુસુફ અલૈહીસ્સલામ ની ઔલાદમાંથી છે. આપનુ નસબ આ પ્રમાણે છે.હઝરત યુશા બીન નુન બીન અફ્રાઈમ બીન હઝરત યુસુફ અલૈહીસ્સલામ બીન હઝરત યાકુબ અલૈહીસ્સલામ બીન સૈયદનાં ઈસ્હાક અલૈહીસ્સલામ બીન સૈયદનાં ઈબ્રાહીમ અલૈહીસ્સલામછે. આપ હઝરત મુસા અલૈહીસ્સલામનાં ખાસ ખાદીમ અને શાગીર્દ અને સહાબી છે.આપને હઝરત મુસા અલૈહીસ્સલામનાં વિશાલ પછી ૪૦ વર્ષે નબુવ્વત અતા થઈ. આપની દુઆથી અલ્લાહ તઆલા એ સૂરજને થંભાવી દીધો હતો. આપને કુલ ૧૨૬ વર્ષ ની જીંદગી અતા થઈ હતી.

હઝરત મુશા અલૈહીસ્સલામનાં વિશાલ પછી કૌમે બની ઈસરાઈલ દીનના ફરમાન અહેકામ,ઈતાઅતને ભુલી અને બુરાઈઓ,દુનિયાદારીઅને ગુનાહોમાં મુબતલા થઈ ગઈ.શરીઅતના હુકમોને તરક કરી અને પોતાની મનમાની અને પોતાને અનુકુળ આવે એ પ્રમાણે વર્તન કરવા લાગ્યા.

અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત યુશા અલૈહીસ્સલામને હુકમ કર્યા કે તમે કૌમે બની ઈસરાઈલને મેદાને તીહમાંથી લઈ,મીસર તરફ રવાના થઈ જાઓ.હઝરત યુશા અલૈહીસ્સલામ અલ્લાહનાં હુકમથી કૌમે બની ઈસરાઈલને મેદાને તીહમાંથી કાઢી અને શામ તરફ રવાના થયાં.

શામની સરજમીન ઉપર કૌમ જબારીન,જે ઘણીજ જાલીમ કૌમ હતી.તેઓના જુલ્મો સીતમથી અલ્લાહની જમીન પણ ખુદાની પનાહ માંગતી હતી.હઝરત યુસા અલૈહીસ્સલામ તે બદકાર અને ઝાલીમ કૌમ જબારીન ઉપર ચડાઈ કરી અને તેઓની સાથે ફીસબીલીલ્લાહ જેહાદ કર્યો.અલ્લાહ ત્આલા તે ઝાલીમ કૌમ ઉપર ફતેહ આપી.આપ તેઓને જેર(કબઝો)કરી અને આગે કુચ કરી.

હઝરત યુશા બીન નુન શહેરે ઈલીયામાં આવ્યા.આ શહેરેવાળાઓ પણ બદકારીઓમાં મશગુલ થઈ અને પોતાના ગુનાહોથી ખુદાની જમીન ઉપર કાળોકેર વર્તાવ્યો હતો.હઝરતે યુશા બીન નુન હુકમે ખુદાવંદીથી તે શહેરવાળા બદકારોથી જેહાદ કરી અને તે મરદુદોનો સફાયો કરી આપ શહરેબલકામાં આવ્યા.

શહેરે બલકામાં બાલીક નામી બાદશાહ રાજ કરતો હતો.માટે તે શહેર તેના નામથી ઓળ ખાતો હતો.બાલીક ઘણોજ ઝાલીમ બાહશાહ હતો.હઝરત યુસા અલૈહીસ્સલામ તે શહેરમાં પ્રવેશ કરે તેથી પહેલા એણે એક મોટી લશકરી તૈયારી કરી રાખી હતી.તે લોકોની કૌમમાં એક બલઅમ ઈબ્ને બાઉર નામી વલી હતો.જેની પાસે "ઈશ્મે આઝમ"(જે અલ્લાહના મુકદદ્સ નામોમાંથી એક છે.ખુદાના અમુક એવા બંદા હોય છે.જેનો વિર્દ કરેલું હોય તે મુકદદ્સ નામ લઈ અને દુઆ કરે તો તરત જ દુઆ કબુલ થાય)હતું.તે ઝાલીમ લોકો બલઅમ ઈબ્ને બાઉર વલી પાસે આવ્યા.અને તેઓ કહેવા લાગ્યા કે તમો દુઆ કરો,અલ્લાહ તઆલા હઝરત યુશા અલૈહીસ્સલામનાં લશકર ઉપર ફતાહ આપે જવાબમાં બલઅમ ઈબ્ને બાઉર કહયું કે હું વલી છું અને હઝરત યુશા અલૈહીસ્સલામ નબી છે.નબીનો મર્તબો વલીના મર્તબાથી બુલંદ હોય છે."હું કેવી રીતે તેમના માટે બદદુઆ કરી શકું ? જવાબ સાંભળી તે બાદશાહ અને તેની કૌમવાળા તે બલઅમ ઈબ્ને બાઉર ને માલો દોલતની લાલચ આપી સમજાવ્યું.ત્યારે બલઅમ ઈબ્ને બાઉરે કહયું કે, હું બદદુઆ નથી કરતો.પણ હું તમને એક તરકીબ બતાવું જેથી તમને ફતેહ મળશે.કૌમવાળાઓ તે તરકીબને સાંભળવા આતુરતાથી ભેગા થયાં.બલઅમે કહયુ કે,શહેરમાંથી ચૌદ વર્ષની કન્યાઓને ખુબસુરત કપડા,જેવર પહેરાવી અને હઝરત યુશાનાં લશકરમાં મોકલી દયો અગર તેઓના લશકરમાંથી કોઈ સૈનીકથી "જીના" નો ગુનાહ થઈ જશે,તો અલ્લાહ નો અઝાબ ઉતરશે.તો તમોને ફતેહ મળી જશે.

તે લોકો બલઅમની તરકીબ પ્રમાણે સુંદર કન્યાઓ મોકલી પણ તેમનો તે મકશદ પૂર્ણ થયો નહી અલ્લાહનાં નબીની સોહબતમાં રહેવાવાળો પુરો લશકર પરહેઝગાર હોવાથી શહેરે બલકાવાળા તે તરકીબમાં નિષ્ફળ ગયાં.બલઅમ ઈબ્ને બાઉરની બીબીએ બલઅમને બદદુઆ કરવાનું કહી અને કહયું, જો તમો બદદુઆ ન કરો તો મને તલ્લાક આપો.માટે બલઅમે તેઓને માટે બદદુઆ કરવા પોતાના કમરામાં ગયા પણ તે કમરામા બે સિંહ નજર આવતા તેઓ કમરામાંથી બહાર આવ્યા.પણ તેઓની પત્નિએ તેમને ફરી તેમ

કરવા મજબુર કર્યા.બલઅમ ફરી પોતાનાં કમરા પ્રવેશ કર્યો,પણ અંદર જતાં જ બે મોટા સાપ નજર આવતા તરત જ બહાર આવી ગયા.પછી તે એક પહાડ ઉપર જઈ ઋને બદદુઆ કરી.રબની શાન અને હીકમત જુઓ કે હઝરત યુશા અલૈહીસ્સલામ નાં લશ્કરની હાર થઈ.

હજરત યુશા અલૈહીસ્સલામએ બારગાહે ઈલાહીમાં અરજ કરી,"યા રબ,અમારી હાર અને ઝાલીમોની જીત ? "અલ્લાહતઆલાએ ફરમાવ્યું હા,એ ઝાલીમોમાં એક નેક બંદો છે.જેની પાસે ઈસ્મે આઝમ છે.તેની બરકતથી જ તેમને જીત મળી છે." હઝરત યુશા અલૈહીસ્સલામે અરજ કરી કે,યા ઈલાહી તુ તેના પાસેથી ઈસ્મે આઝમ છીનવી લે."અલ્લાહ તઆલાએ આપની દુઆથી બલઅમ ઈબ્ને બાઉર પાસેથી ઈસ્મેઆઝમ છીનવી લીધું.અને બલઅમની દુઆની અસર ખતમ થઈ ગઈ.બીજા દિવસે ફરી જંગ શરૂ થઈ.જુમ્માનો દિવસ હતો.આજનો દિવસ ઝાલીમો માટે કાળ બનીને આવ્યો હતો.ઝાલીમોનાં માથા ધડથી અલગ થવા લાગ્યા.લડતાં–લડતાં સાંજ થઈ ગઈ.હજરત યુશા અલૈહીસ્સલામનાં દિલમાં ખ્યાલ આવ્યો કે,શનિવારનાં દિવસે લડાઈ કે,દુન્વયી કામો કરવાની તૌરાતમાં મનાઈ છે.એ દિવસે ઈબાદત કરવાની હોય છે.જો આજે ફતેહ ન મળી તો કાલે પાછા આ ઝાલીમો તાજા થઈ જશે અને બીજી લશ્કરી મદદ પણ મેળવી લેશે.એટલે આપે બારગાહે ખુદાવંદીમાં દુઆ માંગી કે,"અય રબ્બે ઝુલ જલાલ,તું આજે સૂરજને પોતાની જગ્યા ઉપર થંભાવી દે,અને દિવસ મોટો કરી દે,જેથી આ ઝાલીમો ઉપર અમને તારી મદદથી ફતેહ મળી જાય."અલ્લાહ તઆલાએ આપની દુઆ કબુલ ફરમાવી અને સૂરજને થંભાવી દીધો.અલ્લાહનાં હુકમથી તે દિવસ મોટો થયો કે,અલ્લાહના આ પ્યારા નબીને તે ઝાલીમો ઉપર ફતેહ મળી,બનીઈસરાઈલે સીજદાએ શુક્ર અદા કર્યો.હઝરત યુશા અલૈહીસ્સલામ સાત વર્ષનાં ગાળામાં એવા ઝાલીમ અને બદકાર ૩૧ બાદશાહોના મુલ્ક ફતેહ કર્યા અને બની ઈસરાઈલને ત્યાંના વારીસ બનાવી દીધા.

તૌરાતમાં અલ્લાહ તઆલાનાં હુકમ છે જે તેમના ઉપર જારી કર્યા પછી આપ કાનુતબીન યુકન્નાને પોતાનો ખલીફો બનાવ્યો.પછી આપ આ દારેફાનીમાંથી ઈન્તેકાલ ફરમાવ્યો.આ અલ્લાહ તઆલાનાં પ્યારા નબીની જીંદગીની જદો જહદ અને આપની કુરબાનીઓ દુનિયામાં ફેલાયેલી બદઅમનીને નાશ કરી અને અમનો સુકુન અને શાંતિ કાયમ કરી.

હઝરત યુશા બીન નુન અલૈહીસ્સલામના મઝાર મુબારકથી થોડા જ અંતરે એક મોટો કબ્રસ્તાન છે.આ કબ્રસ્તાનનાં ગેટમાં દાખલ થતાં જ બે મકબરા છે.જે સૈયદ અબ્દુલ્લા આબાદ અને સૈયદ અલી અહમદ રહમતુલ્લાહ અલયહેનાં મઝાર છે.ત્યાંથી થોડા ક આગળ વધ્યા તો મશહુરો મારૂક બુઝુર્ગાને–દીન અને વલી–એ–કામીલ હઝરત સીરરી સકતી અને હઝરત જુનૈદ બગદાદી રદીયલ્લાહો તઆલા અન્હોનાં મઝાર મુબારક છે.આ બન્ને કબરો એક જ ઓરડામાં છે.હુઝરાની બાજુમાં તે કબ્રસ્તાનનાં કમ્પાઉન્ડમાં એક નાની મસ્જીદ છે. અમે નમાઝે ઝોહર જમાતથી અદા કરી.તે મસ્જીદમાં ઔરતો માટે અલગ નમાઝ પઢવા માટે જગ્યા રાખવામાં આવેલ છે.

હઝરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહઅલયહે.

અમે નમાઝ અંદા કરી અને સૌ પ્રથમ તારીખે ઈસ્લામના મશહુર વલીએ કામીલ હઝરત જુનૈદ બગદાદીનાં દરબારમાં હાજરી આપી.હઝરત જુનૈદ બગદાદીના વાલીદ નેહાવંદનાં રહેવાસી હતા.હઝરત જુનૈદ બગદાદીની પેદાઈશ લગભગ સન હીજરી ૨૧૮ માં બગદાદ શરીફમાં થઈ.આપની કુન્નીયત અબુ કાસમ અને લકબ સૈયેદુલ તાઈફા તાઉસોલ ઉલ્મા કવારીરી હતું.આપે પોતાને અબ્દુલ મશાઈખ પણ લખ્યું છે.આપ હમેંશા રોઝાથી રહેતાં પણ જો આપના પીરભાઈ આવતાં તો રોઝો ખોલી દેતાં.અને કહેતાકે,"ઈસ્લામી ભાઈઓની ખીદમત નફલી રોઝાથી અફઝલ છે."શરૂઆતમાં આપ અરીસા વેંચવાનો ધંધો કરતાં હતા.આપનો દરરોજનો એ નિયમ હતો કે,દુકાન ખોલી દુકાનને પડદો લગાવી,પ્રથમ ૪૦૦ રકાત નફીલ પઢતાં. પછી જ વેપાર કરતાં.કેટલાય સમય સુધી આપનું આ અમલ ચાલું રહયું ત્યારબાદ આપ વેપાર ધંધાને મુકી પોતાના શેખેતરીકતની બારગાહમાં હાજર થઈ ગયા.

હઝરત જુનૈદ બગદાદીની સાત વર્ષની ઉમર હતી. ત્યારે આપ પીરો મુરશીદ સાથે મક્કા મુઅઝઝમાં ગયા.એટલા પરહેઝગાર હતાં કે,ત્રીસ–ત્રીસ વર્ષ સુધી ઈશા નમાઝનાં વુઝુથી ફઝર નમાઝ સુધી અલ્લાહની ઈબાદતમાં લાગ્યા રહેતા.આપ ફરમાવતાં કે,૨૦ વર્ષથી મારી તકબીરે ઉલ્લા ફૌત નથી થઈ.અગર નમાઝમાં દુનિયાનો ખ્યાલ આવતો તો નમાઝ દોહરાવી લઉ."જો જન્નત કે આખીરતનો ખ્યાલ આવતો તો સીજદ એ સહવ કરતો."

એક બુર્ઝુગની રીવાયત છે કે,મેં એકવાર હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ખ્વાબમાં જોયા આપની બારગાહમાં હઝરત જુનૈદ બગદાદી બેઠા હતાં.એવામાં એક માણસ એક સવાલ લખેલો કાગળ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં જવાબ માટે પેશ કર્યો તો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ફરમાવ્યું કે,જુનૈદને આપો તો તે તેનો જવાબ લખી આપશે.પેલા માણસે અરજ કરી યા રસુલલ્લાહ આપની મૌજુદગીમાં જુનૈદ કેવી રીતે જવાબ લખી શકે ? તો આપે ફરમાવ્યું કે,હર નબીનો ઉમ્મત ઉપર ગર્વ હોય છે.મને જુનૈદ ઉપર ગર્વ છે.

એક આતીશ પરસ્ત(પારશી)પોતાની જુન્નાર(શરીર ઉપર બાંધવાની દોરી)ને સંતાડી મુસલમાની લીબાસ પહેરીને આપની બારગાહમાં આવ્યો.અને પુછવા લાગ્યો,મારે એક હદીશનો મતલબ પુછવો છે.એ હદીશમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ફરમાવ્યું છે કે,"મોમીનની ફરાસતથી ડરો,કે તે અલ્લાહનાં નુરથી જુએ છે."પેલા પારસીએ પુછયું કે આ હદીશનો મતલબ શું છે ? આપે ફરમાવ્યું કે,"એનો મતલબ એ છે કે,તું જુન્નારને તોડી,કુફરને છોડી અને ઈમાન લઈ આવ."આ સાંભળી પહેલો પારસી દંગ રહી ગયો અને કલ્મો પઢી લીધો.

જ્યારે આપનો વિસાલનો ટાઈમ નજીક આવ્યો ત્યારે આપે માણસોને વુઝુ કરાવવાનું કહયું.ખાદીમોએ વુઝુ કરાવ્યું પણ આંગળીઓ ને ખીલાલ કરાવવાનું ભુલી ગયા.આપે ખાદીમોની આ ભુલ ને સુધારી.ત્યારબાદ આપ સીજદો કરી રોવા લાગ્યા.માણસોએ પુછયું કે આ સીજદાનો શું મતલબ છે ? આપે ફરમાવ્યું હું આ વખતથી વધારે મોહતાજ કયારે પણ ન હતો.ખાદીમોએ કહયું કે આપ અલ્લાહ તઆલાનું વિર્દ કરો.આપ અલ્લાહની તસ્બીહ આંગળીની પોરી ઉપર પઢવાનું શરૂ કર્યું.જ્યારે સહાદતની આંગળી ઉપર પહોચ્યાં ત્યારે હાથ ઉપાડીને બીસ્મીલ્લા

હિર્રહુમાનિર્રહીમ પઢીને આંખો મીચી લીધી.અને આ ફાની દુનિયાથી રૂખસદ થઈ ગયાં.

આપના ગુસલ વખતે માણસોએ આંખો ઉપર પાણી નાખવા તૈયારી કરી પણ તે વખતે ગેબથી અવાજ આવ્યો કે,અમારા દોસ્તની આંખો ઉપર તમારા હાથ ન રાખો કારણ કે,જે આંખો અમારા નામ ઉપર બંધ થઈ છે.તે અમારા દિદાર કર્યા વગર નહી ખુલે.ત્યારબાદ માણસોએ હઝરતના હાથની આંગળી ઓને ખોલવા લાગ્યા તો અવાજ આવ્યો કે,આ હાથની આંગળીઓ અમારા ઝીકર ઉપર બંધ થઈ છે.એ અમારા હુકમ વગર નહી ખુલે.આપનું વિસાલ ૨૭ મી રજબ જુમાનાં દિવસે હીજરી સન ૨૯૭ અથવા ૨૯૮ માં થયું.

હઝરત જુનૈદ બગદાદી અને શીરરી સકતિ રહમતુલ્લાહઅલયહેનો રોઝો મુબારક

હઝરત શીરરી સકતિ રહમતુલ્લાહઅલયહે

આ વિશાળ કબ્રસ્તાનમાં હઝરત જુનૈદ બગદાદીની મઝારની બાજુમાં હઝરત સીરરી રહમતુલ્લાહ અલયહેનું મઝાર મુબારક આવેલ છે.આપનુ નામ સીરૂદ્દીન હતું.કુનીય્યત અબુલ હસનમશહુર સીરરી(જવાંમર્દ)હતું.આપ તકરીબન ૧૮૬ હીજરી સનમાં બગદાદમાં પેદા થયાં.હઝરત જુનૈદ બગદાદીનાં મામા થતાં હતાં.અને હઝરત મારૂફ કર્ખી રહમતુલ્લાહ અલયહેથી બૈયત કરી હતી.અને હઝરત હબીબ રાઈથી પણ ફૈઝ હાંસીલ કર્યું હતું.શરૂઆતમાં આપ એક દુકાનમાં રહેતા હતાં.આપ દરરોજ ૧ હજાર રકાત નફીલ પઢતા હતાં.શરૂઆતમાં આપ ઝાડથી નીચે પડેલા ફળ વેંચતા એટલે આપ સકતીનાં નામથી મશહુર થયાં.

આપ કહેતા કે ૪૦ વર્ષથી મારા નફસને શહેદ ખાવાની ખ્વાહીશ છે પણ મે આજ સુધી તે ખ્વાહીશ પુરી કરી નથી.આપ ફરમાવતાં કે,"હું દરરોજ અરીસો એટલા માટે જોઉં છું કે,કયાંક ગુન્હાના સબબથી મારૂં મોહું કાળું તો નથી પડીગયું ?આપ હમેશાં કોઈનાં સલામનો જવાબ

મોઢું બગાડીને આપતાં.આપને જ્યારે પુછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું કે,હદીશ શરીફમાં છે કે,જો કોઈ મુસલમાન બીજા મુસલમાનને સલામ કરે તો અલ્લાહ તઆલા તરફથી ૧૦૦ રહેમત નાઝીલ થાય છે. એમાથી ૯૦ રહેમત જેનું મો હસતું હોય તેને મળે છે,તેથી હું એટલા માટે મોઢું બગાડું છું.જેથી મારાથી વધારે રહેમત મારા બીજા મુસલમાન ભાઈને મળે.આ ઈસારની મીસાલ છે.

હઝરત સીરરી સકતી રહમતુલ્લાહ અલયહે એક વખત એક શરાબીને જોયો.જે નશાની હાલતમાં જમીન ઉપર પડયો હતો.અને શરાબવાળા ગંદા મોઢાથી અલ્લાહ અલ્લાહ કરી રહયો હતો.હઝરત સીરરી સકતીએ ત્યાં જઈને તે શરાબીના મોઢાને પાણીથી ધોયું અને ફરમાવ્યું કે,"આ બે ખબરને શું ખબર કે તે પોતાના નાપાક મોઢામાંથી કઈ જાતે પાકનું નામ લઈ રહયો છે."આપ તેનુ મોઢું ધોઈને ચાલ્યા ગયાં.આપના ગયા પછી જ્યારે તે શરાબી હોશમાં આવ્યો ત્યારે લોકો એ તેને કહયું કે,તારી બેહોશીમાં હઝરત સીરરી સકતી અહીં આવ્યા હતાં અને તારૂં મોઢું ધોઈને ગયા છે."તે શરાબી આ સાંભળીને ઘણો નાદીમ અને શરમીન્દા થઈને રોવા લાગ્યો.અને પોતાના નફસને કહેવા લાગ્યો."બે શરમ હવે તો તને સીરરી સકતી પણ આ હાલમાં જોઈ ગયાં.હવે ખુદાથી ડર અને તોબા કર."તેજ રાત્રે હઝરત સીરરી સકતી રહમતુલ્લાહ અલયહે ખ્વાબમાં કોઈ કહેવાવાળાથી આ સાંભળ્યું કે,"અય સીરરી,તેં તે શરાબીનો અમારા માટે મોઢું ધોયું,અમે તારા માટે તેનું દિલ ધોઈ નાખ્યું."આ ખ્વાબ જોઈને તેજ રાત્રે હઝરત સીરરી સકતી રહમતુલ્લાહ અલયહે તહાજુદ નમાઝનાં વખતે મસ્જિદમાં ગયાં તો તે શરાબીને તહાજુદ નમાઝ પઢતા જોયો.ત્યાર બાદ આપે તેને પુછયું કે,તારામાં આ બદલાવ કેવી રીતે આવી ગયો.? તો તે શરાબીએ જવાબ આપ્યો કે,"તમો મારાથી કેમ પુછો છો ? જ્યારે અલ્લાહ તઆલાએ આપને બધુ કહી દીધું છે."સુબ્હાનલ્લાહ ! અલ્લાહવાળાઓની શાન,અલ્લાહવાળાની બરકત અને નીસ્બતથી જિંદગી બદલી જાય છે અનેં શરાબી પણ મકબુલ બની જાય છે.

આપે ફરમાવ્યું કે,માલદાર પડોશી,બજારીકારી અને અમીર ઉમરાઓથી દુર રહેવું જોઈએ.જે પોતાના નફસને નથી સુધારી શકતો તે બીજાનાં નફસને કેવી રીતે સુધારી શકે.આપ ફરમાવતા કે,"મહશરમાં ઉમ્મતોને તેમનાં નબીઓ તરફથી પુકારવામાં આવશે.પરંતુ ઔલીયા કીરામને અલ્લાહ તઆલા તરફથી પુકારવામાં આવશે."આપને અખલાકના બારામાં પુછવામાં આવ્યું.ત્યારે આપે ફરમાવ્યું કે,"બીજા માણસોને ઈજા પહોંચાડવાને બદલે તેઓના તરફથી આપેલી ઈજા ઉપર સબર કરે અને ગુસ્સા ઉપર કાબુ મેળવે એનું નામ અખલાક છે."હઝરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહેએ આપના આખરી વકતમાં આપને નસીહત કરવાનો અર્જ કર્યું.તો આપે ફરમાવ્યું કે,મખલુકમાં રહીને ખાલીકથી કયારેક પણ ગાફેલ ન રહેવું જોઈએ એટલું કહીને આપ દુનિયાથી રૂખસદ થઈ ગયાં .આપનો વિસાલ ૧૩ રમજાન હીજરી સન ૨૯૭ અને મંગળવારનાં દિવસે થયું.આપનું મઝાર મુબારક બગદાદ શરીફમાં શોનેઝ મકામમાં છે.આ આખો વિસ્તાર કબ્રસ્તાન છે અહીં જુની પુરાની લાખો કબરો છે.

હઝરત બહેલુલદાના રહમતુલ્લાહઅલયહે

હઝરત બહેલુલદાના રહમતુલ્લાહઅલયહેની મઝાર મુબારક

હઝરત જુનૈદ બગદાદી અને સીરરી સકતી રહમતુલ્લાહ અલયહે અને હઝરત યુશા બીન નુનનાં મઝાર મુબારકની બાજુમાં જ થોડાક અંતરે એક મોટા ગ્રાઉન્ડમાં એક નાનો મકબરો છે.આ મકબરામાં મશહુર ઔલીયાઓમાં જેમનું નામ છે.તે હઝરત બહેલુલ દાના રદીયલ્લાહ તઆલા અન્હોનું મઝારપાક છે.આજે પણ આપની કબર મુબારકથી જલાલ ટપકે છે.આ જ ગ્રાઉન્ડમાં આપના રોઝા મુબારક ઉપર શીખ ધર્મનાં ગુરૂનાનકે ચીલ્લો કર્યો હતો.તેમનું સામે જ આસ્તાનુ છે.જેથી તે જગ્યાએ ઘણા શીખ લોકો આવે છે.

હઝરત બહેલુલ દાના હમેશાં મજનુની હાલતમાં રહેતાં.લાકડી ઉપર સવાર થઈ ફરતા.(બાળકોની જેમ પોતાના બન્ને પગ વચ્ચે લાકડીને રાખી ઘોડાની જેમ તેની ઉપર સવાર થતાં).ખલીફા હારૂન રશીદ એમનો ઘણો જ મોતકીદ હતો.ખલીફા હારૂન રશીદે એમને કબ્રસ્તાનમાં જોયા તો પુછયું કે,આપ શહેરમાં કેમ નથી આવતાં ?તો આપે જવાબ આપ્યો કે,બધા શહેરવાળા અહીંયા જ આવે છે.ફરીથી ખલીફાએ પુછયું કે,આપને કબ્રસ્તાનમાં રહેવાથી ખૌફ નથી લાગતો ?તો ફરમાવ્યું કે,મને અહીયાં શહેરવાળા કરતાં વધારે સારૂં લાગે છે કારણ કે,શહેરમાં માણસો સાથે રહેવાથી કયારેક ઝગડો,ઈર્ષા,લેવડ–દેવડનાં મતભેદ,આવી કેટલીય મુસીબતો થાય.અને ઉઠયા પછી માણસો ગીલા ગીબત કરે.જ્યારે અહીંયાં બેસવાથી આ લોકો ન કોઈ ચીજ વસ્તુ માટે ઝગડો કરે છે ન તો મારાથી ઈર્ષા કરે છે અને હું અહીંથી ચાલ્યો જાઉં તો પાછળથી મારી ગીલા ગીબત પણ નથી કરતાં.

એક વખત ખલીફા હારૂન રશીદે આપને સવાલ કર્યો કે,ખુદાનો કુર્બ કેવી રીતે હાંશીલ થાય છે.તો આપે કોઈ જવાબ ન આપ્યો.આથી ખલીફાએ પોતાના સીપાઈઓને હુકમ કરેલો કે,બહેલુલ દાના જ્યારે પણ મારા મહેલ પાસેથી પસાર થાય તો એમને રસ્સીથી બાંધીને મહેલ ઉપર ખેંચી લેવા કારણ કે,એ બોલાવવાથી તો આવતાં નથી.એટલે એક દિવસ આપ મહેલના રસ્તેથી પસાર થયાં એટલે સીપાહીઓએ એમને રસ્સીથી બાંધી મહેલ ઉપર ખેંચી લીધા.ખલીફા ઉપર ઉભા રહીને હસવા લાગ્યા અને કહયું કે,મેં આપને જે સવાલ કર્યો હતો કે,ખુદાની કુર્બત કેવી રીતે હાંશીલ થાય છે.તો આપે જવાબ આપ્યો નહી.બહેલુલ દાનાએ કહયું કે,તમારો જવાબ એ છે કે,ખુદાની કુર્બત આપણાથી હાંશીલ ન કરી શકાય પણ અલ્લાહ તઆલા જેને ચાહે તેને પોતાની બારગાહમાં કરીબ કરી લે છે.જેવી રીતે તમે મને નીચેથી ઉપર ખેંચી લીધો.

એક દિવસ દજલાનાં કીનારે હઝરત બહેલુલ બેઠાં હતાં.નદીની ભીની રેતીનાં ઢગલામાં પોતાનાં પગ મુકી નાના બાળકોની જેમ ઘર બનાવી રહયાં હતાં.એ સમયે ખલીફા અને તેમની બેગમ ઝુબૈદા ત્યાંથી ફરવા માટે નીકળ્યાં.બીબી ઝુબૈદાએ આપને જોઈને પુછયું,"બાબા આ તમે શું કરી રહયાં છો ? આપે જવાબ આપ્યો કે,હું આ જન્નતનાં મહેલ બનાવું છું.તો બીબી ઝુબૈદાએ કહયું કે,તમે એનો સોદો કરો છો મારે લેવું છે.આપે ફરમાવ્યું હા, હું ૩૦ હજાર દીરહમમાં વેંચું છું,બીબી ઝુબૈદાએ ૩૦ હજાર દિરહમ આપને આપ્યા.આપે દીરહમ લઈને રેતીનો ઘર પોતાના હાથથી મીટાવીને કહયું કે જાઓ,તમને જન્નતમાં ઘર મળી ગયો.ખલીફાએ આ વાંત તરફ ખાસ ધ્યાન ન આપ્યું.રાત્રે ખલીફાએ સ્વપ્નમાં જોયું કે,પોતે જન્નતની સૈર કરી રહયો છે.ત્યારે એક મહેલ ઉપર નજર પડી તો તેના ઉપર બીબી ઝુબૈદાનું નામ લખેલ હતું.પુછયું કે,આ કોનો મહેલ છે ? જવાબ મળ્યો કે,બીબી ઝુબૈદાનો મહેલ છે જે બહેલુલ દાના પાસેથી લીધેલ છે.ખલીફા અંદર દાખલ થવા ગયાં તો તેમને રોકી દેવામાં આવ્યાં.કહયું કે,ઝુબૈદાએ ખરીદયું છે તેમની માલીકીનું છે.આટલું સપનું જોઈને ખલીફા ઊંઘમાંથી સફાળા ઉઠી ગયાં અને એ સવારના તરત જ ૩૦ હજાર દિરહમ લઈને બહેલુલ દાના પાસે પહોંચ્યાં.અને જોયુંતો બૈલુલદાના ગઈકાલની જેમ રેતીના ઘર દજલાનાં કીનારે બનાવી રહયાં હતાં.ખલીફાએ ૩૦ હજાર દીરહમ હાજર કરતાં કહયું કે,હુઝુર આ લ્યો પૈસા અને મને એક મહેલ જન્નતમાં આપો.આપે કહયું તમે જોઈને આવ્યાં છો જ્યારે તમારી બેગમ વગર જોયે સોદો કર્યો હતો.

દોસ્તો,હઝરત બહેલુલ રદીયલ્લાહો તઆલા અન્હોની સવાને હયાતન ાં ઘણાં જ મશહુર અને મારૂફ વાકેઆત છે.પણ હું તો મુખ્તસર એટલું લખું છે કે,હઝરત બહેલુલ દાના રદીયલ્લાહો તઆલા અન્હો વલીએ કામીલ અને અલ્લાહનાં મુકર્રબ બંદા હતાં.અને હઝરતે ઈમામે આઝમ અબુ હનીફા(જે હનફી મસલકનાં ઈમામ છે)નાં મશાએખીનમાં પણ હઝરત બહેલુલ દાનાનું નામ આવે છે.

આપના રોંઝાં મુબારકની સામે જ શીખ ધર્મનાં ધર્મગુરૂ ગુરૂનાનક જ્યાં બેસતા હતાં તે જગ્યાને ચીલ્લો કહે છે.તે પણ મોજુદ છે.ગુરૂનાનક આપના દરબારમાં ૨૫ વર્ષ ગુજાર્યા હતાં.અને આપની બારગાહમાંથી જે પણ આપને પ્રાપ્ત થયું.તેનું વિવરણ ગુરૂગ્રંથ સાહેબમાં આપે ફરમાવી દીધું છે.અમે એ ચીલ્લાની મુલાકાત લીધી.હઝરત બહેલુલ દાનાનો મઝાર એક સાદા મકબરામાં માર્બલથી બનેલો છે.

(શહેરે બગદાદ અને ગોશેપાકનું રોઝો મુબારકનું એક સુંદર દશ્ય)

હઝરત મારૂફ કરખી રહમતુલ્લાહઅલયહે

હઝરત મારૂફ કરખી રહમતુલ્લાહઅલયહેની મઝાર મુબારક

મદાયનથી લગભગ ૧૫ થી ૨૦ કી.મી.અંતરે અલકરખ આવેલ છે.જ્યાં હજરત મારૂફ કરખી રહમતુલ્લાહ અલયહેનો મઝાર પાક છે.ત્યાં એક વિશાળ મસ્જીદ છે જેને સદામહુસેને બનાવી હતી.આ ખુબસુરત મસ્જીદમાં બારીક નકશીકામ જે બહેતરીન કારીગરો ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે.આટલી વિશાળ મસ્જીદ સ્તુનો(પીલોર) વગર બનાવવામાં આવી છે.મસ્જીદની આગળ એક ખુબશુરત બગીચો છે.જે મસ્જીદની ખુબશુરતીને વધારે બહેતરીન બનાવી દે છે.અમે અસરની નમાઝ તે મસ્જીદમાં અદા કરી.મસ્જીદનાં મહેરાબની બાજુમાં એક હુઝરો છે.જેમા હઝરત મારૂફ કરખી રહમતુલ્લાહ અલયહેનો મઝારમુબારક આવેલો છે.અમો હઝરત મારૂફ કરખીનાં મઝાર મુબારક ઉપર હાજરી આપી દુઆ,ફાતેહા,સલામ અર્જ કર્યા.આપનું નામ અસદુદીન અને મશહુર નામ મારૂફ કર્ખી છે કુન્નીયત અબુ મહેફુઝ છે. આપના વાલીદ નુ નામ ફીરોઝ હતુ. આપની તાલીમ તરખીયત ઈમામ અલી રઝા રદીયલ્લાહો તઆલા અન્હોની બારગાહમા થઈ છે. હઝરત મારૂફ કરખી એક ઈસાઈ ઘરમાં પૈદા થયાં હતાં.પણ નાનપણથી જ આપનો દિલ ઈસ્લામ તરફ માઈલ હતો.આપ મુસ્લિમ બચ્ચાઓ સાથે નમાઝ પઢતાં હતાં.અને મા બાપને ઈસ્લામની તહઝીઝ આપતાં.આપનાં વાલીદ આપને એક ઈસાઈ મુઅલ્લીમ પાસે તાલીમ માટે મુકયો.તે મુઅલ્લીમે આપને કહયું કે,"સલીસો સલાસતીન" એટલે હઝરત ઈસા ત્રણમાંથી ત્રીજા ખુદા છે.આ સાંભળીને આપે તરત જ તે મુઅલ્લીમને કહયું કે,"હરગીઝ નહી

ખુદાતો એક જ છે.તેનો કોઈ શરીક નથી".આ સાંભળી મુઅલ્લીમ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો અને આપને મારવા લાગ્યો. આપનાં વાલીદને બોલાવીને કહયું કે,એને બાંધીને કેદ કરી દયો.આપને બાંધીને કેદ કરવામાં આવ્યા. દરરોજની એક રોટલી આપવામાં આવતી ત્રણ દીવસ સુધી કેદમા રહેવા છતાં રોટલી નો એક ટુકડો પણ મોઢામા ન મુકયો ત્રીજે દીવસે આપને છોડવામા આવ્યા ત્યારે આપ ભાગી ગયા. આપ ફરમાવે છે કે' મારા મા'બાપ નો હું એકજ પુત્ર હતો એટલે મારા વાલીદેન ને મારા થી ઘણી જ મોહબ્બત હતી . મારી જુદાઈ તેઓ થી સહન ન થઈ એટલે એમણે જણાવ્યું કે, તું જયાં પણ હોય પાછો આવી જા.આપ ઘરેથી ભાગીને અલી રઝાનાં હાથ ઉપર ઈસ્લામ લાવ્યા.અને ઈસ્લામ સ્વીકારીને જ્યારે ઘરે પાછા ફર્યા ત્યારે આપના મા–બાપ પણ ઈસ્લામ કબૂલ કરી ઈમાન લઈ આવ્યા.

હઝરત મારૂફ કર્ખી રહમતુલ્લાહ અલયહે હઝરત ઈમામે આઝમ અબુ હનીફા રદીયલ્લાહો તઆલા અન્હોથી પણ ફૈઝ હાંસીલ કર્યો.તરીકતનો ઈલ્મ હઝરત અબુ રાઈ રદીયલ્લાહો તઆલા અન્હોથી હાંસીલ કર્યો.તેમના હાથ પર બૈઅત કરી.હઝરત સીરરી સકતિ રહમતુલ્લાહ અલયહે ફરમાવે છે કે,હઝરત મારૂફ કરખીને ઈદના દિવસે ખજુરો વીણતાં જોઈ મે અરજ કરી કે "હુઝુર આપ શું કરી રહયા છો ? આપે ફરમાવ્યું કે" પેલા છોકરાને મે રોતાં જોયો તો પુછયું શું કામ રડે છે ? તો તેણે કહયું કે હું યતીમ છું. આજે ઈદનો દિવસ છે.બધા લોકો અને બચ્ચાઓને આજે નવા કપડાં પહેરેલાં છે.મારી પાસે નથી." તો હું આ બચ્ચાને ખુશ કરવા આ ખજુર વીણીને તે ખજુરને વેંચીને એના માટે કપડા ખરીદીને પહેરાવીશ"મે અરજ કરી" હુઝુર આ કામ તો હું પણ કરી શકું છું. આ અર્જ કરીને હું તે છોકરાને લઈ નવો લીબાસ પહેરાવી ખુશ કર્યો.ત્યારે મને એવો નુર નસીબ થયો જેનાથી મારી હાલત બદલી ગઈ.

એક વખત મારૂફકખી કુરાન અને મુસલો મસ્જીદમાં રાખીને દજલાનદી ઉપર નાહવા તશરીફ લઈ ગયા.ત્યાં એક બુઢી ઔરત મસ્જીદમાંથીઆપનો કુરાન અને મુસ્લો લઈ ચાલતા થયા.રસ્તામાં જ આપ પેલી ઔરતને મળ્યા.આંપે માથું નીચે કરીને કહયું કે,મા,તમારો કોઈ છોકરો કુરાન પઢે છે? તેણીએ જવાબ આપ્યો 'નહી' તો આપે ફરમાવ્યું કે, " મારો કુરઆન મને પાછો આંપો,મુસ્સલો હું તમને હદીયામાં આપું છું.બુઢી ઔરત આપની નરમી અને અખલાક જોઈને બન્ને વસ્તુ આપીને ચાલી ગઈ.

એક વખત એક પાણી વેચવાવાળાએ ઉંચા અવાજે કહયું કે જે માણસ મારૂં પાણી પીશે તો અલ્લાહ તઆલા એની મગફેરત કરશે.આપનો તે વખતે નફલી રોઝો હતો.તેમ છતાં આપે તે પાણીવાળા પાસેથી પાણી લઈને પીધું લોકોએ પુછયું કે,આપનો તો રોઝો(નફલી)હતો ? જવાબમાં આપે ફરમાવ્યું કે પેલા પાણીવાળાનો એ એલાન હતો કે,મારૂં પાણી પીનારની મગફીરત થઈ જશે.બસ હું તે ભરોશા ઉપર પાણી પીધું છે.આપના ઈન્તેકાલ પછી કોઈએ આપને ખ્વાબમાં જોયો અને આપથી સવાલ કર્યો કે,"તમારાથી શું સુલુક કરવામાં આવ્યું ? જવાબમાં આપે ફરમાવ્યું કે,અલ્લાહ તઆલાએ પેલા પાણીવાળાની દુઆથી બખ્શીશ કરી દીધી.

આપનો વિસાલ બીજી મોહર્રમ હિજરી સન ૨૦૦ માં જુમા અથવા શનિવારે થયો

છે.આપના ઈન્તકાલ પછી બીજા મઝહબનાં લોકો આવ્યા અને આપના જનાઝા માટે દાવો કર્યો તે વખતે આપનો એક ખાદીમ હતો.જેણે કહયું કે,આપે વસીઅત ફરમાવી હતી કે,જે લોકો મારા જનાઝાને જમીનથી ઉપાડી શકે તે લોકો મને દફન કરે.તે વખતે હાજર લોકો જે ખોટો દાવો કરીને આવ્યા હતાં.તેઓએ ઘણું જોર લગાવીને તે જનાઝાને ઉચકવાની કોશીશ કરી પણ જનાઝો ઉપડયો નહી.આખરે મુસલમાનો આપનાં જનાઝાને ઉપાડી શકયા અને આપને દફન કર્યા.

તે વખતમાં ખલીફા મામુન રસીદની ખીલાફતનો દૌર હતો. હઝરત ખતીબે બગદાદી ફરમાવે છે કે,મારૂફે કર્ખી રહમતુલ્લાહ અલયહેનું મઝારપાક દુઆઓની કબુલિયત માટે મુજરરબ છે.

હઝરત મારૂફ કરખીનાં મઝાર મુબારકના બહારના કમ્પાઉન્ડમાં એક ઉંચી જગ્યાએ હજરત સૈયદ મહેમુદ શહબુદીન આલુસી રહમતુલ્લાહ અલયહેનું મઝાર છે.જેમણે તફસીર 'રૂહુલમઆની' લખી છે.



(હારૂનરશીદની પત્નિ) બીબી જુબૈદાની કબર

તે કબ્રસ્તાનમાં એક બીજા ગુંબદમાં બીબી ઝુબૈદા જે ખલીફા હારૂન રશીદની બેગમ હતી.અને જેણે બગદાદથી મક્કા મુકરમાં સુધી પાણીની નહેર બનાવી હતી.તે નહેરને "નહેરે ઝુબૈદા" કહેવામાં આવે છે.તે બીબી જુબેદાની કબર છે.અહીં વિશાળ કબ્રસ્તાનમાં ઘણીજ જુની અને નવી કબરો છે. અને મકાબીર છે,અને ઘણા ઔલીયાઓનાં પણ મઝાર મુબારક આવેલા છે.અમે ફાતેહા દુઆઓ પઢી પાછા ફર્યા.ત્યારે મગરીબ નમાઝનો વકત થઈ ગયો હતો.મગરીબ નમાઝ તેજ મસ્જીદમાં અદા કરી અને પાછા શહેરે બગદાદ તરફ રવાના થયાં.

કાઝમીન

હઝરત ઈમામે આઝમ અબુહનીફા રદીયલ્લાહો તઆલા અન્હો

હઝરત ઈમામે આઝમ અબુહનીફા રદીયલ્લાહો તઆલા અન્હોનો રોઝો મુબારક

તા.૨૫/૧૨/૦૫ ના અમે બગદાદથી કાઝમીન શરીફ માટે રવાના થયા.કાઝમીન શરીફની સરજમીન ઉપર હઝરત ઈમામે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હો અને હઝરત અબુલ હસન નુરી રહમતુલ્લાહ અલયહે અને હઝરત બીસર હાફી રહમતુલ્લાહ અલયહેનાં મઝાર મુબારક આવેલા છે.સૌથી પહેલા અમે હઝરત ઈમામે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોનાં મઝાર મુબારક ઉપર હાજરી આપી.

એક ખુબશુરત આલીસાન મસ્જિદની બાજુમાં હુજરાની અંદર મઝાર આવેલો છે.જેના ઉપર લાકડાની નકશી કામવાળી ફ્રેમ લાગેલી છે.લાકડાની ફ્રેમની ઉપરનાં ભાગમાં ચાંદીની ડીઝાઈનવાળા ગોળ પૈડા લગાડેલા છે.તે પૈડા ઉપર કુરાન શરીફની આયતો અને હદીશો લખેલી છે.તે આયતોમાંથી એક આયત આ પણ લખેલી હતી."ઈન્નમાં યખ્ખશલ્લાહ મીન ઈબાદે હીલ ઉલ્મા"હદીસોમાંથી એક હદીસ આ પણ લખેલી હતી."ઉલ્માઓ ઉમ્મતી અંબીયાએ બની ઈસરાઈલ"વગેરે વગેરે આયતો અને હદીસોથી સજેલી ખુબશુરત ફ્રેમ મઝાર મુબારક ઉપર લાગેલી છે.

હઝરત ઈમામે આઝમનું નામ નોમાન,વાલિદનું નામ સાબીત, કુન્નીયત અબુહનીફા છે.આપ આબીદ,ઝાહેદ,આલીમ,ફાઝીલ તરીકત,શરીઅતનાં રોશન સુરજ હતા.હિજરી સન ૭૦ માં આપ કુફામાં પેદા થયાં.આપની કુન્નીયતનું અજીબ વાકયો અમુક કીતાબોમાં લખેલ છે કે,એક વખત હઝરત ઈમામે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોને ઔરતોએ મસ્અલો પૂછ્યો કે જ્યારે મર્દને ચાર ઔરતની રજા છે.તો ઔરતને બે મર્દ કરવાની શા માટે છુટ નથી ? આપે કહયું કે,આ સવાલનો હું પછી જવાબ આપીશ.ઘેર ગયા ત્યારે આપની સાહેબઝાદી હનીફા રદીયલ્લાહો તઆલા અન્હાએ મુંઝવણનું કારણ પુછયું તો આપે પેલી ઔરતોએ પુછેલો મસ્અલો દોહરાવીને કહયું કે, એનો મારી પાસે જવાબ નથી.આપની સાહેબઝાદીએ કહયું,જો આપના નામ સાથે મારૂં નામ જોડો અને એને શોહરત આપો તો હું એનો જવાબ આપીશ"આપે એ કબુલ કર્યું.આપની સાહેબઝાદીએ તે ઔરતોને બોલાવી તેઓને એક એક પ્યાલી દુધની આપી અને એક મોટા વાસણમાં બધાને તે દુધ ઠાલવવા કહયું. જ્યારે બધી ઔરતોએ દુધ એ વાસણમાં ભેગુ કરી દીધું અને આપે કહયું કે,હવે દરેક પોત–પોતાનું દુધ કાઢી લ્યો ત્યારે ઔરતોએ કહયું કે,હવે કેમ ખબર પડે કે અમારો દુધ કયો છે ? તો આપે કહયું કે જો બે શોહર હોયતો શું ખબર પડે કે નુતફો કોનો છે ? આ જવાબ સાંભળી ઔરતો તાજુબથી ખામોશ થઈ ગઈ અને તે વકતથી ઈમામે આઝમની કુન્નીયત અબુહનીફા થઈ.

પરંતુ મોઅતબર તારીખ મુજબ આ આયતે પાક ઉપરથી જ આપની કુન્નીયત પડી.(મીલ્લત ઈબ્રાહીમહનીફા)એ મુજબ આપની કુન્તીયત પડી.આપ દરરોજ રાત્રે ત્રણસો રકાત નફીલ પડતા એક દીવસ રસ્તામા કોઈકે બીજા માણસને આપની તારીફ કરતા કહયુ કે આ માણસ દરરોજ રાત્રે ૫૦૦(પાંચસો) રકાત નફીલ પઢે છે તે દીવસ થી આપ રાત્રે પાચસો રકાત નફીલ પઢવા લાગ્યા વળી કોઈ એ કહયુ કે આપ ૧૦૦૦(હજાર) રકાત નફીલ પઢે છે તે દીવસ થી આપ દરરોજ રાત્રે એક હજાર નફીલ પઢવાનુ શરૂ કરી દીધું.આપ ચાલીસ વરસ સુધી ઈશાના વુઝુથી ફજર ની નમાજ પઢતા.હજરત દાઉદ તાઈ રહમતુલ્લાહ અલયહે ફરમાવે છે મેં વીસ વરસ સુધી આપને એકાંત કે મજમા માં ઉઘાડે માથે કે પગ લાંબા કરતા નથી જોયા. જયારે મેં પૂછયુ'એકાંત મા પગ લાંબા કરવામા શું હરજ છે .તો ફરમાવ્યુ કે " મજમા મા અલ્લાહના બંદાનો એહતરામ કરું છું અને એકાંત મા અલ્લાહનો એહતરામ છોડી દઉં તો સારું નહી.

હજરત યાહયા માઆજ રાજી રહમતુલ્લાહ અલયહ એ હુઝુર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને ખ્વાબમાં જોયા તો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી અરજ કરી. "યા રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)આપને હુ કઈ જગ્યા એ તલાશ કરુ ? હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ફરમાવ્યું "અબુહનીફાની પાસે'

હઝરત બુઅલી બીન ઉસમાન જલાલી રહમતુલ્લાહ અલયહે ફરમાવે છે કે,હું એક વખત મુલકે શામમાં હતો.એક દિવસ હઝરત બીલાલ રદીયલ્લાહો તઆલા અન્હોની મઝારશરીફ ઉપરગયો અને ત્યાંજ સુઈ ગયો.મેં ખ્વાબમાં જોયું કે હું મક્કા શરીફમાં છું અને આકાએ નામદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)બાબે બનુ શૈબામાંથી દાખલ થયા.આપ એક ઝઈફ માણસને પોતાનો સહારો આપી ચાલી રહયા છે.હું દોડીને આપના કદમ મુબારક ચુમવા લાગ્યો અને મારા દિલમાં એજ સવાલ હતો કે આ ખુશનશીબ ઝઈફ કોણ છે ? જેને આટલી શફકત અને

મોહબતથી હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સંભાળીને ચાલી રહયા છે ? હુઝુર દાનાએ ગુયુબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)મારી દીલની વાત જાણી લીધી અને ફરમાવ્યું કે,આ મુસલમાનોના ઈમામ અબુહનીફા છે.સુબ્હાનલ્લાહ.....

ઈમામ આઝમની કબર મુબારક ઉપર હઝરત ઈમામ શાફી રહમતુલ્લાહ અલયહે પોતાના માટે દીલી શુકુન હાસીલ કરતાં અને દુઆની કબુલીયત નો તીરયાક ફરમાવતાં.અહી હજરત અબ્દુલા ઈબ્ને મુબારક અને સુફયાન સોરી જેવા જલીલુ કદર બુઝુર્ગો પોતાની ઈલમની પ્યાસ બુજાવતા.

આપની જાએ વિલાદત કુફાની તે જમાનાની ખુસુસીયત એ છે કે,ત્યાં સહાબાએ કીરામમાંથી હજરત અબ્દુલા ઈબ્ને અબુ ઔફા રદીયલ્લાહો તઆલા અન્હો કુફામાં હયાત હતા.હજરત ઈમામે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોને આપની ઝીયારતનું શરફ હાસીલ છે.હઝરતે અબ્દુલા સહાબી એ રસુલની વફાત હિજરી સન ૮૭ માં થઈ .એટલે ૧૭ વર્ષ હઝરત અબ્દુલા સહાબી એ રસુલની હયાતીનાં નસીબ થયાં.કુફામાં એક હજાર પાંચસો સહાબીઓએ ઈલ્મ અને ફૈઝ આપ્યું એમા પણ હજરત મૌલા અલી અને હજરત અબ્દુલા ઈબ્ને મસઉદ રદીયલ્લાહો તઆલા અન્હુમાંએ તો કુફામાં ઈલ્મે ફીકકાહ,હદીસ અને મારફેતના સાગર જારી કરી દીધા હતા.હજરત અબ્દુલા ઈબ્ને મસઉદ માટે રસુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું કે,મારી ઉમ્મત માટે અબ્દુલા ઈબ્ને મસઉદ જે પસંદ કરે એને હું પણ પસંદ કરૂં છું.અને જેને ના પસંદ કરે એને હું પણ ના પસંદ કરૂં છું.એમને હજરત ફારૂકે આઝમે કુફાના કાઝી અને બૈતુલ માલનો ઈન્તેઝામ સોપ્યો હતો.હઝરત અબ્દુલા ઈબ્ને મસઉદની મજલીસમાં ચાર–ચાર હજાર માણસો હદીસ અને ઈલ્મ હાસીલ કરવા માટે હાજર રહેતાં.તે સમય મક્કા શરીફ અને મદીના શરીફ અને કુફા ત્રણે શહેરો દીની ઈલ્મનાં કેન્દ્ર હતાં.મક્કા શરીફમાં ઈલ્મે દીનનાં આલીમ સરદાર હઝરત અબ્દુલા ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો તઆલા અન્હો હતાં.મદીના શરીફમાં આગેવાન આલીમ હઝરત અબ્દુલા ઈબ્ને ઉમર રદીયલ્લાહો તઆલા અન્હો માનવામાં આવતા અને કુફામાં હઝરત અબ્દુલા ઈબ્ને મસઉદ રદીયલ્લાહો તઆલા અન્હો હતાં.

એક વખત હજરત અલી રદીયલ્લાહો તઆલા અન્હો કુફા તશરીફ લાવ્યા ત્યારે આપ એમના ઈસ્તેકબાલ માટે ગયા તો આપના સાગરીતોથી આખું મેદાન ભરાઈ ગયું.આ જોઈ હજરત અલી રદીયલ્લાહો તઆલા અન્હોએ કહયું,અય ઈબ્ને મસઉદ તમે કુફાને ઈલ્મ અને ફીકકાહ થી ભરી દીધો છે.તમારા લીધે આજે આખું શહેર ઈલ્મનું મરકઝ બની ગયું છે.

હજરત ઈમામ શોઅબી રદીયલ્લાહો તઆલા અન્હોએ ફરમાવ્યું કે સહાબા એ કીરામમાં ૬ (છ) કાઝી હતા.એમાથી ત્રણ (૧)હઝરત ઉમર(૨)હઝરત ઉબઈ ઈબ્ને કાઅબ(૩)હજરત ઝૈદ રદીયલ્લાહો તઆલા અનહુમ અને ત્રણકુફામાં (૧)હઝરત અલી (૨)હઝરત અબ્દુલા ઈબ્ને મસઉદ (૩) હઝરત અબુ મુસા અશઅરી રદીયલ્લાહો તઆલા અનહુમ.

હજરત ઈમામ મસરૂક રદીયલ્લાહો તઆલા અન્હોનો કૌલ છેકે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં સહાબીઓમાં છ જણાને ઈલ્મનાં મમ્બા જોયાં જેમા હજરત ઉમર હઝરતઅલી,હઝરત ઈબ્ને મસઉદ,હઝરત ઝૈદ,હઝરત અબુ દરદા,હઝરત ઉબૈ ઈબ્ને કાઅબ રદીયલ્લાહો તઆલા અનહુમ છે.આ ૬ જણાનું ઈલ્મ હઝરત અલી અને હઝરત ઈબ્ને મસઉદમાં

સમાયેલું જોયું અને આ બે જણાનું ઈલ્મ મદીના શરીફથી વાદળ બની ઉપડયો અને કુફાની સરજમીન ઉપર વરસ્યો જેના કારણે કુફાના ઝર્રા–ઝર્રાને ચમકાવી દીધું.આ કુફાને ઈલ્મથી નિસ્બત છે.જેમા ઈમામે આઝમ પૈદા થયા.

હજરત ઈમામે આઝમ જ્યારે પૈદા થયા ત્યારે સહાબા કીરામનો આખરી દૌર અને તાબઈઓનો અવ્વલ દૌર હતો.આપની પૈદાઈશના જમાનામાં વીસ સહાબાએ કીરામ હયાત હતા.આપને તાબઈનો શર્ફ હાસીલ છે.અને આ શરફ અઈમ્માને નશીબ નથી.ઈમામે માલીક,ઈમામ ઔજોઈ,હઝરત સુફીયાન સોરી, લૈસ બીન સાઅદને આ શરફ નથી મલ્યો આપનું તાબઈ તાકીકથી ઉલમાઓએ સાબિત કર્યું છે.અલ્લામાં ઈબ્ને હજર અસ્કલાની પોતે શાફઈ મુકકલીદ છે.છતાં પણ આપે તસ્લીમ કર્યુ છે કે હજરત ઈમામે આઝમ તાબઈ હતાં.અને કુફામાં મૌજુદ સહાબા એકીરામથી આપે મુલાકાત કરી ઝીયારત કરી છે.તેનો હજરત ઈબ્ને સાઅદ પોતાની કીતાબ તબકાતમાં આ પ્રમાણે તફસીલ લખે છે કે ઈમામ ઝહબી,ઈમામ નવવી,ખતીબે બગદાદી દારેકુતની ઈબ્ને ઈમામ ઝોજી, અલ્લામાં ઝૈન ઈરાકી,અલ્લામા સખાવી,ઈમામ યાફઈ,ઈમામ જઝરી,ઈમામ અબુનઈમ,અલ્લામાં હજર મક્કી,અલ્લામાં ઈબ્ને અબ્દુલબર સમઆની,સબત ઈબ્ને જોઝી, ફદલુલ્લાહ તુરીસીવલી ઈરાકી ઈબ્ને વઝીર,અલ્લામાં ખતીબ કુસ્તુલાની વગેરે અઈમાએ તસલીમ કર્યુ છે કે હઝરત ઈમામે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોએ હજરત અનસ રદીયલ્લાહો તઆલા અન્હોની ઝીયારત કરી છે.

આપની બુઝુર્ગી અને ફઝીલત સચ્ચાઈ ઈલ્મે કમાલ તે વખતનાં ઉલમાઓના દિલમાં બેઠેલો હતો.ઈમામ બુખારી અને ઈમામ મુસ્લિમ વગેરે મોહદદેસીનના ઉસ્તાદ હઝરત યાહયા બીન મઈન ફરમાવે છે કે,અબુ હનીફા સીક્કા હતાં. અબુ હનીફામાં જરહ તાદીલનાં હિસાબે કોઈપણ જાતનો ઐબ નથી.એમનામાં કયારે પણ કોઈ બુરાઈ જોવામાં આવી નથી.ઈમામ અબુદાઉદ સાહીબે સુન્નને ફરમાવ્યું કે ઈમામ અબુહનીફા ઈમામે શરીઅત હતા.

ઈમામે આઝમ અબુહનીફા રદીયલ્લાહો તઆલા અન્હોના ફઝાઈલો થી કિતાબો ભરી પડી છે.પરંતુ અમુક મોહદ્દેસીન અને અઈમ્માના દ્વારા દર્શાવેલ ફઝીલતના અકવાલ ટુંકમાં રજુ કરું છું.

હઝરત સુફયાન બીન ઉયેના રદીયલ્લાહો તઆલા અન્હો ફરમાવ્યું કે,અબ્દુલા ઈબ્ને મુબારક પોતાના વકતના શોઅબી હતા.અને એમની પાછળ હઝરત અબુ હનીફા રદીયલ્લાહો તઆલા અન્હો જેવો આલીમ મારી આંખોએ બીજો જોયો નથી. ઈમામ બુખારીના ઉસ્તાદ મક્કી બીન ઈબ્રાહીમ રદીયલ્લાહો તઆલા અન્હો એ ફરમાવ્યું કે,અબુ હનીફા આપના જમાનામાં અઅલમુલ ઉલમા હતા.(તમામ ઉલમાઓથી વધારે ઈલ્મવાળા)ઈમામ માલીક રદીયલ્લાહો તઆલા અન્હો એ ઈમામ શાફઈથી કેટલાક મહદદેસીનનાં હાલ પુછયા. છેલ્લે ઈમામ અબુહનીફા ના બારામાં પુછયું તો ફરમાવ્યું કે"સુબ્હાનઅલ્લાહ"તે અજીબ હસ્તીના માલીક હતા.મે એમના જેવો બીજો નથી જોયો.

હજરત સઅદ બીન ઉરૂબા એ હઝરત ઈમામ આઝમથી કેટલાક મસાઈલ પુછયાં પછી ફરમાવ્યું કે,હું અલગ અલગ મોહદદેસીન અને ઘણા ગામો ફરી ફરીને જે આલીમો પાસેથી ઈલ્મ મેળવ્યું.તે બધુ ઈલ્મ એકઠું ઈમામ આઝમ પાસેથી મળ્યું.ઈસરાઈલ બીન યુસુફ રદીયલ્લાહો

તઆલા અન્હોએ ફરમાવ્યું કે આ જમાનામાં માણસો જે જે ચીઝોના મોહતાજ છે.હજરત અબુહનીફાએ બધુ બધાથી વધારે જાણે છે.હફસબીન ગ્યાસ રદીયલ્લાહો તઆલા અન્હો ફરમાવ્યું કે"હજરત અબુહનીફા રદીયલ્લાહો તઆલા અન્હો જેવા હદીસોના આલીમ કોઈને ન જોયો જે અહકામોમાં ફાએદામંદ અને સહીહ હોય.આ અઈમાએ મોહદદેસીન છે.અગર આપ એમને જે ખોટા કહો અથવા એમને નજર અંદાજ કરો તો આખી સેહા સત્તા ખતમ થઈ જાય.

આપના શાગીર્દોમાં હઝરત ફુઝૈલબીન અયાઝ હઝરત બીશરહાફી રદીયલ્લાહો તઆલા અન્હો જેવા અવલીયા છે.

હઝરત ઈમામ આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોએ એંસી હજાર (૮૦,૦૦૦)શરીઅતનાં કાનુની મસ્અલાનો હલ કર્યા.(સરળ બનાવ્યા)અલ્લાહ તઆલાએ આપને ઈસ્લામની જાણકારી માટે વિશાળ ઈલ્મ અતા ફરમાવ્યુ હતું.હઝરત ઈમામે વકી રહમતુલ્લાહ અલયહે ફરમાવે છે કે,હું કોઈ એવા આલીમથી નથી મળ્યો જે અબુ હનીફાથી વધારે ઈલ્મ ધરાવતો હોય.હઝરત અબુ હનીફા ઘણા જ સમજદાર,દાના અને ઈલ્મ પ્રીય અને ઘણાં જ પરહેજગાર અને નેક,ખુદાથી ડરનારા હતાં.આપ વધુ પડતું ખામોશ રહેવાનું પસંદ કરતા.કામ પુરતી વાત કરતાં હતાં.પોતાના ઉસ્તાદોનો ઘણો અદબ કરતાં તે સમયનાં અમીરો અને હાકીમો પાસે કયારે જતા ન હતાં.

આપનો વીસાલ કિતાબોમાં આ પ્રમાણે છે કે બનુ ઉમ્મીયાના ખાતમા પછી સફાહ અને મનસુર પોતાની હકુમત કાયમ કરવા માટે અને માણસોના દિલોમાં હૈબત જમાવવા માટે ખાસ કરીને અહેલેબૈતે રસુલલ્લાહ ઉપર જે જુલમ સીતમ કર્યાં છે.તે તવારીખના સફા ખુનથી ચીતરેલાં છે.તે બનુ અબ્બાસના મો ઉપર એક કાળો ડાઘ છે.એ જાલીમે હજરત મોહંમદ બીન દિબાજ રહમતુલ્લાહ અલયહે ને જીન્દા દિવાલમાં ચણી દીધા.આ ઝાલીમે હજરત ઈમામે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોને પોતાના દરબારનાં કાઝીયુલ–કોઝાત(ચીફજસ્ટીસ)જેવા હોદાની ફરમાઈસ કરી. આપે ફરમાવ્યું,"હું ન્યાયધિશના હોદાને લાયક નથી"ખલીફાએ કહયું."આપ જુઠુ બોલો છો".તરત જ ઈમામ સાહેબે ફરમાવ્યુ જો હું જુઠુ બોલું છું તો જુઠો માણસ કાઝી(ન્યાયધિશ)શી રીતે બની શકે ? અને જો હું સાંચુ બોલું છું તો પણ કાઝી બની શકતો નથી.આ સાંભળી મનસુર ખામોશ થઈ ગયો.પેછી તેણે આપને કેદખાનામાં મોકલી દીધા.આપે ત્યાં પણ દીનની તબલીગ જારી રાખી.મનસુર જાહેરમાં બદલો લેવાને બદલે પોતાની દિલની આગને બુજાવવા માટે આપને ખાવામાં ઝેર નાખી દીધું. જ્યારે આપને ઝેરની અસર થઈ તો આપ વુઝુ કરીને નમાઝ શરૂ કરી દીધી.આપની રૂહ મુબારક સીજદાની હાલતમાં જ પરવાઝ કરી ગઈ. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન .

આપની વફાત હિજરી સન.૧૫૦ સવ્વાલ મહીનામાં જુમ્માના દિવસે થઈ ત્યારે આપની ઉમર ૭૦ વર્ષની હતી.આપના જનાઝાની પહેલી નમાઝ પઢવામાં આવી ત્યારે પચાસ હજાર માણસ શરીક થયાં.છતાં પણ માણસોના ટોળે–ટોળાં ઉમટતા જ રહયાં. છ વખત આપની જનાઝા નમાઝ પઢવામાં આવી આખીરમાં ઈમામ સાહેબના સાહેબ ઝાદા હજરતે હમ્માદ રહમતુલ્લાહ અલયહે એ નમાઝ પઢાવી.અસરથીપહેલા આપને દફનાવવામાં આવ્યા.સુલતાન અરસલાની સલજુકીએ હીજરી સન ૪૫૯ માં આપની મઝાર ઉપર આલીશાન કુબો બનાવ્યો અને એની

બાજુમાં જ એક મદ્રેસા બનાવ્યો આ બગદાદનો પહેલો મદ્રેસો છે.એનું નામ મદ્રેસાએ મુશહદે અબુહનીફાના નામથી મશહુર હતો.આપનો મુબારક મઝાર બગદાદ શરીફમાં ઝીયારત ગાહે ખાસો–આમ છે.અને આજે પણ આપના મઝાર મુબારક ઉપર ફેજ ઝારી વ સારી છે.આવવાવાળ જાહેરીનનાં દીલને શુકુન મળે છે.

હઝરત અબુલ હસન નુરી રહમતુલ્લાહઅલયહે



હઝરત અબુલ હસન નુરી રહમતુલ્લાહઅલયહેનું મઝાર મુબારક

હજરત ઈમામ આઝમ અબુ હનિફા રદીયલ્લાહો તઆલા અન્હોના મઝાર મુબારકથી થોડા અંતરે હઝરત હસન નુરી રહમતુલ્લાહ અલયહે નો મઝાર મુબારક આવેલો છે.

હજરત અબુલ હસન નુરી રહમતુલ્લાહ અલયહે તે દૌરનાં મુમતાજ બુઝુર્ગોમાંથી છે. જેને તમામ મશાયખ અમીરૂલ કુલુબનો ખીતાબ આપ્યો હતો.આપ હજરત સીરરી શકતીના પીરો મુરશીદ અને જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહના હમઝમાંના હતાં. અને હઝરત ગરીબ નવાઝ મુઈનુદીન રહમતુલ્લાહ અલયહેનાં દાદા હતાં.હઝરત અબુલ હસનનુરી પોતાનો સમય વધારે પ્રમાણમાં હઝરત અહમદ હવારી રહમતુલ્લાહ અલયહની સોહબતમાં પ્રસાર કરતા આપને નુરી એટલા માટે કહેવામાં આવતાં કે આપના મોઢામાંથી એવો નુર પ્રગટ થતો કે રોશની ફેલાઈ જતી.આપ જે ઝુપડામાં ઈબાદત કરતા તે ઝુંપડો અંધારામાં નુરથી રોશન થઈ

જતો.એક અસ્ફહાની નૌજવાનનાં દિલમાં આપના દિદારનો શોખ પૈદા થયો અને તે આપના દિદાર માટે જવા તૈયાર થયો.આ વાતની ખબર શાહે અસ્ફહાનને થતાં તેણે પેલા નવજવાનને જતો રોકવા માટે તેને એક હજાર દિનારનું સામાન અને એક હજાર દિનારની કનીજ (દાસી)ઝેવર સાથે આપવાની ઓફર કરી. પરંતુ પેલા જવાને બધી દૌલતને લાત મારી આપના દિદાર માટે રવાના થયો.આ બાજુ હજરત અબુલ હસન નુરી રહમતુલ્લાહ અલયહ એ પોતાના માણસોને હુકમ કર્યો કે અહીથી એક માઈલ સુધી રસ્તો સાફ કરી નાખો તે રસ્તેથી મારો આશિક આવે છે.પેલો જવાન આપની પાસે પહોંચ્યો.મુલાકાત કરી અને કાઈ અરજ કરે તે પહેલા હઝરત અબુલ હસનનુરીએ તો અમીર અસ્ફહાનીની લાલચની આખી વાત સંભળાવી. આ વાત સાંભળીને પેલો જવાન આશ્ચર્યચકિત થઈ ગયો.પછી આપે ફરમાવ્યું કે મુરીદની એજ શાન છે કે ,દુનિયાની બધી નેઅમતોની એને લાલચ આપવામાં આવે તો પણ તે તરફ નજર પણ ન નાખે અને અલ્લાહ અને તેના રસુલની ફરમાબરદારી કરે.

સુબ્હાનલ્લાહ,ઉપરોકત વાકેઆથી સબક મળ્યું કે અલ્લાહના નેક બંદાઓ અને ઔલીયા પોતાના મુરીદ અને આશીકનાં હરકામથી બા ખબર હોય છે.અલ્લાહ તઆલા નેક તૌફીક અતા ફરમાવે.આમીન

અમો હઝરત અબુલ હસન નુરીનાં મઝાર મુબારક ઉપરથી હાઝરી આપીને બહાર નિકળ્યાં.આપના મઝાર મુબારકના થોડા અંતરે હઝરત બીશર હાફી રદીયલ્લલ્લાહો તઆલા અન્હોના મઝાર મુબારક ઉપર જવાઅમે પગપાળા નિકળ્યાં.

હઝરત બશર હાફી રહમતુલ્લાહઅલયહે

હજરત બશર હાફી રહમતુલ્લાહ અલયહે શરીઅતનાં અને ઈલ્મના મોટા આલીમ હતા.આપ પોતાના મામા હજરત અલી હશરમનાં હાથ ઉપર બૈઅત કરી હતી.આપ મકામે સરૌમાં પેદા થયા અને બગદાદમાં રહેતા હતા.આપનો તૌબાનો મશહુર વાકયો છે.

આપ એક વખત નશાની હાલતમાં ચાલ્યા જતા હતા.તો રસ્તામાં એક કાગળ ઉપર 'બીસ્મીલ્લાહ હિર્રહમાનિર્રહીમ'લખેલું આપે જોયું. આથી અલ્લાહના નામની બેઅદબી ન થાય તે માટે આપે એ કાગળને જમીન પરથી ઉપાડી આંખો ઉપર લગાવી ઘરે લઈ આવ્યા.તેના ઉપર સુગંધ લગાડીને એ કાગળને આપે ઉંચી જગ્યાએ મુકી દીધો.તે રાત્રે જ ખ્વાબમાં ત્યાંના કોઈ બુઝુર્ગને ખુદા તઆલા તરફથી ઈશારો થયો કે બીશરને કહો કે તમે મારા નામને ખુશ્બુ લગાવીને એહતરામ કર્યો છે.હું પણ તમને મરતબો અતા કરીશ તે બુઝુર્ગને ખ્વાબમાંથી આંખ ખુલ્લી ત્યારે વિચાર કર્યો કે બીશરતો દારૂ અને ફીસ્કો ફુજુરમાં છે.તો આ ખ્વાબ બસ એક ખ્વાબ જ હતું.પરંતુ તેમને એજ ખ્વાબ બીજી અને ત્રીજી રાતે પણ આવ્યો.એટલે તે દરવેશ આપની(બશરહાફી)ની તલાશમાં નિકળ્યાં.તલાશ કરતાં કરતાં તે દરવેશ એક શરાબખાનામાં પહોચ્યાં જ્યાં બશર હાફી નશાની હાલતમાં મસ્ત થઈને પળ્યા હતાં.ત્યારે તે બુઝુર્ગે માણસોને કહયું કે,બીશરને કહો કે તમારા માટે બહાર કોઈ પયગામ લઈને આવ્યો છે.આ સાંભળી બીશર કહેવા લાગ્યા ન જાણે ઈતાબે–ઈલાહીનું પહેગામ છે,યા સજાનું છે.એમ કહી આપ શરાબખાનાને હંમેશ માટે છોડી તોબા કરીને બહાર નીકળી આવ્યા અને પૈગામ સાંભળી તાએબ થઈ ગયા.આપને હાફી એટલા માટે કહે છે કે આપ નંગે પગે ચાલતા અને કહેતા કે

જમીન ખુદાનો ફર્શ છે. અલ્લાહના ફર્શ ઉપર જૂતા પહેરીને ચાલવાથી બેઅદબી થાય, માટે બશરહાફી ઉઘાડા પગે ચાલતા એટલા માટે આપનો લકબ હાફી થઈ ગયો.

હઝરત બીશરના મઝાર મુબારકની ઝીયારત કરી ફાતેહા પઢી.હઝરત બીશરના મઝાર મુબારકની સામે એક મોટો કબ્રસ્તાન છે.તે કબ્રસ્તાનમાં એક નાના ગુબંદવાળા રોઝામાં હઝરત અબુબકર સીબલી રહ.નો મઝાર મુબારક છે.ત્યા ઝીયારત કરી ફાતેહા પઢી.બસ ધ્વારા આગળ વધ્યા જયાં હઝરત મુશા કાઝીમ રદીયલ્લલ્લાહો તઆલા અન્હોનું મઝારે પાક આવેલો છે. જે સોનાચાંદીની નકસી અને મીનાકરીથી સજેલું છે.સંગે મરમર મીનાર, એના ઉપર પન્ના અને ઝમુર્રહની નકશીથી ઝબહળતા બે ગુબંદ અને ૪ બુલંદ મીનારથી સજેલો રોઝો.જેમા કીલો નહી પણ મણોની હીસાબે સોનાનો ઉપયોગ કરવામાં આવ્યું છે.ઈરાકની સાત મશહુર મઝારોમાંથી એક આ મઝાર છે.હઝરત મુશા કાઝીમના મઝારની સાથો સાથ હઝરત ઈમામ મોહમદ તકીનો પણ મઝાર આવેલો છે આ મઝારો ઉપર શીયા લોકો વધારે પ્રમાણમાં જોવામાં આવ્યા.હઝરત મુશા કાઝીમના રોઝાના કમ્પાઉન્ડનાં ખુણા ઉપર હઝરત કાઝી અબુયુસુફ રદીયલ્લલ્લાહો તઆલા અન્હોનું મઝાર મુબારક આવેલો છે.ત્યાં હાજરી આપી ઝીયારત કરી બાજુમાં આવેલી આલીસાન મસ્જીદમાં નમાઝે ઝોહર અદા કરી.

હજરત અબુબકર સીબલી રહમતુલ્લાહઅલયહે

હજરત અબુબકર સીબલી રહમતુલ્લાહનુ મઝાર મુબારક બગદાદના મશહુર સામરાના કબ્રસ્તાનમાં છે.આપની પેદાઈશ હીજરી સન.૨૪૭ માં બગદાદ નજીક શામરા નામની જગ્યાએ થઈ.ત્યાં આપ મોટા થયા. આપનું નામ જાફર અને કુન્નીયત અબુબકર છે.આપની કબર મુબારક ઉપર આપનું નામ જાફરબીન યુનુશ લખેલું છે. આપનો લકબ મોજદદીદ હતું.આપને સીબલી એટલા માટે કહે છે કે આપ સીબલી કે છબીલ્લાના રહેવાસી હતા.આપ ઈમામ માલીકના મોકકલીદ હતા.આપ ૩૦ વર્ષ સુધી ઈલ્મે ફીકહ અને હદીસ પઢયા.અને આપને "મોઅતા ઈમામે માલીક" મોઢે યાદ હતી.શરૂઆતમાં આપ નેહાવન્દના અમીર હતા.

એક દિવશ ખલીફાએ બધા અમીરો અને સરદારોને દરબારમાં બોલાવ્યા તે વખતે આપ પણ તશરીફ લઈ ગયા.જ્યારે ખલીફાએ આપને પોશાક આપી રૂખસદ કરતો હતો.ત્યારે એક અમીરને છીંક આવી તો એણે પોશાકના આસતી ન થી નાક લુછયું આ જોઈ ખલીફા નારાજ થઈ ગયો.અને ખલીફાએ પોતાના આપેલા પોશાકની બેકદરીથી નારાજ થઈને તે પોશાક પાછો લઈ લીધો.અને તેને દરબારમાંથી બહાર કાઢી મુકયો આ જોઈ અબુબકર સીબલી વિચારમાં પડી ગયા કે જે માણસ દુનિયાના બાદશાહ નો આપેલો પોશાક ની બેઅદબી કરી તો તેને દરબારમાંથી કાઢી મુકયો તો અલ્લાહ તઆલાએ આપેલી ખીલઅત સાથે બેઅદબી કરવાની કેવી સજા હશે ? આપ પોતાની પાસેનો પોશાક જે બાદશાહે આપ્યો હતો.તે લઈને અમીર પાસે ગયા અને કહયું કે તારો અતા કરેલો પોશાકની ગુસ્તાખી કરવાથી તું આટલો નારાજ થાય છે.તો મને મારા માલીક અલ્લાહ તઆલાએ મને મારેફતની ખીલઅત અતા કરી છે. તેને હું મખલુકની સામે ગંદો કરૂં તો તે કેટલો નારાઝ થશે. માટે આપ તે પોશાક પરત આપીને ચાલ્યા ગયા અને હજરત ખૈરૂન્ન સ્સાજના હાથ ઉપર બૈઅત કરી લીધી.અમુક મુદત આપની પાસે રહી પછી આપના હુકમથી હજરત જુનેદ બગદાદી રહમતુલ્લાહ અલયહે ની સોહબતમાં ચાલ્યા ગયા.આપના

હાલાત અને કરામાત ઘણા છે.

જ્યારે આપ હજરત જુનૈદ બગદાદી ના દરબારમાં ગયા ત્યારે આપે જુનૈદ બગદાદીને અરજ કરી કે,માણસો પાસેથી જાણવા મળ્યું છે કે આપની પાસે એક નાયાબ મોતી છે. તે મોતી આપ મને કિંમતથી આપો યા તો એમ જ અતા કરો.આપે ફરમાવ્યું કે અગર હું તમને વેંચાતો આપું તો તમે ખરીદી ન શકશો કારણ કે,તમારામાં ખરીદવાની શકિત નથી અને જો મુફ્ત આપું તો તમે એની કદર ન કરી શકશો.કારણ કે તે વગર મહેનતે મળશે.અગર તમને તે ગૌહર હાસીલ કરવું છે.તો તમે પહેલા બહેરે તૌહીદમાં ગરક થઈ ફના થઈ જાઓ પછી અલ્લાહ તઆલા તમારા ઉપર સબર અને ઈન્તેજારના દરવાજા ખોલી આપશે અને તમે જ્યારે સબર અને ઈન્તેજાર બન્નેને બરદાસ્ત કરવાને કાબીલ થઈ જશો તો તે મોતી જે મારાથી માંગ્યો એ તમારા હાથમાં આવી જશે.ત્યારબાદ આપે હઝરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહે ને પુછયું કે મારે હવે શું કરવું જોઈએ તો આપે ફરમાવ્યું કે તમે એક વર્ષ સુધી ગંદરફ વેંચતા ફરો આપ એક વર્ષ સુધી ગંદરફ વેંચતા રહયા પછી ખીદમતમાં હાજર થયા.ત્યારે હઝરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહે ફરમાવ્યું કે,એક વર્ષ સુધી ભીખ માંગતા ફરો આપ એક વર્ષ સુધી ભીખ માંગતા રહયા હર દરવાજા ઉપર બગદાદમાં આપ ફરી ફરીને ભીખ માંગતા રહયા પણ આપને કોઈએ એક પૈસો પણ ન આપ્યો એની ફરીયાદ હજરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહેની પાસે કરી તો આપ મુસકુરાયા અને ફરમાવ્યું કે હવે આપને અંદાજો થઈ ગયો હશે કે મખલુક પાસે તમારી કોઈ હેસીયત રહી નથી.હવે મખલુકથી કયારે પણ દિલ લગાવશો નહી. અને ન કોઈને અહેમિયત ન આપશો. હવે તમે નેહાવંદના અમીર રહી ચુકયા છો તો જાઓ નેહાવંદના હર માણસથી માફી માંગો આપ નેહાવંદ ગયાં.બધાથી માફી માંગી પણ એક માણસ હાજર ન હતો.એના માટે એક લાખ દિરહમ ખેરાત કર્યો છતા પણ આપના દિલમાં ખટકો બાકી રહી ગયો.હવે પછી જ્યારે હજરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહેના દરબારમાં હાજર થયા.તો આપે ફરમાવ્યું કે હજી તમારા દિલમાં હુબ્બેજા બાકી છે.માટે એક વર્ષ હજુ પણ ભીખ માંગતા ફરો. હવે જે પણ આપને ભીખમાં મળતું તે હજરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહેના દરબારમાં બેઠેલા ફુકરાને તકસીમ કરી દેતાં ખુદ ભુખ્યા રહી જતા.જ્યારે એક વર્ષપુરો થઈ ગયો.ત્યારે હઝરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહેપુછયું કે હવે તમારા પાસે નફસનું શું મકામ છે ? આપે જવાબ આપ્યો કે હવે હું તમામ મખલુકથી મને કમતર જાણુ છુ.ત્યારે હજરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહે ફરમાવ્યુ કે હવે તમારા ઈમાનની તકમીલ થઈ ગઈ.

આપના સામે કોઈ અલ્લાહનું નામ લેતું તો આપ એનું મોઢું શક્કરથી ભરી દેતા માટે છોકરાઓ આપની આજુબાજુ ફરતા રહેતા અને અલ્લાહ--અલ્લાહ કરતા રહેતા આપ એમને શક્કર તકસીમ કરતા રહેતા જ્યારે આપની વફાતનો ટાઈમ કરીબ આવ્યો આપની આંખો આગળ અંધારૂ છવાઈ ગયું.આપ ખાક તલબ કરી ખાક આપવામાં આવી આપ એને માથા ઉપર નાખતા ગયા પછી ફરમાવ્યું કે મને વુઝુ કરાવો તો માણસોએ આપને વુઝુ કરાવ્યું દાઢીમાં ખીલાલ કરતા ભુલી ગયા તો આપે યાદ અપાવ્યું માણસો એકઠા થવા લાગ્યા આપે ફરમાવ્યું કે તઅજજુબ છે મુર્દાઓની જમાત જીવતાઓ ઉપર નમાઝ પઢવા આવ્યા છે. થોડીવાર પછી માણસોએ પુછયું કે હુઝુર શું હાલ છે ? આપે કહયું કે મહેબુબથી મળી ગયો છુ.આમ કહી

આંખો બંધ કરી લીધી.

આપનું વિસાલ૨૭ જીલ્લહજ હીજરી સન ૩૩૪ ઈ.સ.૯૫૫ જુમ્માની રાત્રે ૮૮ વર્ષની ઉમરે થયું ત્યારે અલ મુસ્તફી બીલ્લા ખલીફાની હુકુમત હતી.આપનું મઝાર બગદાદ શરીફમાં સામરા મકામના કબ્રસ્તાનમાં છે.

હઝરત મુશા કાઝીમ રહમતુલ્લાહઅલયહે

હઝરત મુશા કાઝીમ રહમતુલ્લાહઅલયહેનું રોઝો મુબારક

કાઝમીન શરીફમાં હઝરત મુશા કાઝીમ રદીયલ્લાહો તઆલા અન્હોનું મઝાર મુબારક આવેલ છે.હજરત સૈયદના મુશા કાઝીમ રદીયલ્લાહો તઆલા અન્હો હજરતે ઈમામ જાફર સાદીક રદીયલ્લાહો તઆલા અન્હો ના ફરઝંદે અરજમન્દ છે. આપ મક્કા અને મદીનાની વચ્ચે અબવા નામના મકામમાં સફર મહિનાની દસમી તારીખ હિજરી સન ૧૨૮ના પેદા થયાં.આપનું નામ મુસા અને કુન્નીયત અબુલ હસન અને અબુઈબ્રાહીમ.આપનો લકબ સાબીર સાલેહ અમીન અને મશહુર લકબ કાઝીમ પણ છે.આપ મુસ્તજીબુધ્ધાવાત હતા.એટલે માણસો આપથી ખાસ દુઆઓ કરાવતા એટલા માટે ઈરાકી આપને બાબુલ હવાઈજ કહેતા (હાજતો પુરી થવાનો દરવાજો)હતા. હજરત ઈમામ શાફઈ રહમતુલ્લાહ અલયહે ફરમાવે છે.કે આપની તબીયતમાં સાદગી,હીલ્મ બુરદબારી એટલી હતી કે માણસો આપને કાઝીમ(ગુસ્સાને પીવા–વાળો) કહેતા.કોઈ સાઈલ આપની પાસે માંગવા આવતો તો એ માંગે એ પહેલા જ એની હાજત પુરી કરી દેતા આપને કોઈ તકલીફ પહોંચાડે તો તેને પણ આપ મદદ કરતા અને નવાજતા.

એક દિવસ આપ ખાના એ કાબામાં બેઠા હતા.ત્યાં બાદશાહ હારૂન રશીદ આવ્યા. અને આપને કહેવા લાગ્યા કે મેં સાંભળ્યું છે કે,તમે ખુફીયા બેઅત લો છો એના ઉપર આપે ફરમાવ્યું કે તું જીસ્મોનો(શરીરનો)ઈમામ છે.હું દિલનો ઈમામ છું યાદ કર તે દિવસને(કયામતનો દિવસ) કે જયારે જીસ્મનો ઈમામ અને દિલોનો ઈમામ શાફ એ મહેશર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સામે ઉભા રહીને તું કહીશ કે "અસ્સલામો અલૈક યા ઈબ્ને અમ "અને હું કહીશ કે "અસ્સલામો અલૈયક યા અબતે" આ વાત સાંભળી હારૂન રશીદ આપને ગીરફતાર કરી બગદાદ લઈ આવ્યા.ને બાર મહિના સુધી આપને જેલમાં રાખ્યા અને એક વર્ષ પછી ખલીફાએ હુકમ કર્યો કે એમને કતલ કરી નાખો. જેથી બેફીકરી હાસીલ થઈ જાય પણ ઈશા બીન જાફર બીન મનસુરને ખલીફાએ આપના કતલ માટે કાગળ લખ્યો હતો. તેણે પોતાના ખાસ માણસોને બોલાવ્યા અને આ કાગળ બતાવી મશવરો કર્યો હતો. તો તે માણસોએ સલાહ આપી કે આપ રાજીનામું આપી દો પણ આ કતલ કરવાથી બચી જાવો ત્યારે ઈશાબીન જાફરે હારૂન રશીદને કાગળ લખ્યો કે અમીરૂલ મોમીનીન જે તમે મુશાકાઝીમ વિશે લખ્યું છે તે એક વર્ષ સુધી મારી કેદમાં છે.આ મુદત દરમ્યાન મેં તેમની પરીક્ષા કરી એમનામા કોઈ પણ બુરાઈ નજર ન આવી.તમારા માટે હમેશાં દુઆ કરી છે.ન એમની નજર આપની હુકુમત ઉપર છે અને ન આપના માટે કયારે બદદુઆ કરી.રોજા–નમાઝના સખ્ત પાંબદ છે.માટે કતલના કામ માટે ને માફી આપો અને આ કામ બીજાને સોંપી દો.ખલીફાએ આ પત્ર વાંચી સનદા બીન બકને લખ્યું કે તુ મુશાકાઝીમ જે ઈસા બીન જાફરના કબજામાં છે.તેને તુ તારા કબજામાં ઈ,તારી તાવીલમા રાખ અને મારા પત્રમાં જણાવ્યા પ્રમાણે.એના ઉપર અમલ કર. સનદીએ ખલીફાના લખ્યા પ્રમાણે આપનો કબજો લઈ પોતાની પાસે લાવ્યો.અને આપને ખજુરમાં ઝેર મેળવીને આપી દીધી જેનાથી આપ શહીદ થયાં. આપની વફાત ૨૬ રજબ હિજરી સન ૧૮૩ જુમ્માના દિવસે ૫૫ વર્ષ ઉમરમાં થઈ. ઈન્ના લિલાહ વ ઈન્ના ઈલયહે રાજેઉન.

હઝરત મુશા કાઝીમ રદીયલ્લાહો તઆલા અન્હોની મઝારની બાજુમાં બીજી કબર સૈયદના હજરત મોહંમદ તકી રદીયલ્લાહો તઆલા અન્હોનું મઝાર છે.બાજુમા એક ગુંબદમાં હજરત ઈમામ અબુયુસુફ રદીયલ્લાહો તઆલા અન્હોની કબર મુબારક છે.

હઝરત ઈમામ અબુયુસુફ રહમતુલ્લાહઅલયહે

હજરત મુશા કાઝીમનાં મઝાર મુબારકની નજદીક હઝરત ઈમામ અબુયુસુફ રહમતુલ્લાહ અલયહેનું મઝારે પાક છે.આપના રોઝાનાં દરવાજા ઉપર"જામેઅ વ મરકદીલ ઈમામ અબુયુસુફ અલ અનસારી"લખેલું છે. આપની કબર શરીફમાં રીપેરીંગ કામ ચાલુ હોવાથી અંદર જવા ન મળ્યું માટે બહારથી ફાતેહા પઢી.

આપ હજરત ઈમામે આઝમના જલીલુલ કદ્ર શાગીર્દ હતા.અને મજહબે હનફીના જબરદસ્ત આલીમ, ફકીહ છે.આપ અબ્બાસી ખલીફા હારૂન રશીદનાં જનરલ ચીફ કાઝી હતા.અને આલીમે બરહક્ક અને આલીમે રબ્બાની હતા.એક વખત ખલીફાના દરબારમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સુન્નતોનો ઝીક્ર થઈ રહયો હતો.ત્યારે ખાવાંમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કઈ કઈ વસ્તુ ખાસ પસંદ હતી તે ઝીક્ર નીકળતા, હુઝુર

(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને દુધી વધારે પસંદ હતી.આપ શાકમાંથી દુધીને શોધીને ખાતાં.



હઝરત ઈમામ અબુયુસુફ રહમતુલ્લાહઅલયહેનું મઝાર મુબારક

બુખારી અને મુસ્લિમ શરીફમાં બયાન છે કે હઝરત ઉમ્મુલ મોમેનીન આયેશા રદીયલ્લાહો તઆલા અન્હાને હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, "જ્યારે સાલન બનાવો દુધી વધારે નાખો એ દીલને વધારે તાકત આપે છે.

આ મુબારક ઝીક ચાલી રહયો હતો.ત્યારે કોઈએ કહયું મને દુધી બીલકુલ પસંદ નથી.તે વખતે હઝરત ઈમામ અબુ યુસુફ જલાલમાં આવી ગયા. અને કહયું કે, "અય મુરતદ,તૌબાકર નહિંતર હું તારા કતલનો ફતવો જારી કરી દઈશ.કારણ કે,આકાની પસંદગીની વસ્તુનો બયાન થઈ રહયો છે.અને તું ત્યારેજ હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પસંદગીની મુખાલેફત કરે છે.માટે આવા મોકા ઉપર આકાની પસંદગીની મુખાલેફતથી માણસ મુરતદ બની જાય છે.આપે તેની પાસેથી તૌબા કરાવી.

આપને આકાની સુન્નતથી એટલો પ્યાર હતો.અને આપ હક્ક ઉપર એટલા અટલ હતાં.મુસલમાનો માટે જે કયામત સુધી એક જીંદા મીસાલ છે.આજના સમયમાં ખુલ્લમખુલ્લા માણસો સુન્નતથી નફરત અને ઈન્કાર કરી રહયા છે.તેઓએ ઈબરત લેવી જોઈએ.અલ્લાહ તઆલા હીદાયત આપે. આમીન....

મુસય્યમ

મુસય્યમમાં હજરત ઈમામ મુસ્લિમ રદીયલ્લલ્લાહો તઆલા અન્હોનાં બે ફરઝંદ મોહમદ અને ઈબ્રાહીમ રદીયલ્લલ્લાહો તઆલા અન્હુમા નાં શાનદાર મકબરા બનાવેલા છે.આ મઝારોના ગુંબદમાં સોના–ચાંદીનું નકશી કામ કરેલ છે.જે ઘણો જ ખુબસુરત છે.આ મુબારક મઝારો ઉપર હાજરી આપી ફાતેહા પઢી.અહીંથી સવારે ૯ (નવ) વાગે અમે કરબલા જવા રવાના થયા.૧૧:૩૦ વાગે અમે કરબલા પહોંચી ગયાં.કરબલામાં ઠંડી અને હવાનું પ્રમાણ વધુ હતું. અમે ત્યાં એક હોટલમાં આરામ કર્યો પછી ત્યાંથી શોહદાએ કરબલાની ઝીયારત માટે પગપાળા રવાના થયા.એમા પણ પવનના લીધે ઠંડીનું પ્રમાણ ઓર વધી ગયું હતું .ત્યાર બાદ પગપાળા ઝીયારત માટે રવાના થયા.



હઝરત મુસ્લીમ બિન અકીલના ફરઝંદો મોહમદ અને ઈબ્રાહીમ રદીયલ્લલ્લાહો તઆલા અન્હુમાનું રોઝો મુબારક

સૌ પ્રથમ અમે હજરત અબ્બાસ અલમબરદાર રદીયલ્લલ્લાહો તઆલા અન્હોનાં રોઝા મુબારક ઉપર ગયા. એક મોટા કંમ્પાઉન્ડમાં ઘણો જ ખુબસુરત અને સોના–ચાંદીની અને બીલોલની બહેતરીન કારીગરી જોઈ માણસ ચક્કીત થઈ જાય,એવો આલીશાન રોઝો મુબારક છે.અંદર ફાતેહા દુઆ માંગી.મઝારની બાજુમાં જ આલીશાન મસ્જીદ છે.તેમા નમાઝે ઝોહર અદા કરી.નમાઝે ઝોહર બાદ હઝરત શહીદે આઝમ સૈયદનાં હઝરત ઈમામે હુશૈન રદીયલ્લલ્લાહો તઆલા અન્હોનાં રોઝા મુબારકની ઝીયારત કરવા નીકળ્યા.થોડાક અંતર ઉપર આવેલો આપનો રોઝો મુબારક જે સોના–ચાંદી તથા બીલોલનાં નકશી કામથી સુંદર રીતે શણગારેલું છે.મઝારે પાક ઉપર હાજરી આપી.પછી જે જગ્યાએ હઝરત ઈમામ હુસેનનો સર મુબારક સજદાની હાલતમાં ધડ મુબારકથી અલગ કરવામાં આવ્યો હતો.તે જગ્યાની ઝીયારત કરી.પછી હઝરત હબીબ ઈબ્ને મુબાહર અને હઝરત ઈમામ અલી અકબર અને હઝરત ઈમામ અલી અસગર વગેરે શોહદાએ કરબલાનાં મઝાર મુબારક અંદર છે. સાથે ગંજ પણ અંદર છે.જેમાં આપના સાથીદારોના જીસ્મ મુબારક દફન કરવામાં આવ્યા હતાં.તે મઝાર મુબારકોની પણ ઝીયારત કરી.

હજરત ઈમામ હુશૈન રદીયલ્લલ્લાહો તઆલા અન્હો



હજરત ઈમામ હુશૈન રદીયલ્લલ્લાહો તઆલા અન્હોનાં ફઝાઈલ અને આપની શહાદતનાં વાકેઆતથી કીતાબો ભરેલી છે.પણ એનો મુખ્તસર ઝીક્ર લખવાની સઆદત હાંસીલ કરૂં છું.

હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના ચાચા હજરત અબ્બાસ રદીયલ્લલ્લાહો તઆલા અન્હોના બીબી હજરત ઉમ્મુલ ફઝલ રદીયલ્લલ્લાહો તઆલા અન્હાએ એક રાત્રે ખ્વાબમાં જોયું કે હુઝુર અકરમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના જીસ્મ મુબારકનો એક ટુકડો એમના ખોળામાં રાખેલ છે.આ ખ્વાબમાં જોઈ હજરત ઉમ્મુલ ફઝલ રદીયલ્લલ્લાહો તઆલા અન્હા ઘણા જ ગભરાઈ ગયાં.આપ હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની બારગાહમાં ગયા અને અરજ કરી યા રસુલ્લલ્લાહ મે એક અજીબોગરીબ ખ્વાબ જોયો છે કે આપના જીસ્મ મુબારકનો એક ટુકડો મારા ખોળામાં પડયો છે.હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું તમે ઘણો જ સુંદર ખ્વાબ જોયુ છે.ઈન્શા અલ્લાહ મારી પુત્રી ફાતીમા ના ઘરે એક બાળક પૈદા થશે જે તમારી ગોદમાં રમશે.

ઈમામ હુશૈન રદીયલ્લલ્લાહો તઆલા અન્હોની વિલાદત બાસઆદત શાબાન મુઅઝઝમની પાંચ તારીખ હિજરી સન ચાર (૪) સોમવારના મદિનામાં થઈ અમારા આકા વ મૌલા હુઝુર રહમતુલ્લીલ આલમીન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)આપની વિલાદતની

ખબર સાંભળી તરત જ હજરત બીબી ફાતીમા રદીયલ્લલ્લાહો તઆલા અન્હાના ઘરે તશરીફ લઈ ગયા.હજરત બીબી અસ્માબીનતે ઉમૈરા રદીયલ્લલ્લાહો તઆલા અન્હીએ એક કપડામાં ઈમામ હુસૈનને વીંટાળીને આપની ગોદમુબારકમાં સુવડાવ્યા. હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ જમણાં કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત પઢી પછી હજરત અલી રદીયલ્લલ્લાહો તઆલા અન્હોને ફરમાવ્યું, કે અય અલી બચ્ચાનું શું નામ રાખ્યું ? હજરત અલીએ અરજ કરી 'યા રસુલલ્લાહ,મારી શું મજાલ છે કે આપની મોજુદગીમાં હું નામ રાખું.પણ આપ પુછો છો તો મને લાગે છે કે હરબ નામ રાખું."પ્યારા આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એ ફરમાવ્યું કે"આના નામ માટે હું 'વહી'નો ઈન્તેઝાર કરૂં છું."એટલીવારમાં હઝરત જીબરીલ અલૈહીસ્સલામ આવ્યા અને ફરમાવ્યું કે,બચ્ચાનું નામ હઝરત હારૂન અલૈહીસ્સલામના બીજા ફરઝંદનું નામ રાખવામાં આવે.આપે ફરમાવ્યું કે "અય જીબરીલ આ તો ઈબ્રાની જબાનમાં નામ છે.અલ્લાહ તઆલાએ મને અરબી ઝબાન અંતા ફરમાવી છે."ત્યારે જીબરીલે અરજ કરી કે શબ્બીરનો અર્થ હુસેન છે.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપનું નામ હુસેન રાખ્યું.હઝરત ઈમામ હુસેન હઝરત ઈમામ હસન રદીયલ્લાહો તઆલા અન્હોથી એક વર્ષ નાના હતાં.

મુલ્કે અરબમાં આ પહેલા કોઈનું નામ "હુસેન"રાખવામાં આવતુ ન હતું.હુઝુર અલૈહીસ્સલામે આપનું નામ હુસેન રાખ્યુ હતું.આપની કુન્નિયત અબુઅબ્દુલાહ છે.રશીદ,તૈયબ,ઝકી,વફી વગેરે આપના લકબ છે.સાતમા દિવસે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે બે ઘેટાનો અકીકો કર્યો અને માથાના વાળ ઉતારી એજ વજન બરાબર ચાંદી ખેરાત કરી.

હઝરત હસન રદીયલ્લલ્લાહો તઆલા અન્હો સરમુબારકથી સીના મુબારક સુધી અને હઝરત ઈમામ હુસેન સીના મુબારકથી કદમો સુધી હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલમથી મુસાબેહ(સરખો દેખાવ ધરાવતા)હતાં.

હઝરત અનસ રદીયલ્લલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે હુઝુર ફરમાવ્યું "મારા તમામ એહલેબૈતથી હસન અને હુસેન મને વધારે મહેબુબ છે.(તીરમીઝી)

હઝરત લયલા બીન મરરહ રદીયલ્લલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે,હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, કે હુસેન મારાથી અને હું હુસેનથી છું. જે હુસેનથી દોસ્તી રાખે છે.અલ્લાહ તેને દોસ્ત રાખે છે.(બુખારી,તીરમીઝી,અબુનઈમ)

હઝરત બરાઅબીન આઝીબ ફરમાવે છે કે મેં જોયું કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલમ હઝરત ઈમામ હુસેનને પોતાના ખભા ઉપર બેસાડીને દુઆ ફરમાવતા કે યા અલ્લાહ,આ બાળક મારો પ્યારો છે.તુ પણ એનાથી પ્યાર કર.

હઝરત ઈમામ હુસેનના સદકાથી આજે ઈસ્લામનું બાગ મહેંકી રહયું છે.જેમણે પોતાના પ્યારા ફરઝંદો,કુંટુંબીજનો અને જાંનીસાર સાથીઓ અને પોતાની જાન ઈસ્લામ ખાતીર કુરબાન કરી અને હકની શમ્આ જલતી રાખી.ઈમામ હુસેનની યાદ તમામ મુસ્લીમોના દીલોમાં હંમેશા કાયમ રહી છે-અને કાયમ રહેવાની છે.

આપની જીંદગી સાદગી,આજેઝી અને ઈન્કસારીથી ભરેલી છે.આપનાં અખલાક પણ

ઘણા બુલંદ અને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સરાપા તસવીર હતા.આપે પચ્ચીસ હજ્જ પૈદલ અદા કર્યા હતા.આપની સખાવત પણ એટલી કે પોતાની જરૂરતનો પણ ખ્યાલ ન રહેતો. એક વખત એક સવાલી આવ્યો અને અરજ કરી કે ઈમામ હું ગરીબ માણસ છું.મારા નાના બાળકો છે.મને ખાવાની ચીજ અતા કરો.આપે ફરમાવ્યું,થોડીવાર બેસો મારો રીઝક આવી રહયો છે. થોડીવાર પછી પાંચ થેલી દીરહીમથી ભરેલી જેમા એક થેલીમાં એક હજાર દીરહીમ હતા.આપને અમીર માવીયા રદીયલ્લલ્લાહો તઆલા અન્હો તરફથી મળ્યાં હતા.આપે પાંચે–પાંચ થેલી પેલા સાઈલને આપી દીધી અને માફી માંગી કે આપને ઘણીવાર રાહ જોવી પડી.હઝરત ઈમામ હુસેનના ફઝાઈલ અને શાનનાં વાકેઆતથી અને મદીનાથી કરબલા સુધીના બનાવોથી કિતાબો ભરી પડી છે.પણ આપનું મુખ્તસર બયાન કરૂં છું.

હજરત બીબી ફાતીમા રદીયલ્લલ્લાહો તઆલા અન્હોના ઘરે હજરત ઈમામ હુશેન પૈદા થયાં. અને હજરત બીબી ઉમ્મે ફઝલ રદીયલ્લલ્લાહો તઆલા અન્હોના ખોળામાં આપ રમ્યા (મિશ્કાતશરીફ)



(મઝારે હુશેન)

(કરબલાનું એક મંજર)

એક દિવસ હજરત ઈમામ હુશેન રદીયલ્લલ્લાહો તઆલા અન્હો હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ગોદ મુબારકમાં હતા.હજરત ઉમ્મુલ ફઝલ રદીયલ્લલ્લાહો તઆલા અન્હા બાજુમાં બેઠા હતા હજરત ઉમ્મુલ ફઝલ રદીયલ્લલ્લાહો તઆલા અન્હાએ હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના ચહેરા મુબારક સામે જોયું તો આપની આંખોમાંથી આંસુ મુબારક વહી રહયા હતાં.હઝરત ઉમ્મુલ ફઝલ રદીયલ્લલ્લાહો તઆલા અન્હાએ અરજ કરી,યા રસુલલ્લાહ આ આંસુ કેવા છે? જે આપની આંખ મુબારકમાંથી વહી રહયા છે.આપે ફરમાવ્યું કે,“ મને જીબરીલ અલૈહીસ્સલામ ખબર આપી કે આપના ફરઝંદને આપની ઉમ્મત કતલ કરી દેશે અને જીબરીલ તે જમીનની લાલ માટી મને આપી ગયા છે.જયાં મારો હુશૈન શહીદ થશે.”પછી આપ એ માટીને સુંઘી તો આપે ફરમાવ્યું કે,મને આમાથી કરબલાની બુ આવે છે.ત્યારબાદ એ માટી હઝરત ઉમુલ મોએમીનીન બીબી ઉમ્મે સલમા રદીયલ્લલ્લાહો તઆલા અન્હાને આપી અને ફરમાવ્યું કે, અય ઉમ્મે અલમા આ માટી તમારી પાસે રાખો.જ્યારે આ માટી ખુન બની જાય ત્યારે સમજવું કે મારો ફરઝંદ હુશેન શહીદ થઈ ગયો.હઝરત ઉમુલ મોએમીનીન બીબી ઉમ્મે સલમા રદીયલ્લલ્લાહો તઆલા અન્હાએ માટીને એક શીશીમાં સંભાળીને રાખી દીધી.

જ્યારેઈમામે હુસેન શહીદ થયા ત્યારે આ માટી ખુન બની ગઈ(મિશકાત શરીફ અને હજ્જતુલ્લા અલલ આલમીન)

આપની શહાદત હિજરી સન ૬૦,મોહર્રમની ૧૦ તારીખ અને જુમાના દિવસે થઈ ત્યારે આપની ઉમરશરીફ ૫૬ વર્ષની હતી.

(કરબલાનું એક દશ્ય)

નજફ

બગદાદથી ૭૦ કી.મી.નાં અંતરે નજફ આવેલો છે.અમે બપોરનાં નમાઝે ઝોહર બાદ નજફ માટે રવાના થયાં.નજફમાં હઝરત અલી રદીયલ્લાહો તઆલા અન્હોનો મઝારે પાક આવેલો છે.૪૫,૦૦૦ મોરબ્બા મીટરમાં દરગાહનો એહાતો.આવેલો છે.હઝરત અલીનાં મઝાર મુબારક ઉપર સોના ચાંદીનું નકશી કામ ઘણી જ ખુબસુરતથી કરેલું છે.ઉલ્માઓનું કથન છે કે અહીં હઝરત નુહ અલૈહિસ્સલામનું પણ મઝાર મુબારક છે.



હઝરત અલી રદીયલ્લલ્લાહો તઆલા અન્હોનો રોઝો મુબારક

હજરત મૌલા અલી મુશકીલ કુશા રદીઅલ્લાહો તઆલા અન્હો

હજરત મૌલા અલી રદીયલ્લાહો તઆલા અન્હોની ઝીંદગીના હાલાત ફઝીલત ઈલ્મ ને ખીલાફતના વાકેઆત બેશુમાર છે.જેમાથી મુખ્તસર અહી પ્રસ્તુત છે.

હઝરત અલી કર્રમલ્લાહો તઆલા વઝહુલ કરીમના નીચે પ્રમાણેના ઈલ્કાબ હદીશ તથા કિતાબોમાં આવેલા છે.(૧)ઈમામુલ મુતકીન(૨) વલીયુલ મુન્ફેકીન(૩)મૌલલ–મુમેનીન (૪)સૈયેદુસ્સાદેકીન(૫)સાહેબુર્રાયહ(૬)અસદુલ્લાહ(૭)હુજજતુલ્લાહ(૮)શેખુલ–મુહાજેરીનવલઅન્શાર (૯)વારિસુર્રસુલ(૧૦)મુનાદિલ–ઈમાન(૧૧)અલમુર્તઝા(૧૨)બાબેહિત્તતહ(૧૩)મસીલે હારૂન(૧૪)સૈફુલ્લાહ(૧૫)ખાસેફુન્નઅલ(૧૬)અતાહિર(૧૭)અસ્સાદેકુલ–મોમેનીન(૧૮) અસ્સાકી(૧૯)દાબ્બતુ–જન્નત.

બુખારી અને મુસ્લીમ શરીફમાં હઝરત સાઅદ ઈબને અબી વકકાસ રદીયલ્લલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે હુઝુરે અકરમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ગઝવ–એ–તબુકમાં જ્યારે હઝરત અલીને મદીના મુનવ્વરામાં રહેવાનો હુકમ કર્યો ત્યારે આપે અરજ કરી યા રસુલ્લાહ મને અહીંયા બાળકો અને ઔરતો ઉપર આપના ખલીફા બનાવીને મુકી જાઓ છો ? ત્યારે પ્યારા આકા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું કે શું તમે આ વાતથી રાજી નથી કે હું તમને એવી રીતે મુકીને જાઉં છું જેવી રીતે હઝરત મુસા અલૈહિસ્સલામ હઝરત હારૂન અલૈહિસ્સલામ ને મુકીને ગયા હતા.ફરક એટલો છે કે મારી પાછળ કોઈ નબી આવનાર નથી..

સહાબી એ રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હઝરત અમ્માર બિન યાસિર રદીયલ્લલ્લાહો તઆલા અન્હો કહે છે."ગઝવએ અશીરહ"જે હિ.સ.૨ માં થયો હતો.ત્યારે હું અને હઝરત અલી એકી સાથે રહેતા હતા. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એ પણ ત્યાંજ નિવાસ ફરમાવ્યો હતો.અમે જોયું કે,મઝહજ કબીલાના કેટલાક લોકો પોતાના ઝરણા અને ખઝુરોમાં કામ કરી રહયા છે.હઝરત અલીએ મને ફરમાવ્યું કે,આવ આ ખેડુતનું કામ નીહાળીએ. હું આપની સાથે ત્યાં ગયો.થોડીવાર સુધી અમે તેમનું કામ જોતા રહયા.પછી ઉંઘ જેવું લાગતા,અમે ખજુરોના વૃક્ષોનાં ઝુંડમાં જઈને જમીન પર બેખબર થઈને સુઈ ગયા.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમત્યાં તશરીફ લાવ્યા.આપે અમને ઉંઘમાંથી જાગૃત કર્યા.અમે આંખો ખોલીને જોયું તો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પગથી અમને જગાડી રહયા હતા.અમે બને માટી થ્થા ધુળમાં ખરડાએલા હતાં.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમમે હઝરત અલીને સંબોધીને ફરમાવ્યુ : "હે અબુતુરાબ ! હું તમારાથી તે દુષ્ટમ બે માણસોનો ઉલ્લેખ કરૂં છું.જે એક લાલ રંગવાળો જે કૌમે સમુદમાંથી હતો.જેણે(હઝરત સાલેહની) ઊંટડી મારી નાખી હતીં અને બીજો દુર્ભાગ્ય બદબખ્ત શખ્સતે જે તમને કતલ કરશે(–મનાકિબે ઈમામ અહમદ)

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે,હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો."લવ કાનલ્બહરો મેદાદન વલ્અશજારો અકલામન વલઈન્સો વલ્જીન્નો હુસ્સાબાન માં અહસૂ ફઝાઈલોકા યા અબલ–હસન"(અર્થ જો તમામ સમંદરો

શાહી બની જાય,તમામ વૃક્ષો કલમો બની જાય માણસો લેખક અને જિન્નતો હિસાબ નિશ બની જાય તો પણ અબુલ હસન તમારી ફઝીલતો ગણી શકાય નહી.(હવાલો મુસ્નદુલ–ફીરદૌશ)

બ દફતરે દો જહાં ફર્દે ઈન્તેખાબ અલીસ્ત–બબહરે કૌનો–મકાં ગૌહરે ખુશઆબ,અલીસ્ત–દર અસ્લો–ફર્અબ બીંવતમીઝે મર્તબાકુન–અબુલ બશર બુદ આદમ,અબુતુરાબ અલીસ્ત.

બુખારી અને મુસ્લીમ શરીફમાં હઝરત સાદ બીન સાદ રદીયલ્લલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે જંગે ખૈબરમાં એક દિવસ રસુલલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું.આવતી કાલે હું ઈસ્લામી ઝંડો તે માણસના હાથમાં આપીશ.જેના હાથે ઈન્શા અલ્લાહ,ખૈબર ફતેહ થશે.તે માણસ અલ્લાહ અને તેના રસુલ ને દોસ્ત રાખે છે.અને અલ્લાહ અને એનો રસુલ પણ એનાથી રાજી છે.રાત્રે બધા સહાબાએ કીરામ ઉત્સુકતાથી રાહ જોતા રહયા કે કોણ એ ખુશનસીબ હશે ? જેને આ ઝંડો ઈનાયત થશે.મતબલ હરએક પોતાના માટે દિલમાં ઉમ્મીદ અને દુઆ કરતા રહયાં. કે એ ખુશનસીબ હું બનું.સવાર થઈ તો બધા સહાબા હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના દરબારમાં હાજર થઈ ગયા.હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે અલી રદીયલ્લાહો તઆલા અન્હો કયાં છે ? સહાબાએ અરજ કરી કે યા રસુલ્લાહ તેઓની આંખો દુ:ખે છે.માટે તંબુમાં જ છે હાજર થઈ શકયા નથી.હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, તેઓને જલ્દી બોલાવો. જ્યારે આપ તશરીફ લાવ્યા તો હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતાનાં લુઆબ મુબારક આપની આંખોમાં લગાવી અને તેજ સમયે આપની આંખો એકદમ સારી થઈ ગઈ.ફરી કયારે પણ આંખો ઉઠી નહી.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે અલમ હઝરત અલી રદીયલ્લાહો તઆલા અન્હો હાથમાં આપ્યો.અલાહ તઆલા એ આપના હાથ ઉપર ફતેહ આપી.તીબરાની શરીફમાં પણ ઘણા સહાબાઓથી આ હદીશ રિવાયત થઈ છે.

અહીં મુસ્લીમ શરીફમાં હઝરત સઅદ ઈબને અબી વક્કાસ રદીયલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે જ્યારે આયતે મુબાહીલા નાઝીલ થઈ (ફદઓ અબનાઅના વ અબના અકુમ)તો પ્યારા આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત અલી રદીયલ્લાહો તઆલા અન્હો, બીબી ફાતેમા રદીયલ્લલ્લાહો તઆલા અન્હા,હઝરત ઈમામ હશન અને ઈમામહુશૈન રદીયલ્લલ્લાહો તઆલા અનહુમને બોલાવીને દુઆ કરી કે " ઈલાહી આ મારા કુમ્બાના માણસો છે." તિરમીઝી શરીફમાં અબુસઈદ અને ઝૈદ બીન અકરમ રદીયલ્લલ્લાહો તઆલા અન્હુમથી રીવાયત છે કે,રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ઈરશાદ ફરમાવ્યો કે જેનો હું સાહેબ છું.મૌલા અલી પણ તેના સાહેબ છે.(આ હદીસને અહમદ અને તિબરાની શરીફે પણ રીવાયત કરી છે.)

તીરમીઝી નીસાઈ ઈબને માજાએ હઝરત હબશ બીન જુનાદાથી રીવાયત કરી છે કે રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે "અલી મારામાંથી છે અને હું અલીમાંથી છું."હઝરત ઈબને સઅદે ઈબને અબ્બાસથી રીવાયત કરી છે કે હઝરત અબ્દુલા ઈબને અબ્બાસ રદીયલ્લલ્લાહો તઆલા અન્હોએ ફરમાવ્યું કે અમે જ્યારે પણ હઝરત અલી રદીયલ્લલ્લાહો તઆલા અન્હો થી કોઈ મસઅલો પુછયો તો હમેશા દુરસ્ત જવાબ મળ્યો.હઝરત ઉમર

ઈબ્ને ખત્તાબ રદીયલ્લલ્લાહો તઆલા અન્હો ફરમાવતા કે"લોલા અલીયુનલ હલક ઉમર"અગર હઝરત અલી દરબારમાં હાજર ન હોય તો ઉમર ફેસલો આપવામાં મુશ્કીલમાં પડી જાય."એક હદીશમાં હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું "(અના મદિનતુલ ઈલ્મે વ અલીયુન બાબોહા")અર્થ: હું ઈલ્મનો શહેર છું અને અલી એના દરવાજા છે.વિલાયતનો સીલસીલો આપની ઝાતે પાકમાંથી ઝારી થયો.

આપ ઘણા જ આલીમ,ઝાહીદ,આબીદ,આકીલ,મામીલા ફહેમ અને મુશ્કીલમાં મુશ્કીલ મામલા આવે તેના તરત જ ઈન્શાફથી ભરપુર અને આસાનીથી ફેસલો કરી દેતા.જે સાંભળી માણસો દંગ રહી જતા.આપને રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઈલ્મે નબુવ્વતનો ફૈઝ મલ્યો હતો.એના મુખ્તસર એક વાકયો આ પ્રમાણે છે.આપની ખીદમતમાં એક માણસ આવ્યો.અને અરજ કરી કે,મેં એક મકાન ખરીદયું છે, એનો આપ દસ્તાવેજ અમને લખી આપો.આપે કહયું કે,પહેલાં એ લખાણની વિગત મારાથી સાંભળો પછી તમને ઠીક લાગે તો લખી લેજો.આપે આ મુજબ લખાણ લખવાનું કહયું કે,એક મકાન ધોખો ખાવાવાળાએ ધોખો ખાધેલ પાસેથી ખરીદયું છે.ન મકાન રહેશે.ન મકાનવાળો અને તે મકાન ગાફીલ માણસોની ગલીમાં છે.અને તેની ચાર દિશા છે.પહેલી દિશા મોત છે.બીજી દિશા કબર,ત્રીજી દિશા મૈદાનેહશર અને ચોથી દિશા ની ખબર નથી કે તે જન્નત છે કે દોજખ.''જ્યારે આ મુશદો પહેલા માણસે સાંભળ્યું તો એક દમ રડતાં રડતાં ચાલ્યો ગયો.આખીરત આકેબતનું આ મુખ્તસર બયાન આપે કેટલી ખુબીથી બયાન ફરમાવ્યું એ એમની ઈલ્મની મિસાલ છે.

આપની શહાદતનું બયાન હઝરત ઈબને સઅદે પોતાની કીતાબ તબકાતમાં લખ્યું છે 'રમઝાનુલ મુબારકની ૧૭ તારીખ હીજરી સન ૪૦ સવારમાં વહેલા ઉઠી ને પોતાના સાહેબજાદા હઝરત ઈમામ હસન રદીયલ્લલ્લાહો તઆલા અન્હોથી ફરમાવ્યું કે મને રાત્રે ખ્વાબમાં મારા પ્યારા આકા હઝરતે મોહમદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું દીદાર થયો.મેં આપથી શિકાયત કરી કે યા રસુલલ્લાહ,આપની ઉમ્મતે મારાથી બેઅદબીનું વર્તન કર્યું છે.અને ઘણો જ ફસાદ બરપા કરી દીધો છે.આપે ફરમાવ્યું કે તમે અલ્લાહથી દુઆ માંગો.તો મેં આ પ્રમાણે અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરી.'અય અલ્લાહ તુ મને આ લોકોથી બહેતર લોકોમાં પહોંચાડી દે અને આ લોકોને એવા માણસથી વાસ્તો આપ જે મારાથી બદતર હોય"આપ આ વાત કરી રહયા હતા કે,ઈબને નબ્બાહ મુઅઝઝીને નમાઝ માટે આપને અસ્સલાતથી અવાજ આપી.આપ પોતાના ઘરથી મસ્જીદ તરફ નીકળ્યા અને રસ્તામાં બધાને નમાઝ માટે અવાજ આપતા જઈ રહયા હતાં.એટલામાં ઈબને મુલ્જીમ જે પહેલાથી જ તૈયારી કરીને આપને ઈજા પહોંચાડવા ઉભો હતો.તેણે ઓચિંતો આપના ઉપર તલવારથી માથામાં વાર કર્યો.એટલો જોરદાર વાર હતો કે,તલવાર આપની પેશાનીથી કાનપટ્ટી કાપીને ઉતરી ગઈ.માણસો દોડીને કાતીલને પકડી લીધો.જીવલેણ જખ્મ હતું.આપ જુમ્મા અને શનિવાર સુધી હયાત રહયા .રવિવારની રાત્રે આપની રૂહ મુબારક પરવાઝ કરી ગઈ. ઈન્નલિલ્લાહ વ ઈન્ના ઈલ્યહે રાજેઉન.

ઈમામ હસન,હઝરત ઈમામ હુશેન અને હઝરત અબ્દુલા ઈબ્ને જાફર રદીયલ્લલ્લાહો તઆલા અન્હુમે આપને ગુસલ દીધો.હઝરતે ઈમામે હસન રદીયલ્લલ્લાહો તઆલા અન્હોએ

આપની નમાઝે જનાઝા પઢાવી. દારૂલ ઈમારતમાં રાતના સમય આપને દફન કરવામાં આવ્યા.વલ્લાહો આલમો બીસ્સવાબ.

અમે હઝરત અલીના મઝાર શરીફ ઉપર ઝીયારત અને ફાતેહા પઢી.નમાઝે અસર અદા કરી.અસર નમાઝ બાદ કુફા તરફ રવાના થયા.

હઝરત મુસ્લીમ બિન અકીલ રદીયલ્લાહો તઆલા અન્હો

નમાઝ અસર નજફમાં અદા કરી કુફા માટે રવાના થયા.નમાઝે મગરીબના વખતે કુફા પહોંચી ગયા.કુફા શહેર એક કદીમ અને તવારીખી શહેર છે.અને તેના કબ્રસ્તાન એક વિશાળ તવારીખ સમાવીને દુનિયાને ખામોશ ફૈઝ આપી રહયાં છે.

કુફા શહેરમાં ૧૫૦૦ સહાબા એ કીરામે ઈલ્મ અને ફૈઝ આપ્યું છે.હઝરત અબ્દુલા ઈબ્ને મસઉદ અને હઝરત અલી રદીયલ્લાહો તઆલા અન્હોએ તો ઈલ્મનાં દરીયા વહાવી દીધા.કુફા શહેરની અંદર કીલ્લામાં હઝરત મુસ્લિમ બીન અકીલ અને હઝરત હાની બીન ઉરવા (જેણે ઈમામ મુસ્લિમને પનાહ આપી હતી.)રદીયલ્લાહો તઆલા અન્હુમના મઝાર મુબારક આવેલા છે.સાથે હઝરત અલી રદીયલ્લાહો તઆલા અન્હો જ્યાં શહીદ થયા તે મસ્જિદ પણ છે.હઝરત ઐયુબ અલૈહિસ્સલામ અને તેમના બીબી સાહેબનું મઝાર મુબારક પણ આવેલો છે.જે કુવાના પાણીથી અલ્લાહ તઆલાએ આપને શીફા અતા ફરમાવી હતી.તે કુવો પણ આ કિલ્લાની અંદર છે.હાલ અમેરીકન હુમલાથી જે નુકશાન થયું હતું. તેની મરામત ચાલુ હતી.

હઝરત ઐયુબ અલૈહિસ્સલામ

હઝરત ઐયુબ અલૈહિસ્સલામનું રોઝો મુબારક

હજરત ઐયુબ અલૈહિસ્સલામ હઝરત ઈસ્હાક અલૈહિસ્સલામના મોટા ફરઝંદ એઝની ઔલાદમાંથી હતાં.હઝરત ઐયુબ અલૈહિસ્સલામના વાલેદા માજેદા હઝરત લુત અલૈહિસ્સલામના બહેન હતા.હઝરત ઐયુબ અલૈહિસ્સલામનું વતન શામ હતું. આપની શાદી હઝરત યુસુફ અલૈહી સ્સલામના ફરઝંદ અફરાઈમની શાહેબઝાદીથી થઈ હતી.આપનું એ મામુલ હતો કે,જ્યાં સુધી આપ ૧૦ મિશ્કીનોને જમાડતા નહિ ત્યાં સુધી પોતે પણ ન જમતા.અને ૧૦ નંગાને કપડા ખૈરાત કરતાં.આપને અલ્લાહ તઆલા એ ઘણું જ ધન દોલત અને ઔલાદ વગેરે નેઅમતથી નવાજયા હતા.આપ ઘણાંજ ઈબાદત ગુઝાર, સખી,સાબીર શાકીર હતા.

હજરત અયુબ અલૈહિસ્સલામ એટલા ઈબાદત ગુઝાર હતા કે તેમની ઈબાદત શૈતાને બિલકુલ પસંદ પડતી ન હતી.એટલે એક દિવસ શૈતાને બારગાહે ઈલાહીમાં અરજ કરી કે,"યા અલ્લાહ હઝરત અયુબ અલૈહિસ્સલામ તારી ઈબાદત એટલા માટે કરે છે કે તેં એમને ધન દોલત અને ઓલાદથી નવાજયાં છે.એટલે હવે એમને તારી ઈબાદત સિવાય કોઈ કામ નથી.માટે તું મને જો રજા આપે તો હું એમના ઉપર એવો મુસ્લત થઈ જાઉં કે તું જોઈશ કે ત્યારબાદ એ તારી કેવી ઈબાદત કરે છે.અલ્લાહના બધા નબી પાકદામન હોય છે.બે ઐબ–બે દાગ હોય છે.એટલે અલ્લાહ તઆલાની મસીઅત જુઓ કે તેણે શૈતાનને ખાસ પરવાનગી આપી રજામળ્યા બાદ શૈતાન અયુબ અલૈહિસ્સલામ પાસે આવ્યો.જોયું તો અયુબ અલૈહિસ્સલામ ઈબાદતમાં મશગુલ હતાં.શૈતાને આપના ઘેટાં બકરાં તથા બીજા પાલતુ જાનવરો જે બધા મળીને અંદાજીત ચાલીસ હજાર હતા.તે બધાંને મારી નાખ્યાં.ત્યારબાદ અયુબ અલૈહિસ્સલામ પાસે આવ્યો જોયું તો અયુબ અલૈહિસ્સલામ ઈબાદતમાં મશગુલ છે.ઈબાદતમાંથી ફારીગ થયા ત્યારે શેતાને તેમને કહયું કે,તમે જેની ઈબાદત કરો છો તે રબ્બે તમારા બધા પાલતુ જાનવરોને મારી નાખ્યા છે.આપે જવાબ આપ્યો કે"અલ્લાહનો શુક્ર છે કે તેણે મને માલો–દોલતથી બે ન્યાઝ બનાવી દીધો.માલ–દોલત એણે જ મને અતા કરી અને એણે જ લઈ લીધું.હું એની મરજી પર ખુશ છું.

ત્યારબાદ શયતાને છત તોડી પાડી જેના નીચે દબાઈને આપની ઔલાદ ખતમ થઈ ગઈ.ફરી શયતાન આપની પાસે આવ્યો આપ ફરી નમાઝ માં હતા.ફારીગ થયા એટલે શયતાને કહયું કે "તમે જેની ઈબાદત કરો છો.તે રબ્બ તઆલાએ તમારી બધી ઔલાદને ખતમ કરી નાખી છે." આપે ફરમાવ્યું " અલ્લાહુનો શુક્ર છે કે મને ઔલાદની લાલચથી બે ન્યાઝ બનાવી દીધો." આપની જે ખેતીવાડી હતી.શયતાને તેને પણ તબાહ કરી દીધી.ઉજજડ બનાવી દીધી છતાંપણ આપના તવક્કલ અને સબરમાં કોઈ ફરક ન આવ્યો.શૈતાન ગુસ્સે થઈને આપના નસકારોમાં ફુંક મારી જેનાથી આપનું આખો બદન સુજી ગયો અને આખા શરીરમાં ફોડા ઉપસી આવ્યા અને રોંડા ફુટયા.આખું શરીર જખમથી ભરાઈ ગયું.વધુ અજમાઈશ માટે એ જખમોમાં કીડા પડી ગયા.એક રીવાયત પ્રમાણે બાર હજાર જોડી કીડા આપના જખમોમાં હતા.પીડા અસહ્ય થઈ ગઈ.જખમોની બદબુ અને બીમારીને લીધે આપના તમામ સગા સંબંધઓ અને સાથીદારો આપને મુકીને ચાલ્યા ગયા.એક માત્ર આપની બીબી હઝરત રહેમત બીબી આપની ખીદમતમા રહયા.એના સિવાય બીજી બીબીઓ પણ આપને મુકીને ચાલી ગઈ.હદીસમાં આવ્યું છે કે આ બીમારી આપને અઢાર વર્ષ સુધી રહી.ત્યારબાદ અલ્લાહ તઆલાની કુદરતથી

એવું થયું કે એક કીડો બીજા કીડાને ખાવા લાગ્યો.છેલ્લે એક જોડી કીડાની બાકી રહી એમાંથી એકે આપના દિલ ઉપર ડંખ માર્યો અને એકે આપની ઝબાન ઉપર ડંખ માર્યો ત્યારે હઝરત ઐયુબ અલૈહિસ્સલામએ પુકાર્યું 'રબ્બે ઈન્ની મસ્સનીયલ દુર્રાવ અન્ત અરહમુર્રાહેમીન" (અર્થ: અય રબ્બ દર્દ પહોંચ્યો છે અને મહેરબાન છે.રહેમવાળામાં રહેમવાળો.)

આપની ફરીયાદ જ્યારે આપની આજમાઈશ થઈ રહી હતી ત્યારે કરવામાં આવી છે.એની માન્યામાં મુફસ્સેરીન કીરામ લખે છે કે આ ફરીયાદ આપના નફસ ખાતર ન હતી.આપ એટલા માટે અલ્લાહ તઆલા પાસે ફરીયાદ કરીકે આપની જબાન ઉપર કીડાએ ડંખ માર્યો તો આપને ફિકર થઈ કે હવે અલ્લાહનો ઝીકર કેવી રીતે કરીશ જ્યારે દિલ ઉપર કીડા એ ડંખ માર્યો તો આપને ફીકર થઈ કે અલ્લાહની યાદ કેવી રીતે કરીશ.ત્યાર બાદ આપે અલ્લાહ તહાલાનો હુકમ સાંભળ્યો કે આપ આપનો પગ જમીન ઉપર મારો.ત્યારે આપે પગ જમીન ઉપર માર્યો તો બને કીડા દુર જઈને પડયા એક ઝાડ ઉપર પડયો જે રેશમનો કીડો થઈ ગયો. એક દરિયામાં જઈ પડયો જેના લીધે દરિયાઈ મખલુક પેદા થઈ અને એક પાણીનો ચશમુ બન્યું જેમા આપે ગુસલ કર્યું.તો આપને બીમારીમાંથી શીફાઅત મળી ગઈ.આપ પોતાની નબુવ્વત રીસાલતમાં ૪૮ વર્ષ રહયા પછી આપ ઈન્તેકાલ ફરમાવી ગયા.

આપની મઝારની આગળ મેદાનમાં ચશમુ હવે કુવાની સુરતમાં મોજુદ છે.સાથે આપની બીબી બીબી રહેમતનું પણ મઝાર છે.ઘણા માણસો આ ચશમાંથી સ્નાન કરે છે.અને શીફા મેળવે છે.

હઝરત ઐયુબ અલૈહિસ્સલામનું મઝાર મુબારક

બગદાદ શરીફ

આજનો દિવસ બગદાદની જ ઝીયારત કરવાની હતી.સૌ પ્રથમ બગદાદમાં જ ગૌસે આઝમ દસ્તગીર રદીયલ્લાહો તઆલા અન્હોના રોઝાની અતરાફમાં હઝરત મોહંમદ ગઝાલી રહમતુલ્લાહ અલયહેનો મઝાર છે.તેમની ઝીયારત કરી ત્યારબાદ એક મસ્જીદની અંદર એક ખુણામાં એક અલગ હુજરો છે.જેમા હઝરત શેખ સહાબુદીન ઉમર સોહરાવર્દી રદીયલ્લાહો તઆલા અન્હોનું મઝાર છે.સાથે અંદર જ એક નાનકડી ગાર જેવી છે.જેમા ખલીફા મુસ્તહસીન બીલ્લાનું મઝાર છે.અહીંયા ફાતેહા દુઆથી ફારીગ થઈ મસ્જીદમાં નમાઝે મગરીબ અદા કરી.આ હુજરો એકદમ બોસીદા હતું .અંદર લાઈટ પણ નહોતી તમામ ઝીયારતો કરી તેમા આ એક જ હુજરો બીલકુલ બોશીદા હાલતમાં હતો.

હઝરત ઈમામ ગઝાલી રહમતુલ્લાહ અલયહે

હઝરત ઈમામ ગઝાલી રહમતુલ્લાહ અલયહેનું રોઝો મુબારક

સૌ પ્રથમ અમે મકાબીરે ગઝાલી જે મોટો કબ્રસ્તાન છે.જ્યાં હઝરત ઈમામ મોહમદ ગિઝાલી રહમતુલ્લાહ અલયહેનો મઝાર છે.ત્યાં હાજરી આપી.

હઝરત ઈમામે ગિઝાલી રહમતુલ્લાહ અલયહેનું નામ મોહમદ છે અને કુન્નીયત અબુ હામિદ છે.તેમના વાલીદનું નામ પણ મોહમંદ હતું.તુશ જીલ્લાના તાહારાન ગામમાં હિ.સન.૪૫૦

માં તે પૈદા થયા તેમના વાલીદ જે એક સત્યપ્રિય,ઈલ્મ ચાહક અને ગરીબ હતા.આપના બન્ને પુત્ર મોહમદ ગિઝાલી અને અહમદ ગિઝાલી બન્ને ઈલ્મ અને મારેફતના સુરજ બનીને ચમક્યા.

હઝરત ઈમામ મોહમદ ગિઝાલી પોતાના વતનમાં હઝરત શયખ અહમદ અલ્હાઝ કાફી પાસે શાફેઈ ફીકહની તઅલીમ હાસીલ કરી.પછી જરજાનમાં ઈમામ અંબુનસર ઈસમાઈલ પાસે પણ ઈલ્મ હાસીલ કર્યું.તે પછી નીશાપુર જઈને ઈમામુલ હરમયન અલ્લામા જુવૈનીનાં મદ્રેસામાં દાખલ થઈ ગયા.થોડા જ સમયમાં જ આ બધાથી મુમતાજ બની ગયા.અને પોતાના ઉસ્તાદના નાયબ બની ગયા.તેમના ઉસ્તાદ હઝરત ઈમામુલ હરમયન તેમની તારીફ કરતા ફરમાવતા કે ગિઝાલી લબાલબ સમંદર છે.હઝરત ઈમામુલ હરમયનની રહેલત પછી નીશાપુરથી નીકળી ગયા તે વખતે આપની ઉમર ૨૮ વર્ષની હતી.

હઝરત ઈમામ ગિઝાલી નીશાપુર છોડીને નિઝામુલ મુલ્કના દરબારમાં પહોચ્યાં. નિઝામુલ મુલ્ક તેમની શોહરત અને લાયકાતના લીધે તેમને બહુજ માન સન્માનથી દરબારમાં સ્વીકાર્યા.આપની કાબેલીયત જોઈને નિઝામુલ મુલ્કે તેમને મદ્રેસા એ નિઝા મીયાની સદારત માટે નિયુકત કર્યા.જે તે સમયમાં આલીમ માટે સૌથી મોટું સન્માન અને તરકકીનું સાધન હતું.તે વકતે આપની ઉમર ૩૪ વર્ષની હતી.

હિ.સન ૪૮૪ માં તેઓ બહુ શાનો સોકતથી બગદાદમાં પ્રવેશ્યાં અને મદ્રેસાએ નિઝામીયામાં તાલીમ આપવાનું શરૂ કર્યું.થોડા જ સમયમાં આપની તકરીરની ખુબી અને ઈલ્મી કમાલના લીધે બગદાદમાં ધુમ મચી ગઈ.

ખલીફા મુસ્તઝહર જે મુકતદી બિલ્લાહનો જાનશીન હતો.તે ઈમામ ગિઝાલીથી ખાસ સબંધ ધરાવતો હતો.તેની દરખાસ્તથી ઈમામ ગિઝાલીએ,ફિર્કા બાતીનીયાના રદ માં એક કિતાબ લખી અને તેનું નામ ખલીફાના સબંધથી "મુસ્તઝહરી"રાખ્યું.

હઝરત ઈમામ.ગિઝાલી રહમતુલ્લાહ અલયહે ફકત તે સમયના એક આરીફ બિલ્લાહ ન હતાં બલકે તે સમયના મુજદીદ,ઝમાનાના ફીલોસોફર,માનસ શાસ્ત્રના નિષ્ણાંત અને ઉમ્મતના મહાન સુધારક પણ હતાં. બગદાદથી આપ સીરીયા ગયા બે વર્ષ સીરીયામાં એકાંત અને મુજાહિદા કર્યા.ઈલ્મે તસવ્વુફથી જે કાઈ હાસીલ કર્યું.તે મુજબ નફસનાં શુધ્દિકરણ,અને અલ્લાહનના ઝીક્ર માટે પોતાના દીલને પાક કરવામાં મશગુલ રહયા.કઈ સમય સુધી દમિશ્કની મસ્જીદમાં એતેકાફમાં રહયા દમીશ્કથી બયતુલ મુકદદસ આવ્યા ત્યા બૈતુલ મુકદદસમાં દરરોજ "સખરા"ની અંદર દરવાજો બંધ કરી બેસતા.બૈતુલ મુકદદસમાંથી આપ હજ્જો ઝીયારત માટે હીજાજ આવ્યા. હજજ અદા કરી મકકા મદીનાની બરકતો હાસીલ કરી.મદીના શરીફથી પાછા ફરતી વખતે દમાસ્કસ,બૈતુલ મુકકદસ તરફ તશરીફ લઈ ગયા ત્યાં કેટલાક સમય રહયાં.પછી,જામેએ કુદ્દસ'નામના હુઝરામાં ઈસ્લામની મશહુર કિતાબ"અહયાઉલ–ઉલુમ"અને "મફાસેદુલ–ફલાસફહ"નામની કિતાબોનું સંપાદન કાર્ય પુરૂ કર્યુ,તે પછી આપ મીશર અને મન્સુરહ અને ઈસ્કન્દરિયહ નામના શહેરોમાં મુકામ કર્યો.અને હિ.સ.૫૦૦ માં વતન પાછા ફર્યાં.

ઈમામ ગિઝાલી જીંદગીનો છેલ્લા વર્ષોમાં બિલકુલ આબીદ અને રાત દિવસ મુજાહીદા

અને રિયાઝતમાં પસાર કરતા હતાં.કિતાબો લખવાનું કામ ચાલુ રહયું.ઉસુલે ફિકહમાં "મુસ્તસફી"જે તેમની ઘણીજ ઉચ્ચ દરજજાની કિતાબ છે.તે હિ.સ.૫૦૪ માં લખાઈ હતી. કુલ કિતાબોની તાદાદ ૨૦૦ છે તેમાંથી મશહુર નીચે પ્રમાણે છે.

★અહયાઉલ ઉલુમ★કીમીયાએ સઆદત★અલબસીત★અલ વજીઝ★અલ વસીત★અલમુનકઝ મીન્ન દલાલ★ અલ મુરશેદુલ અમીન★મીનહાજુલ આબેદીન★મુકાશેફતુલ કુલુબ ★અલમુસ્તઝહરી★અલ કસ્તાસુલ મુસ્તકીમ★ તેહાફતુલ ફલાસફા★ નસીહતુલ મુલુક



(હઝરત ઈમામ ગઝાલી રહમતુલ્લાહ અલયહેનું મઝાર મુબારક)

હઝરત ઈમામ ગિઝાલી સાહેબની કીતાબોને યુરોપવાળા ઘણી પસંદ કરી છે.અને ઈમામ ગિઝાલીની ઘણી કિતાબો સાચવી રાખી છે.તે કિતાબોમાં ફિલસુફી અને શરીઅતના સિધ્ધાંતોમાં પરસ્પર સરખામણી આપીને અકીદતના મસાઈલને ખાસ અદામાં સમજાવ્યા છે.

ઉપરોકત કિતાબોમાં અખલાક,માનવજીવન,સમાજશાસ્ત્ર,તત્વજ્ઞાન,મનતક(તર્કશાસ્ત્ર), ઈલાહીયાત અને તબીઆત,ગણિતશાસ્ત્ર,વાણીશાસ્ત્ર,અકાઈદની જાણકારીના ખજાના છે.

અલ્લામા ઈબ્ને જોઝી રહમતુલ્લાહ અલયહે લખે છે.ઈમામ ગિઝાલી રહમતુલ્લાહ અલયહે હિ.સ.૫૦૫ નાં જમાદીસ્સાની,૧૪ તારીખ સોમવારના સવારના સમય વઝુ કરી નમાઝ અદા કરીને કફન મંગાવી પોતાની આંખોથી લગાવ્યું અને કહયું "માલીકનો હુકમ માથા અને આંખો પર"આવુ કહીને પગને લાંબા કરી દીધા.લોકોએ જોયું તો આપની પવિત્ર રૂહ પરવાઝ કરી ગઈ હતી.ઈન્ના લિલ્લાહ વ ઈન્ના ઈલયહે રાજેઉન.

ઈમામે સાહેબની ઔલાદમાં ફકત દિકરીઓ હતી.ઈમામ સાહેબ પોતાના હજારો શાગીર્દોમાં મોહંમદબીન તુમર્ત,અલ્લામાં અબુબકર અરબી,જેવા નામવર બે શુમાર શાગિર્દો છોડી ગયા.

હઝરત શહાબુદીન ઉમર સોહરાવર્દી રહમતુલ્લાહ અલયહે

મકાબીરે ગઝાલી એક મોટો કબ્રસ્તાન છે.એમા ઘણાંજ બુઝુર્ગ હસ્તીઓ આરામ ફરમા છે.એનાથી થોડુંક જ આગળળ સડકપાર કરીને ત્યાં એક કિલ્લા જેવી બાંઉન્ડ્રીમાં હઝરત શહાબુદીન ઉમર સોરવર્દી રહમતુલ્લાહ અલયહેનું મઝાર છે.હઝરત શહાબુદીન સૌરવર્દી રહમતુલ્લાહ અલયહેની કુન્નીયત અબુ હફસ શૈખુશ શુયુખ હતું.આપના વાલીદનું નામ શેખ મુહમ્મદ અબ્દુલ્લા કુરેશી હતુ.આપ રજબ મહીનામાં પેદા થયા.હીજરી સન ૫૩૦ અમુક હવાલા મુજબ ૫૪૨ હિ.સ.માં આપનો જન્મ થયો.આપ હઝરત અબુબકર સીદીક રદીયલ્લાહો તઆલા અન્હોની ઔલાદમાંથી છે.આપના ચાચા હઝરત શૈખ અબુ નજીબ સોહરવર્દી રહમતુલ્લાહ અલયહે ના મુરીદ અને ખલીફા છે.આપ હઝરત ગોષે આઝમ અબ્દુલકાદીર જીલ્લાનીરદીયલ્લાહો તઆલા અન્હોની ખીદમતમાં પણ ફૈઝ હાસલ કર્યો છે. હઝરત ઈમામ શાફઈ રહમતુલ્લાહ અલયહેનાં મુકલ્લીદ હતાં.આપની ઘણી કિતાબો છે.જેમા અવારીફ અને ઈઅલામ વગેરે છે.અવારીફની કીતાબ આપે મક્કા મોઅઝઝમા લખી "મનાકીબે" ગોસીયા શેખ મોહંમદ સાદીક શીબાની માં છે.કે આપના વાલિદનાં ઘરે ઔલાદ ન હતી.આપ હઝરત ગૌસે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોથી દુઆ કરાવી હઝરત ગોસે આઝમે દિકરાની દુઆ કરી.એજ રાત્રે હમલ રહયો.નવ મહિના પછી છોકરી પૈદા થઈ.વાલિદ છોકરીને લઈને ગોસે આઝમનાં દરબારમાં પહોંચ્યા ગોસે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હોએ ફરમાવ્યું."આ છોકરી નથી આ છોકરો છે. હું આ છોકરાને શેખુલ શુયુખુ શહાબુદીન શોહરાવર્દીનાં નામથી જાહેર કરૂં છું.એ લાંબી ઉમરનો થશે.પણ આ છોકરાની પલક અને છાતી મોટી થશે.અને ઔલીયા અલ્લાહની સફમાં આલા મરતબો પ્રાપ્ત કરશે.અને એમજ થયું હઝરત શહાબુદીન શોહરાવર્દી રહમતુલ્લાહ અલયહે એ પ્રમાણે મરતબો પ્રાપ્ત કર્યો.

આપની વફાત હી.સન ૬૩૨ માં થઈ તે વખતે આપની ઉમર ૯૩ વર્ષની હતી.આપ પોતાના વકતના એક મોટા મુજદદીદ પણ હતાં.



(નહેરે ફુરાતનું એક સુંદર દશ્ય)

મુજદ્દીદ વિશે થોડી જાણકારી

ઈસ્લામી ભાષામાં મુજદદીદ તેને કહેવામાં આવે છે. જે ઉમ્મતને ભુલાઈ ગયેલા શરીઅતના અહકામો અને નબી.એ–કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ભુલાઈ ગયેલી સુન્નતોને જીવંત કરે અને હક અને બાતીલમાં ફર્ક કરી બતાવે. હકનો અવાજ બુલંદ કરે હદીસે પાકમાં નબી–એ–કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે," ઈન્નલ્લાહા અબ અસો લે હાઝીલ ઉમ્મતે અલારાસે કુલ્લે મેઅતે સનતીન મંય મુજદદેહો લહા દીનહા " અર્થ: અલ્લા તઆલા આ ઉમ્મત માટે દરેક સદીના ખતમ થવા ઉપર એક મુજદદીદ જરૂર મોકલશે જ ઉમ્મત માટે તેમનો દિન તાજો કરી દેશે.

આ મુજદદીદ પણ ઔલિયા એ કિરામની જમાઅતમાંથી જ હોય છે.ઔલીયા અલ્લાહને રબ્બે તઆલા પોતાના બંદાઓની ભલાઈ હિદાયત માટે અલગ–અલગ કામો ઉપર મુકર્રર કરે છે.નબી એ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વિસાલ પછી હર સદીના મુજદદીના નામ મુબારક આપણે જાણીએ જે ઉલ્માએ કિરામ આ પ્રમાણે જણાવે છે.જે બરકત માટે લખું છું.

પહેલી સદીના મુજદદીદ માટે સર્વે ઉલ્માએ ઈસલામ એકમત છે.ખલીફ એ રશીદ હજરત ઉમર બીન અબ્દુલ અઝીઝ રહમતુલ્લાહ અલયહે

બીજીસદીના:– (૧)હજરત સૈયદેના ઈમામ હસન બસરી રહમતુલ્લાહ અલયહે(૨)હજરત ઈમામ મોહમદબીન હસન શૈબાની રહમતુલ્લાહ અલયહે(૩)હજરત માલીક બીન અવસ રહમતુલ્લાહ અલયહે(૪)હઝરત ઈમામ અબ્દુલા બીન ઈદ્રીસ સાફઈ રહમતુલ્લાહ અલયહે(૫)ઈમામ હસન બીન ઝેયાદ(રહમતુલ્લાહ અલયહે)

ત્રીજી સદીના:– (૧) હજરત ઈમામ અબુલ હસન બીન ઉમર (૨) હજરત ઈમામ અહમદ બીન હમ્બલ (૩) હજરત કાઝી અબુલ અબ્બાસ ઈબ્ને શરીફ શાફઈ (૪) હજરત ઈમામ અબુલ હસન અશઅરી (૫) હજરત ઈમામ મુહમદ ઈબ્ને જરીર તિબ્રી (રદીયલ્લાહો અન્હુમ)

ચોથી સદીના:–(૧) હજરત ઈમામ તહાવી(૨) હજરત ઈમામ ઈસ્માઈલ બીન હમ્માદ જાફરી (૩) હજરત ઈમામ અબુ જાફર બીન તીબરી(૪)હજરત ઈમામ અબુહાતીમ રાઝી (૫)હજરત ઈમામ અબુબકર ઈબ્ને બાકેલાની(૬)હજરત ઈમામ અબુહામીદ અસ્ફહાની(રદીલ્લાહો અન્હુમ)

પાંચમી સદીના:– (૧)હજરત ઈમામ અબુનઈમ ઈસ્ફહાની(૨)હજરત ઈમામ અબ્દુલહુસેન અહમદબીન મોહંમદ સબી કફીલ કાદરી(૩) હજરત ઈમામ હુશૈન બીન રાગીબ (૪) હજરત ઈમામ ગઝાલી (૫) હજરત ઈમામ કાઝી ફખરૂદીન હનફી (રદીલ્લાહો અન્હુમ)

છઠી સદીના:– (૧) હઝરત ઈમામ ફખરૂદીન રાઝી(૨)હઝરત ઈમામ અબ્દુલ ફઝલ ઉમર રાઝી(૩) હજરત અલ્લામા ઈમામ ઉમર નસફી (૪)હજરત ઈમામ અબુમુહમ્મદ હુસેન બીન મસ્ઉદ ફરાઅ(રદીલ્લાહો અન્હુમ)

સાતમી સદીના:– (૧) હજરત ઈમામ અલ્લામા અબ્દુલ ફઝલ જમાલુદદીન મોહંમદબીન અફ્રીકી મીસરી(૨) હજરત ઈમામ શેખ શહાબુદીન સોહરવર્દી (૩)હજરત ઈમામ ખ્વાજા

મોહદયુદીન ચીસ્તી સંજરી અજમેરી(૪)હજરત ઈમામ અબ્દુલહસન ઉઝુદદીન અલીબીન મોહંમદ ઈબ્ને અરબી.(૫)હજરત ઈમામ શેખ અકબર મોહદયુન મોહમદ ઈબ્ને અથીર (૬)હજરત ઈમામ તકીયુદદીન ઈબ્ને દકીકુલઈદ (રદીયલ્લાહો અનહુમ)

આઠમી સદીનાઃ–(૧)હજરત ઈમામ તાજુદદીનબીન અતાઉલ્લા સિકન્દરી (૨)હજરત ઈમામ સુલતાનુલ મશાઈખ મહેબુબે ઈલાહી ખ્વાજા નિઝામુદદીન ઔલિયા(૩)હજરત ઈમામ ઉમરબીન મસ્ઉદ તફતઝાની(૪) હજરત ઈમામ ઝૈનુદદીન ઈરાકી(૫) હજરત ઈમામ અલ્લામા ઈમામ શમસુદદીન જરઝી (૬) હજરત ઈમામ સિરાજુદદીન બલકીની(રદીયલ્લાહો અન્હુમ)

નવમી સદીનાઃ–(૧)હજરત ઈમામ હાફેઝ જલાલુદદીન અબુબકર અબ્દુર્રહેમાન સુયુતી(૨) હજરત ઈમામ નુરૂદદીનબીન અહમદ મીસરી(૩)હજરત ઈમામ મોહંમદ બીન યુસુફ ફરમાની (૪) હજરત ઈમામ શમદુદીન અબ્દુલ ખૈર મોહંમદબીન અબ્દુર્રહમાન સખાવી.(૫)હજરત ઈમામ સૈયદ શરીફ અલી બીન મોહંમદ જરમાની(રદીયલ્લાહો અન્હુમ)

દસવીં સદીનાઃ–(૧) હજરત ઈમામ શહાબુદદીન અબુબકર અહમદબીન મોહંમદ ખતીબ કીસ્તલાની(૨) હજરત ઈમામ મોહંમદ સર્બીની (૩)હજરત ઈમામ મોહંમદ તાહેર મુહદદીસ (૪) હજરત ઈમામ શીહાબુદદીન રમલી(૫) હજરત ઈમામ મુલ્લાઅલીકારી (રદીયલ્લાહો અન્હુમ)

અગીયારમી સદીનાઃ–(૧) હજરત ઈમામે રબ્બાની મુજદદીદે અલ્ફેસાની શેખ અહમદ સરહીંદી(૨)હજરત ઈમામ શેખ મોહક્કીક મૌલાના શાહ અબ્દુલહક મુહદદીસ દહેલવી(૩)હજરત ઈમામ મીર અબ્દુલ વાહીદ બલગરામી(૪)હજરત ઈમામ અલી બીન સુલતાન કારી(૫)હજરત ઈમામ સુલતાનુલ આરેફીન ઈમામ મોહમદ બાહુ (રદીયલ્લાહો અન્હુમ)

બારવીં સદીનાઃ– (૧) હઝરત અલ્લામાં ઈમામ મૌલાના અબ્દુલ હસન મોહંમદ બીન અબ્દુલ હાદી.(૨)હજરત અલ્લામાં ઈમામ અબ્દુલ ગની તાબીલીસી(૩) હજરત અલ્લામા ઈમામ શેખ અહમદ મુલ્લાજીવન(હઝરત આલમગીર રહમતુલ્લાહ અલયહેના ઉસ્તાદ)(૪)હજરત અલ્લામાં ઈમામ શેખ સૈયદી શાહ કલીમુલ્લાહ ચીશતી(૫)હજરત અલ્લામાં ઈમામ શેખ ગુલામનકશબંદી લખંનવી(૬)હજરત અલ્લામાં ઈમામ કાઝી મુહિબ્બુલ્લા બિહારી(૭)શહેનશાહે હિન્દુસ્તાન અબુલ મુઝફ્ફર મોહયુદદીન ઔરંગઝેબ આલમગીરી.(રદીયલ્લાહો અન્હુમ)

તેરવીં સદીનાઃ–(૧)હજરત ઈમામ અબ્દુલ અલી લખનવી(૨)હઝરત ઈમામ શેખ અહમદ સાદી માલીકી(૩)હજરત ઈમામ અહમદ બીન ઈસ્માઈલતહતાવી(૪)હજરત ઈમામ શાહ અબ્દુલ અઝીઝ મુહદદીસ દહેલવી(રદીયલ્લાહો અન્હુમ)

ચૌદમી સદીનાઃ–(૨)ઈમામે અહેલે સુન્નત મુજદીદે આઝમ ફાઝીલે બરેલવી સૈયદના શાહ ઈમામ અહમદ રઝા (રદીયલ્લાહો અન્હો)

તા.૨૭/૬/૨૦૦૫ નો દિવસ અમારો બગદાદ શરીફનો છેલ્લો દિવસ હતો.આજે અમો આ ઔલીયાઓની નગરીને અલવીદા કહેવાના હતાં માટે દિલમાં ઘણો જ અફસોસ અને ગમ હતું.

અમે ગોષે આઝમનાં મઝાર મુબારક ઉપર હાજર થયાં.તે વખતે ત્યાં ગીરદી પણ ઓછી હતી.માટે કબર મુબારકની બાજુમાં બેસી યાસીન શરીફ પઢી,ખુબ દુઆઓ માંગી.ત્યાંના ખાદીમો સાથે થોડી ઘણી ઓળખાણના લીધે નમાઝે ઈશા સુધી અમારા માટે દરગાહ શરીફ ખુલ્લી મુકી હતી.નમાઝે ઈશા પઢવા માટે મસ્જિદમાં આવ્યા.ઈશા નમાઝની જમાતથી પહેલા મસ્જિદમાં મુજ નાચિજને આજે ગોષે આઝમની બારગાહમાં આપની શાનમાં તકરીર કરવાનો મોકો નસીબ થયો.ઈશા નમાઝ બાદ ઝિક્રે કાદરીયાનો અહીંનો રોજનો નિત્ય ક્રમ છે.જે ઈશ્કો મોહબતથી ઝિકર કરી દિલોને બરકતોથી મુસ્તફીઝ કર્યું.અને ગોષે આઝમના મઝાર શરીફ ઉપર અલવિદાઈ ફાતેહા–સલામ અર્ઝ કર્યું.રવાના થવાના સમયે ઘણીજ બેચેની અને દિલમાં ગમ હતું.ખુદા જાણે પાછું અહીં ફરી આવવાનું કયારે નસીબ થાય.

(હુઝૂર ગોસેપાકનો રોઝો અને નહેરે ફુરાતનું એક સુંદર દશ્ય)



બૈતુલ મુકદ્દદસ

તા.૨૮/૧૨/૦૫ સવારે નમાઝે ફઝર બાદ તારીખી શહેર,ઔલીયાઓની નગરી શહેરે બગદાદને અલવીદા કરી,બૈતુલ મુકદદસ જવા રવાના થયાં.બસ ધ્વારા અમો જોર્ડનની બોર્ડર ક્રોસ કરી સાંજે અમે જોર્ડનના મશહુર શહેર ઓમાનમાં પહોંચ્યા.ઠંડીનું પ્રમાણ વધારે હોતાં અને સતત ૧૨ કલાકની મુસાફરીના લીધે થાક હોતાં રાત્રે જમી પરવારી નમાઝે ઈશા બાદ તરત જ સુઈ ગયા.તા.૨૯ ના સવારે નમાઝે ફઝર અદા કરી ચા નાસ્તો કરી અમે બૈતુલ મુકદદસ તરફ રવાના થયાં.સવારના ખુશનુમા વાતાવરણમાં ઓમાન શહેરની ખુબસુરતી જોવા લાયક હતી.ઓમાન દુનિયાના જોવાલાયક સ્વચ્છ શહેરોમાંથી એક શહેર છે.આખું શહેર ખુબસુરત પહાડીઓ અને ડાલાનથી કુદરતી રીતે શણગારેલું છે.રસ્તાની આજુબાજુમાં ખુબસુરત જૈતુનના ઝાડ અને અન્ય ઝાડીઓથી શોભતું નજર આવે છે.

બપોરે જોર્ડન બોર્ડર પાર કરી ઈઝરાઈલ સરહદે પહોંચ્યાં.ત્યાં સખત ચેકીંગમાંથી પસાર થયાં.ત્યાં અલગ પીલગીરીમ પાસ બનાવવામાં આવી.બસની બદલી કરી. પછી બપોરે બૈતુલ મુકદદસ તરફ રવાના થયા ત્યાંનો એજન્ટ સાથે જ હતો.રસ્તામાં મજમએ બહારૈન જોયો પછી જેરીકો સીટી કે જે ૧૦ હજાર વર્ષ જુનુ શહેર છે અને અહીંની જમીનની સપાટી દુનિયાની અન્ય જમીનથી ૨૫૦ મીટર નીચી છે.એની સહેલ માણી.આ શહેરમાં હજરત ઈસા અલૈહિસ્સલામે ૪૦ દિવસ ઈબાદત કરી હતી.ત્યાં એક ચર્ચ બનાવેલું છે.ત્યાં પહાડ ઉપર ઘણા ઈસાઈ આવે છે.આ ગામમાં પાણીમાં હજરત યુશા અલૈહિસ્સલામ પોતાની લુઆબ–મુબારક નાખી હતી.એટલે પાણી એકદમ મીઠું અને હલકું બની ગયું જેના થકી આજે ઘર–ઘર એક બગીચો છે. આખું શહેર કુદરતી સૌંદર્યથી ભરપુર છે.ફળ ફુલોમાં કુદરતની અજબ કારીગરી અહીં જોવા મળે છે.અહીંની એક ખુબ સુરત હોટલ જે આલીશાન અને હજારો ટુરીસ્ટરો રોકાઈ શકે એટલી વિશાળ છે.આ હોટલમાં એજન્ટ અમને લઈ આવ્યો.હોટલનું નામ મુતઅમ જબલે કરનતલ હતુ.જેમા અમારૂં રોકાણ હતું.

હોટલથી બહાર સુંદર બજાર છે. જ્યાંથી તબર્રૂક(બરકત માટે)માટે થોડા અંજીર ખરીદયાં. ત્યાંથી પાછા બસમાં રવાના થયા.૪૫ મિનીટનું અંતર કાપ્યા પછી બૈતુલ મુકદદસ પહોંચ્યાં. પહાડીઓની બુલંદી અને ઢોળાવ ઉપર આવેલ રસ્તા અને પહાડીઓની વચ્ચે વસેલું શહેર ખુબ સુંદર લાગતું હતું.હરીયાળી અને અવનવા ઝાડો શહેરની સુંદરતામાં ઔર વધારો કરતા હતા.પહાડી પરના રસ્તા પર ચઢતી બસમાંથી શહેરનું દ્રશ્ય જોઈ દિલ આનંદથી ઝુમી ઉઠયું.

આ તે બૈતુલ મુકદદસ છે.જેમા પયગંબરી ઈતિહાસ સમાયેલો છે.જેની સૌ પ્રથમ તામીર હઝરત દાઉદ અલૈહિસ્સલામે શરૂ કરી હતી.પરંતુ આ ઈમારત માણસનાં કદ બરાબર ઉભી થઈ.અને હઝરત દાઉદ અલૈહિસ્સલામનો વિસાલ થઈ ગયો.તે પછી આપના ફરઝંદ હઝરત સુલેમાન અલૈહિસ્સલામ આપના જાનશીન થયાં અને ઈન્સાનો તેમજ જીન્નાતો ધ્વારા બૈતુલ મુકદદસની ઈમારતને પૂર્ણ કરાવી.

હઝરત સુલેમાન અલૈહિસ્સલામને અલ્લાહ તઆલાએ એક અઝીમુશ્શાન હુકુમત અતા ફરમાવી હતી.અલ્લાહ તઆલાએ હવા(વાયુ)ને પણ આપના તાબે કરી દીધી હતી.આપ હવાને જ્યાં પણ હુકમ ફરમાવતાં તો હવા આપના તખ્તને ત્યાં ઉડાવીને લઈ જતી.ઈન્સાન,જીન્નાત

અને પક્ષીઓ બધા આપના તાબે અને આપના લશ્કરમાં હતાં.આપ જાનવરોની બોલી પણ સમજતાં હતાં.હઝરત સુલેમાન અલૈહિસ્સલામને બૈતુલ મુકદદસની તામીરની ફીકર થઈ.એટલે આપે જીન્નાતો અને ઈન્સાનોને ભેગા કર્યા અને જેના લાયક જેવું કામ તે લાયકાત પ્રમાણે જીન્નાતો અને ઈન્સાનોને બૈતુલ મુકદદસની તામીરનું કામ સોપ્યું.જીન્નાતોને રૂખામ,કીંમતી પથ્થર,યાકુત અને સોનું ચાંદી જમા કરવાનું કામ સોંપવામાં આવ્યું.જીન્નાતોની એક જમાતને દરીયામાંથી મોતી કાઢવા માટે નકકી કર્યાં. અને એક જમાતને મુશ્ક અને અંબર જેવી ખુશ્બુ જમા કરવા માટે મુકર્રર કરી.સંપૂર્ણ કારીગરોને બોલાવીને ચણતરનું કામ શરૂ કર્યું.બૈતુલ મુકદદસની દિવાલો સફેદ અને લીલા સંગેમરમરથી બનાવવામાં આવી અને એના પીલોર બીલોલથી બનાવવામાં આવ્યાં.છતને કીંમતી પથ્થરો અને ઝવેરાતથી સજાવવામાં આવી.ફર્શને ફીરોઝની મોટી તખ્તીઓથી શણગારવામાં આવ્યું.

બૈતુલ મુકદદસનાં ચણતરનું કામ ચાલુ હતું.તે દરમ્યાન એક દિવસ હઝરત સુલેમાન અલૈહિસ્સલામે પોતાના મહેલમાં એક નવજવાનને જોયો.આપે તે નવજવાનને પુછયું કે,"તું વગર રજાએ અંદર કેવી રીતે આવ્યો ?"પેલા જવાને જવાબ આપ્યો કે, રજા લઈને આવ્યું છું.આપે ફરમાવ્યું કે રજા કોણે આપી છે.તે નવજવાને જવાબ આપ્યો કે,આ મહેલના માલીકે રજા આપી છે.આ જવાબ સાંભળી આપ સમજી ગયા કે,આ મલકલ મૌત છે અને મારી રૂહ કબ્ઝ કરવા આવ્યો છે.પરંતુ બૈતુલ મુકદદસની ચણતરનું કામ ચાલુ હોતાં હઝરત સુલેમાન અલૈહિસ્સલામ અલ્લાહની બારગાહમાં દુઆ કરી કે,મૌલા તારા ઘરનું કામ પુરૂં થાય ત્યાં સુધી મુદત આપ"માટે હઝરત સુલેમાન અલૈહિસ્સલામ પોતાની અસા મુબારક ઉપર ટેક લગાવીને ઉભા રહી ગયા અને એજ હાલતમાં આપનો વિસાલ થયો.જીન્નાતો અને ઈન્સાનો બૈતુલ મુકદદસની તામીરનું કામ બરાબર કરતાં રહયા.તેઓ સમજયા કે,હઝરત સુલેમાન અલૈહિસ્સલામ અમારી નિગરાની કરી રહયા છે.જ્યારે અસાને ઉધઈ ખાઈ ગઈ અને અસા પડી ગઈ ત્યારે હઝરત સુલેમાન અલૈહિસ્સલામનો જીસ્મ મુબારક પણ પડી ગયો.આ જોઈ બધાને ખબર પડી કે,આપ વિસાલ ફરમાવી ગયા છે.આટલી મુદત સુધી આપનો જીસ્મ મુબારક ફકત લાઠી ઉપર બિલા રૂહ ઉભો હતો.આપની અસા ચોબખરબની લાકડીની હતી.હઝરત સુલેમાન અલૈહિસ્સલામ બૈતુલ મુકદદસમાં ઈબાદત કરતાં તો મહેરાબમાં દર વર્ષે એક ઝાડ ઉગતો.આપ એ ઝાડને તેનું નામ અને કામ પુછતાં.તે ઝાડ આપને પોતાનું નામ અને ફાયદો બતાવતો.જે ઝાડ ફલદાર અને ફાયદાનો હોય તો આપ એને ત્યાંથી ઉખેડીને બીજી જગ્યાએ વાવી દેતાં.એવી જ રીતે એક દિવસ બેઠા હતા.અને આપની નજર એક ઝાડ ઉપર પડી.આપે તેને તેનું નામ પુછયું તો તે ઝાડે જવાબ આપ્યો કે,મારૂં નામ ખરૂબા છે.અને હું આપના ગુલશનને વિરાન કરવા માટે પૈદા કરવા માટે આવ્યો છું.આપ સમજી ગયા કે મારી વફાતનો વકત કરીબ આવી ગયો છે.હઝરત અબ્દુલા ઈબ્ને અબ્બાસથી રીવાયત છે કે,હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે,"જ્યારે ખરૂબાના ઝાડનો જવાબ સાંભળ્યો તો હઝરત સુલેમાન અલૈહિસ્સલામ સમજી ગયા કે,મારી વફાતનો વકત આવી ગયો છે.ત્યારે હઝરત સુલેમાને દુઆ માંગી કે,"અય પરવરદિગાર મારી મૌતને જીન્નાતો ઉપર મખફી રાખ જેથી ઈન્સાનોને ખબર પડે કે,જીન્નાતોને ઈલ્મે ગયબ નથી."અલ્લાહ તઆલાએ હુકમ કર્યો કે,"આપ આ ખરૂબાની લાકડીને ટેક લગાડીને ઉભા રહી જાઓ."અને

એજ હાલતમાં આપનો વિસાલ થયો.અને બૈતુલ મુકદદસનું કામ પણ પુરૂં થયું.વિસાલ વખતે આપની ઉમર ૫૩ વર્ષની હતી.



(બૈતુલ મુક્દ્દસ)



(જેરૂસલેમ શહેર, બૈતુલ મુકદ્દસ, મસ્જિદે અક્સા–ઈઝરાઈલ)



(મસ્જિદે અક્સા–ઈઝરાઈલ)



(બૈતુલ મુક્દ્દસ)



(દિવાલે ગીરીયા)

હજરત ઈશા અલૈહિસ્સલામ

આ મુકદદસ શહેરમાં આજે અમારી હાજરી હતી.તેની ઘણીજ ખુશી હતી.અમને એક પહાડ ઉપર આવેલ ઘણીજ સગવડવાળી આલીશાન હોટેલ "સેવન આરકીસ"માં રોકાણ કરવાનું મળ્યું.અમારી આ હોટલ જે પહાડી ઉપર આવેલ હતી.તે પહાડીની સામે એક ચર્ચ છે.

બૈતુલ મુકદદસની સામે એક ચર્ચ છે.જેને બૈતુલ લહમ કહેવામાં આવે છે.આનો ગુંબદ સોનાનો બનેલો છે.ઈસાઈઓનું માનવું છે કે હઝરત ઈસા અલૈહિસ્સલામને ફાંસી આ જગ્યાએ આપવામાં આવી હતી.એટલે કે આપ આસમાન ઉપર આ જગ્યાએથી તશરીફ લઈ ગયા હતાં.તે ચર્ચની અંદર એક હુઝરો છે જેમા હઝરત ઈશાના કદમ મુબારકના નીશાન છે.

હઝરત ઈશા અલૈહિસ્સલામની પૈદાઈશ મુલ્કે શામના નાશીરા નામના એક કસ્બામાં થઈ માટે આપને યુશુઅ નાશીરી પણ કહેવામાં આવે છે.આપનો ઈશમ શરીફ યુસુસી છે.જેનો અર્થ થાય છે.'મુબારક' એમાથી લફઝ ઈશા બન્યો છે.ઈશા શબ્દ અને યુસુસી બને ઈબ્રાની ભાષાના છે.આ બને શબ્દોનો અર્થ એકજ છે.

હઝરત ઈશા અલૈહિસ્સલામ ૧૨ વર્ષની ઉમર શરીફમાંજ દીનની તબલીગ શરૂ કરી દીધી હતી.હઝરત જીબરીલ અલૈહિસ્સલામે ૩૦ વર્ષની ઉમરમાં નબુવ્વતના ફરીઝાનો હુકમ અલ્લાહ તઆલા તરફથી ફરમાવ્યો હતો.આપને ઈન્ઝીલ(આસમાની કીતાબ)૧૨ અથવા ૧૩ રમજાનુલ મુબારકમાં અતા થઈ.

હઝરત ઈશા અલૈહિસ્સલામને અલ્લાહ તઆલા તરફથી અતા કરેલ મોઅજીજા જે હઝરત ઈશાએ પોતાની કૌમ ઉપર જાહેર કર્યા હતા.જેમા (૧) માટીમાંથી પક્ષી બનાવી.ફુંક મારી અલ્લાહનાં હુકમથી જાનદાર બનાવી ઉડાવી દેવું.(૨)જન્મથી આંધળાને આંખોમાં નુર આપી દેખતો કરવો.(૩)કોઢની બીમારી વાળા મરીજને તેજ સમયે તંદુરસ્ત કરવો.(૪)મુર્દાઓને જીંદા કરવું.(૫)ઈલ્મે ગૈબથી બતાવી દેવું કે બની ઈસરાઈલ પોતાના ઘરોમાં શું પુંજી રાખી છે અને શું ખાઈને આપની પાસે આવ્યા છે.

આપને અલ્લાહ તઆલાએ અતા કરેલા મોજીઝાઓમાંથી બીમારોને શીફા મળી જતી.માટે આપની પાસે લોકોની એટલી ભીડ થતી કે,કયારેક ૫૦,૦૦૦(પચ્ચાસ હજાર)જેટલા મરીજો ભેગા થઈ જતાં.હઝરત જીબ્રીલ અલૈહિસ્સલામને અલ્લાહ તઆલાએ હઝરત ઈસા સાથે રહેવાનો હુકમ ફરમાવ્યું હતું.

એક દિવસ આપની કૌમ આપની પાસે ફરમાઈશ કરી કે,અમારા માટે આસમાનમાંથી ખાણું મંગાવી આપો.હજરત ઈસા અલૈહિસ્સલામએ ગુસલ કર્યો,કમલી ઓઢી અને નમાઝ અદા કરી,માથું ઝુકાવી, આંખો બંધ કરી દુઆ માંગી કે તરત જ દુઆ કબુલ થઈ.તરત જ બે વાદળોના વચમાં એક ઉપર અને એક નીચે વચમાં લાલ રંગનો સુફરો માણસોને જોવામાં આવ્યો.જે બધાની વચ્ચે આપો આપ બિછાઈ ગયો.આ જોઈ હજરત ઈસા અલૈહિસ્સલામ રડી પડયા અને કહયું કે, "ઈલાહી તુ મને શુક્ર ગુઝાર બંદાઓમાંથી બનાવ અને આ ગૈબી ખ્વાનને જહાન માટે રહેમત બનાવ. કયાં એવું ન થાય કે આ માણસોની સુરત મસ્ખ કરવાનું કારણ બની જાય."પછી આપે નમાઝ અદા કરીને ફરમાવ્યું,તમારામાં નેક પરહેઝગાર આવે અને આ ખ્વાનને ખોલે.ત્યારે આપના હવારીઓના સરદાર હજરત શમઉને કહયું, " આપ બધાથી પરહેઝગાર નેક અને

લાયક છો.''ત્યારે આપ ફરી વુઝુ કરી નમાઝ અદા કરીને ખોલ્યું અને કહયું કે "બીસ્મીલ્લાહે ખૈરૂરાઝેકીન " પઢીને ખાઓ આ ખ્વાનમાં વગર કાંટા અને છીલરની માંછલી તળેલી હતી.ચારે તરફથી ચીકાસ વહી રહયો હતો.એના માથા પાસે નમક,પુંછડી પાસે સીરકો, ચારેકોર તરકારી સજેલી હતી.પાંચ રોટલી હતી.એક ઉપર રોગને ઝૈતુન,બીજી ઉપર મધ,ત્રીજી ઉપર દહી.ચોથી ઉપર પનીર અને પાંચમી રોટલી ઉપર સુકો ગોશ્ત હતો.શમઉને પુછયું કે આ દુનીયાનો ખાણુ છે કે આખેરતનું ? આપે ફરમાવ્યુ કે બન્નેમાંથી કોઈનો નથી. આ અલ્લાહ તઆલા પોતાની કુદરતના કમાલથી નવી ચીજ અતા કરી છે.જે તમે માગ્યું તે તમને મળી ગયું.હવે ખાઓ અને અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરો. ઉલમાએ કિરામ ફરમાવે છે કે આ માયદા (સુફરો) ૪૦ દિવસ સુધી ઉતરતો રહયો.ફકીર માલદાર બધા સાથે મળીને ખાતા હતા.જ્યારે શેર થઈ જતા.ખ્વાન પાછો ઉપર ચડી જતો.આ ખ્વાનને બીમાર જો ખાતા તો તંદુરસ્તી હંમેશ માટે મળી જતી.અને ફકીર ખાતા તો માલદાર બની જતા.ત્યારબાદ અલ્લાહ તઆલાએ હુકમ ફરમાવ્યો કે હવે આ ખ્વાન ફકત મરીઝ અને ફકીર જ ખાય માલદાર દુર રહે.પરંતુ માણસોએ અલ્લાહના હુકમની અવગણના કરી જેથી અલ્લાહ તઆલાએ એમની સુરત મસ્ખ કરી સુવ્વર બનાવી દીધા.

હજરત ઈસા અલૈહિસ્સલામને ઈબનુલ્લા બનાવવાવાળો પ્રથમ માણસ સાઉલ હતો.એ એક યહુદી હતો.જે આપના હવ્વારીઓને ઘણો જ તંગ કરતો હતો.હઝરત ઈસા અલૈહિસ્સલામને આસમાન ઉપર ઉઠાવી લીધા પછી આ માણસે અચાનક એલાન કર્યું કે એણે હઝરત ઈસા મસીહનુ નુર જોઈ લીધું છે.પછી તે હઝરત ઈસા અલૈહિસ્સલામનો માનવાવાળો બની ગયો.ને હુવ્વારીઓમાં શામીલ થઈ ગયો.તેણે પોતાનું નામ બદલીને પૌલુશ રાખી લીધું.એજ માણસ ઈસાઈ દુનિયામાં સેન્ટ પોલના નામથી મશહુર થઈ ગયો.

હઝરત ઈશા અલૈહિસ્સલામ ને ૩૩ વર્ષની ઉમરમાં આસમાન ઉપર ઉઠાવી લેવામાં આવ્યા.આપ જ્યારે દુનિયામાં બીજી વખત નુઝુલ ફરમાવશે તો ૪૦ વર્ષ દુનિયામાં રહેશે.

હઝરત ઈશા અલૈહિસ્સલામની યાદો હજી પણ બૈતુલ મુકદ્દસમાં મોજુદ છે.જેને જોઈ ઈમાન તાજુ થઈ જાય.બૈતુલ લહમથી થોડો આગળ એક ખુબસુરત "બાગેઝૈતુન" છે.જે બે હજાર વર્ષ જુનો બગીચો છે જે કહેવાય છે કે,હઝરત ઈશાના જમાનાથી આ બગીચો છે.તેમા આંઠ ઝાડ હજી પણ તે વખતના છે.અને તે પણ ફલદાર છે.ત્યાંથી અમે બૈતુલ મુકદદસની હાજરી માટે રવાના થયા.અસર નમાઝ મસ્જીદે અકસામાં જમાતથી અદા કરી અને મસ્જીદે અકસાની ફઝીલત ઉપર અડધા કલાક તકરીર કરી.કાફલાવાળાઓને તે વિશે સમજણ પણ આપી.મસ્જિદે અકસાનો આખો એરીયા ૪ કિલોમીટરમાં છે.એનો ગઢ ઘણું પુરાણો છે.૫૫૯ વર્ષ જુનું છે.મોટા મોટા પથ્થરોથી ચણતર કરેલું છે.અંદર ઝૈતુનના ઝાડનાં બગીચાના લીધે આખો વિસ્તાર ખુબસુરતી થી સજેલો નજર આવે છે.દરવાજાની આગળ કબ્રસ્તાન છે.જેમાં ઘણા સહાબીઓ,નબીઓ,ઔલીયાઓ દફન છે.ત્યાં કબરોમાંથી બે કબરો ઉપર તખ્તી લાગેલી જોવા મળી જેના ઉપર લખેલું હતું.(૧)હઝરત ઉબાદાબીન સામેત(૨)શદ્દાહ બિન ઔસ–વફાત હી.સ.૫૭ ના મઝાર છે.મસ્જીદે અકસાનો અડધો ભાગ નવો બનેલો છે અને બાકીનો ભાગ જૂનો છે.

ઈ.સ.૧૪૩૭ માં યહુદીઓએ હુમલો કયો હતો.તે વખતે મસ્જિદે અકસાને આગ લગાડી

હતી.તે આગમાં ગાજી સાલાઉદીન ઐયુબીએ બનાવેલો મીમ્બર પણ બળી ગયો હતો.તે વખતની લડાઈમાં ૯૦ હજાર મુસ્લિમો શહીદ થયા હતા.તે પછી ઈ.સ.૧૯૪૭ માં મસ્જિદનો એક ભાગ નવો તામીર કરવામાં આવ્યો.

આ મુકદદસ શહેરમાં યહુદીઓનાં જુલ્મો સીતમથી ૯૦ લાખ ફલસ્તીની મુસ્લિમો હીઝરત કરી ગયા છે.હાલ ફકત ૩૦ ટકા જેટલો મોજુદ છે.મસ્જિદે અકસાથી થોડું આગળ મસ્જિદે બુરાક છે.મેરાજની રાત્રે જ્યાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બુરાક બાંધવામાં આવી હતી.ત્યાંથી થોડો આગળ દિવાલે ગીરીયા છે.જ્યાં ઈ.સ.૧૪૪૭ માં જે નુકસાન થયું તેનાથી અમુક બચેલા કે તેના થોડા અવશેષો અહી સાચવી મુકવામાં આવ્યા છે.

ત્યાંથી આગળ અમે બૈતુલ મુકદ્દદસમાં ગયા તે આખો એરીયા જે જગ્યાએ મેરાજની રાત્રે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તમામ અંબીયાઓને નમાઝ પઢાવી હતી.બૈતુલ મુકદદસ ઘણો જ ખુબસુરત અને આલીશાન બનાવેલ છે.તેની અંદર સોનાનું નકશી કામ કરેલ છે.ઉપર જે ગુંબદ છે.જેમા ૧૦૦૦ કિ.ગ્રા સોનું જે જોર્ડનના રાજા શાહહુસેને આપી અંદર સુંદર કામ કરાવ્યું છે.બૈતુલ મુકદદસમાં દરમીયાનમાં એક પહાડી મહેફુઝ રાખેલ છે.જે પહાડી ઉપરથી હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ જગ્યાએથી આસમાન તરફ ગયા.આ પહાડી નીચે એક ગાર છે.ત્યાં ૨ રકાત નમાઝ પઢી.જ્યાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પઢયા હતાં.તે ટેકરાના ખુણા ઉપર હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો બાલ મુબારક અને એક પથ્થર છે.

આ પથ્થર ઉપર હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો કદમ મુબારક આવ્યો હતો.તે પથ્થર પણ ત્યાં સાંચવીને મુકેલ છે.તે પથ્થરમાંથી મુશકની ખુશબુ આવતી હતી.

મગરીબ નમાઝ પણ અમો ત્યાં અદા કરી નમાઝ બાદ ત્યાંના ઈમામ સાહેબ હદીશનો દર્શ આપતા હતાં.જેમા હજજનો બયાન કરી રહયા હતા.અમો પણ જે જિકે નવાફીલમાં શરીક રહયા.ઈશા નમાઝ સુધી નમાઝે ઈશા અદા કરી, દુઆઓ કરી.અલ્લાહ તઆલા ફરી આ મુકદદસ જગ્યાએ જિયારત કરવાની સઆદત બક્ષે.દુઆ ગુજારી પાછા રાત્રે હોટલ આવ્યા.

હઝરત દાઉદ અલૈહિસ્સલામ

મસ્જિદે અકસાની ઝિયારત બાદ અમે હઝરત દાઉદ અલૈહીસ્સલામની મઝાર શરીફની ઝીયારત માટે ગયા.ત્યાં એક મસ્જીદ હતી.તેને ૧૯૪૭ માં યહુદીઓએ ચર્ચમાં ફેરવી નાખી છે.પરંતુ ત્યાં મસ્જીદનો એક મીનારો હજી કાયમ છે.જેથી મસ્જીદની નીશાની કાયમ છે.જ્યારે અમે મઝાર શરીફની ઝીયારત માટે અંદર ગયા.ત્યાં અંદર એક મોટો સીને ગોગ છે.જેમા એક પાદરી કિતાબ લઈને પઢતો હતો.અંદર રૂમમાં ટેબલો ગોઠવેલી હતી.જેના ઉપર અમુક કિતાબો અને ફોટા પડયા હતાં.તેની અંદરમાં મહેરાબની જગ્યાની બાજુમાં હઝરત દાઉદ અલૈહિસ્સલામનું મઝાર છે.મઝાર શરીફ લાંબી મોટી હતી.ત્યાં યહુદી પહેરેદાર બેઠેલા હતા.મઝાર શરીફ ઉપર ઝીયારત કરી.ફાતેહા પઢી હઝરત દાઉદ અલૈહિસ્સલામ બની ઈસરાઈલના બીજા બાદશાહ હતા.

હઝરત દાઉદ અલૈહિસ્સલામને અલ્લાહ તઆલાએ જલીલુકદ્ર નબી બનાવ્યા હતા.સાથે હકુમત પણ અતા કરી હતી.સાથે હીકમત અને ફૈસલા કરવાની ઘણીજ સલાહીયત આપી

હતી.હઝરત સુલેમાન અલૈહિસ્સલામ હઝરત દાઉદ અલૈહિસ્સલામના ફરઝંદ હતા.હઝરત સુલેમાન અલૈહિસ્સલામને પણ અલ્લાહ તઆલા અજીમુસ્સાન હકુમત અતા ફરમાવી હતી.જેનો બયાન કુરાન શરીફમાં છે.

હઝરત દાઉદ અલૈહિસ્સલામ સાથે પહાડો અને પક્ષીઓ પણ તસ્બીહ પઢતા હતા.હઝરત અલ્લામાં આલુસી રહમતુલ્લાહ અલહયે ફરમાવ્યું છે કે,જે જબાનથી આપ તસ્બીહ પઢતા તેજ જબાનથી પહાડ અને પક્ષીઓ તસ્બીહ પઢતા.હઝર દાઉદ અલૈહિસ્સલામના હાથ મુબારકમાં અલ્લાહ તઆલાએ એવી તાકત અને તાસીર રાખી હતી.લોખંડ આપના હાથમાં મોમ જેવું નરમ બની જતું.હઝરત દાઉદ અલૈહિસ્સલામ લોખંડની જીરાહ બનાવતા જે લડાઈમાં શરીરના હીફાઝત માટે ઉપયોગ કરાતી.

હઝરત દાઉદ અલૈહિસ્સલામને આસમાની કીતાબ જબુર,રમઝાન મુબારકની ૧૨ અથવા ૧૮ તારીખના અલ્લાહ તઆલાએ અતા ફરમાવી.જબુરનો અર્થ છે."ખુલેલી કિતાબ" થાય છે.એમા ૧૫૦ શુરતો હતી.એમા શરીઅતના અહકામ અને નશીહત હતી અને વધારે અલ્લાહની હમ્દ હતી.હઝરત દાઉદ અલૈહિસ્સલામ જબુરને એટલા ખુશ એલાનથી પઢતા કે વહેતું પાણી થંભી જતું.માણસો જાનવરો,પક્ષીઓ સાંભળવા જમા થઈ જતા.આપ ૪૦ વર્ષ બાદશાહત કરી.સો વર્ષની આપને હયાતી મળી.આપના ૧૨ ફરઝંદ થયા.આજે પણ આપની મઝાર શરીફ ઉપર સોનાનો તાજ બાદશાહની નીશાની રૂપે મુકેલ છે.

હઝરત મુશા અલૈહિસ્સલામ

હઝરત દાઉદ અલૈહિસ્સલામના મઝાર મુબારકની થોડી દુરી ઉપર એક પહાડી ઉપર હઝરત મુશાનો મઝાર મુબારક આવેલો છે.મઝાર મુબારકની બાજુમાં બે થી ત્રણ ઓરડા બનાવેલા છે.જેમા ખાદીમો રહે છે.ત્યાં એક પુરાનીમસ્જિદ જે ૮૦૦ વર્ષ અગાઉ ગાઝી સલાઉદીન ઐયુબીએ બનાવી હતી.તે મોજુદ છે.મસ્જિદની બાજુમાં અલગ હુઝરામાં હઝરત મુશા કલીમુલ્લાહનું મઝાર મુબારક છે.

હઝરત મુસા અલૈહિસ્સલામના વાલીદનું નામ ઈમરાન. આપ હઝરત યાકુબ અલૈહિસ્સલામના ફરઝંદ લાવીની નસલમાંથી છે.હઝરત મુસાના વાલીદ ઈમરાનને અલ્લાહ તઆલાએ ૧૨૭ વર્ષની ઉમર અતા ફરમાવી.ઈમરાનની ઉમર ૭૦ વર્ષની થઈ ત્યારે હઝરત મુસા અલૈહિસ્સલામની વિલાદત થઈ.તે વખતે ફીરઔન નામી બાદશાહ હતો.જેનુ નામ વલીદ બીન મીસઅબ બીન રીઆન બીન અરાશા હતું.જેને અલ્લાહ તઆલા તરફથી ૪૦૦ વર્ષની ઉમર મળી હતી.ફીરઔન ઘણો જ ઝાલીમ,અત્યાચારી,અન્યાયી,ઝાબીર હતો.અને ખુદાઈનો પણ દાવો કરી રાખ્યો હતો.એક વખત નજુમીઓએ ફીરઔનને જણાવ્યું કે એક એવો બાળક પૈદા થશે જે તારી હુકુમતનો નાશ કરશે.આ સાંભળી ઝાલીમ ફીરઔને અવતરનાર બાળકોને મારવાનું શરૂ કર્યું.જે કોઈના ઘરે બાળક જન્મે તેને ફીરઔન મારી નાખતો.પણ રબની શાન કે જ્યારે હઝરત મુસા અલૈહિસ્સલામનો જન્મ થયો ત્યારે અલ્લાહ તઆલાએ હઝરત મુસા અલૈહિસ્સલામની વાલીદાના દીલમાં આ વાત નાખી કે આ બાળકને દુધ પીવડાવો અને જ્યારે તમને બાદશાહ તરફથી કોઈ ખતરો લાગે તો એને દરીયામાં નાખી દેજો.તે સમયમાં હઝરત

મુસા અલૈહિસ્સલામ ન રડતાં અને ન માની ગોદમાં હરકત કરતાં.હઝરત મુસાની વીલાદતની ખબર એમના વાલીદાને અને હઝરત મુસાની બહેન સીવાય બીજા કોઈને ન હતી.

ત્રણ મહીનાનો સમય વિતી ગયો ત્યારે હઝરત મુશાની માં સાહેબાને થોડો ખતરો મહેસુસ થયો.તે વખતે ખુદા તઆલાએ તેમના દીલમાં આ વાત નાખી કે,"હવે મુસાને એક સંન્દુક(પેટી)બંધ કરી દરીયાએ નીલમાં નાખી દયો અને કોઈ ફીકર ન કરો.અમે હઝરત મુશાને ફરી તમારી ગોદમાં લઈ આવશું."હઝરત મુસાના વાલીદા એ એક પેટી તૈયાર કરી તેમાં રૂ(કપાસ)નાખી અને હઝરત મુસાને બંધ કરી અને સંન્દુકને દરીયા એ નીલમાં નાખી દીધી.દરીયાએ નીલની એક મોટી નહેર જે ફીરઔન ના મહેલમાંથી પસાર થતી હતી.એક દીવસ બીબી આસીયા અને ફીરઔન પોતાના મહેલમાં તે નહેર કીનારે બેઠા હતા.જ્યારે આ સંન્દુક જેમા હઝરત મુસા બંધ હતા.તે નહેરમાં તરતી આવતી જોઈને બીબી આસીયાએ પોતાના ગુલામ અને કનીજોને હુકમ કર્યો કે તે પેટી નહેરમાંથી મારી પાસે લઈ આવો.તે પેટીને કાઢી ગુલામો બીબી આસીયા પાસે હાજર કરીને ખોલવામાં આવી તો તે સંન્દુકમાં એક ખુબશુરત નુરાની સુરત વાળો બાળક નજર આવ્યો.આ પેટી દરીયા એ નીલની નહેર અને ઝાડીઓમાંથી મળી આવી માટે આશીયાએ તે બાળકનું નામ રાખ્યુંમુશા. અસલ લફઝ મુસી હતું.જેનો અર્થ કીબતી જબાનમાં પાણી અને ઝાડનું થાય છે.ફીરઔનની બીબી આશીયા ઘણીજ નેક ઔરત હતી.આપને દુધ પીવડાવવા માટે ઘણીજ દાઈઓને બોલાવવામાં આવી પણ આપે કોઈ પણ દાઈનો દુધ પીતા ન હતા.જ્યારે હઝરત મુસાના વાલીદાને બોલાવવામાં આવ્યા. અને હઝરત મુસાને તેઓના ગોદમાં સોંપવામાં આવ્યા ત્યારે હઝરત મુસા તરત જ રડવાનું બંધ કરીને ચુપ થઈ ગયા.અને દુધ પીવા લાગ્યા.ફીરઔને હઝરત મુસાના વાલીદાને દરરોજ દુધ પીવડાવવા માટે નકકી કરી લીધા.અને તે બાળકને પોતાના ઘરે લઈ જવા માટે પણ રજા આપી.આપના વાલીદા પોતાના ઘરે લઈ આવ્યા રબની શાન અલ્લાહ તઆલાનો કરેલો વાદો પુરો થયો કે,"અમે મુશાને ફરી તમારી ગોદમાં લઈ આવશું."

અલ્લાહ તઆલાની શાન જુઓકે હઝરત મુસા બની ઈસરાઈલમાં પૈદા થયાં.અને ફીરઔનના મહેલમાં મોટા થયા.બની ઈસરાઈલ હઝરત યાકુબનુ બીજુ નામ છે તેઓના ૧૨ ફરઝંદ હતાં.(૧) હઝરત યુસુફ અલૈહિસ્સલામ (૨)બનયામીન (૩)દાની(૪)બકતાલી(૫)ઝાયલુન(૬)જાદા(૭)પસતાખર(૮)અશીર (૯)રોબીલ(૧૦)યહુઝા (૧૧)શમઉન(૧૨) લાવી.લાવીને અસ્બાન પણ કહેવામાં આવતું.અસ્બાનનું અર્થ ઘણી ડાળી ઓવાળો ઘટાટોપ વૃક્ષ થાય છે.એમની નસલમાંથી બની ઈસરાઈલ છે.અને બની ઈસરાઈલમાં અલ્લાહ તઆલાએ હઝરત મુસાને ફીરઔન જેવા ઝાલીમ બાદશાહ અને એની ઝાલીમ કૌમ કીબ્તીની હિદાયત માટે પૈદા કર્યા. જેનો ઝીકર કુરાન શરીફમાં પણ છે."ઈઝહબ ઈલા ફીરઔન ઈન્નહું તગા"અર્થ આપ જાઓ ફીરઔનની તરફ કે જે સરકશ બની ગયો છે."

હઝરત મુસાની ઉમર જ્યારે ૩૦ વર્ષ થઈ.ત્યારે એક દીવસ ફીરઔનના મહેલમાંથી નિકળી શહેરમાં દાખલ થયા તો ત્યાં બે માણસોને આપસમાં લડતા જોયા. તે બે માંથી એક ફીરઔનનો રસોઈયો હતો અને બીજો હઝરત મુસા અલૈહિસ્સલામની કૌમ એટલે બની ઈસરાઈલમાંથી હતો.ફીરઔનના રસોઈયા ને તે ગરીબ બની ઈસરાઈલ ઉપર જુલ્મ–અત્યાચાર

કરતો જોઈ હઝરત મુસા અલૈહિસ્સલામે તે રસોઈયાને જુલ્મ કરતા રોકયો. તો તે રસોઈયો હઝરત મુસાનીસામે બદજબાની કરવા લાગ્યો.આથી હઝરત મુસાએ તેને એક મુક્કો માર્યો.જે મુક્કાથી તે ફીરઔનીનો દમ નીકળી ગયો.(રુહુલબયાન ઝીલ્દ–૨ સફા ૯૨૫)

હઝરત મુસા અલૈહિસ્સલામ જ્યારે હકનો બયાન અને ફીરઔનીઓની ગુમરાહીનુ બયાન શરૂ કર્યુ. તો બની ઈસરાઈલના લોકો આપની વાતને માનતા,આપની ઈતેબા કરતા.હઝરત મુસા ફીરઔની દીનની મુખાલેફત(વિરોધ)કરતા.આ વાત ફીરઔન સુધી પહોંચી અને વળી રસોઈયાની હઝરત મુસાના મુક્કાથી થયેલ મૌતની પણ ખબર મળી. માટે ફીરઔને હઝરત મુસાને કત્લ કરવાનો હુકમ આપ્યો. ફીરઔનીઓ હઝરત મુસાની તલાશમાં નિકળ્યાં.તે વખતે કોઈએ હઝરત મુસાને આ વાતની જાણ કરી કે આપ અહીંથી બીજી જગ્યાએ તશરીફ લઈ જાઓ.હઝરત મુસા ત્યાંથી મદીયન તરફ રવાના થયા.મદીયન તે જગ્યા છે.જ્યાં હઝરત સોયેબ અલૈહિસ્સલામ તશરીફ ફરમા હતા.તે શહેર ફીરઔનની સલતનતની હદથી બહાર હતું.હઝરત મુસા અલૈહિસ્સલામ મદીયનનો રસ્તો જોયો ન હતો.ન કોઈ સવારી સાથે હતી.ન કોઈ રસ્તો બતાવવાવાળો .માટે અલ્લાહ તઆલાએ એક ફરીશ્તાને મોકલ્યો.જે હઝરત મુસાને મદીયન સુધી લઈ ગયો.મદીયનમાં હઝરત શોએબ અલૈહિસ્સલામ સાથે મુલાકાત કરીને પોતાના જન્મથી લઈ કરી ફીરઔન ના રસોઈયા ના મોત સુધીનો આખો કીસ્સો સંભળાવ્યો. હઝરત સોહેબ અલૈહિસ્સલામે આ સાંભળીને કહયું કે" હવે તમે કોઈ ફીકર ન કરો.હવે તમો ઝાલીમોથી બચી ને અહી આવી ગયા છો.હવે મારી પાસે જ રહો."(કુરાન શરીફ ખઝાઈનુલ ઈર્ફાન)

હઝરત મુસા અલૈહિસ્સલામ મદીયનમાં હઝરત શોહેબ પાસે ૧૦ વર્ષ રહયાં.હઝરત શોહેબ અલૈહિસ્સલામ પોતાની સાહેબઝાદીના નિકાહ હઝરત મુસા સાથે કરી દીધા.એક દીવસ હઝરત મુશાએ હઝરત શોહેબ પાસેથી ઈઝાઝત લઈ પોતાની વાલીદાને મળવા માટે મીસર તરફ રવાના થયા.આપના બીબી પણ સાથે હતા.રસ્તામાં આપને એક દરખ્ત(ઝાડ)જે ઉપરથી નીચે સુધી સર સબઝ સાદાબ અને રોશન હતું.આપ ઝાડની જેટલા નજદીક જતા તે તેટલો દુર થતો અને જ્યારે આપ ઉભા રહેતા તો તે ઝાડ એટલો નજદીક થતો.આપ આ નુરાની ઝાડનો અઝીબ હાલ જોઈ રહયા હતા.ત્યા આ ઝાડમાંથી અવાજ આવ્યો " ઐ મુસા ! હું બધા જહાનોનુ રબ અલ્લાહ છું.તુ બહુજ પવિત્ર જગ્યાએ આવ્યો છે.માટે તારા જુતા ઉતારી નાખ અને જે તને વહી થાય છે.તેને કાન લગાવીને સાંભળ.મે તને પસંદ કરી લીધો છે."તે જગ્યાએ હઝરત મુસાને નબુવ્વત અતા થઈ.

હઝરત મુસાને અલ્લાહ તઆલા તરફથી એક અસા અતા કરવામાં આવી.અલ્લાહ તઆલા તરફથી આ મોઅજીઝો અતા ફરમાવામાં આવ્યો.અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે "ઐ મુસા હવે તમે જાવો ફીરઔનની તરફ અને તેને સમજાવ અને ડરાવ કે તે કુફરને છોડી દે અને તે મોઅજીઝો તલબ કરે તો તેને આ અસા નાખીને બતાડજો." હઝરત મુસા શર્ફે નબુવ્વતથી મુસંર્રફ થઈ મીસર ફીરઔન પાસે આવ્યા.અને ફીરઔનને દાવતે હક આપી અને નબુવ્વતનું એલાન કર્યુ.

હઝરત મુસા અલૈહિસ્સલામે અલ્લાહની નિશાનીઓ વડે અલ્લાહ તઆલાનું હુકમ પહોચાડયો.પણ ફીરઔને આપની આ દાવતને ઠુકરાવી અને મોઅજીઝાઓને જાદુ કહીને કુફર ઉપર કાયમ રહયો.આપના મુકાબલા માટે નામવર જાદુગરોને મોકલ્યા પરંતુ હઝરત મુસાની

સામે તે જાદુગરોની કારીગરી કામ ન આવી. અને દીવસો દીવસ ફીરઔન આપના ઉપર ઝુલ્મમાં વધારો કરતો ગયો.આખીરકાર હઝરત મુસા અલૈહિસ્સલામ ફીરઔન અને ફીરઔનીઓના ઈમાન ન લાવવાથી માયુસ થઈ ગયા. ત્યારે આપ તેઓની હલાકતની દુઆ કરી.હઝરત મુસાની દુઆ કબુલ થઈ.અલ્લાહ તઆલાનાં હુકમથી હઝરત મુસા બની ઈસરાઈલને લઈ રાતનાંજ નીકળી ગયા. બની ઈસરાઈલ નાના મોટા બચ્ચા,ઔરતો મળી કુલ ૬ લાખની તાદાદમાં હતાં.જ્યારે ફીરઔનને આ વાતની ખબર પડી તો તેણે પણ રાતોરાત તેઓનો પીછો કરવાની તૈયારી કરી લીધી.અને પોતાની બધી કૌમને લઈ બની ઈસરાઈલનો પીછો કરવા નીકળ્યો.ફીરઔનીઓની સંખ્યા બની ઈસરાઈલથી બમણી હતી.સવાર થતા ફીરઔનના લશ્કરે બની ઈસરાઈલને શોધી કાઢયાં.

બની ઈસરાઈલે જોયું કે ફીરઔન પોતાના લશ્કર સમેત પાછળ આવી રહયો છે.આગળ દરીયો છે.તે વખતે બની ઈસરાઈલે હઝરત મુસા પાસે અરજ કરી.હઝરત મુસા અલૈહિસ્સલામે અસા મુબારકને દરીયા ઉપર મારી તો દરીયામાં ૧૨ રસ્તા જાહેર થયા.જેથી બની ઈસરાઈલ તે રસ્તેથી દરીયા પાર કર્યું.

જ્યારે ફીરઔનનો લશ્કર દરીયાના કીનારે આવ્યો. તો તેઓ પણ તેજ રસ્તાઓથી દરીયા પાર કરવા લાગ્યા અને જ્યારે ફીરઔનનો પુરૂં લશ્કર ૧૨ રસ્તાઓની અંદર દાખલ થઈ ગયું ત્યારે અલ્લાહ તઆલાએ દરીયાને હુકમ કર્યો કે "ફીરઔનીઓને ગરક કરી દે." માટે થોડીવારમાં ફીરઔન પોતાના લશ્કર સમેત દરીયામાં ગરક થઈને હલાક થઈ ગયો.
(કુરાન શરીફ–રૂહુલ બયાન)

ખુદાએ તઆલા પોતાના નાફરમાન બન્દાઓને મોહલત આપે છે.તેથી તે ફરમાબરદાર બને પણ રબની તે મોહલતનો ફાયદો ન ઉપાડે અને કુફર ઉપર કાયમ રહેતો હોય અને હદથી વધારે કુફર અને સરકશીનો અંજામ ઘણોજ હોલનાક અને ભયંકર હોય છે.

હઝરત મુસા અલૈહિસ્સલામ પાસે જ્યારે મલકલમૌત હાજર થયા ત્યારે હઝરત મુસા અલૈહિસ્સલામે મલ્કલમૌતને એવો તમાચો માર્યો કે મલ્કતમૌતની આંખ નિકળી આવી.મલ્કતમૌત તરત પાછા અલ્લાહની બારગાહમાં ગયા.અને અરજ કરી કે ઈલાહી આજે તું મને એવા તારા બંદાની પાસે મોકલ્યો કે તે મરવાનું પસંદ નથી કરતો તેથી તમાચો મારી ને મારી આંખ કાઢી નાખી ખુદા તઆલાએ તે આંખને દુરસ્ત કરી ફરમાવ્યું કે, " મારા બંદા મુસાની પાસે ફરી જાઓ અને એક બળદ સાથે લેતા જાવ અને મુસાને કહેજે તમો આ બળદની પીઠ ઉપર તમારો હાથ ફેરવો જેટલા વાળ તમારા હાથ નીચે આવશે.એટલા વર્ષ સુધી આપની જીંદગી વધી જશે." જ્યારે મલ્કલમોત બળદ લઈને હાજર થયા અને અલ્લાહનો ફરમાન સંભળાવ્યું કે," આ બળદના પીઠ ઉપર હાથ ફેરો જેટલા વાળ તમારા હાથ નીચે આવશે એટલા વર્ષ સુધી આપની જીંદગી રહેશે." હઝરત મુસાએ આ સાંભળીને ફરમાવ્યું કે 'તે પછી ફરી તમે આવી જશો ?' મલ્કલમૌતે કહયું, 'હા' ! તો હઝરત મુસાએ ફરમાવ્યું 'તો પછી હમણાંજ લઈ હાલો' (મીશકાત શરીફ)

હઝરત મુસા અલૈહિસ્સલામનો વિસાલ ૧૬૦ વર્ષની ઉમર શરીફમાં મકામે તીહમાં થયો.હઝરત નુહ અલૈહિસ્સલામના પછી ૧૬૨૦ વર્ષે આપનો વિસાલ થયો.

દમિસ્કસ



(શહેરે દમિસ્કનું એક સુંદર દશ્ય)

મુલ્કે શામનો ખુબસુરત શહેર દમિસ્કસમાં અમે પહોંચ્યા.બરફ પડવાનાં કારણે સખત ઠંડી પડી રહી હતી.દમિસ્કસ એક તારીખી અને કદીમ શહેર છે.મુલ્કે શામમાં ઘણીજ ઐતિહાસીક મસ્જિદો,કિલ્લાઓ,મહેલો તથા બુઝુર્ગો અંબીયાઓ અને સહાબાઓની મુકદદસ મઝારો આવેલ છે.અમારા રહેઠાણની હોટલની બીલકુલ સામે હઝરત ઝૈનબ બીન્તે અલી રદીયલ્લાહો તઆલા અન્હાનો મઝાર આવેલો છે.મઝાર ઉપર એક ખુબસુરત સોના ચાંદીનાં કોતરકામથી સજેલો ગુંબદ છે.ત્યાં ઝીયારત કરી ફાતેહા પઢી.અમારી સાથે મુળ ભારતીય તનવીર હૈદર નામે ગાઈડ સાથે હતાં.જે ત્યાંજ સ્થાઈ થયેલ છે.બસ ધ્વારા અમે મુલ્કે શામની ઝીયારત માટે રવાના થયાં.સૌ પ્રથમ અમે હોટલથી ૯૦ કી.મી.ના અંતરે આવેલ હઝરત હાબીલ અલૈહિસ્સલામ(હઝરત આદમ અલૈહિસ્સલામનાં ફરઝંદ)નાં મઝાર ઉપર ગયા.જે મઝાર ઘણીજ ઉંચાઈ ઉપર આવેલ છે.જેનો રસ્તો પહાડોની આજુબાજુ ખુબસુરતીથી બનાવેલો છે.રસ્તાની આજુબાજુમાં ઉંડી ખાઈઓ નજર આવે છે.હઝરત હાબીલ અલૈહિસ્સલામનો મઝાર જ્યાં આવેલ છે તે જગ્યા"મકામે અરબઈન"નાં નામથી મશહુર છે.હઝરત હાબીલ અલૈહિસ્સલામનાં મઝાર મુબારકની લંબાઈ ૧૮ ફુટ છે.અમારી સાથે ગાઈડ તનવીર હૈદર જે સાફ ઉર્દુ બોલી શકતા હતા.તેઓએ હર જગ્યા ઉપર કાફલાવાળાને દરેક જગ્યાની જાણકારી આપતાં હતાં.હઝરત હાબીલ અલૈહિસ્સલામનાં મઝાર મુબારકની આગળ એક પહાડ છે.જ્યાં કાબીલે પોતાના ભાઈ હજરત હાબીલ અલૈહિસ્સલામનું ખુન કર્યું.તે પહાડ એના થોડા અંતર પર છે. ત્યાં એ પહાડમાં એક મોઢા જેવો પહોળો ખાડો છે. કહે છે કે હજરત હાબીલ અલૈહિસ્સલામના કતલ સમયે આ પહાડમાંથી એક ભયાનક ચીખ નીકળી હતી.અને એમા મોઢા જેવો ખાડો પડી ગયેલ.હજીપણ એમાથી જાણે કોઈના

આંખમાંથી આસું નીકળતા હોયતેમ એ મોઢામાંથી આસું ટપકયા કરે છે.ત્યાં જવા માટે ૮૫૦ પગથીયાની ઉંચાઈ ઉપર ચઢવું પડે છે.ખુનની જગ્યાએથી કાબીલ પોતાના ભાઈનું ખુન કરી લાશને ઉપાડી ફરતો રહયો કે હવે આ લાશનું શું કરવું ?હમણા જયાં હજરત હાબીલ અલૈહિસ્સલામનું મઝાર મુબારક છે.ત્યાં અલ્લાહ તઆલાએ બે કાગડાને મોકલ્યા જે બે કાગડા કાબીલ જુએ એમ લડતા રહયા.અંતે એક કાગડાએ બીજા કાગડાને મારી નાખ્યો.પછી એને ચાંચની મદદથી જમીન ખોદી ત્યાં બીજા કાગડાને દાટી દીધો.કાબીલે આ જોયું એટલે તેણે પણ એજ જગ્યાએ હઝરત હાબીલ અલૈહિસ્સલામને જમીન ખોદી દફન કર્યો.

આ પહાડો બરફથી ઢંકાયેલા છે.ઉપર જ એક બજાર છે.જયાં કાપડ અને મુસાફરીને લગતો સામાન મળી રહે છે.ફળફુલ પણ મળી રહે છે.ત્યાં ઝીયારત કરી ફાતેહા પઢી અમે રવાના થયા.

હઝરત મોહયુદીન ઈબને અરબી રહમતુલ્લાહ અલયહે



(હઝરત મોહયુદીન ઈબને અરબી રહમતુલ્લાહ અલયહેનું રોઝો મુબારક)

બરફના લીધે ઠંડો પવન વહી રહયો હતો.બસ દ્વારા અમે હજરત મોહયુદીન ઈબને અરબીના મઝાર ઉપર આવ્યા. શાનદાર મોટી મસ્જીદની નીચે અંડરગ્રાઉન્ડ હઝરત મોહયુદદીન ઈબને અરબીનું મઝાર છે.શાનદાર અને ખુબશુરત લાકડાની ફ્રેમ જેમા નકશીકામ જોઈ દિલ બાગ-બાગ થઈ જાય છે.એમના મઝારની ડાબી બાજુ બીજી બે મઝાર છે.એ એમના બે ફરઝંદોની છે.હઝરત મોહયુદીન ઈબ્ને અરબી એક નામવર આલીમેદીન થઈ ગયા છે.

હઝરત શેખુલ કુલ્લ શેખ અકબર મોહયુદીન ઈબ્ને અરબી રહમતુલ્લાહ અલયહે છ રમજાન હિ.સ.૫૬૦ સોમવારના ઉન્દલુસ (સ્પેન)ના શહેર મુરસીયામાં પેદા થયા.આપ હાતીમતાઈની નસલમાંથી છે.જે અરબમાં નહિ પણ આખી દુનિયામાં પોતાની સખાવતથી મશહુર છે.આપ નામવર આલીમેદીન અને મોહદદીસે આઝમ હતા.આપની તસ્નીફમાં આપની કિતાબ ફુસુસુલ હિકમ,ઘણીજ મશહુર અને વહદતુલ વજુદ ઉપર હરફે આખીરનો હુકમ રાખે છે.ફુસુસુલ હિકમનો અર્થ "કિમતી પથ્થર" જે અંગુઠીમાં લગાવવામાં આવે છે.એનો બહુવચન 'ફુસુસ'થાય છે.એટલે હિકમતોના મોતી'અથવા હિકમતના નગીના આ કિતાબની મોટી ખુબીએ છે કે એની હરેક સતરથી ઈશ્કે મુસ્તફા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ઝલકે છે.આ કિતાબ હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઈજાઝાતથી લખી છે.આ કિતાબની ઈબતેદામાં આપ લખે છે કે મોહર્રમનો છેલ્લો અશરો હિ.સ.૬૨૭ માં હું શામના પાયે તખત દમીશ્કમાં હતો.ત્યાં મે રાતના ખ્વાબમાં આકા રહમતુલ્લીલ આલમીન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઝીયારત કરી ખ્વાબમાં મે જોયું કે આપના હાથ મુબારકમાં એક કિતાબ છે.અને મારાથી ફરમાવી રહયા છે કે આ કિતાબ ફસુસુલ હિકમ છે.આ લ્યો અને તમામ માણસો ઉપર એને ઝાહીર કરો તા કે માણસો એનાથી ફાયદો લે. મેં કહયું "લબ્બેક,આપનું ફરમાન મારા સર આખોં ઉપર યા (રસુલુલ્લાહસલ્લલ્લાહો અલયહે વસલ્લમ)". મોહયુદીન અરબીએ આ કિતાબને ખાલીસ અલ્લાહના વાસ્તે લખી.આ કિતાબની હદ હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)જ્યાં મુકર્રર કરી તેમા આપે અંશ બરાબર પણ વધારો–ઘટાડો ન કર્યો.જ્યારે આ કિતાબ લખાઈ તે સમયે મૌલાના જલાલુદીન રૂમી રહમતુલ્લાહ અલયહે ૨૩ વર્ષના હતા.અને ઈમામ ગઝાલીના વિસાલને ૫૫ વર્ષ થઈ ગયા હતા.હવાલો–ખુસુસુલ હિકમ ફી હલ્લે ફુસુસુલ હિકમ(મૌલાના અશરફઅલી થાનવી)

શેખ અકબર હઝરત મોહયુદીન ઈબ્ને અરબી ફરમાવે છે.કે મને એક માણસથી એટલા માટે અદાવત થઈ ગઈ હતી કે તે માણસ હઝરત અબુ મદયન રહમતુલ્લાહ અલયહે જેવા બુઝુર્ગને બુરો ભલો કહેતો હતો.હું તેઓનો મોતકકીદ હતો એક દિવસ મે મારા આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ખ્વાબમાં ઝીયારત કરી.હુઝુરે મને ફરમાવ્યું કે,"અય મોહયુદીન તમે પેલા માણસથી શું કામ અદાવત રાખી છે."

મે અરજ કરી "યા રસુલ્લાહ તે માણસ હજરત અબુમદયન રહમતુલ્લાહ અલયહે જેવા બુર્ઝુગ થી અદાવત રાખે છે અને હુ તેમનો મોતકકીદ છું."આપે ફરમાવ્યું કે,"પેલો માણસ અલ્લાહ અને એના રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને દોસ્ત નથી રાખતો." મેં અરજ કરી,"હા રાખે છે."તો આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું,"અબુમદયનથી દુશ્મની રાખે છે એટલા માટે દુશ્મની રાખો છો અને અલ્લાહ વ રસુલ થી મોહબ્બત રાખે છે તો અલ્લાહ વ રસુલ ની ખાતીર મોહબ્બત નથી રાખતા ? "મેં આ સાભળી તેના માટે જે ખ્યાલ હતો તેનાથી તોબા કરી અને એના મકાન ઉપર માફી માગવા ગયો એને એક કીંમતી ચાદર પણ હદીયા માં આપી માફી માગી રાજી કરી લીધો. પછી મે એને પુછયુ કે તમે હઝરત અબુ મદયનથી શું કામ બેઝાર છો ? તેઓએ એનો જવાબ મને આપ્યો.જેનાથી મને લાગ્યું કે તે બેખબરીમાં થયેલી એક મામુલી ગલતફહેમી હતી.મે તેમની ગલતફહેમી દૂર કરી દીધી.

પેલો માણસ તૌબા કરી પોતે પણ હઝરત અબુ મદયન રહમતુલ્લાહઅલયહેનો મોતકકીદ બની ગયો.

આપનો વીસાલ જુમ્માની રાત્રે ૭૮ વરસ ની વયે ૨૭ રબ્બીઉલ આખીર હિજરી સન ૫૩૮ ઈ.સ.૧૨૦૨ માં દમીશ્કમાં થયો.

શયખે અકબર મુહદદીસે આઝમ અલ્લામાં હઝરત મુહયુદીનની લખેલી અરબી નાત

(૧) અલા બેઅબી મનકાન મલેકન વ સૈયેદન
વ આદમો બયનલ–માએ વતીને વાકેફુ.

(૨) ફઝાકા રસુલુલ–અબ્તહીયો મુહમ્મદન
લહુ ફીલ–ઉલા મજદુન તલીદુન તરિફ.

(૩) અન્ના બેઝમાનિસ્સઅદે ફી આખેરિલ–મુદા
વ કાનત લહુ ફી કુલ્લે અસ્રીન મવાકિફુ

હઝરત મોહમ્મદ ઐયુબ કુર્દી રહમતુલ્લાહઅલયહ

(હઝરત મોહમ્મદ ઐયુબ કુર્દી રહમતુલ્લાહઅલયહેનું રોઝો મુબારક)

હઝરત મોહયુદીન ઈબ્ને અરબી રહમતુલ્લાહઅલયહેના મઝારના એરિયામાં જ હઝરત મોહમ્મદ ઐયુબ કુર્દી રહમતુલ્લાહઅલયહેનું મઝાર છે.આપ ઘણાજ બાકમાલ બઝુર્ગ હતા.આપની રહેલત થઈ ગયા પછી ઘણા દિવસો બાદ આપના એક દોસ્ત આપની કબર મુબારકની ઝીયારત કરવા આવ્યા.ફાતેહા પઢીને પુછયુ કે કેમ છો દોસ્ત ?

મૌતની મઝા ચાખી લીધી ? તમારી કરામત કયાં ગઈ ? જે જીંદગીમાં અમે જોઈ હતી.બસ એટલું જ કહેવું હતું.અને કબરમાંથી અવાજ આવ્યો કે અલ્લાના ફઝલથી મારી કરામત આજે પણ બાકી છે.આ જુઓ મારી કરામત ! કબર પાંઈતીથી શક થઈ ગઈ અને એમનો ડાબો પગ કબરથી બહાર આવી ગયો.આ પગ ઘણાં વર્ષો સુધી બહાર જ રહયો.કહે છે કે એનો બા કાયદા નખ વધતા અને કપાતાં પણ હતા.પણ હિન્દુસ્તાન અને પાકિસ્તાનના બુઝુર્ગ ઉલમાએ કીરામ અહીં ઝીયારત માટે આવ્યા ત્યારે તેઓના કહેવા પ્રમાણે પાછો પગ મુબારકને કબરની અંદર રાખી દફન કરી દેવામાં આવ્યો.

અમે બહાર નીકળ્યા બહાર એક મોટી ખુબશુરત બજાર છે.જેમાં કેટલીય જાતની શાકભાજીઓ,જાત–જાતના ફળ.અમુક શાકભાજી અને ફળ કયારેય જોયા ન હતા એવા અવનવા ફળો જોવા મળ્યા.દેશી દવાઓ,કોસ્મેટીક વસ્તુઓની માર્કેટ છે.આ બજારમાં ઘણીજ ગીરદીમાંથી પસાર થઈ પાછા બસમાં ગોઠવાયા અહીંથી નીકળી અમે શામની જુની બજારમાં આવ્યા.આ એજ બજાર છે.જે બજારમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.હઝરત બીબી ખતીજા રદીયલ્લાહો તઆલા અન્હાનો માલ–સામાન વેંચવા અને ખરીદવા માટે આવતા હતા.ખુબ મોટી બજાર છે.બજારમાંથી પસાર થતાં પણ ત્રણ કલાક લાગે. બજાર ની બહાર ઘોડા ઉપર તલવાર સાથે અસવારનો પુતળો બનાવેલો છે.આ પુતળું સલાઉદીન ઐયુબીનું છે.બજારે શામમાં દાખલ થયા.અકસર મઝારાત આ બજારના ગૌશાઓમાં આવેલ છે.



(તિજારત વખતે હઝરત અબુતાલીબ સાથે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મુલ્કે શામ તશરીફ લઈ આવ્યા તે વખતે આપની ઊંટ આ જગ્યાએ બેઠી હતી અને આપે આ જગ્યાએ આરામ ફરમાવ્યો હતું તે સ્થળ)

એમા દરબારે ઉમવી પણ છે.જે દરબાર મસ્જીદમાં ફેરવી દીધેલ છે.મસ્જીદ ફરતે મોટો કિલ્લો છે.આ દરબારના દરવાજામાં દાખલ થતા જ અંદર લાકડાના પૈડાવાળો રથ છે.બૈયતુલ મુકદદસની ફતેહ વખ્તે ગાઝી સલાહુદીન ઐયુબી આ રથ ઉપર સવાર હતા.દરબારે ઉમવીમાં યઝીદનો તખત પણ છે યઝીદ જેના ઉપર ઉભા રહીને દરબારીઓને મળતો.આજ દરબારમાં કરબલાથી પાછા આવેલા અહેલે બૈયતને હાજર કરવામાં આવ્યા હતા.એ મીમ્બર પણ મોજુદ છે.જેની ઉપર ઉભા રહી હજરત ઈમામ ઝયનુલ આબેદીને ખુતબો આપ્યો હતો.આ મસ્જીદનો ડાબો ભાગ ચર્ચ હતો.જેના મીનાર હજી પણ છે. આ ચર્ચને તે વખતના બાદશાહે સર્વસંમતિથી બીજી જગ્યાએ બનાવી આપેલ.અમે અહીં અસર મગરીબ નમાઝ બાજમાઅત અદા કરી.અહીં સાત મોઅઝીન છે.તે બધા એક જ સમયે અઝાન આપે છે.

(હઝરત અબુ તાલીબ સાથે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તીજારત માટે મુલ્કે શામ તશરીફ લાવ્યા ત્યારે તૌરેત અને ઈન્જીલમાં દર્શાવેલ હુઝુરની નિશાનીઓ અને મોહરે નબુવ્વત જોઈને ઈમાન લાવ્યો તે બોહૈયરા રાહીબના મકાનનું ખંડેર)



(કરબલાથી પાછા ફર્યા બાદ જામે ઉમવીમાં દર્શાવેલ મિમ્બરની જગ્યાએ ઈમામ ઝૈનુલ આબેદીન ખુત્બો આપ્યો હતો.)



(યજ્ઞદ જે રથ ઉપર સવાર થતો તે રથ અને નીચે યજ્ઞદના મહેલનો અંડેર જોવા મળે છે.)

ગાડી સવારઉદ્દી રાજા ઉપર જોશી તો યજ્ઞદના રથનું

પાછીદના મહેલનો ખંડેરનુ ગામડુ.

• હઝરત યાહયા અલૈહિસ્સલામ

મસ્જીદની અંદર હઝરત યાહયા અલૈહિસ્સલામની મઝાર છે.અમે નમાઝ પઢી હજરતે યાહયા અલૈહિસ્સલામના મઝારની ઝીયારત કરી.

હજરત યાહયા અલૈહેસ્સલામ હજરત જકરીયા અલૈહેસ્સલામનાં ફરઝંદ છે.જે આપને મોટી ઉમરમાં જ્યારે આપ બિલકુલ ઝઈફ અવસ્થામાં થઈ ગયા.અને આપની બીબી પણ એવી અવસ્થામાં હતા કે,કોઈ સંતાન ન થઈ શકે પરંતુ હજરત બીબી મરીયમના મહેરાબમાં આપે દુઆ માંગી. જેનું ઝીકર કુરાને પાકમાં છે.અર્થઃતેજ જગ્યાએ દુઆ કરી હઝરત ઝકરીયા અલૈહેસ્સલામે પોતાના રબથી કહયું કે, અય મારા રબ્બ મને તારા તરફથી અતા કર ઔલાદ પાકીઝા ,તું બેશક સાંભળવાવાળો છે.મલાઈકે આપને નીદા કરી,"બેશક અલ્લાહ તઆલા આપને બશારત આપે છે હઝરત યાહયા અલૈહિસ્સલામની."

હઝરત યાહયા અલૈહિસ્સલામ ચાર વર્ષની ઉમર સુધી ન ઘરથી બહાર નીકળ્યા ન છોકરાઓ સાથે રમ્યાં.એથી આપની વાલેદા આપને કહેતી કે બેટા તુ બહાર રમવા શું કામ જતો નથી ? આપ કહેતા કે અય મા હું રમવા પેદા નથી થયો મારા રબ્બે મને જે મકસદ માટે પેદા કર્યો છે.તે કરું છું.આપ રાતદિવસ અલ્લાહની બારગાહમાં રોતા રહેતા.હઝરત ઝકરીયા અલૈહેસ્સલામે બારગાહે ઈલાહીમાં અરજ કરી"મૌલા, આ બાળકની નેઅમત જે અતા કરી છે.હું ખુશ છું.પણ એ રાત–દિવસ રડે છે.તેથી મારું દિલ બેકરાર બની જાય છે."જવાબ આવ્યો"અય ઝકરીયા, તે મારાથી નેક સાલેહ અને પરહેઝગાર બાળકની માંગ કરી હતી.મે તને એવો જ પુત્ર અતા કર્યો છે.જે મારી બારગાહમાં રડે છે.તૌબા કરે છે.તેનાથી હું મોહબત રાખું છું.તેને મારો દોસ્ત બનાવું છું.આ સાંભળી આપ (ઝકરીયા)ખુશ થઈ ગયા.

એક વખત હજરત ઝકરીયા અલૈહિસ્સલામ બની ઈસરાઈલને વાએઝ ફરમાવી રહયા હતા.જેમાં દોજખનું બયાન ફરમાવીરહયા હતા.હજરત યાહયા અલૈહિસ્સલામ એક ખુણામાં બેસીને આ વાએઝ સાંભળી લીધું.આ બયાનથી આપ એટલા ડરી ગયા કે સાત–સાત રાતો અને દિવસ સુધી પહોડામાં જઈ રોતા રહયા.ઘરવાળા આપની તલાશમાં પડી ગયા.એક ભરવાડે સમાચાર આપ્યા કે તમારો દિકરો પહાડોમાં રોતો ફરે છે. આપના વાલીદા ત્યાં પહોંચી ગયા અને આપને સમજાવીને ઘરે લાવ્યા ત્યારબાદ આપ મસ્જીદમાં ઈબાદતમાં મશગુલ રહેવા લાગ્યા.એ વખતે આપની ઉમરશરીફ સાત વર્ષની હતી.

એ વખતે એક શહેરમાં બાદશાહની મલ્લીકા નામની એક બીબી હતી.આ બીબીને એના આગલા શોહરથી એક દિકરી હતી.જેનું નામ રબાબા હતુ.તે ઘણી જ ખુબ સુરત હતી.એટલે મલ્લીકા આ દિકરીની નિકાહ પોતાના શૌહરથી કરાવવા માંગતી હતી.જ્યારે બાદશાહને આ વાત કરી તો બાદશાહે પેલી છોકરીના હુસ્નમાં હોશ હવાસ ગુમાવી દીધા.આ વાત જ્યારે બની ઈસરાઈલ પાસે પહોંચી તો તે લોકોએ કહયું કે હજરત યાહયા અલૈહિસ્સલામને પુછી જુઓ અને હઝરત યાહયાથી જ નિકાહ પઢાવો.જ્યારે આપને આ વિશે પુછવામાં આવ્યુ તો આપે કહયું કે દિકરીની નિકાહ બાપ સાથે કરવી હરામ છે.આ સાંભળી મલ્લીકા છંછેડાઈ ગઈ અન બાદશાહને ઉશકેરવા લાગી.બાદશાહ છોકરીના હુશનમાં આંધળો થઈ ગયો હતો.એટલે હુકમ કર્યો કે યાહયાને બાંધીને મારી પાસે લાવો.તરત જ આપને બાંધીને લઈ આવ્યા એ વખતે

હઝરત જીબરીલ અલૈહિસ્સલામ હાજર થયા અને પુછયું કે આપ કહો તો આ આખી વસ્તીને હલાક કરી નાખું.આપે કહયું કે નહી મારી તકદીરમાં આ ઝાલીમના હાથે જ મોત લખેલી છે.જ્યારે બાદશાહના દરબારમા આપને લઈ જઈ ફરીથી બાદશાહે પુછયું તો આપે ફરમાંવ્યું કે "અય બાદશાહ તારી ઔરતની દિકરી સાથે તારી નિકાહ જાઈઝ નથી હરામ છે.બાદશાહે ગુસ્સે થઈ ગયો.અને આપને ઝબહ કરવાનો હુકમ કર્યો .આપના સરમુબારકને અલગ કરી ઝબહ કરી નાખવામાં આવ્યા.ત્યારેપણ આપના બદનમાંથી અવાજ આવતો રહયો કે,અય બાદશાહ તારી દિકરી સાથે નિકાહ હરામ છે.મલ્લીકાએ આપની શહાદત પછી પોતાની દિકરીની નિકાહ બાદશાહ સાથે કરાવી.પણ કુદરતી રીતે મકાનના છત પરથી પવન તેણીને ઉડાડીને એક મેદાનમાં ફેકીં દીધી.જ્યા એક સિંહ ઉભો હતો.તે ફાડીને મલ્લીકાને ખાઈ ગયો.બાદશાહ અને તેની કૌમ થોડા સમયમાં જ ખુદાના અઝાબ અને કહેરથી હલાક થઈ ગયા.

(હઝરત યાહયા અલૈહિસ્સલામનું મઝાર મુબારક)

અમે બહાર નીકળ્યાં .જ્યાં યઝીદનું ખંડેર થયેલ મહેલ જોયો.તેના પથ્થરના પીલર હજી સુધી એજ હાલતમાં ઉભા છે.એના પાછળના ભાગમાં ગાઝી સલાઉદીન ઐયુબીનું મઝાર આવેલ છે.અમે એની ઝીયારત કરી.

સુલ્તાન સલાઉદીન ઐયુબી રહમતુલ્લાઅલયહે



(સુલ્તાન સલાઉદીન ઐયુબી રહમતુલ્લાઅલયહેનું રોઝો મુબારક)

સુલ્તાન સલાઉદીન ઐયુબી તારીખે આલમમાં નામવર હુકમરાનોમાંથી એક છે.જેણે દીન વ મજહબ,ઈલ્મ અને હુન્નર,સીયાસત,હુકમરાની અને તહઝીબ અને સકાફતમાં પોતાના કારનામાથી એવું નામ રોશન કર્યું.જે રહેતી દુનિયા સુધી બાકી રહેશે.દુનિયામાં જેની હોશમંન્દી અને ફીરોજ મન્દીની મીશાલો અપાય છે.ખાસ કરીને લડાઈના તઝુરબા(અનુભવો)માં આજ દિવસ સુધી એમના જેવો બાખબર તઝરબાકાર બહાદુર પૈદા થયો નથી.

અદલ,ઈન્સાફ અને સબર,તવકલ,સખાવત,સુજાઅત,ગરીબપરવરી અને ઉલ્મા નવાઝી સલાઉદીનના ખાસ ઔશાફ હતા.દીનનાં મુકમલ પાબંદ હતાં.પ્રજાની ફરીયાદો પોતે સાંભળતા હતા.અને શરઈ હુકમ મુજબ ફેંસલા આપતા અને ઝાલીમો માટે એમની તલવાર હંમેંશા મીયાનથી બહાર રહેતી.એમંના વકતમાં મસ્જીદે અકસા મુસ્લમાનોનાં કબ્જામાં આવી,જે મુસલમાનો માટે ઘણીજ મોટી ફતાહ હતી.સલ્લાહુદીન ઐયુબીની જીંદગી અને તેમના કારનામાઓને અમુક પાના ઉપર લખવું મુશ્કેલ છે.પણ જીંદગીની અમુક ખુબીઓ અને બહાદુરીના કારનામા ઉપર થોડા પ્રકાશ પાડી રહયો છું.

આપની વિલાદત થઈ.હી.સ.૫૩૨ માં ઈરાકના પ્રખ્યાત કીલ્લા તીકરીતમાં થઈ. તે વખતે આપના વાલીદ એયુબ બીન શાજી ત્યાંના વાલી હતા.તે વધારે જ હલીમ અને અખલાકમંદ ઈન્શાન હતાં.અમુક મુદત પછી હઝરત શાજી પોતાના પરીવાર સાથે તકરીતથી મુશલ હિઝરત કરી ગયા.ત્યાંજ સુલ્તાન શલ્લાહુદીનની પરવરીશ થઈ.અમુક વર્ષો પછી હઝરત અયુબ મુસલથી કુચ કરી મુલ્કે શામ ચાલ્યા ગયા.તે વખતે શામમાં અતાબક જંગીની હકુમત હતી.અતાબકજંગીએ હઝરત એયુબી શાજીને બલબકનો ઈલાકો સોપ્યોં.માટે તેઓ પુરા પરિવાર સાથે શામથી બલબક ચાલ્યા ગયાં. તે દરમ્યાનમાં સલાહુદીન પોતાની જીંદગીના ઘણા અનુભવો માંથી પસાર થઈ ચુકયા હતા. ત્યાં તેમની સોચ અને સઉરની આંખ ખુલી અને ત્યાં મશાએખ અને ઉલ્મા પાસેથી તાલીમ અને તરબીયત હાંસીલ કરી.તે વખતે શલાહુદીન એયુબીને સુલ્તાન નુરૂદીન જંગીની કુરબત નશીબ થઈ.આપની અંદર છુપાયેલી સલાહીયતોને જોઈને બાદશાહે આપને થોડા વકતમાં જ ઉચ્ચ હોદો અર્પણ કર્યો.આપ ઉપર હમેંશા બાદશાહની મીઠી નજર રહી.અને બાદશાહની અંગત મીટીંગોમાં પણ હાઝરી આપવાવાળાઓમાં આપનો નામ જોડાઈ ગયો.બાદશાહની સોહબતનાં કારણે આપનો હર આવવાવાળો વખત વિતેલા વખતથી બહેતર સાબીત થવા લાગ્યો.તે સમયમાં આપને આપના ચાચા સાથે મીશરની એક લડાઈમાં હાઝર થવાનો મોકો મળ્યો.સલાહુદીન એયુબીએ તે મોકાને ગનીમત સમજી પોતાની જંગી મહારતોનો ઈઝહારનો જરીયો બનાવ્યો અને તે લડાઈ મા આપને ફતાહ અને કામરાની હાશીલ થઈ.

આપની જીંદગીના કારનામાઓથી ખબર પડે છે કે,આપની અંદર જંગી મહારત કુદરતના તરફથી અતા કરવામાં આવી હતી.બૈતુલમુકદદસને સૌથી પહેલા હઝરત ફારૂકે આઝમના દૌરે ખીલાફતમાં હી.સ.૧૬ માં ફતેહ કરવામાં આવ્યો.તે વખતે ઈસાઈઓ મુસલમાનોની સચ્ચાઈ અને ઉમદા કીરદાર,દયાનતદારી અને અલ્લાહની રાહમાં ખુદાની ખાતીર કુરબાની,જોઈને હઝરત ઉમર રદીયલ્લાહો તઆલા અન્હોનાં કદમોમાં બૈતુલમુકદસની ચાવીઓ પેશ કરી દીધી.તે વખતે કોઈપણ પ્રકારની તકલીફ પેશ ન થઈ અને ખુદ ફારૂકે આઝમ પોતાના હાથે અમનનામુ ઈસાઈઓને લખી આપ્યો હતો.જે નીચે મુજબ છે.

"બૈતુલ મુકદદસના રહેવાસીઓને તેમના જાન,માલ અને તેમના ગીરજા,સલીબ,તેમનામાંથી બિમાર,તંદુરસ્ત મર્દ– ઔરત બધાને અમારા તરફથી અમાન આપવામાં આવે છે.તેમનાં ગીરજા(ધાર્મિકસ્થળ)ને હીફાઝત અને તેની ઈઝઝત કરવામાં આવશે."

હઝરત ફારૂકે આઝમ રદીયલ્લાહો તઆલા અન્હો પછી ૪૫૦ વર્ષ સુધી મુસલમાનો બૈતુલમુકદ્દસ પર હકુમત કરી.તે દરમ્યાન કેટલાય હુકમરાનો બદલાઈ ગયા.પણ ઈસાઈઓ સાથે જે હઝરત ઉમરના મોઆએદા પ્રમાણે જ વર્તન અને સુલુક કરવામાં આવતું રહયું.પણ ઈસાઈયો મુસ્લમાનોની ખીલાફ અંદરો અંદર નુકસાન પહોંચાડવા જે શકય હતું એટલું કરતા રહયા.

ખુલફાએ બનુ અબ્બાસના આખરી દૌરે હકુમતમાં અંદરના ઈખ્તલાફથી હુકુમત બીલકુલ કમઝોર થઈ ગઈ.જેનો ફાયદો ઈસાઈયોએ લીધો.અને હી.સ.૪૯૨ માં શામ સાથે બૈતુલમુકદદસ ઉપર પણ કબ્ઝો કરી લીધો.ઈસાઈઓ તે વખતે મુસલમાનો ઉપર બેદરદીની સાથે જુલ્મો અને સીતમ કર્યા.મુસલમાનોની જાન,ઈઝઝત,માલનું નુકશાન કર્યું.કેટલાય દીવસો સુધી મુસલમાનોનું

કતલેઆમ થતું રહ્યું.ફકત મસ્જીદે અકસામાં ૭૦૦૦૦ મુસલમાનો ઈસાઈઓના હાથે બેરહેમીથી કતલ કરવામાં આવ્યા.આ ઝુલ્મ સતત ૯૦ વર્ષ સુધી ચાલ્યો.

આ ઝુલ્મો સીતમ અને બર્રબરીયતને સુલ્તાન સલાહુદીન ઐયુબીએ પોતાની બહાદુરી અને તાકતથી અમનમાં પલટાવ્યો,અલ્લાહના ફઝલો કરમથી ગાજી સલાહુદીન ઐયુબીની કિસ્મતનો સીતારો બુલંદ થયો.અને આપની બાજુએ હીંમતમાં અલ્લાહ તઆલાએ પોતાની મદદ સામીલ કરી.ગાજી સલાહુદીન પહેલા શામ ઉપર કબ્ઝો જમાવ્યો અને હવે પોતાનો લક્ષ્ય બૈતુલમુકદદસ હતું.માટે એક વિશાળ લશ્કર તૈયાર કરી અને બૈતુલમુકદદસને ફતેહ કરવા ઈસાઈઓ ઉપર આક્રમણ કર્યું. તે વખતે જાલીમ ઈસાઈઓની બે લાખની ફૌઝ સામે સુલ્તાન સલાહુદીન ઐયુબીનો લશ્કર ૨૫૦૦૦ની તાદાદમાં મુકાબલો કરી રહયો હતો.પણ તે મર્દે મુજાહીદનો લશ્કર પુરી હીંમતથી બે લાખની ફૌઝનો મુકાબલો કરી તે જાલીમોને જમીન ચાટતા કરી દીધા.હી.સ.૫૮૩ માં ઈસાઈઓને ભુંડી હાર આપીને સુલ્તાન સલાહુદીન ઐયુબીએ બયતુલ મુકદદસ ઉપર કબ્ઝો કરી ઈસ્લામી સલ્તનત કાયમ કરી.

જ્યારે ઈસાઈઓ એ હાર માની અને બૈતુલમુકદદસ મુસલમાનોનાં હવાલે કર્યા.તે વકતે ગાજી સલાહુદીને ઈસાઈઓ ઉપર રહેમ કરી અને કોઈપણ ઈસાઈ સાથે ન બદલો લીધો. ન કોઈને સજા આપી.આ પ્રસંગને એક ઈસાઈ ઈતીહાસ કાર લીનપોલ લખે છે કે,"ગાજી સલાહુદીન ઐયુબીના તે અહેસાન ઉપર નજર કરીએ અને ઈસાઈઓના તે વકતના જે જંગલીયત ભર્યા વર્તન અને મુસલમાનોને જે બે રહેમીથી કતલ કર્યા, તો તે ઈસાઈઓ રહેમ કરવાને લાયક ન હતા.પણ ગાજી સલાહુદીન ઐયુબી તરફથી તેઓ ઉપર રહેમ કરવામાં આવ્યો."

ગાજી સલાહુદીન ઐયુબીના આ બુલંદ કીરદાર અને અદલ ઈન્સાફ જેને આજ સુધી દુનિયા ભુલી શકતી નથી.શલાહુદીન ઐયુબી એક ખુશ અખલાક, ખુશ મીજાજ અને બાહયા ઈન્શાન હતા.તે પ્રજા સામે હંમેશા નરમીની સાથે પેશ થતા અને કોઈને સજા પણ આપતા તો ફકત શરીઅતની ખીલાફ વર્તનથી. સલાહુદ્દીન ઐયુબી પાકા સુન્ની અકીદાવાળા હતાં.નમાઝના ઘણાજ પાબંદ હતા.શફરમાં ,જંગમાં ,હર જગ્યાએ નમાઝ વખત ઉપર પાબંદીથી બાઝમાત અદા કરતા.અલ્લાહની રાહમાં ખર્ચ કરતા અને કુરાનશરીફની તિલાવત પણ શુકુનથી કરતાં અને શાંતીથી સાંભળતા. કયારેક કુરાનશરીફની તીલાવત સાંભળતા સાંભળતા આપની આંખોમાંથી આસું નિકળી જતા.હદીશે પાક પણ ઘણાજ અદબ સાથે સાંભળતા.હાફેઝ અશ્ફહાની ફરમાવે છે કે,એક વખત સુલ્તાન સલાહુદીન મને એકાંતમાં લઈ ગયા અને હદીશોની કીતાબો મંગાવીને પોતે હદીશ પઢવામાં ચાલુ થઈ ગયા.મારી આંખો એ જોયુ કે,જ્યાં ઈબરતઆમોજ હદીશ પઢ તા.તે વકતે આપનો દીલ નરમ થઈ જતો અને આંખોમાંથી આંસુ સરી પડતા.

સુલ્તાન શલાહુદીન ઐયુબી આખરી જીંદગીમાં મુસલસીલ બીમાર રહયા.તાવના કારણે બીમારી વધતી જતી.અને કયારેક આપ બીમારીના કારણે બેહોશ થઈ જતા.આ બીમારીની હાલતમાં ૨૭ સફર હી.સ.૫૮૯ના આલમે ઈસ્લામનો અજીમ બહાદુર પોતાના રબની જવારે રહમતમા હમેંશા માટે સુઈ ગયા.કીતાબોમાં આવ્યું છે કે,શેખ અબુ જાફર વફાત વખતે સુલતાન સલાહુદીન ઐયુબીની બાજુમાં કુરાન મજીદની તીલાવત ફરમાવી રહયા હતા.જયારે કુરાને કરીમની આ "લાઈલાહ ઈલા હુવ અલયહે તવકલતો.....વાળી આયત ઉપર પહોંચ્યા ત્યારે સુલ્તાને –

ઈસ્લામના હોઠો ઉપર મુસ્કુરાહટ જોવા મળી અને પુરો ચહેરો ફુલોની જેમ ખીલી ગયો.અને પોતાની રૂહ મોલાને સુપરત કરી દીધી.તે દિવસ ઈસ્લામ અને મુસલ્લમાનો માટે ખુલફાએ રાશેદીનના વખતના બાદ બધાથી વધારે દહેશત નાક અને કરુણ હતું. કીલ્લાના દરો દીવાર ઉપર સન્નાટો હતો.પુરી દુનિયા પોતાના આદીલ બાદશાહની જુદાઈનાં ગમમાં ડુબી ગઈ.

(સુલ્તાન સલાઉદીન ઐયુબી રહમતુલ્લાઅલયહેનું મઝાર મુબારક)

જામે ઉમવી મસ્જીદનો એક બુલંદ મીનારો છે.તવારીખની રીવાયત મુજબ આ મીનાર ઉપર હજરત ઈસા અલૈહિસ્સલામ આસમાન ઉપરથી ઉતરશે.આ મીનાર મસ્જીદનાં એક ખુણા ઉપર છે. પછી બજારે શામમાંથી પસાર થયાં. થોડા આગળ એક નાની મસ્જીદ છે.તેમાં હઝરત અબુ હુરૈરા રદીયલ્લાહો તઆલા અન્હોનું મઝાર પાક આવેલું છે.તેમાં ઝીયારત કરી.



(હઝરત ઈશા જ્યાં ઉતરશે તે મિનાર અને જામે ઉમવીનું દશ્ય)

હઝરત અબુ હુરૈરહ રદીયલ્લાહો તઆલા અન્હો



(હઝરત અબુ હુરૈરહ રદીયલ્લાહો તઆલા અન્હોનું મઝાર મુબારક)

દમિશ્કની બજારમાં એક સાદી અને નાની મસ્જીદના દરવાજાની બાજુમાં જ સાદી કબરમાં હઝરત અબુ હુરૈરહ રદીયલ્લાહો તઆલા અન્હોનું મઝારે પાક છે.હઝરત અબુ હુરૈરહ રદીયલ્લાહો તઆલા અન્હો હઝરત તુફૈલ ઈબને અમર જે એમના કબીલા 'ઘોસ' ના સરદાર હતા.તેમના હાથ ઉપર ઈસ્લામ કબુલ કર્યુ હતુ.'ઘોસ'કબીલો તીહામાંના ખીત્તામાં રહેતું હતુ.ઈસ્લામ કબુલ કર્યા પછી હઝરત અબુ હુરૈરહ રદીયલ્લાહો તઆલા અન્હો પોતાના સરદાર સાથે મક્કા શરીફ હાજીર થયા.હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મુલાકાત વખતે આપને હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એમનું નામ પુછયું તો આપે પોતાનું નામ અબ્દુલ શમસ બતાવ્યું.આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું તમારૂ નામ અબ્દુલ રહેમાન હોવું જોઈએ.આપને બિલાડી પાળવાનો વધુ શોખ હતો.એટલે હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ આપને અબુ હુરૈરા(બિલાડીનો બાપ)નો લકેબ આપ્યો.આપને એ લકબ એટલો પ્યારો લાગ્યો કે આપનું નામ જ અબુ હુરૈરા પડી ગયું.હિજરતના સાતમાં વર્ષે આપ મદીના તૈયબા હાજીર થયા અને અસ્હાબે સુફફાની સાથે રહેવા લાગ્યા.હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની દુઆથી અલ્લાહ તઆલા આપને એટલી યાદ શકિત આપી કે આપ જે વાત એકવાર સાંભળી લેતા તેને જીંદગીભર ભુલતા નહિ.

હઝરત અમીરૂલ મુમીનીન ઉમર રદીયલ્લાહો તઆલા અન્હો આપને બહારૈનનાં ગવર્નર બનાવ્યા હતા.આપનો વિસાલ ૭૮ વર્ષની ઉમરે હીજરી સન ૫૯ માં થયો.આપે ૬૩૭૪ હદિશેપાક રીવાયત કરી છે.

હઝરત સુલ્તાન નુરૂદ્દીન જંગી

હઝરત અબુ હુરૈરહ રદીયલ્લાહો તઆલા અન્હોની મઝાર શરીફની બાજુમાં જામેઅ નુરૂદ્દીન છે.તેમાં દાખલ થતાંજ દરવાજામાં એક બાજુ હઝરત નુરૂદ્દીન જંગીનું મઝાર છે.તેની ઝીયારત કરી.

હઝરત સુલતાન નુરદદીન જંગી રહમતુલ્લા અલયહેની સવાને હયાત અને આપની જંગી ખીદમતથી તારીખના ઔરાક ભરેલા છે.આ નાની કિતાબમા આપની સવાને હયાત તો લખી ન જ શકાય પણ મુખ્તસર ઓળખ જ આપું છું.આપની હસ્તીને અલ્લાહ તઆલા એવી તાકત અતા ફરમાવી હતી કે જેના તસવ્વુરથી યુરોપના બહાદુરો આજે પણ ઝમીનની અંદર કફનમાં કંપી જાય છે.આપે ૫૫૭ હીજરીમાં જ્યારે સ્લીબી જંગનો દૌર હતો. એ દૌર ઈ.સ.૧૦૯૯ થી ૧૧૮૭ સુધી રહયો ત્યારે આપ આ જંગમાં મશગુલ રહયા.હઝરત સુલતાન નુરૂદ્દીન જંગી રહમતુલ્લા અલયહે મુતકી,પરહેઝગાર,નમાઝ રોઝાનાં પાબંદ બાદશાહ હતા.રાતનો લગભગ હિસ્સો તહજજુદ,અને નવાફીલ વગેરેમાં ગુજારતા અદલ ઈન્સાફ,તકવા, સખાવત અને જંગોની ફતેહમાં આપને તવારીખમાં અનોખી હૈસિયત હાસીલ છે.ઈબને અસીર રહ.ફરમાવે છે કે મે બાદશાહોની તવારીખોની છાનબીન કરીને જોયું તો ખુલફા–એ–રાશેદીન અને હઝરત ઉમરબીન અબ્દુલ અઝીઝ રહમતુલ્લા અલયહેના પાછળ સુલતાન નુરૂદીન જંગી રહમતુલ્લા અલયહેની બરાબર બીજા કોઈને નથી જોયા.આપ બાદશાહ હોવા છતા.પોતાની માલીકીની જમીનની આમદનીમાંથી પોતાનો ગુજરાન કરતાં. સોનું–ચાંદી અને જે વસ્તુઓની શરીઅતમાં મનાઈ છે.તેનો કયારેપણ ઉપયોગ ન કર્યો,શામ,મીસર,જઝીરા અને હિજાજ ઉપર આપની હુકુમત હતી.આપે સંખ્યાબંધ મદ્રેસા બનાવડાવ્યા દારૂલ હદીસ કાયમ કરાવ્યા.આખા મુલ્કમાં શરાબ પીવા–વેંચવા પર સખ્ત પાબંદી જારી કરી હતી.આપની જીંદગીના સોનેરી વાકેઆતમાંથી એક વાકેઆ બરકત માટે લખું છું.

એક રાત્રે આપ તહજજુદ નમાઝ પઢી આરામ ફરમાવી રહયા હતા.તે વખતે ખ્વાબમાં આપે અમારા પ્યારા આકા રહમતુલ્લીલ આલમીન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઝીયારત કરી.આપે જોયું કે હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)માંજરી આંખોવાળા બે જણા તરફ ઈશારો કરીને ફરમાવી રહયા છે કે આ બે જણાને મારાથી દુર કરો.સુલતાન ગભરાઈને ઉઠયા આપ વુઝુ કરી નફલ પઢી પાછા સુઈ ગયા.ફરી પાછો એજ ખ્વાબ આપે જોયો વળી ફરી વુઝુ કરી નફલ પઢી આપ સુઈ ગયા.તો ફરી પાછો એજ ખ્વાબ આપે જોયો આપ ઉઠીને બેસી ગયા કે હવે ઉંઘવાની જરૂર નથી.તેજ સમયે આપે પોતાના વઝીર જમાલુદીન અસ્ફહાનીને બોલાવ્યા અને સઘળી વાત કરી વઝીરે કહયુ કે હવે જલ્દી કરીએ મોડું ન કરવું જોઈએ આપણે તરત જ મદીના શરીફ પહોંચી જવું જોઈએ અને આ વાતની અન્ય કોઈને જાણ ન થવી જોઈએ.

આપ પોતાના વઝીર અને વિશ્વાસુ ખાસ વીસ જણા અન્ય તથા ૨૦૦(બસો)સિપાહીની ટુકડી સાથે રવાના થયા.સાથે ધન દોલત તથા ઝડપી ઉંટોની સવારી હતી.બરાબર સોળ દિવસે શામથી મદિના તૈયબા પહોંચી ગયા.તે સમયે અરબસ્તાન આપની સતા નીચે હતું.બાદશાહ ઓચિંતા મદીના શરીફ આવ્યા હતા.તેથી મદીના વાસીઓ હેરતમાં પડી ગયા હતા.સુલતાને અમીરે મદીનાને સર્વે હકીકત કરી સંભળાવી.અમીરે મદીનાએ કહયું.આપણે શહેરે મદીનાને દાવત કરીએ અને સર્વેને બાદશાહ તરફથી ઈનામ આપવામાં આવશે. તેવુ એલાન કરીએ અને કોઈપણ મદીનાવાસી દાવતમાં આવ્યા વગર બાકી ન રહે અને જમ્યા પછી આપના હાથે ઈનામ મેળવે.એવી જાહેરાત કરાવીએ આપ એ વખતે નિરીક્ષણ કરતા રહેજો.માટે આપને ખ્વાબમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે જે માણસો બતાવ્યા છે.તેને આપ તરત ઓળખી શકશો.

અમીરે મદીનાના કહેવામાં મુજબ એલાન કરવામાં આવ્યુ.બીજા દિવસે તમામ અહેલે મદિના સુલતાન તરફથી દાવતમાં હાજર થયાં.દાવત બાદ એલાન મુજબ બધા ઈનામ લેતા ગયા.ત્યાં સુધી કે,આખા મદિના શરીફના માણસો આવી ગયા.પરંતુ પેલા માંજરી આંખોવાળા કયાંય દેખાયા નહિ.તેથી સુલતાને અરાકીનને પુછયું કે,શું તમામ અહેલેમદિના આવી ગયા ? કોઈ બાકી નથી. રહયો ? ત્યારે ખાદીમો એ અરજ કરી કે હુઝુર આખા મદિના તૈયબાના બધા આવી ગયા પણ બે જણા જે યુરોપમાંથી આવ્યા છે.તે એકદમ નેક સખી ઈબાદત ગુઝાર અલ્લાહવાળા ગૌશા નશીન છે.બસ એ જ બે બાકી છે.એ કયા પણ જતા નથી.જન્નતુલ બકીમાં પાણી પીવડાવવાની ખીદમત પણ કરે છે.પરંતુ સુલતાને બને જણાને બોલાવ્યા જ્યારે બને જણા આવ્યા તો તરત જ સુલતાને તેમને ઓળખી લીધા.પરંતુ સુલતાને ઉતાવળ ન કરી.એમને ઈજજતથી ઉંચે આસન ઉપર બેસાડયા મુસાફો કર્યો.એમની સાથે વાતો કરી પછી વાતો–વાતોમા જ તેઓ પેલાઓને એમના જ હુજરામાં લઈ ગયા.તે લોકોના હુજરામાં ફરશ પર એક સાદી ચટાઈ બિછાવેલી હતી.એક બાજુ કુરાને શરીફની જીલ્દ પડી હતી.બીજીબાજુ વાએઝ નસીહતની થોડીક કિતાબો પડી હતી.સાથે મદીનાવાળાને ખૈરાત આપવા થોડો માલ પડયો હતો.હુજરાનો સામાન જોઈ સુલતાન હેરાનીમાં પડી ગયા.યા ઈલાહી શું રાઝ છે. આપ માયુસ થઈ પાછા જવા નીકળ્યા કે ચટાઈ નીંચે કઈ હાલતુ મહેસુસ થયું.જેવી ચટાઈને હટાવી તો એક પાટીયો જોવામાં આવ્યો.જેવો પાટીયો હટાવ્યો તો નીચે એક સુરંગ નજર પડી.જે આકા વ મૌલા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની

મઝારે અકદસની તરફ ખોદવામાં આવી હતી.બસ એજ સમયે એ બને જણાને ગીરફતાર કરી લેવામાં આવ્યા અને એમની તપાસ દરમ્યાન સઘળી હકીકકતની માલુમાત કરવામાં આવી.બને જણાએ પોતાનો ગુનો કબુલ કરી લીધો.અને કહયું કે બને રૂમનાં ઈસાઈઓ છે.અને ઈસાઈ બાદશાહોએ ઘણી જ ધન દોલતની લાલચ આપી.એમને હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું જીસ્મ મુબારક કબરે અનવરમાંથી કાઢી રૂમ લઈ જવાનું કામ સોંપવામાં આવ્યું હતુ.જેથી કરીને મુસલમાનોનું મરકઝ ખતમ થઈ જાય અને એમનો ઈતેહાદ વિખેરાઈ જાય.આવી બુરી અને ખતરનાક નિય્યતથી એ બે જણા મદિના શરીફ આવ્યા. અહી આવી વેશ પલટો કર્યો.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મોહબત તથા દિનદારીનો દેખાવ કર્યો.જેથી મદિના વાસીઓ તેમનાથી ખુશ થઈ તેમને હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નીકબર મુબારકની બાજુમાં જ હુજરો ખોલી દીધો.રાતના સમયે એ બે જણા આહિસ્તા આહિસ્તા સુરંગ ખોદવાનું ચાલુ કર્યુ.

મઝારે અકદસની તરફ ખોદવામાં આવી હતી.બસ એજ સમયે એ બને જણાને ગીરફતાર કરી લેવામાં આવ્યા અને એમની તપાસ દરમ્યાન સઘળી હકીકકતની માલુમાત કરવામાં આવી.બને જણાએ પોતાનો ગુનો કબુલ કરી લીધો.અને કહયું કે બને રૂમનાં ઈસાઈઓ છે.અને ઈસાઈ બાદશાહોએ ઘણી જ ધન દોલતની લાલચ આપી.એમને હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું જીસ્મ મુબારક કબરે અનવરમાંથી કાઢી રૂમ લઈ જવાનું કામ સોંપવામાં આવ્યું હતુ.જેથી કરીને મુસલમાનોનું મરકઝ ખતમ થઈ જાય અને એમનો ઈતેહાદ વિખેરાઈ જાય.આવી બુરી અને ખતરનાક નિય્યતથી એ બે જણા મદિના શરીફ આવ્યા. અહી આવી વેશ પલટો કર્યો.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મોહબત તથા દિનદારીનો દેખાવ કર્યો.જેથી મદિના વાસીઓ તેમનાથી ખુશ થઈ તેમને હુઝુર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નીકબર મુબારકની બાજુમાં જ હુજરો ખોલી દીધો.રાતના સમયે એ બે જણા આહિસ્તા આહિસ્તા સુરંગ ખોદવાનું ચાલુ કર્યુ.રાતના સમયે સુરંગ ખોદતી વખતે જે માટી નીકળે તે માટી ચામડાની થેલીમાં ભરી જન્નતુલ બકીમાં નાખી આવતા અને દિવસનાં કબ્રસ્તાનમાં ફરતા માણસોને પાણી પીવડાવતા.વર્ષોની મહેનત પછી એ લોકો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જીસ્મ મુબારકથી બિલકુલ નજીક પહોંચી ગયા હતા.કહે છે કે જ્યારે એ સુરંગ કબર મુબારકની કરીબ પહોંચી તે રાતે એકદમ ગાજવીજ સાથે વરસાદ પડયો અને ધરતીકંપ પણ થયો.જેથી આખા મદિનાના માણસો ખૌફઝદા થઈ ગયા હતાં.આ વાત સાંભળી સુલતાન ઉપર રીકકત તારી થઈ ગઈ.આપ ઝારો કતાર રોવા લાગ્યા અને તે જ વખતે એ બન્ને લઈનોના માથા રોઝા મુબારકથી થોડે દુર ધડથી જુદા કરી નાખવામાં આવ્યા.આપે અલ્લાહની બારગાહમાં સીજદા એ–શુક્ર અદા કર્યો તે પછી રોઝા એ મુબારકની ચારો તરફ એટલો ઉંડો પાયો ખોદાવ્યો કે નીચે પાણી નીકળી આવ્યું પછી આ પાયામાં સીઓ પીગળાવીને ભરવામાં આવ્યું.જેથી ફરી કયારેય એવો ખતરો ન રહે.હાલમાં ગુંબદે ખીઝરાની દિવાલો એજ પાયા ઉપર કાયમ છે.

આ વાકેઆનું ઝીકર ફકીહુલ હુકમુદીન યાકુબ બીન અબુબકરએ કર્યુ અને આ વાકેઆતની તસ્દીક તમામ મદિના મુન્નવ્વરાના મુઅરરીખોએ કરી છે.જયાં કે શેખ જમાલુદદીન મુતૈરી રહમતુલ્લાહ અલયહે મુજદ્દેદી ફીરોઝાબાદીએ જઝબુલકુલુબમાં આ વાકેઓ હઝરત શેખ અબ્દુલહક મોહદીસ દહેલ્વી રહમતુલ્લાહ અલયહે પણ બયાન કર્યુ છે.ઝફરૂલ મીલ્લત મૌલાના

ઝફર અલીખાન આખા વાકેઆને તફસીલથી નઝમમાં બયાન ફરમાવ્યું છે.આજ સુધી દુનિયામાં કોઈપણ પયગંબરની કબર મુબારકની એટલી હીફાઝત થઈ નથી.આજે પણ અંદર આપનો માટીનો કસરો હુઝરે આયેશા રદીયલ્લાહો તઆલા અન્હા માં એ જ રીતે કાયમ રાખવામાં આવ્યો છે.અલ્લાહ તઆલાએ આવી હિફાઝત કોઈની કબર કે હુજરાની નથી કરી આ શાન છે.હયાતુન્નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની આપની હયાત હોવાની મીસાલ છે.

હઝરત નુરૂદીન જંગી રહમતુલ્લાહ અલયહે ૨૧ શવ્વાલ હિ.સ.૫૬૯ ૧૫ મે.ઈ.સ.૧૧૭૪માં વિસાલ ફરમાવી ગયા.આપની કબરમુબારક દમિશ્કમાં જામેઆ નુરૂદીનમાં સદર દરવાજાની બાજુનાં હુજરામાં છે.આપે ગાઝી સલાઉદીન ઐયુબી ફાતેહ બૈતુલ મુકદદશની તરબીયત કરી હતી.અમે ત્યાં આપની કબરની ઝીયારત કરી ફાતેહા પઢી.

બાબે સગીરા કબ્રસ્તાન

બાબે સગીરાના કબ્રસ્તાનમાં હઝરત ઉમ્મે કુલસુમ બીનતે અલી મુરતદા રદીયલ્લાહો તઆલા અન્હા, હઝરત ઉમ્મે સકીના બીનતે હઝરત ઈમામે હુસૈન રદીયલ્લાહો તઆલા અન્હા, હઝરત સૈયદા ફાતીમા સકીના સુગરા બીનતે સૈયદના ઈમામ હુસેન મુજતબા રદીયલ્લાહો તઆલા અન્હોના મઝાર ઉપર અમે હાજરી આપી.જામે ઉમવીની પાસે જ હઝરત રૂકૈયા બીન્તે ઈમામે હુસૈન રદીયલ્લાહો તઆલા અન્હાનું મઝારે પાક છે.

બાબે સગીરમાં ઉમ્મુલ મોએમીનીન હજરત ઉમ્મે સલમાં રદીયલ્લાહો તઆલા અન્હાનું મઝારે પાક છે.અને ઉમ્મુલ મોમેનીન હઝરત ઉમ્મે હબીબા રદીયલ્લાહો તઆલા અન્હા મઝારે પાક છે.હજરત અબ્દુલા ઈબને હઝરતે ઈમામ ઝૈનુલ આબેદીન.હઝરત અબ્દુલા બીન જાફર તૈયાર રદીયલ્લાહો તઆલા અન્હો,એમની બીબી સાહેબા અસ્મા અને હઝરતે બીલાલ રદીયલ્લાહો અનહુમના મઝારેપાકની પણ ઝીયારત કરી.અહીંયા એક એવો મોટો ઓટલો બનેલો છે,જેમા ચાલીસ સર મુબારક શોહદાએ કરબલાના દફન છે.એના ઉપર ચાલીસ કપડાના ગોળા રાખેલ છે.એ કપડાના ગોળા ઉપર દરેક શોહદાએ કરબલાનું નામ લખેલ છે.જેને ગંજે શહીદાથી ઓળખવામાં આવે છે.

દમિશ્કની બીજી ઝીયારતમાં હઝરત ઝૈનબ બીન્તે અલી રદીઅલ્લાહો ત્આલા અનહા,હઝરત ઉબૈ બિન કઅબ રદીઅલ્લાહોત્આલાઅનહો,હઝરત જરારબીન અલઔજ રદીયલ્લાહો તઆલા અન્હો, કાતીબે વહી હઝરત શરજીલ રદીયલ્લાહો તઆલા અન્હો, હઝરત જરાર રદીયલ્લાહો તઆલા અન્હોના બહેન હઝરત બીબી ખૌલા બીન્તે ઔજ રદીયલ્લાહો તઆલા અન્હા,હઝરત ઉસ્માન સકફી રદીયલ્લાહો તઆલા અન્હોના મઝારાતની ઝીયારત કરી.તે પછી અમે કરબલાથી પાછા ફરેલા અહેલેબૈત રસુલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને જ્યાં બંદી બનાવીને રાખવામાં આવ્યા હતા તે કેદખાનું પણ જોયું .ત્યાં આજે પણ ગમ અને હસરતનું અહેસાસ થાય છે.જામે–એ ઉમવીમાં એક કુવો છે.કહે છે કે આ કુવો હઝરત ઈસા અલૈહિસ્સલામનો કુવો છે.જેમાં તે વખતે નાના બાળકોને નવડાવવામાં આવતા.

ઈન્જીલમાં હઝરત ઈસા (અલૈહિસ્સલામ)નો કોલ દર્જ છે.હું તમને પાણી વડે પાક કરૂં છું.તે તમને આગથી પાક કરશે.આ પેશનગોઈ આપણા આકા વમૌલા હઝરત મોહંમદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની હતી.

(હઝરત શકીના બિન્તે ઈમામ હુશેન અને હઝરત કુલસુમ બિન્તે અલી)





(હઝરત સૈયદા જૈનબ અને સૈયદા રૂકૈયા બિન્તે ઈમામ હુશેન)



(આ જગ્યાએ શોહદાએ કરબલાના સરમુબારક દફન છે.) (ગંજે શહીદા)

(હઝરત અબ્દુલ્લા બિન ઈમામજૈનુલ આબેદીન અને સૈયદા ફાતેમા સુગરા)

(હઝરત અબ્દુલ્લાહ બિન જાફર સાદીક અને હઝરત બિલાલ-મોઅજીને રસુલ)

(સૈયદા મેમુના બિન્તે હસન, સૈયદા અશ્મા બિન્તે ઉમેશ, સૈયદા હમીદા
બિન્તે મુસ્લીમ બિન અકીલ અને સૈયદા ફિઝા (હઝરત ફાતેમાની ખાદીમા))

(હઝરત ઉમ્મુલ મોમેનીન ઉમ્મે સલમા અને ઉમ્મે હબીબા રદીયલ્લાહોત્આલાઅનહોમા)





(હઝરત સૈયદા શકીના બિન્તે અલી અને હઝરત સાહબી શઆદ બિન ઉબાદા)



(આ જગ્યાએ હઝરત ઈમામે હુશેન રદીયલ્લાહોત્આલા અનહાનું સરમુબારક દફન છે.)

(હઝરત સૈયદા જૈનબ અને હઝરત શહાબી અમ્માર બિન યાસીર)



(હઝરત ઉબૈઈ બિન કઆબ અને હઝરત ઉવૈશ કરની)



(હઝરત શઆદ બિનુ અબીવકાશ અને હઝરત દહયા કલ્બી)



(હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમની વિલાદત વખતે નુરની રોશનીમાં હઝરત આમેનાને મુલકે શામનું આ મહેલ નજર આવ્યો હતો)



(હુઝૂર હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરત અબ્દુર્રેહમાન અને હઝરત ખાલીદ બિન વલીદના મઝારો આ રોઝા મુબારકમાં આવેલા છે.)

(હઝરત શીશ અલૈહીસ્સલામ અને હઝરતે હુદ, હઝરતે સાલે અલૈહીસ્સલામના રોઝા મુબારક)

(આ પથ્થર ઉપર હઝરત ઈમામે હુશેનનું સરમુબારક રાખવામાં આવ્યું હતું જે આ પથ્થર ઉપર લોહીના નિશાન આજે પણ જોવા મળે છે.)

(ગારે કહફ)

દમિશ્કથી મક્કા મુકર્રમા

દમિશ્ક હોટલમાં રાત્રે ૧ વાગે અમે ઉઠીને તૈયાર થઈને ૨ વાગે એરપોર્ટ ઉપર આંવ્યાં એરપોર્ટ ઉપર બહુજ ઠંડી પડી રહી હતી.એરપોર્ટની મસ્જીદમાં જ ફજર નમાઝ પઢી તે પછી ઈશરાક પઢીને નફીલ નમાઝ પઢયા એહરામ બાંધ્યો.સુબ્હાનઅલ્લાહ,અહેરામ બાંધ્યા પછી કાયાપલટ થઈ જાય છે.જાણે ઈશ્કો મોહબતનાં દરવાજા ઉપર પહેલો કદમ રાખ્યો અને ઝબાન ઉપર ઈશ્કો મોહબતની તસ્બીહ "લબ્બૈક અલ્લાહુમ્મા લબ્બૈક–લબ્બૈક લાશરીક લકા લબ્બૈક–ઈન્નલ હમ્દ–વન્નેઅમતે–લકા વલમુલ્કે–લાશરીક લકા"જારી થઈ જાય છે.સવારે ૯ વાગે પ્લેન અહીંથી ઉપડયું બરાબર ૧૧/૩૦ સવારે જીદાહ પહોંચી ગયા.ત્યાંથી પાસપોર્ટ વગેરેને લગતી વિધિ પુરી થઈ ગયા પછી કસ્ટમ પાસ કરી ૩ વાગે બહાર નીકળ્યા.ઝોહર અને અસર નમાઝ પઢી જીદાહથી મક્કા મુકકરમાં રવાના થયાં.જીદાહથી મક્કા સુધી આવ–જાવની બે સડકો છે.રસ્તાની બન્ને બાજુ પહાડોની કતારો લાગેલી છે.અને પહાડોની વચ્ચેથી પણ સડકો નીકળેલી છે.સડકો ખુબજ સાફ સ્વચ્છ નજર આવતી હતી.સુબ્હાનઅલ્લાહ,મહેબુબના રસ્તા પણ ખુબ દીલ ફરેબ હોય છે.જીદાહથી નીકળતાં ગામડાઓ શરૂ થઈ જાય છે.'બરરહ' વસ્તી જ્યાં આવેલ છે.તે જગ્યાએ પોલીસ ચોકી છે.જ્યાં પાસપોર્ટ વગેરેનું ચેકીંગ થાય છે. ત્યાંથી નીકળીએં તો આગળ 'વાદી–એ–ફાતેમહ' છે.તે વાદી ઘણીજ ઝરખેઝ વાદી છે.આ વિસ્તારમાં ફળો અને શબજી વધારે થાય છે. મક્કાથી મદીનાનો જુનો રસ્તો અહીંથી પસાર થાય છે.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હીઝરત વખતે અહીંથી પસાર થયા હતાં.અહીંથી આગળ,"હુદયબીયહ" છે.અહીંથી હરમની હદ શરૂ થાય છે.જ્યાં એક સાઈન બોર્ડ લાગેલો છે.જેના ઉપર"ગૈરમુસ્લીમને પ્રવેશવાની મનાઈ છે."લખેલ છે.પહાડોના ઉંચા–નીચા સખ્ત રસ્તા જોઈ માણસ દંગ રહી જાય છે. રાત્રે ૧૧ વાગે અજીજીયા જે મીનાની નજીક છે.ત્યાં પહોંચી રાત્રે જમી અને આરામ કરી સવારે હોટલથી નાસ્તા બાદ અમે ગાડીથી ઉમરાહ માટે મક્કા ગયા.ત્યાં તવાફ કરી સફા–મરવાની સઈ કરી માથું મુંડાવી અહેરામ ખોલી નાખ્યો ત્યારબાદ અમે અઝીઝીયા હોટલ જે મીનામાંજ આવેલી છે.ત્યાંથી ૭ ઝીલહજ્જના અમે તંબુમા આવ્યાં.૮ ઝીલ હજ્જના સાંજે અરફાતમાં પહોંચાડી દીધા.રાત પસાર કરી સવારથી અમે દુઆ ઈસ્તગફાર,તિલાવત,તથા બે કલાક તકરીર વગેરેમાં પસાર કરી. અસર નમાઝ અદા કરી. પછી અમે પગપાળા 'મુઝદલેફા'રવાના થયા.બસમાં ગીરદીના કારણે વધુ સમય લાગે માટે પગપાળા જલ્દી પહોંચાશે અમે નીકળ્યાં. 'મુઝદલેફા'અહીંથી સાત કિલોમીટરના અંતર પર છે.રાત્રે ૧ વાગે 'મુઝદલેફા'માં પહોંચી ગયા.મગરીબ ઈશા નમાઝ સાથે જ અદા કરી અમે આરામ કર્યો.સવારે ફઝર નમાઝ અદા કરી.પાછા પગપાળા નીકળ્યાં. સવારના ૯/૩૦ વાગે તંબુ પર પહોંચી ગયાં.ત્યાં આરામ કરી બપોરે જમ્યા બાદ ઝોહર પઢી શૈતાનને કાંકરી મારવા રવાના થયા.તંબુથી શૈતાન ૩ કિલોમીટરના અંતરે હતુ.પગપાળા ગયા જેથી શૈતાનને કાંકરીઓ મારવાની વિધિ ઘણી જ આસાનીથી થઈ.રમી કરી પાછા મગરીબ સમયે તંબુ ઉપર આવી ગયા.કુરબાની માટે કુરબાનીવાળા માણસોને ટુરવાળાએજ ફોન કર્યો એટલે આવી ગયો.એણે તરત જ ત્યાં કુરબાની કરી.અને અમે હલક કરાવીને અહેરામ ઉતારી નાખ્યો. ગુસલ કરી ઈશા

નમાજ સુધી ફારીગ થઈ ગયાં. રાત્રે આરામ કરી બીજા દિવસે સવારે ૯ વાગે કાંકરી મારવા નીકળ્યા. ત્રણેય શૈતાનને કાંકરી મારી ફારીગ થઈ ગયાં. સાંજે ઈશા નમાઝ બાદ મક્કા મુકર્રમા જઈ તવાફે ઝીયારત કરી રાત્રે ૧.૩૦ પાછા અમારી હોટલ જે અઝીઝીયામાં હતી, ત્યાં આવીને આરામ કર્યો. ત્રીજા દિવસે ફરી શૈતાનને કાંકરી મારવાનુ કામ પૂરું કરી ફારીગ થઈ ગયા.

તા.૧૬ ઝીલહજજ સુધી અહી અઝીઝીયામાં અમે રહયાં. સાંજે અમે મક્કા મુકર્રમા પહોંચ્યા.હરમ શરીફની સામે જ હોટલ–દારૂસ્સલામમાં અમારૂં રોકાણ હતું. ઘણી સુંદર ફોરસ્ટાર હોટેલ હતી.તા.૫ જાન્યુઆરી થી તા.૫ ફેબ્રુઆરી સુધી મક્કા શરીફમાં રોકાવાનું થયું. ૬ ફેબ્રુઆરીના અમે મદીના મુનવ્વરા રવાના થયા.

મક્કા મુકર્રમા



મક્કા મુકર્રમાની દીની અઝમત અને તારીખી અહેમીયતનો અંદાજ એના ઉપરથી આવે છે કે ખાલીકે કાએનાત રબુલઆલમીને મક્કા શરીફને પવિત્ર ઘર ખાનએકાબા માટે પસંદ ફરમાવ્યું.આ જ શહેરને સૈયદના ઈસ્માઈલ અને સૈયદા હાજરાનું મસકન બનાવ્યું.અંબીયાએ કીરામ,ઔલીયાએ ઈઝામ અને સાલેહીન આ બૈતુલલ્લાહની જીયારત માટે સફર કર્યાં.અહીં જ તે મસ્જીદે હરામ છે.જેમાં એક નમાઝનો સવાબ એક લાખ નમાઝોથી વધારે છે.જેમા એક નમાઝનો સવાબ એક લાખ નમાઝોથી વધારે છે અને આ જ શહેરને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમના જન્મ સ્થળનો શર્ફ હાંસીલ છે.ત્યાંજ ઝમઝમનો કૂવો છે જેનું પાણી પૂરી દુનિયાના પાણીથી અફઝલ અને મુબારક છે.ઉપરોકત જગ્યાઓની અલાવા ઘણાં જ તારીખી મકામ છે જેની અઝમતથી શહેરે મક્કાને ચાર ચાંદ લાગેલા છે.

"ઈસ દેશમેં હૈ અલ્લાહ કા ઘર વો પ્યારે નબી કા પ્યારા નગર,
હર શય હૈ જહાં ફીરદોશ નજર અનવાર કી બારીશ આઠ પહર"

મક્કા મુકર્રમા સઉદી અરબના પશ્ચિમ દિશામાં હિજાઝની એવી વાદીઓમાં આવેલ છે જે ચારે તરફ પર્વતોની હારમાળાથી સજેલો છે.અલ્લાહ તબારક ત્આલાએ આ પાકીઝા શહેરને પોતાના ઘર માટે મુન્તખબ ફરમાવ્યું.અલ્લાહ ત્આલાએ પોતાના બંદાઓને આ શહેરની ઝીયારત અને આદાયગીએ મનાસીક માટે સફરને ફરજ કર્યું માટે અહલે ઈમાન ઈશ્કો મોહબ્બત,આજીજી અને ઈન્કસારીની સાથે આ સરજમીન તરફ આવે છે.આ રૂએ જમીન ઉપર આ શહેર સિવાય બીજી કોઈ એવી જગ્યા નથી જયાંનો સફર કરવો ફરજ હોય.આજ શહેરમાં મૌજૂદ બયતુલ્લાહનો તવાફ કરવાનો હુકમ આપવામાં આવ્યો જેની મિસાલ પુરી રૂહે જમીન ઉપર નથી.આજ તે બાઅજમત શહેર છે જેની હુરમતની કસમ અલ્લાહ તબારક વ ત્આલાએ બે જગ્યાએ કુરાન શરીફમાં ખાધી છે જે (૧)સુર એ બલદ (૨) સુર એ તીનમાં જોવા મળે છે.આ બાબરકત શહેરમાં તે કીબ્લો છે જે તરફ મોઢું કરવું બધી નમાજોમા જરૂરી છે.આ જ શહેરમાં એવા મકામાત છે જયાં દુઆઓ કબુલ થાય છે,ગુનાહ માફ થઈ જાય છે,મુશ્કિલો હલ થઈ જાય છે.જયારે ફીતનાઓનો વખ્ત આવશે ત્યારે આ શહેરની હિફાજત ફરીશ્તાઓ કરશે અને દજાલ આ શહેરમાં પ્રવેશ નહીં કરી શકે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમે ફરમાવ્યું કે, "આ શહેરને અલ્લાહ તબારક વ ત્આલાએ તે સમયથી હુરમતવાળું બનાવ્યું છે જયારે આસમાન અને જમીનની તખલીક ફરમાવી." અલ્લાહના તરફથી આ હુરમત અને તકદુસ કયામત સુધી છે.એના કાંટાને પણ તોડવામાં નહીં આવે.ન કોઈ શિકારી જાનવરને પરેશાન કરવામાં આવે.રસ્તામાં પડેલી વસ્તુને ઉપાડવું જાઈઝ નથી.હા! એટલા માટે ઉપાડે કે એના માલીક સુધી પહોંચાડવાની કોશિશ કરે અને લોકોમાં એલાન કરે.આ શહેરનાં ઘાસને પણ કાપવું નાજાઈઝ છે.

તારીખી રીવાયતોથી જાણવા મળે છે કે બયતુલ્લાહની તામીર બાર વખત થઈ છે.જે નીચે મુજબ છે.(૧) ફરીશ્તાઓ (૨) હઝરત આદમ અલયહી સ્સલામ (૩) હઝરત શીશ અલયહીસ્સલામ (૪) હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ અલયહીસ્સલામ (૫) કોમે ઓમાલેકા (૬) કબીલે ઝરહમ (૭) કુસ્સી બીન કીલાબ (૮) કુરૈશેમક્કા (૯) હઝરત અબ્દુલ્લાહબીન ઝુબૈર હી.સ.૬૫ માં(૧૦) હીજાજ બીન યુસુફ હી.સ.૭૪ (૧૧) સુલ્તાન મુરાદ તુર્કી હી.સ.૧૦૪૦ (૧૨) શાહ ફહદ બીન અબ્દુલ અઝીઝ હી.સ.૧૪૧૭.

હઝરત અબ્દુલ્લા બીન ઉમર રદીઅલ્લાહોત્આલાઅનહો ફરમાવે છે કે "જયારે અલ્લાહ ત્આલાએ હઝરત આદમ અલયહીસ્સલામને જન્નતમાંથી જમીન ઉપર ઉતાર્યા ત્યારે ઈરશાદ ફરમાવ્યું કે હું તારી સાથે એક ઘર પણ ઉતારી રહયો છું જેનો તવાફ એવી રીતે કરવામાં આવશે જેવી રીતે મારા અર્શનો કરવામાં આવે છે અને એની આજુબાજુમાં નમાઝો પઢવામાં આવશે જેવી રીતે મારા અર્શની પાસે પઢવામાં આવે છે."

રાવીઓના કહેવા અનુસાર તુફાને નુહ વખતે કાબતુલ્લાહને ઉપાડી લેવામાં આવ્યો હતો.સુબ્હાનલ્લાહ,આ મુકદ્દસ અલ્લાહના પાક ઘરને આજે પણ લાખો ઈન્શાન હર પળ અને હર ઘડી તવાફ કરી રહયા છે.જયાં હર વકત નુરની વરસાદ થાય છે.

હજરે અશવદ

હજરે અશવદ આ પથ્થર કાબા શરીફની દક્ષિણ બાજુના ખૂણામાં નસબ કરવામાં આવ્યો છે.આ પથ્થર આઠ ટુકડા સાથે કાબતુલ્લાહની દિવાલમાં લાગેલો છે.શરૂઆતમાં આ આખો પથ્થર હતો પણ અમુક એવા બનાવ બન્યા જેનાથી એના ટુકડા થઈ ગયા.હવે એ નાના નાના આઠ ટુકડાઓમાં વહેંચાઈ ગયો છે.તે આઠ ટુકડાઓને મોટા પથ્થરમાં જોડવામાં આવ્યા છે અને એના ઉપર ચાંદીની ફ્રેમ લગાવવામાં આવી છે.આ હજરે અશવદને એ શર્ફ હાંસિલ છે કે એને આપણાં આકા સલ્લલ્લાહો અલયહે વસલમે બોસો આપ્યો છે.જે પુરી ઉમ્મત માટે જાઈઝ અને મસનુન છે.જે આકાની મુબારક સુન્નત છે.હુઝૂરે ફરમાવ્યું,'' હજરે અશવદ જન્નતમાંથી આવેલો પથ્થર છે જે દૂધથી વધારે સફેદ હતો પણ બની આદમના ગુનાહોથી એ કાળો પડી ગયો છે.''ઉલ્માએ કીરામ ફરમાવે છે કે આ મુકામે ઈબરત છે જયાં ગુનાહોની અસરથી આ પથ્થરનો રંગ કાળો થઈ ગયો તો દિલ ઉપર ગુનાહોની અસર કેવી હશે ? માટે ગુનાહોથી બચવું જોઈએ.આ પથ્થર જન્નતમાંથી લાવીને હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામને સોંપવામાં આવ્યું તાકે તે કાબાશરીફના ખૂણામાં એ લગાવી દે.



(હજરે અશવદના આઠ ટુકડાઓને ચાંદીની ફ્રેમમાં કાબતુલ્લાહની દિવાલમાં લગાવેલ છે.)

જયારે ફરી કુરેશવાળાએ કાબાશરીફની તામીર કરી ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાના હાથ મુબારકથી આ જગ્યાએ નસબ કર્યુ.તવાફની શરૂઆત અને ઈન્તેહા આ જ મુબારક પથ્થર પાસે થાય છે.બેસુમાર અંબીયાએ કીરામ અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના લાખો સહાબાએ કીરામ,ઔલીયાએ ઈઝામ અને લાતાદાત હુજ્જાજે કીરામ અને મુત્અમમેરીનના મુબારક હોઠ આ પથ્થરથી લાગેલા છે.આ પથ્થરની બાજુમાં દુઆઓ કબૂલ થાય છે.કયામતના દિવસે આ પથ્થર પોતાને બોસા દેવાવાળાઓના હક્કમાં ગવાહી આપશે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું,'' અલ્લાહની કસમ કયામતના દિવસે હઝરે અશવદ ને અલ્લાહ ત્આલા એવી રીતે હાજર ફરમાવશે કે એની બે આંખો અને એક જબાન હશે જેથી તે પોતાને બોસા દેવાવાળાઓની ઈમાનની ગવાહી આપશે.સુબ્હાનલ્લાહ,તે લોકો ખુશનસીબ છે જે તે પાક દર ઉપર હાજરીની સઆદત હાંસિલ કરી આ પથ્થરને બોસા આપે છે.

'' હતીમે કાબામેં સજદે વો બોસે સંગે અશવદ કે,
દરે કાબા પે રોના ગીડગડાના દેખનેવાલે.''

મુલ્તઝમ : હઝરે અશવદવાળા ખૂણાથી લઈ કાબતુલ્લાહના દરવાજા સુધીની વચ્ચેની જગ્યાને 'મુલ્તઝમ' કહેવાય છે.જે આશરે બે મીટર જેટલી જગ્યા છે.હઝરત ઈબ્નેઅબ્બાસ ફરમાવે છે કે ''મુલ્તઝમ રૂકન અને દરવાજાની વચ્ચેની જગ્યા છે.'' અને હઝરત મુજાહીદ ફરમાવે છે કે હઝરે અશવદના ખૂણાથી દરવાજાની વચ્ચેની જગ્યા મુલ્તઝમ છે.આ જગ્યાએ દુઆ કબુલ થાય છે.આ જગ્યાએ સુન્નત એ છે કે કાબતુલ્લાહની દિવાલને ચીપકીને એવી રીતે દુઆ માંગે કે ગાલ અને છાતી અને હાથ કાબતુલ્લાહની દિવાલ સાથે ચીપકેલા હોય અને દુઆ માંગે.હઝરત અબ્દુલ્લા બીન ઉમર રદીઅલ્લાહોત્આલાઅનહોએ તવાફ કરી,નમાઝ પઢી ત્યારબાદ હઝરે અશવદને બોસો આપ્યો અને પછી હઝરે અશવદ અને દરવાજાની વચ્ચેની જગ્યાએ એવી રીતે ઊભા રહયા કે પોતાના હાથ,છાતી અને ગાલ દિવાલ સાથે લગાવી અને ફરમાવ્યું કે, મેં આવી રીતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કરતાં જોયા છે.આજગ્યાએ બંદો જે દુઆ માંગે,જે ચીજનો સવાલ કરે,જે ચીજથી પનાહ માગે અલ્લાહ ત્આલા તેની દુઆ કબુલ ફરમાવે છે.

હતીમ : આ જગ્યા કાબતુલ્લાહ શરીફની બાજુમાં જ અર્ધગોળાકાર દિવાલ બનેલી છે.તેને 'હતીમ' કહે છે અને એ જગ્યાને 'હઝરે ઈસ્માઈલ' પણ કહે છે.એટલા માટે કે આ જગ્યાએ કાબતુલ્લાહની બાજુમાં હઝરત ઈસ્માઈલ અને એમના વાલિદા માટે હઝરત ઈબ્રાહીમે એક ઝૂંપડી બનાવી હતી.આ જગ્યા બયતુલ્લાહની હદથી બહાર હતી પણ કુરેશવાળાઓની બયતુલ્લાહની તામીર વખતે ત્રણ મીટર જેટલી જગ્યા રહી ગઈ હતી.જે હઝરે ઈસ્માઈલ સાથે મળેલી છે.માટે આ અર્ધગોળાકારની અંદર ત્રણ મીટર જેટલી જગ્યા જે છે તે કાબતુલ્લાહની જગ્યા છે.બાકીની આ હદથી બહાર હઝરે ઈસ્માઈલ છે.હદીશ શરીફમાં છે કે,હઝરત આઈશા રદીઅલ્લાહોત્આલાઅનહાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સવાલ કર્યો કે હતીમ એ ખાન એ કાબાનો હિસ્સો છે ?જવાબમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવયું 'હા' પછી ઉમ્મુલ મોમેનીને સવાલ કર્યો કે આ કાબતુલ્લાહનો હિસ્સો તો એને એની તામીરમાં કેમ સામીલ ન કર્યું ? તો આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે ,તમારી કોમ પાસે એટલું ખર્ચ ન હતું.

હઝરત આઈશા સિદ્દિકા ફરમાવે છે. કે મને એવી ઈચ્છા હતી કે હું કાબાની અંદર નમાઝ પઢું ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મારો હાથ પકડીને મને હતીમમાં દાખલ કરી અને ફરમાવ્યું કે, અહીંયા નમાઝ પઢી લ્યો.તમે કાબતુલ્લાહમાં દાખલ થવા ઈચ્છો છો તો આ પણ કાબતુલ્લાહનો હિસ્સો છે.

મિઝાબે રહમત : આ એક પરનાલો છે જે કાબતુલ્લાહની છતમાં લાગેલો છે.આ પરનાલા વાટે વરસાદનું પાણી અને જયારે કાબતુલ્લાહની છત ધોવામાં આવે છે તે પાણી હતીમમાં પડે છે.કુરેશે જયારે સૌથી પહેલી છત કાબતુલ્લાહની બનાવી તો તેમાં આ પરનાલો નસબ કર્યો.બુઝૂર્ગોનું કહેવું છે કે આ પરનાલા નીચે દરેક દુઆ કબુલ થાય છે.



(મિઝાબે રહમત)

રૂકને યમાની : આને રૂકને યમાની એટલા માટે કહેવામાં આવે છે કે એ કાબતુલ્લાહ શરીફની ઈમારતના તે ખૂણામાં આવે છે જે મુલ્કે યમન તરફનો ખૂણો છે.હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામ જયારે કાબાની તામીર ચાલુ કરી તો આ જગ્યાએથી બુનીયાદ રાખી હતી.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે રૂકને યમાનીને હાથ લગાવી ઈસ્તલામ કર્યું માટે તે અમલ સુન્નત છે.હઝરત ઈબને ઉમર ફરમાવે છે કે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે 'હઝરે અશવદ અને રૂકને યમાનીનો ઈસ્તલામ ગુનાહોનો કફ્ફારો છે.'હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો મામુલ હતો કે જયારે તવાફ કરતી વખતે હઝરે અશવદ અને રૂકને યમાની વચ્ચે પહોંચતા ત્યારે આ દુઆ માંગતા.

દુઆ : રબ્બના આતેના ફીદ્દુનિયા હસનતંવ–વ–ફીલ આખેરતે હસનતવ્વ–વ–કીના અઝાબન નાર (આલે ઈમરાન) અર્થ : અય અમારા રબ્બ અમને દુનિયામાં ભલાઈ અતા ફરમાવ અને આખેરતમાં પણ ભલાઈ અતા ફરમાવ અને અમને જહન્નમના અઝાબથી બચાવ.

કાબા શરીફનો દરવાજો : હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામ જયારે કાબતુલ્લાહની તામીર ફરમાવી ત્યારે કાબાના બે દરવાજા બનાવ્યા હતા.લોકો પૂર્વ બાજુના દરવાજેથી દાખલ થતાં અને પશ્ચિમ બાજુના દરવાજાથી બહાર નીકળતા.બંને દરવાજા ઉપર લાકડાના બારણાં જ ન હતા જેનાથી દરવાજો બંધ થઈ શકે.પાછળથી યમનનો એક બાદશાહ જેનું નામ અસઅદ તુબ્બા સાલેસ હતું.તેણે લાકડાના બારણાં લગાવ્યા જે જરૂરત વખતે ખોલવામાં આવતા.કુરેશવાળ ાએ જયારે કાબાશરીફની તામીર કરી તે વખતે કાબાશરીફનો પશ્ચિમ બાજુનો દરવાજો બંધ કરી દીધો અને પૂર્વ બાજુના દરવાજાને જમીનથી થોડી ઊંચાઈ પર લઈ લાકડાના બે પાટવાળો દરવાજો બનાવ્યો.



(કાબા શરીફનો દરવાજો)

ગિલાફે કાબા : હઝરત ઈસ્માઈલ અલયહીસ્સલામે સૌપ્રથમ કાબાશરીફનો ગિલાફ લગાવ્યો અને અમુક તારીખની રીવાયત મુજબ યમનનો બાદશાહ અશઅદહમીરીતુબ્બાએ લગાવ્યું ઈસ્લામના દૌરમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે લગાવ્યું.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાછળ ખુલ્ફાએ રાશેદીન પોતપોતાના દૌરમાં કાબાશરીફને ગિલાફ લગાવ્યું.ખિલાફતે અબ્બાસીયાનો દૌર જયારે ખતમ થયો તે પછી ગિલાફે કાબા મિસર અથવા યમનથી આવતું હતું.હાલ સાઉદીઆમાં જ કારખાનામાં બનાવવામાં આવે છે.દરવર્ષે ગિલાફે કાબા ૯ જીલ્હજના બદલવામાં આવે છે.આ ખૂબસૂરત ગિલાફ કુરાનશરીફની આયોતોથી સજેલો હોય છે.કાબા શરીફના દરવાજાનો પડદો જેને "બરકા" પણ કહેવામાં આવે છે.આ ખૂબસુરત પડદા ઉપર પણ કુરાનની ઘણી જ આયતો સોનેરી અક્ષરોથી સજેલી છે.



(ગિલાફ વગરનો કાબા શરીફનો દશ્ય)



(ગિલાફ સાથેનો કાબા શરીફનો દશ્ય)

કાબાશરીફનો મુબારક પડછાયો : હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કાબા શરીફના મુબારક પડછાયામાં તશરીફ ફરમાવતા.ઈમામ બુખારીની રીવાયત છે કે,હઝરત ખબાંબ રદીઅલ્લાહોતઆલાઅનહો ફરમાવે છે કે અમે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાસે એક ફરિયાદ લઈને પહોંચ્યા તો જોયું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કાબા શરીફના પડછાયામાં પોતાની ચાદર મુબારકને ટેક લગાવીને બેઠા છે.હઝરત મોહમ્મદ બીન સુકા રદીઅલ્લાહોત્આલાઅનહો ફરમાવે છે કે, અમે હઝરત સઈદ બીન ઝુબૈર રદીઅલ્લાહોત્આલાઅનહો સાથે કાબા શરીફના પડછાયામાં બેઠા હતા ત્યારે તેઓએ ફરમાવ્યું કે આ સમયે તમે પુરી રૂએ જમીન ઉપર સૌથી વધારે અફઝલ અને મુબારક પડછાયામાં બેઠા છો.જેવી રીતે જમીન ઉપર કાબાશરીફ અલ્લાહનો ઘર છે એવી જ રીતે આસમાન ઉપર ' બૈતુલમામુર' છે.હજરત અલીરદીઅલ્લાહોત્આલાઅનહો અને હઝરત અબ્બાસ રદીઅલ્લાહોતઆલાઅનહોથી સુર એ તુરની આયત નં.૪ ની તફસીરમાં મનકુલ છે કે બૈતુલમામુર કાબાશરીફની બિલકુલ સીમ્તમાં આસમાન ઉપર છે.જેનો તકદ્દુશ આસમાનમાં એવું છે જેવું કાબાશરીફનું જમીન ઉપર છે.એમાં દરરોજ ૭૦ હજાર ફરિશ્તા ઈબાદત માટે હાજર થાય છે.જેને ફરી કયારેય હાજરીનો મોકો મળતો નથી.બૈતુલમામુરની અજમતનો અંદાજો એના ઉપરથી લગાવી શકાય કે અલ્લાહ તઆલાએ કુરાનેશરીફમાં એની કસમ ખાધી છે.ફરિશ્તા અલ્લાહની બેરગુજીદા મખલૂક છે પણ તેઓને એક જ વાર બૈતુલમામુરની હાજરીનો શર્ફ મળ છે.પરંતુ આપણાં માટે કાબાશરીફની હાજરી માટે એવી કોઈ પાબંધી નથી.સુબ્હાનલ્લાહ,માટે જયારે પણ કાબાશરીફની હાજરીનો મોકો મળે આ ખુશનસીબ ઘડીઓમાં જેટલું બને એટલું અલ્લાહના ઘર કાબાશરીફનો તવાફ કરે.જે બીજે પુરી રૂએ જમીન ઉપર કયાંય પણ આ નેઅમત નથી મળતી.

મકામે ઈબ્રાહીમ : ઊભા રહેલા માણસના જયાં પગ હોય તે જગ્યાને અરબીમાં મકામ કહે છે.અહીં મુકામે ઈબ્રાહીમથી મુરાદ એક મુબારક પથ્થર છે જેને હઝરત ઈસમાઈલ અલયહીસ્સલામ કાબાશરીફની તામીર વખતે ઉપાડી લાવ્યા હતા.જેથી હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામ એના ઉપર ઊભા રહીને કાબાશરીફની દિવાલોની તામીર કરી.તામીર દરમ્યાન હઝરત ઈસ્માઈલ અલયહીસ્સલામ પથ્થર આપતા અને હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામ પોતાના મુબારક હાથોથી તે પથ્થરોથી કાબાશરીફની દિવાલોની તામીર ફરમાવતા.જેમ જેમ કાબાશરીફની દિવાલો ઊંચી જતી તેમ મકામે ઈબ્રાહીમ પણ ઊંચો થતો જતો.આ મુબારક પથ્થરને સૌથી વધારે શર્ફ એ હાંસીલ છે કે અલ્લાહ તબારક વ ત્આલાએ મુસલમાનોને નમાજની જગ્યા આ પથ્થરની બાજુમાં બનાવે તેવો હુકમ આપ્યો.

હઝરત જાબીર રદીઅલ્લાહોતઆલાનો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના હજજ વિશે ફરમાવે છે કે,'' અમે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે બૈતુલ્લાહશરીફની બાજુમાં પહોંચ્યા ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરે અશવદને બોસો આપ્યો પછી કાબા શરીફનો તવાફ શરૂ કર્યો.જેમાં ત્રણ ચક્કર રમલના કર્યા અને ચાર ચક્કર સામાન્ય ચાલથી પૂરા કર્યા ત્યારબાદ મકામે ઈબ્રાહીમની બાજુમાં તશરીફ લઈ આવ્યા અને આ આયત (વત્તખેઝૂ મીમમકામે ઈબ્રાહીમ મુસ્સલ્લા)તિલાવત ફરમાવી અને એવી રીતે ઉભા રહયા કે

મકામે ઈબ્રાહીમ અને કાબતુલ્લાહ આપની સામે હતા.

આ મુબારક પથ્થરની બીજી ફઝીલત એ છે કે આ પથ્થર જન્નતના યાકૂતોમાંથી એક છે.જેવી રીતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે ,"હઝરે અશવદ અને મકામે ઈબ્રાહીમ જન્નતના યાકૂતોમાં બે યાકૂત છે અગર અલ્લાહ ત્આલાએ એની ચમક અને નુરાનીયતને ખતમ ન કરી હોત તો એની ચમકથી મશરીકતથી મગરીબની વચ્ચે બધું રોશન થઈ જાત.

બહેકીશરીફની રીવાયત છે કે અગર બનુ આદમના ગુનાહોથી આ આલુદ ન થયા હોત તો મશરીક થી મગરીબ સુધી હર ચીજ રોશન કરી દેત.મુકામે ઈબ્રાહીમ તે મુબારક જગ્યા છે કે જયાં દુઆઓ કબુલ થાય છે.હઝરત હસનબસરી રહમતુલ્લાહઅલયહે અને બીજા ઘણાં ઉલ્માઓનું કથન છે કે મુકામે ઈબ્રાહીમની પાછળ દુઆ કબુલ થાય છે.



(મકામે ઈબ્રાહીમ)

ઝમઝમનો કૂવો : હઝરત ઈબ્રાહીમ અલૈહીસ્સલામ પોતાના ફરઝંદ હઝરત ઈસ્માઈલ અલૈહીસ્સલામ અને બીબી હાજરાને લઈ મક્કા મુકર્રમા તશરીફ લાવ્યા ત્યારે થોડું પાણી અને ખજુરો બીબી હાજરાને આપી પાછા ચાલ્યા ગયા.થોડા સમયમાં આ પાણી ખતમ થઈ ગયું.ત્યારબાદ બીબી હાજરા અને હઝરત ઈસ્માઈલ અલૈહીસ્સલામ પ્યાસથી બેતાબ થઈ ગયા તો બીબી હાજરા શફાની પહાડી ઉપર ચડયા કે શાયદ કોઈ આદમ જાદ નજર આવે અને અમને પાણી મળી જાય.પણ જયારે કોઈ પણ નજર ન આવ્યું ત્યારે મરવાહની પહાડી તરફ ગયા અને એના ઉપર ચડીને નજર દોડાવી કે શાયદ કોઈ નજર આવી જાય.પરંતુ કોઈ પણ નજર ન આવ્યું.આજ પરેશાનીમાં શફા અને મરવાહની પહાડી વચ્ચે ચક્કર લગાવતા રહયાં.સાતમી વખત મરવાહ ઉપર હતા ત્યારે એમને અવાજ સંભળાયો.બીબી હાજરા હઝરત ઈસ્માઈલ અલૈહીસ્સલામ પાસે આવીને જોયું તો હઝરત ઈસ્માઈલના કદમના ઠોકરથી જમીનમાંથી અલ્લાહ ત્આલાએ પાણીનો ચશમો જારી કરી દીધો બીબી હાજરાએ હઝરત ઈસ્માઈલને પાણી પીવડાવ્યું અને પોતે પણ પેટ ભરીને પીધું.

થોડા સમય બાદ આ સરજમીન ઉપર યમનનો એક કબીલો 'જુરહમ' મક્કા મુકર્રમા આવી આબાદ થયો.જયારે હઝરત ઈસ્માઈલ અલૈહીસ્સલામ જવાન થયા તો આ કબીલાની એક છોકરી સાથે આપની શાદી થઈ.પછી બયતુલ્લાહની ખીદમત અને દેખરેખનો શર્ફ હઝરત ઈસ્માઈલની ઔલાદને હાંસીલ રહયો.પછી આ શર્ફ કબીલ એ જુરહમને હાંસીલ થયો.અમુક મુદત સુધી બયતુલ્લાહની અજમતની આ કબીલાવાળા પાસદારી કરતા રહયા પરંતુ ધીમેધીમે તેઓ એની હુરમતને છોડવા લાગ્યા.પરિણામે એની સજા રૂપે ઝમઝમના કુવાનું પાણી સૂકાઈ ગયું.ત્યાં સુધી તે એ કૂવાનું નિશાન પણ ખતમ થઈ ગયું.એટલે સુધી કે કેટલીએ મુદત સુધી કોઈને એ પણ ખબર ન હતી કે કૂવો કયાં હતો.પણ ફરી આ ચશમાની આબાદકારી અને તજદીદનો શર્ફ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દાદા હઝરત અબ્દુલ મુત્તલીબની કિસ્મતમાં લખ્યું હતું.હઝરત અબ્દુલ મુત્તલીબે ખ્વાબમાં જોયું કે કોઈ શખ્સ એમને કહી રહયો છે કે આ જગ્યાએ ખોદો,અહીં ઝમઝમ છે.માટે હઝરત અબ્દુલ મુત્તલીબે સવારનાં તે જગ્યાએ ખોદાઈ કરી તો કૂવાની નિશાનીઓ જોવા મળી.જયારે વધારે ઊંડો ખોદયો તો પાણી નીકળી આવ્યું.ત્યારબાદ હઝરત અબ્દુલ મુત્તલીબે એલાન કર્યું કે જેને જોઈએ તે આ કૂવાનું પાણી ભરી શકે છે,પણ એની દેખરેખ મારી પાસે રહેશે.હઝરત અબ્દુલ મુત્તલીબની હયાતીમાં આ જિમ્મેદારી એમની પાસે રહી.એમની વફાત પછી એમના ફરઝંદ અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ચાચા હઝરત અબ્બાસ રદીઅલ્લાહોત્આલાઅનહોને સુપરત કરવામાં આવી.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફતેહ મક્કાના મોકા ઉપર પણ આ ખીદમત માટે હઝરત અબ્બાસને જ પસંદ ફરમાવ્યું.

હઝરત ઈબને અબ્બાસથી રિવાયત છે કે એક વખત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઝમઝમના કૂવા પાસે તશરીફ લાવ્યા અને જોયું કે લોકો કૂવામાંથી પાણી કાઢી પી રહયા હતા અને બીજાઓને પીવડાવતા હતા ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈરશાદ ફરમાવ્યું, તમે આ કામમાં લાગ્યા રહો,આ કારે ખૈર છે.

આ મુબારક કૂવો કાબા શરીફથી ૨૧ મીટરની દૂરી ઉપર છે.પહેલા અહીં કૂવા ઉપર એક ઈમારત બનેલી હતી પણ હિ.સ.૧૩૮૮માં આ ઈમારતને તોડી નાખવામાં આવી અને મતાફ (તવાફ કરવાની જગ્યા) ને વધારી દેવામાં આવ્યું.અને આ કૂવાને અન્ડરગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યું.જે મતાફની નીચે છે.આબે ઝમઝમ જન્નતના ચશમાઓમાંથી એક છે.એ સૌથી પહેલું ઈનામ છે કે જે અલ્લાહ ત્આલાએ હઝરત ઈબ્રાહીમ અલૈહીસ્સલામની દુઆ બાદ તેઓને અતા ફરમાવ્યું.આ મુબારક કૂવો આ શહેરની આબાદીનું સબબ બન્યું.એ હરમશરીફના એહાતામાં અલ્લાહત્આલાની જિંદાજાવીદ નિશાનીઓમાંથી એક છે.પુરી રૂએ જમીનના પાણીથી આ પાણી સૌથી ઉમદા અને અફઝલ તથા ખૈરોબરકતવાળું છે.આ ચશમો એક મુકદ્દદશ ફરિશ્તા હઝરત ઝિબરીલના જરીએ જહુરમાં આવ્યું.આ ચશમો જમીન ઉપર સૌથી વધારે મુકદ્દદશ અને મોહતરમ હિસ્સા ઉપર આવેલું છે.આ મુબારક પાણીથી સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો કલ્બેઅતહર એકથી વધારે વખત ધોવામાં આવ્યું.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાનું મુબારક લુઆબે દહન આ પાણીમાં નાખ્યું છે.આ પાણીમાં ભૂખ્યાઓ માટે ખોરાક છે,બિમારો માટે શીફા છે,શરદર્દ માટે મુફીદ છે જે કારેખૈરની

નિય્યતથી એને પીવામાં આવે તો અલ્લાહ ત્આલા પુરી ફરમાવે છે.આન્ને પેટ ભરીને પીવું એ ઈમાનની અલામત છે.જીસ્મ અને જાનને તંદુરસ્તી બક્ષે છે.હજારો વર્ષથી આ ચશ્મો જારી છે.પુરી રૂએ જમીન ઉપર સૌથી જૂનો કૂવો છે.

ઝમઝમના પીવાનો તરીકો : ઝમઝમ પીવાનો મસનુન તરીકો એ છે કે જમણા હાથથી કાબા શરીફ તરફ રૂખ કરી પીવાથી પહેલા ''બીસ્મીલ્લાહ''પઢવું.આ મુબારક પાણીને ઊભા રહીને પીવું મસનુન છે.જયારે આમ પાણીને બેસીને પીવું સુન્નત છે.ઝમઝમને ઊભા રહીને પીએ,ખૂબ પેટ ભરીને પીએ.પાણી પીધા પછી''અલ્હમ્દુલિલ્લાહ'' કહીને અલ્લાહનો શુક્ર અદા કરે.આ મુબારક પાણી પીધા પછી દુનિયા અને આખેરતની ખૈરોબરકતની દુઆ કરે.તે વખત દુઆની કબુલીયતનો છે.



(ઝમઝમનો કૂવો)

(શફા પહાડી)

શફા – મરવાહ : આ એક નાની પહાડીઓ છે જયાંથી હજજ અને ઉમરાહના અહમ રૂકન સઈ કરવામાં આવે છે.આ પહાડીઓ કાબાશરીફથી ૧૩૦ મીટરની દૂરી ઉપર છે.આ પહાડીઓ ઉપર એક ગુમ્બદ નુમા છત બનાવવામાં આવી છે.કુરાનશરીફમાં એનો જીક્ર મૌજૂદ છે.''ઈન્ન સ્સફા વલ મરવત મીન શઆએરીલ્લા'' (સુર એ બકરહ) (અર્થ:બેશક શફા અને મરવાહ પહાડ અલ્લાહ ત્આલાની નિશાનીઓમાંથી છે.)કોહેશફાથી અમુક ઈસ્લામી વાકેયાત વાબસ્તા છે.ઈમામ બુખારી રહમતુલ્લાહ અલૈહી હઝરત ઈબને અબ્બાસથી રિવાયત કરે છે કે જયારે આ આયત (વઅન્ઝેર અશીરતકલ અકર બીન–શુર એ શુરાઅ) નાઝીલ થઈ ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ શફા પહાડી ઉપર ચડીને એલાન કર્યું કે,અય કબીલા ફહરના લોકો,અય કબીલા અદીના લોકો (આ બંને કબીલા કુરેશના ખાસ કબીલા હતા) આ અવાજ સાંભળી બધા લોકો જમા થઈ ગયા અબુલહબ પણ આવ્યો.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, ' અય લોકો અગર હું કહું કે આ વાદીમાં (આ પહાડી પાછળ) એક લશ્કર છે જે તમારા ઉપર હુમલો કરવાનો છે.તો શું તમો મારી વાત ઉપર વિશ્વાસ રાખશો ?''તે વખતે બધા સાથે મળીને એક અવાજથી કહયું કે ,હા , અમો હંમેશા આપને સાચા જોયા છે.ત્યારબાદ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈરશાદ ફરમાવ્યું કે ''હું તમોને એક ભયાનક અંઝાબથી ડરાવું છું જે ઘણો જ

નજીક છે.''અબુલહબ તે વખતે કહેવા લાગ્યો, તારૂં બુરૂં થાય(માજજલ્લાહ) શું તેં અમને એટલા માટે ભેગા કર્યા હતા ? આ અબુલહબના ગુસ્તાખાના શબ્દો ઉપર સુરએ "લહબ"નાજીલ થઈ.

હઝરત અબ્દુલા બીન અબાસ રદીયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે,કુરેશ વાળાઓએ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ને કહયું કે તમે તમારા રબથી દુઆ કરો કે તે અમારા માટે આ શફા(પહાડી)ને સોનુ બનાવી દે,જો આ પહાડી સોનું બની જશે તો અમે ઈમાન લઈ આવશું હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે તમે સાચે જ આના માટે તૈયાર છો ? કુરેશવાળા એ કહયુ કે હા અમે તૈયાર છીએ માટે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે દુઆ ફરમાવી હઝરત જીબ્રીલ તશરીફ લાવ્યા અને આવીને અરજ કર્યુ. યા રસુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહ તઆલાએ આપને સલામ કહયા છે અને ઈર્શાદ ફરમાવ્યું છે કે જો તમે ચાહો છો કે એમના માટે શફા પહાડી સોનું બની જાય તો હું એવુ કરી દઈશ પણ એ થયા પછી એ લોકો ઈમાન ન લાવ્યા તો હું તેઓ ઉપર એવું અજાબ નાઝીલ કરીશ કે એથી પહેલા કોઈને ન આપ્યુ હોય.પણ જો તમે ચાહો તો પહાડીને એમજ રહેવા દો અને હું એમના માટે તોબા અને રહમતના દરવાજા ખુલ્લા રાખું.'' આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે અરજ કરી,''અય મોલા,હું એ માગું છું કે તેઓના માટે તોબાના દરવાજા ખુલ્લા રહે.''આ બનાવ ઉપર કુરાન શરીફની સુરએ અશરાની આયતન નં.૫૯ નાજીલ થઈ.

ફતેહ મક્કાથી ફારીગ થઈ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હજરે અસવદ પાસે તશરીફ લઈ આવ્યા અને તવાફ કર્યા બાદ શફા પહાડી ઉપર તશરીફ લઈ આવ્યા અને બૈતુલ્લાહ તરફ રૂખે અનવર કરી હાથ ઉપાડીને અલ્લાહ ત્આલાની હમ્દોસના કરી અને દુઆઓ માંગતા રહયા.જ્યારે ઈસ્લામની ઉમુમી દાવતનો આગાજ પણ આ પહાડીથી થયો હતો.અને આજે ઈસ્લામની એક મોટી ફતેહ ના પછી આજે શફા પહાડી ઉપર શુકની સાથે દુઆઓ માંગવામાં આવે છે.માટે આ શફા તે મુકામ છે.જ્યાં અલ્લાહ તઆલાની હમ્દોશના કરવી દુઆઓ માંગવી અને અલ્લાહ તઆલાના ઈનામાત ઉપર શુક અદા કરવો જોઈએ અને તે વકતને યાદ કરીને પોતાના ઈસ્લામી જઝબા અને દાવતની હિંમતનો હોંસલો તાજો કરવો જોઈએ કે જ્યારે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ શફા પહાડી ઉપર ઉભા રહી લોકોને ઈસલામની દાવત આપી અને કઈ તકલીફો અને ઈજાઓ બરદાસ્ત કરી અને આખીર અલ્લાહ તઆલાએ ઈસ્લામને ફતેહ આપી તો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહનો શુક અદા કર્યા અને દુશ્મનોને માફી આપી.

શફા પહાડી ઉપર બોલવાવાળા જાનવરનો જહુર થશે. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવ્યું કે નેક અમલ કરવામા જલ્દી કરો એથી પહેલા કે સુરજ પશ્ચિમથી નીકળે અને દજાલનો જહુર થાય અને બોલવાવાળો જાનવર નિકળે.આ જાનવર કયાંથી નિકળશે તે વિશે ત્રણ કોલ મશહુર છે.તેમાથી એક કોલ એ છે કે આ જાનવર શફા પહાડી ઉપરથી જાહેર થશે.

મરવાહ:– આ પણ એક નાની પહાડી છે.કાબા શરીફનાં રૂકને શામીથી ૩૦૦ મી.ની દુરી ઉપર છે. આ પહાડી ઉપર સઈ પુરી થાય છે. આ મુબારક પહાડી પણ અલ્લાહનીનીશાનીઓ

–માંથી છે. શફા અને મરવાહની વચ્ચે સાત ચક્કર લગાવામાં આવે છે જેને 'સઈ' કહેવામાં આવે છે.આ અદા બીબી હાજરાની છે.જે હઝરત ઈસ્માઈલ માટે પાણીની તલાસમાં આ બે પહાડીઓ વચ્ચે બેચેની અને પરેશાનીમાં સાત ચક્કર લગાવ્યા હતા. આ ચક્કરોમાં જ્યાં બીબી હાજરા દોડયા હતાં ત્યાં દોડવું અને જ્યાં આપ ચાલ્યા ત્યાં ચાલવું એમની સુન્નત છે.આજે પણ જે જગ્યાએ આપ દોડયા હતાં.તે જગ્યાએ લીલા રંગના નીશાન લાગેલા છે.



(મીનામાં મસ્જિદે ખૈફ)



(મીનામાં લાગેલા તંબુ)

મીના:– આમ અરબીમાં મીનાનો અર્થ 'વહેવું'થાય છે.કારણ કે અહીં ઈદ ઉલ અઝહાનાં દિવસે કુરબાનીઓ થાય છે. અને તેનો ખૂન વહે છે.એટલા માટે આ જગ્યાને મીના કહેવામાં આવે છે.એક કોલ એવું પણ છે કે અહલે અરબ એવી જગ્યાને મીના કહે છે જ્યાં માણસો સમુહમાં ભેગા થાય છે.તો અહીં હજજના દિવસે લોકો જમા થાય છે.જેથી પણ આ જગ્યાને મીના કહેવામાં આવે છે.એનો એરીયા મક્કા અને મુજદલેફાની વચ્ચેનો છે.મીના મસ્જીદે હરામથી સાત કી.મી.ની દુરી ઉપર છે. પરંતુ સુરંગના રસ્તે પગપાળા જવાથી ફકત ૪ કી.મી. થાય છે.મીનામાં હુઝાઝે કીરામ ૮–૧૧–૧૨ જીલ્હઝ અને અમુક લોકો ૧૩ જીલ્હઝની રાતે પણ રોકાણ કરે છે.આ વિશે અલ્લાહ તબારક વ તઆલાનું કુરાને શરીફમાં સુર એ બકરાહ આયત નંબર ૨૦૩ માં પણ ઈરશાદ છે.મીનામાંજ હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામે શૈતાનને કાંકરીઓ મારી જ્યારે તે આપના રસ્તામાં રૂકાવટ બન્યો હતો.અને આજ મુકામ ઉપર હઝરત ઈસ્માઈલ અલૈહિસ્સલામના બદલામાં જન્નતમાંથી આવેલ દુમ્બો જબ્હા કરવામાં આવ્યો.હજ્જતુલ વિદાહનાં મોકા ઉપર હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ સુન્નતે ઈબ્રાહીમી ઉપર અમલ કરીને ૩ મકામાત ઉપર કાંકરીઓ મારી અને જાનવર જબ્હા કર્યું.માટે આ સુન્નત ઉપર અમલ કરી તમામ હુજાજે કીરામ જમરાતને કાંકરીઓ મારે છે અને કુરબાની પણ કરે છે.મીનામાં મસ્જીદે ખૈફ છે.જેમા ઘણા અંબીયાએ કીરામ અને સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નમાઝ અદા કરી છે.આજ મીનામાં એક પહાડના દામનમાં અનસારોએ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં દસ્તેમુબારક ઉપર બૈતેઉકબા અને બૈતેસાનીયા કરી.જેના નતીજામાં મદીના શરીફમાં ઈસ્લામ ફેલાયો મીનામાં સુરતુલ નસર અને સુરતુલ મુરસલાત નાઝીલ થઈ.હજ્જતુલ વિદાહના મોકા ઉપર હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે અહીં રાત બસર કરી.કુરબાની કરી અને ઈરશાદ ફરમાવ્યો કે,"મે આ જગ્યાએ કુરબાની કરી છે અને આખો મીનાકુરબાનીની જગ્યા છે.માટે તમે પણ પોતપોતાના ખેમામાં કુરબાની કરો."

મસ્જીદે ખૈફ:— આ મસ્જીદ મીનાની દક્ષિણે પહાડનાં દામનમાં આવેલ છે.આ મુબારક મસ્જીદમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને આપથી પહેલા અંબીયાએ કીરામે નમાઝ પઢી છે.હઝરત યઝીદ બીન અશવદ રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે,હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે હજ્જ કર્યું ત્યારે ફઝરની નમાઝ આપની સાથે મસ્જીદે ખૈફમાં અદા કરી.

ગારે મુરસલાત :— સહી બુખારી શરીફમાં હઝરત અબ્દુલા રદીઅલ્લાહો તઆલા અન્હોની રીવાયત છે કે અમે લોકો મીનાની ગારમાં રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે હતાં.અને આપ ઉપર સુરતુલ મુરસલાત નાઝીલ થઈ.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તીલાવત ફરમાવતાં અને હું આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જબાન મુબારકથી સાંભળીને એને યાદ કરતો હતો.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ સુરતની તીલાવત ફરમાવતા હતાં.

ઝમરાત :— ઝમરાહ નાની કાંકરીને કહેવામાં આવે છે.અહીં ત્રણ ઝમરાત છે.પેલાને નાનો ઝમરાહ,બીજાને વચ્ચેનો અને,ત્રીજાને મોટો ઝમરાહ કહેવામાં આવે છે.અહીં રમી કરવામાં આવે છે.રમીનો અર્થ છે.કાંકરીઓ મારવી.ઝમરાતને કાંકરીઓ મારવી એ હજ્જનાં વાજીબાતમાંથી છે. રમી કરવું (કાંકરીઓ મારવી)હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામની સુન્નત છે.અને ખુદ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હજ્જ દરમ્યાન રમી કરી અને ફરમાવ્યું કે,"મારાથી અહકામે હજ્જ શીખો."કાંકરીઓ મારવી એ જઝબાહનો ઈઝહાર અને એલાન છે કે શૈતાન અમારો દુશ્મન છે જેને અમે કાંકરીઓ મારી રહયા છીએ.આ પથ્થરના સુતુનોને કાંકરીઓ મારવાથી શૈતાનની ઝીલ્લત થાય છે.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઈરશાદ છે કે,"રમી કરવું અને શફા—મરવાની સઈ કરવી એ અલ્લાહના ઝીકરમાં સામેલ છે.



(ઝમરા)

૧૦ ઝીલહજ્જનાં ચાસ્તનાં સમયે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મોટા ઝમરાહને કાંકરીઓ મારી અને ૧૧,૧૨,૧૩ ઝીલહજ્જનાં ઝવાલ બાદ ત્રણે ઝમરાતને કાંકરીઓ મારી.

વાદીએ મોહસ્સરઃ— મીના અને મુજદલેફાના વચ્ચે એક જગ્યા છે.જેને વાદીએ મોહસ્સર કહેવામાં આવે છે.આ જગ્યાએ અબ્રહા બાદશાહના હાથીઓવાળા લશ્કરને અલ્લાહ તઆલા તબાહ કર્યુ હતું.જેનું જીકર કુરાન શરીફમાં સુરએ ફીલમાં છે.અહીં હાજીઓ માટે મસનુનં છે કે જલ્દીથી આ જગ્યાએથી ચાલી નીકળી જાય.હઝરત ઝાબીરથી રીવાયત છે કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વાદીએ મોહસ્સરમાંથી નીકળ્યાં તો આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાની ચાલને થોડી તેજ કરી દીધી.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની આદતે શરીફા હતી કે જ્યારે એવી જગ્યાએથી ગુજરતા જ્યાં અઝાબેઈલાહી નાઝીલ થયું હોય તો ત્યાંથી ઝડપથી નીકળી જતાં.

મેદાને અરફાતઃ— અરફાતનો અર્થ થાય છે "ઓળખવું" હઝરત આદમ અલૈહિસ્સલામ અને હઝરત હવા રદીઅલ્લાહો તઆલા અન્હા જ્યારે જન્નતથી જમીન ઉપર ઉતર્યા તો એ બન્ને એક બીજાથી ઘણા દુર હતાં.અંતમાં આ મેદાનમાં એમની મુલાકાત થઈ,એક બીજાને ઓળખ્યાં.એટલા માટે આ મેદાનને અરફાત કહેવામાં આવ્યું.બીજું એ કારણ બતાવવામાં આવે છે કે હઝરત જીબ્રીલ અલૈહિસ્સલામે હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામને અહકામે હજ્જ શીખવાડયા હતાં.ત્યારબાદ આ મેદાન માં આવીને હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામને પુછયું " હલ અરફતા ?" અર્થઃ તમે આ કામ અને મકામાતને ઓળખી લીધા ? હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામે હા માં જવાબ આપ્યો.હજ્જની મરકઝી ઈબાદત અરફાતની હાજરી છે.જ્યાં હુજાજે કીરામ દુઆઓ માંગે છે અને તોબા—ઈસ્તગફાર કરે છે.

હઝરત ઉમ્મે સલમા રદીઅલ્લાહો તઆલા અન્હા ફરમાવે છે કે અલ્લાહ તઆલા અરફાતવાળા દીવસે(૯ ઝીલ્હજ)આસમાની દુનિયા ઉપર નાઝીલ થઈ ફરીસ્તાઓને ફરમાવે છે કે,"આ લોકો મારી રઝાનાં મુતલાશી છે માટે અય અરફાતવાળાઓ,મેં તમારી મગફીરત કરી દીધી."અરફાતવાળા દીવસે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ ઝિકર વધારે પ્રમાણમાં પઢતા હતાં.''લા ઈલાહ ઈલ્લલ્લાહો વહદ હુ લા શરીક લહુ લહુલ મુલ્કો વલ હુલ હમ્દો વહુવા અલાકુલ્લે શયઈન કદીર.''આ મુબારક મેદાનનો વધારે ખાસ અમલ દુઆઓ કરવી છે.બધા અમલની જાન અને પુરા હજ્જનો નિચોડ,"વકુફે અરફા"છે.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાને આલી છે."અલ હજ્જ અરફતા"અર્થઃ—અરફા હજ્જ છે. અરફાતનાં મેદાનમાં હાજરી આપ્યા બાદ કોઈપણ હાજી ગુનેગાર રહેતો નથી.કારણ કે તે ગુનાહોથી પાક થઈ જાય છે.

હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે હજ્જ માટે તશરીફ લાવ્યા ત્યારે ચાલીસ હજારથી વધારે સહાબા એ કીરામની જમાત આપની સાથે હતી.જ્યારે અરફાતના મેદાનમાં આપ તશરીફ ફરમા હતા.ત્યારે કુરાને શરીફની સુરએ માએદાની આયત નં.૩ નાઝીલ થઈ હતી.

આયતઃ— અલ યવ્મ અકમલ્તો લકુમ દીનકુમ વ અત્મમ્તો અલૈકુમ નેઅમતી વ રદીયતો લકુમુલ ઈસ્લામ દીના.

અર્થઃ— આજે મેં તમારા માટે તમારો દીન મુકમ્મલ કરી દીધો છે અને તમારા ઉપર મારી નેઅમત પુરી કરી દીધી છે.અને તમારા માટે ઈસ્લામ દીન પસંદ કર્યો છે.

જબલેરહેમતઃ— અરફાતના મેદાનમાં એક પહાડ છે જે જબલેરહેમતના નામથી મશહુર

છે.જ્યાં આદમ અલૈહિસ્સલામ અને બીબી હવાની દુઆ કબુલ થઈ હતી.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અરફાતનાં દીવસે આ પહાડની પાસે ઉભા રહી અલ્લાહની બારગાહમાં દુઆ કરી હતી.આ પહાડની બાજુમાંથી જ નહરે જુબેદા પસાર થાય છે.આજે સઉદીહુકુમત જબલેરહેમતની આસપાસ અને પુરા મેદાનમાં વાતાવરણ ઠંડુ બનાવવા માટે એવા પાઈપ ગોઠવ્યા છે.જેમાથી ફુંવારા વાટે પાણીનો જે છંટકાવ થાય છે.તેનાથી આસપાસનું વાતાવરણ ઠંડું રહે છે.અને ગરમીમાં રાહત મળે છે.મેદાને અરફાતમાં આશરે એક લાખ લીમડાના ઝાડ સઉદી હુકુમતે લગાડયા છે.જેના છાંયડાથી હાજીઓને રાહત મળે છે.



(મેદાને અરફાત અને (ઈન્સેટમાં)જબલે રહમત)

મસ્જીદે નમરા:— આ મસ્જીદ મેદાને અરફાતની હદથી બહાર આવેલ છે.મસ્જીદની પુર્વ બાજુ એક નાની પહાડી છે.જેનું નામ નમરા છે.માટે આ મસ્જીદને મસ્જીદે નમરા કહેવામાં આવે છે.અરફાતના દિવસે આ જગ્યાએ હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એક ખેમામાં કેયામ ફરમાવ્યું હતું અને ઝવાલના સમય પછી બાજુમાં વાદીએ ઉરનામાં ખુત્બો ફરમાવ્યો હતો.અને નમાઝની ઈમામત ફરમાવી હતી.જે જગ્યાએ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ખુત્બા બાદ નમાઝ અદા ફરમાવી તે જગ્યાએ બીજી સદી હીજરીમાં મસ્જીદ બનાવવામાં આવી.

(મસ્જિદે નમરા)

મસ્જીદે સખરા:— આ મસ્જીદ અરફાતમાં જબલેરહેમતનાં દામનમાં જમણી બાજુ થોડી ઉંચાઈ પર આવેલી છે.ચાર નાની દીવાલોથી બનેલી છે.જેની બાજુમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અરફાતના દિવસે 'કશ્વા' ઊંટણી ઉપર સવાર થઈ દુઆઓમાં મશગુલ રહયા હતાં.હઝરત જાબીરની રીવાયત છે કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઝોહર અને અસર નમાઝ મસ્જીદે નમરાની જગ્યાએ અદા ફરમાવી પછી ઊંટણી ઉપર સવાર થઈ અને જબલે રહેમત બાજુ તશરીફ લઈ આવ્યા અને પોતાની ઊંટણીની પીઠ ટેકરા બાજુ અને પોતાની રૂખે અનવર કાબા શરીફ તરફ કરી સુરજ આથમ્યા સુધી દુઆમાં મશગુલ રહયા.આ જગ્યાએ સુર એ માએદાની આયત નં.૩ નાઝીલ થઈ હતી.

મુઝદલેફા:— આ મેદાન અરફાત અને મીનાની વચ્ચે આવેલ છે.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હજ્જતુલ વિદાના વખતે મેદાને અરફાતથી મુઝદલેફામાં તશરીફ લઈ આવ્યા અને નમાઝે મગરીબ અને ઈશા એક સાથે અદા ફરમાવી.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઈત્તેબા કરી તમામ હુજાજ સુરજ આથમ્યા પછી અરફાતથી મુઝદલેફા માટે રવાના થાય છે.મુઝદલેફામાં પહોંચી એક સાથે મગરીબ અને ઈશા તાખીર સાથે અદા કરે છે.બને નમાઝ માટે એક અઝાન અને બે તકબીર કહેવામાં આવે છે.આખી રાત અહીં હુજાજે કીરામ રોકાણ કરે છે અને નમાઝે ફઝર પછી મીના તરફ રવાના થાય છે.મુઝદલેફામાં જ્યાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે રોકાણ ફરમાવ્યું હતું એ જગ્યાએ મસ્જીદ છે.

મૌલદુન્નબી : આ તે જગ્યા છે જયાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક હસ્તી દુનિયામાં તશરીફ લાવી.જયાં હુઝૂરની પેદાઈશ થઈ તે.જગ્યાને મૌલદુન્નબી કહે છે.મરવાહ

પહાડીની સામે અને શોઅબે અબુતાલીબની બાજુમાં આજે પણ આ જગ્યા મશહૂર અને માર્રૂફ છે.શોઅબે અબુતાલીબની આજુબાજુમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો કબીલો 'બનુહાશમ' તે વખતે આબાદ હતું.અબ્બાસી ખલીફા હારૂન રશીદની વાલીદાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પેદાઈશની જગ્યાએ એક મસ્જિદ બનાવી હતી પણ બાદમાં સઉદી હકુમતે હિ.સ.૧૩૭૦(ઈ.સ.૧૯૫૦)માં શેખ અબ્બાસ કતાન મસ્જિદની જગ્યાએ લાયબ્રેરી બનાવી જે આજ સુધી કાયમ છે.

ગારેહીરા : આ ગાર જબલેનુર પર્વત પર આવેલ છે.આ ગાર સુધી પહોંચવા માટે આશરે એક કલાક જેટલો સમય લાગે છે.આ ગાર આશરે ૨૮૧ મીટર જેટલી ઊંચી છે.આ મુબારક ગારમાં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નબુવ્વતથી પહેલા ઈબાદત કરતા હતા અને હઝરત જિબ્રિલ અલૈહીસ્સલામ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર પહેલી વહી પણ આ ગારમાં જ લઈ આવ્યા હતા.જે વહી "ઈકરા બિસ્મે રબ્બેકા" (સૂર એ અલ્ક)નાઝીલ થઈ. આ વહીના નુઝુલ પછી એક વખત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ પહાડની બાજુમાં હઝરત જિબ્રિલ અલૈહીસ્સલામને એમની અસલ સુરતમાં જોયા હતા.

(ઉપરની તસ્વીરમાં મૌલદુન્નબી અને નીચે જબલે નુર અને ઈન્સેટમાં ગારેહીરા છે.)



દારૂલઅરકમ : આ એક ઘર હતું જેની નિસબત એક સહાબી હઝરત અરકમ રદ્દીઅલ્લાહોત્આલાઅનહોથી છે અને તે મકાન એમની માલીકીનું હતું.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના એલાને નબુવ્વત બાદ અમુક મુદ્દત સુધી આ મકાન ઈસ્લામી દાવતનું ગુપ્ત મરકઝ હતું.અહલે ઈમાન આ મકાનમાં ભેગા થતા અને નમાઝ અદા કરતા તથા દીનની તાલીમ હાંસીલ કરતા.આજ મકાનમાં હઝરત ઉમર રદ્દીઅલ્લાહોત્આલાઅનહો ઈસ્લામ લાવ્યા.તે વખતે મુસલમાનોની કુલ્લ સંખ્યા ૪૦ હતી.આ દારૂલ અરકમની જગ્યાએ અબ્બાસી ખલીફા હારૂનરશીદની વાલીદાએ એક મસ્જિદ બનાવી હતી.ત્યારબાદ દરેક દૌરમાં બાદશાહોએ આ મસ્જિદને કાયમ રાખી. આ જગ્યા શફા પહાડીથી ૨૩ મીટરની દૂરી પર આવેલ છે.હાલે અહીં શફાની બાજુમાં એક દરવાજો છે.જેનું નામ 'બાબે દારૂલ અરકમ' રાખવામાં આવેલ છે જે દારૂલ અરકમની પાસે આવેલ છે.

શોઅબે અબુતાલીબ : આ એક ઘાટી છે જેને શોઅબે અલી અને શોઅબે બનુ હાશમ પણ કહેવામાં આવે છે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ખાનદાન બનું હાશમના મકાનો આ ઘાટીનાં કુરબોજવાહરમાં હતા.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પેદાઈશનું મકાન પણ આ ઘાટીમાં આવેલ છે.આ ઘાટી જબલે અબુકુબૈશની બાજુમાં છે.મસિજદે હરામથી ૩૦૦ મીટરની દૂરી ઉપર છે.

હઝરત બીબી ખદીજા રદ્દીઅલ્લાહોત્આલાઅનહાનું મકાન : હઝરત ઉમુલમોમેનીન ખદીજા રદ્દીઅલ્લાહોત્આલાઅનહાનું મકાન તારીખે ઈસ્લામમાં ઘણી જ અહમીયત રાખે છે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમ શાદી પછી હિઝરત સુધી આ મકાનમાં મુકીમ રહયા.આ જ મકાનમાં આપ સલ્લલ્લાહો અલયહે વસ્સલમની ચાર શાહેબજાદીઓ,હઝરત જૈનબ રદ્દીઅલ્લાહોત્આલાઅનહા,હઝરત રૂકૈયા રદ્દીઅલ્લાહોત્આલાઅનહા,હઝરત ઉમેકુલસુમ રદ્દીઅલ્લાહોત્આલાઅનહા અને હઝરત મા ફાતેમા રદ્દીઅલ્લાહોત્આલાઅનહાની વિલાદત થઈ.હઝરત ખદીજા રદ્દીઅલ્લાહોત્આલાઅનહાની વફાત પણ આ જ મકાનમાં થઈ.આ મકાનમાં ઘણી વખત વહી નાઝીલ થઈ.આ જ મકાનથી આપ સલ્લલ્લાહો અલયહે વસ્સલમ ની હિઝરતનું સફર શરૂ થયું.હઝરત મઆવીયા રદ્દીઅલ્લાહોત્આલાઅનહોએ આ મકાન ખરીદીને ત્યાં મસ્જિદ બનાવી હતી.હિ.સ.૧૩૬૯માં શેખ અબ્બાસે આ જગ્યાએ બાળકીઓ માટે મદરસો ચાલુ કર્યો.હિ.સ.૧૩૮૫માં મસ્જિદે હરામની શહનમાં આ જગ્યાને સામિલ કરવામાં આવી.

ગારે શૌર : આ ગાર જબલે શૌરમાં આવેલ છે.મસ્જિદે હરામથી ૪ કિ.મી.ની દૂરી ઉપર છે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમ અને હઝરત અબુબકર સિદ્દીક રદ્દીઅલ્લાહોત્આલાઅનહો હિઝરતના સફરમાં આ ગાર પાસે પહોંચ્યા ત્યારે હઝરત અબુબકર રદ્દીઅલ્લાહોત્આલાઅનહોએ આ ગારની અંદર પ્રથમ દાખલ થયા અને એને સાફ કરી.ત્યારબાદ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમ આ ગારની અંદર દાખલ થયા.આ ગારનો ઝિક્ર કુરાનશરીફમાં સુર એ તોઅબામાં અલ્લાહત્આલાએ કર્યું છે.આ ગારમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમ અને હઝરત અબુબકર રદ્દીઅલ્લાહોત્આલાઅનહો ત્રણ રાતો રહયા હતા.

જબલે અબુકુબેશ : આ પહાડ મસ્જિદે હરામની બાજુમાં આવેલ છે.અબુકુબેશ એક માણસનું નામ હતું.આ પહાડ ઉપર સૌથી પહેલા એણે મકાન બનાવ્યું માટે એના નામથી આ પહાડ મશહૂર થયું.જમાનાએ જંહાલતમાં આ પહાડને 'અમીન' પણ કહેવામાં આવતું હતું.જેનું કારણ એ હતું કે હઝરત અબ્દુલ્લા બિન ઉમર રદ્દીઅલ્લાહોત્આલાઅનહો ફરમાવે છે કે હઝરે અશવદ ઉતારવામાં આવ્યું ત્યારે એને ૪૦ વર્ષ સુધી આ પહાડ ઉપર રાખવામાં આવ્યું.ત્યાર પછી હઝરત ઈબ્રાહીમ અલેહીસ્સલામે હઝરે અશવદને બયતુલ્લાહની દિવાલમાં નશબ કર્યું.

મસ્જિદે જીન : આ મસ્જિદને જીન એટલા માટે કહેવામાં આવે છે કે આ જગ્યા ઉપર જીન્નાતોની એક મોટી જમાતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમના દસ્તે મુબારક ઉપર ઈસ્લામ કબુલ કર્યું હતું.તે વખતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમ સાથે હઝરત અબ્દુલ્લા બિન મસઉદ હતા.

જન્નતે માલા : આ મુબારક સ્થાન મક્કા શહેરનો રૂહ પરવર કબ્રસ્તાન છે.આ કબ્રસ્તાનમાં હઝરત ઉમુલમોમેનીન ખદીજા રદ્દીઅલ્લાહત્આલાઅનહાની કબર મુબારક છે અને ઘણાં સહાબાએ કિરામ અને તાબેઈન તથા બુર્ઝૂગાને દીનની કબરો આવેલી છે.

મસ્જિદે તન્ઈમ : આ મસ્જિદ મસ્જિદે હરામથી ઉતરે મક્કા–મદિનાના રસ્તા ઉપર સાડા સાત કિ.મી.ની દૂરી ઉપર આવેલ છે.આ મસ્જિદ 'મસ્જિદે આઈશા' ના નામથી પણ મશહૂર છે.હુદુદે હરમમાં સૌથી નજદીક હદ આ મસ્જિદ છે.આ મુબારક મસ્જિદની તામીર એ જગ્યાએ કરવામાં આવી છે.જયાં ઉમુલમોમેનીન હઝરત મા આઈશા રદ્દીઅલ્લાહાત્આલાઅનહા હિ.સ.૯ માં હજજે વિદાના મોકા ઉપર ઉમરાહના એહરામની નીયત કરી હતી.

હઝરત જાબીરથી રીવાયત છે કે હઝરતે આઈશા રદ્દીઅલ્લાહાત્આલાઅનહા ઉજરના દિવસોમાં હતા.જેથી હઝરત આઈશા રદ્દીઅલ્લાહાત્આલાઅનહા હજજના અરકાન અને મનાસિક અદા કર્યા પણ તવાફ ન કરી શકયા.જયારે ઉજરના દિવસો પુરા થયા ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમથી અરજ કરી " યા રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસ્સલમ, આપે તો હજજ અને ઉમરાહ બંને અદા કર્યા પણ હું તો ફકત હજજ કરી શકી." ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વસ્સલમે હઝરત આઈશા રદ્દીઅલ્લાહાત્આલાઅનહાના ભાઈ હઝરત અબ્દુર્રહમાન બિન અબુબકરને હુકમ આપ્યો કે તમે તમારી બહેનની સાથે તનઈમ જાઓ.જેથી હજરત આઈશા રદ્દીઅલ્લાહાત્આલાઅનહા ત્યાં તશરીફ લઈ ગયા અને ઉમરાહ માટે એહરામની નીયત કરી. આ મસ્જિદની ઉતરે ૨૦૦ મીટરના અંતર સહાબી એ રસુલ સલ્લલ્લાહો અલયહે વસ્સલમ હઝરત ખુબૈબ બિન અદી રદ્દીઅલ્લાહાત્આલાઅનહોની શહાદતની જગ્યા છે.

હઝરત ખુબૈબ બિન અદી રદ્દીઅલ્લાહોત્આલાઅનહોની શહાદત : હિ.સ.૪ માં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમે સાત સહાબા એ કિરામની જમાતને કબીલા બનુ લહયાનના લોકો પાસે મોકલ્યા.જેથી તે લોકોને દીનની તાલીમ આપે જયારે આ જમાત 'રજીઅ' નામના મકામ પાસે પહોંચી.(રજીઅ તે જગ્યાનું નામ છે જયાં કબીલા બનુ લહયાનનો પાણીનો ચશમો હતો.આ જગ્યા મક્કા શરીફથી ઉતરે ૬૫ કિ.મી.દૂર છે.)ત્યારે બનુ લહયાનના કબીલાના લોકો તે સાત સહાબા એ કિરામમાંથી પાંચ સહાબીઓને શહીદ કરી દીધા.અને હઝરત ખુબૈબ બિન અદી અને હઝરત જૈદ બિન હશનાને કૈદ કરી મક્કાવાળાઓને વેંચી દીધા.મક્કાવાળાઓએ આ

બે જલીલુલ કદ્ર સહાબીઓને શહીદ કરી દીધા.મક્કાવાળાઓએ હઝરત ખુબૈબ બિન અદી રદ્દીઅલ્લાહોત્આલાઅનહોની શહાદત કરતી વખતે પુછયું કે,'' શું તને એ વાત પસંદ છે કે મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસ્સલમ તારી જગ્યા ઉપર હોય અને અમે એની ગરદન શરીરથી અલગ કરીએ ?'' (નઉઝો બિલ્લાહ) તે વખતે હઝરત ખુબૈબ રદ્દીઅલ્લાહોત્આલાઅનહોએ જે જવાબ આપ્યો તે આંબેઝરથી લખવાને કાબિલ છે.જે સહાબાએ કિરામની મોહબતની મિસાલ છે.હઝરત ખુબૈબે ફરમાવ્યું કે,'' અલ્લાહની કસમ,મને એ પણ પસંદ નથી કે મારા પ્યારા આકા સલ્લલ્લાહો અલયહે વસ્સલમ આ વખતે જયાં પણ તશરીફ ફરમા હોય અને તેમને એક મામુલી કાંટો પણ વાગે અને હું મારા અહલો અયાલમાં બેઠો હોઉં.''આ સાંભળી અબુ સુફીયાને (તે વખતે ઈમાન લાવ્યા ન હતા) કહયું કે હું કોઈને કોઈ સાથે આવી મોહબત કરતાં જોયો નથી. જેવી મોહબત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસ્સલમના સાથી મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસ્સલમથી કરે છે.ત્યારબાદ ખુબૈબ રદ્દીઅલ્લાહોત્આલાઅનહો બેરકાત નફીલ નમાઝ અદા કરી.અંતે તેમને શહીદ કરી નાખવામાં આવ્યા.આ તે અજીમ સહાબી છે જેણે શહાદત વખતે બેરકાત નમાઝ અદા કરવાની સુન્નત શરૂ કરી.

મસ્જિદે ઝોઅરાના : આ જગ્યાનું નામ એક ઔરતના નામ ઉપરથી રાખવામાં આવ્યું છે જે કુરૈશના બનુ તમીમના કબીલામાંથી હતી.તેનું નામ રીતા હતું અને લકબ ઝોઅરાના હતું.તે ઔરત પાગલ હતી.આખો દિવસ સુતર કાંતતી રહેતી.જયારે સુતરને કાંતી લેતી ત્યારે પાછો તોડી નાખતી.આની મિસાલ કુરાનેશરીફમાં પણ આપવામાં આવી છે.હઝરત અબ્દુલ્લા ઈબને અબ્બાસ રદ્દીઅલ્લાહોત્આલાઅનહોથી રીવાયત છે કે તે આયતમાં આ ઔરત તરફ ઈશારો છે.કુરાનેશરીફમાં સુર એ નહલ,આયત નં.૯૨ માં જિક્ર છે.અર્થ: કસમ તોડવામાં પેલી ઔરત જેવા ન થશો જે પોતાના સુતરને મજબૂત કાંતીને પછી ટુકડે ટુકડા કરી નાખે છે.

આ સ્થળ હરમ શરીફથી ૨૪ કિ.મી.ના અંતરે આવેલ છે અને આ મસ્જિદથી ઉમરાહની નીયત કરવામાં આવે છે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમે ફતેહ મક્કાના વર્ષે હિ.સ.૮ માં ગજવએ હુનૈનથી પાછા ફરતી વખતે આ મકામ ઉપર અમુક દિવસો સુધી કયામ ફરમાવ્યું હતું અને અહીંથી જ આપ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્સલમ ઉમરાહનું અહેરામ બાંધ્યું અને ઉમરોહ અદા ફરમાવ્યો.ઉમરાહથી ફારીગ થઈ તે રાતે જ મદિના શરીફ તરફ રવાના થઈ ગયા હતા.

(મસ્જિદે ઝોઅરાના અને મસ્જિદે તન્ઈમ(મસ્જિદે આઈશા))



(હઝરતે રૂકૈયાની મઝાર અને જન્નતુલમઆલા કબ્રસ્તાન)



(મસ્જિદે જીન)



(નહેરે જુબેદા)



(કાબતુલ્લાહનો અંદરનો ભાગ)



(શફા અને મરવાહની વચ્ચે સઈ કરવાની જગ્યા)

મદીના મુનવ્વરા



(ગુમ્બદે ખીજરા)

તા.૬/૨/૦૬ ના મક્કામોઅઝમાંથી અમારી રવાનગી મદીના શરીફની હતી.સુબ્હાનલ્લાહ,જેના દીદાર માટે દરેક મુસલમાનનાં દિલમાં હર વકત તમન્ના હોય છે.અને ત્યાં જવાનું નશીબ થયું.એ ખ્યાલ આવતાં જ દરેક મુસ્લીમની હાલત કંઈ એવી બદલાઈ જાય છે.તેનો ઈશ્કો મોહબતનો દરીયો જોશમાં મોજા મારવા લાગે છે.આંખોમાંથી ખુશીના આંસુ વહી જાય છે.આજે અમે મક્કા શરીફથી દયારે હબીબ સલ્લલ્લાહો અલયહે વસલમના દીદાર માટે જઈ રહયા છીએ.હજજ અદા થઈ ગયો,કાબાશરીફની ઝીયારત થઈ ગઈ,આબે ઝમઝમથી શેરાબ થઈ ગયા,મિઝાબે રહેમતને જોયું,મતાફમાં રમલ કર્યું,હજરે અશવદને બોસો આપ્યો અને રહેમતો અને બરકતોથી ભરપૂર જગ્યાઓનો નજારો કર્યો.પણ હવે સફર છે મદિના શરીફનું.મદિનાશરીફ જતી વખતે આલા હઝરતના ઈશ્કો મોહબ્બતથી ભરેલા તે અશઆર યાદ આવી જાય છે.

હાજીઓ આઓ,શહેનશાહ કા રોઝા દેખો,
કાબા તો દેખ ચૂકે,કાબે કા કાબા દેખો;
રૂકને શામી સે મિટી વહશતે શામે ગુર્બત,
અબ મદિને કો ચલો,સુબ્હે દિલઆરા દેખો;
આબે ઝમઝમ તો પીયા,ખૂબ બુઝાઈ પ્યાસે,
આઓ જુદે શહે કૌસર કા ભી દરિયા દેખો;
ઝેરે મિજાબ મલે,ખૂબ કરમ કે છીંટે,
અબ્રે રહમત કા યહાં, ઝોરે બરસના દેખો;
ધૂમ દેખી હૈ દરે કાબા પે,બેતાબોં કી,
ઉનકે મુસ્તાકો મેં,હસરત કા તડપના દખો;
ખૂબ આંખોં સે લગાયા હૈ,ગિલાફે કાબા,
કસરે મહેબુબ કે,પરદોં કા ભી જલવા દેખો;
મુલ્તઝીમ સે તો ગલે, લગકે નીકાલે અરમા,
અદબો શૌક કા યાં બાહમ,ઉલઝના દેખો;
દિલ સે તું સુન તો 'રઝા',કાબા સે આતી હૈ સદા,
મેરી આંખોં સે,મેરે પ્યારે કા રોઝા દેખો.

સુબ્હાનલ્લાહ,આલા હઝરતનું કલામ ઈશકો મોહબ્બતનો વહેતો દરિયો છે.તા.૬/૨/૨૦૦૬ના અમે બસ ધ્વારા મકકા શરીફથી મદિના શરીફ રવાના થયા.જબાન ઉપર દુરૂદોસલામના તરાના અને દિલમાં ઈશ્કે રસુલ સલ્લલ્લાહો અલયહે વસલમના ખ્યાલ.મકકા થી મદિના શરીફ આશરે ૩૦૦ કિ.મી.ના અંતરે આવેલ છે.રસ્તામાં ઊંચી–નીચી પહાડીઓ ઉપર નજર પડતાં જ દિલો દિમાગ ૧૪૦૦ વરસ પહેલાની હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમની હિઝરતના ખ્યાલાતમાં ડૂબી જાય છે.આ રસ્તેથી આકા સલ્લલ્લાહો અલયહે વસલમે હિજરત ફરમાવી હતી.રસ્તાઓ અને એક–એક પહાડ ગવાહ છે અને પોતાની ખામોશ જબાનથી જાણે કહી રહયા છે.

"હરમ સે તયબાહ કો આનેવાલે,તુજે નિગાહેં તરસ રહી હૈ,
રસૂલે અતહર જહાં ભી ઠહરે,વો મંઝિલે યાદ કર રહી હૈ,
જબીને અકદશ જહાં ઝૂકી હૈં,વો સજદા ગાહેં તરસ રહી હૈ."

ઈશ્કો મોહબ્બતના ખ્યાલાતોમાં જ શહરે મદિના સાંજે પહોંચ્યાં.જયારે પ્યારા મહેબૂબ સલ્લલ્લાહો અલયહે વસલમનો પ્યારો શહેર નજરે પડે તો ખૂબ શૌક અને અદબથી દુરૂદોસલામ માટે જબાન બેતાબ બની જાય છે અને આ દુઆના અલ્ફાઝ જબાનમાંથી શરી પડે છે.

"અલ્લાહુમ્મા હાઝા હરમો નબિય્યેક ફજઅલ્હો વિકાયતમ્મિન્નાર વ અમાનમિનલ અઝાબી વસૂઈ હિસાબી"અર્થ:– હે અલ્લાહ આ તારા નબીનું હરમ છે અને તેને તું બનાવી દે મારા માટે આગથી બચવાનું સાધન તથા અઝાબ અને દુ:ખદાયક હિસાબથી અમાન.

જયારે આ પાક શહેર મદિના શરીફની હરમ (હદ) શરૂ થાય છે ત્યાં દાખલ થતાં જ બરકત અને રહેમતવાળી આ દુઆના શબ્દોના મોતી જબાન ઉપર આવી જાય છે."બિસ્મિલ્લાહે માશાઅલ્લાહો લા કુવ્વતા ઈલ્લાબિલ્લાહી રબ્બી અદખિલની મુદખલ સિદકિંવ વ અખ્રિજની મુખ્રજ સિદકિંવ વરઝુકની મિન ઝીયારતીરસુલિક મા રઝકત અવલિયાઅક વ અહલતાઅતિક વ અન્કિઝની મિનન્નારી,વગફીરલી વરહમ્ની યા ખયર મસઉલિન,અલ્લાહુમ્મજ અલ લના ફિયા કરારંવ રિઝકન હસના" (અર્થ:– શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે કાંઈ ખુદા પાકે ચાહયું,અલ્લાહ સિવાય કોઈ તાકાત આપનાર નથી.હે મારા પાલનહાર રબ્બ,મને સચ્ચાઈ સાથે કાઢજે.તારા પ્યારા રસુલ સલ્લલ્લાહો અલયહે વસલમની ઝિયારતમાં તે ફૈઝ અને બરકત મને અર્પણ કરજે જે તારા દોસ્તો અને તારા ફરમાબરદાર બંદાઓને અતા ફરમાવ્યા હોય,હે સર્વેથી બહેતર દાતા,મને જહન્નમથી બચાવજે અને મારા ગુનાહોઓને બક્ષી દે અને મારા પર રહેમ ફરમાવ.હે અલ્લાહ મને એ શહેરમાં ચૈન અને નેક કમાઈ નસીબ કર.) આ દુઆઓ અને દુરૂદો સાથે મદિના તૈયબામાં દાખલ થતાં આલા હઝરતની નસીહત યાદ આવે છે.

"હરમ કી ઝમીં ઔર કદમ રખ કે ચલના,અરે સર કા મૌકા હૈ ઓ જાનેવાલે."

સાંજના વખતે અમે બસ ધ્વારા મદિના પહોંચી ગયા.મદિના શરીફમાં હરમ શરીફની નજીક 'અલઅન્શાર' હોટલમાં અમારૂં રોકાણ હતું.હોટલમાં અમારા રોકાણની વ્યવસ્થા પતાવી અમે ઈશા નમાજ અદા કરવા મસ્જિદે નબવી તરફ નિકળ્યા.સુબ્હાનલ્લાહ,"વો દિન ભી આયેગા વો રાત ભી આયેગી,દિન ગુજરેગા મક્કે મેં ઔર રાત મદિને મેં.શું તારીફ કરૂં મદિના શરીફની.મારી ઔકાત શું છે ?જયારે ખુદ સરકારે મદિના સલ્લલ્લાહો અલયહે વસલમે આ શહેરની તારીફ કરી છે.આ તે મુકદ્દસ શહેર છે જેને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમે હિજરત માટે મુન્તખબ ફરમાવ્યું.પોતાની પ્યારી દાવતનું મરકઝ બનાવ્યું.આ શહેરને પોતાનું હરમ બનાવ્યું.આ શહેર માટે બરકતની દુઆઓ માંગી.જીંદગીશરીફના આખરી દશ વર્ષ અહીં પસાર કર્યા.આપ સલ્લલ્લાહો અલયહે વસલમની કબરે અનવર આ પાક શહેરમાં છે.આ શહેરમાં વફાત પામનારને પોતાની શફાઅતની ખુશખબરી આપી.આખરી દૌરમાં ઈમાન ભેગું થઈ આ શહેરમાં જ આવશે.દજાલ આ શહેરમાં પ્રવેશ નહીં કરી શકે.આ શહેર આંખોનું નૂર છે,દિલોનું શુરૂર છે.જયાં દરેક કદમ ઉપર ઈબરત છે.

આ શહેરના ખાસ મકામાતમાંથી રોઝેરસુલ સલ્લલ્લાહો અલયહે વસલમ,મસ્જિદે

નબવી,મસ્જિદે કુબા,મસ્જિદે જુમ્મા,મસ્જિદે કિબ્લતૈન,જન્નતુલબકીય,શોહદાએ ઓહદના મજારાત અને બીજી ઘણી જ મસાજીદ અને મકામાત જયાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમ અને આપના પ્યારા સહાબાઓની યાદો સમાયેલી છે.આ પાક શહેર માટે પ્યારા આકા સલ્લલ્લાહો અલયહે વસલમે દુઆઓ ફરમાવી છે.

હઝરત ઉમુલ મોમેનીન આઈશા સિદીકા રદીઅલ્લાહો ત્આલાઅનહા ફરમાવે છે કે જયારે અમે હિજરત કરી મદિનામાં આવ્યા ત્યારે અહીં ઘણી જ બિમારીઓ ફેલાયેલી હતી.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમે દુઆ ફરમાવી કે,"અય મારા રબ્બ,અમારા માટે મદિનાને મક્કાથી વધારે મહેબુબ બનાવી દે અને તેને સારૂં બનાવી દે અને એમાં તું બરકત નાઝીલ ફરમાવ અને એની બિમારીઓને શિફામાં બદલી દે."

હઝરત ઉમર રદીઅલ્લાહોતઆલાઅનહોથી રીવાયત છે કે મદિનાશરીફમાં મોંઘવારી વધી ગઈ અને લોકો મુશ્કેલીમાં પડી ગયા ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમે ફરમાવ્યું,' 'સબરથી કામ લ્યો,હું તમને બશારત આપું છું કે હું તમારી હરઘડીમાં બરકતની દુઆ માંગી છે.તમે હળીમળીને ખાવાનું ખાવ,એક માણસનું ખાણું બે જણાનું પેટ ભરશે,બે જણાંનું ચારનું અને ચાર જણાંનું પાંચથી છ જણાંને ઘણું થઈ પડશે.સાથે રહેવામાં બરકત છે.જે મદિનાની મુશ્કેલી અને તકલીફ ઉપર સબર કરશે હું કયામતના દિવસે એની ગવાહી આપીશ અને શફાઅત કરીશ અને જે કોઈ મદિનાશરીફ સાથે સાજીશ કરવાની કોશિશ કરશે તો તેને અલ્લાહ ત્આલા પાણીમાં મીઠાની જેમ ઓગાળી નાખશે."હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમે ફરમાવ્યું,તમારામાંથી જે કોઈને મદિના મુનવ્વરામાં મૌત આવશે તો તેની હું ગવાહી આપીશ.

હઝરત ઉમર રદીઅલ્લાહોત્આલાઅનહો આ દુઆ હંમેશા માંગતા કે,અય મારા રબ્બ, મને તું શહાદત અતા ફરમાવ અને તારા રસુલ સલ્લલ્લાહો અલયહે વસલમના શહેરમાં મૌત અતા ફરમાવ.હુઝર સલ્લલ્લાહો અલયહે વસલમે ફરમાવ્યું,કયામતની નજીક ઈમાન સમેટાઈને મદિનાશરીફ તરફ આવી જશે,જેવી રીતે સાપ પોતાના સુરાગની પાસે સમેટાઈને પાછો આવે છે.

સુબ્હાનલ્લાહ,અમે ઈશા નમાજ માટે મસ્જિદે નબવી શરીફમાં પહોંચ્યા.બાબુલ જિબ્રિલમાંથી દાખલ થતાં આ દુઆ જબાન ઉપર જારી થઈ જાય છે."બિસ્મિલ્લાહે વસ્સલાતો વસ્સલામો અલા રસુલિલ્લાહે,અલ્લાહુમ્મ ગ–ફીર લી ઝુનુબી વ ફતહલી અબવાબ રહમતીક."

મસ્જિદે નબવી શરીફમાં દાખલ થતાં ૧૪૦૦ વર્ષ પહેલા મસ્જિદે નબવીની તામીરનો ઈતિહાસ નજર સામે આવી જાય છે જયારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમ હિજરત કરી મદિનામાં આવ્યા તે વખતે આ મુબારક મસ્જિદની પોતાના હાથ મુબારકથી તામીર ફરમાવી હતી.આ મુબારક મસ્જિદની અંદર કેટલીક બરકતવાળી જગ્યાઓ અને મકામાત આવેલ છે.

રોઝ એ જન્નત : આ મુકદ્દસ જગ્યા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમની કબર શરીફ અને મિમ્બર વચ્ચેની જે જગ્યા છે તેને જન્નતનો બાગ કહે છે.હઝરત અબુહુરૈરાહ રદીઅલ્લાહોત્આલાઅનહો ફરમાવે છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમે ફરમાવ્યું કે મારા ઘર અને મિમ્બરની વચ્ચેની જે જગ્યા છે તે જન્નતના બગીચાઓમાંથી એક બગીચો છે અને મારો મિમ્બર કયામતના દિવસે હોજે કૌશર ઉપર હશે.(બુખારી શરીફ).

બીજી જગ્યાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમે ફરમાવ્યું, ''મા બયના બયતી વ મિમ્બરી રવઝતુમ મિર્રિયા ઝિલ જન્નહ''

અર્થ : મારા ઘર અને મારા મિમ્બર વચ્ચે જે જમીન છે તે જન્નતના બગીચાઓમાંથી એક બગીચો છે.

મિમ્બરશરીફ :હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમે ફરમાવ્યું મારૂં મિમ્બર જન્નતના એક ઊંચા દરવાજાની સીડી હશે.



(રોઝાએ રસુલની જાલી મુબારક)



(રોઝાએ જન્નત)

સુતુને હનાના :— આ સુતુન તે જગ્યા પર આવેલ છે. જ્યાં ખજુરનાં ઝાડનાં થડનો એક મોટો ટુકડો પડેલો રહેતો અને હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલમ નમાઝ અદા કરી અને આ ટુકડાનો સહારો લઈ ખુત્બો આપતા.એક દિવસ એક સહાબીએ અરજ કરી,યા રસુલલ્લાહ,અગર આપ પસંદ ફરમાવો તો આપના માટે મીમ્બર બનાવીએ જેથી આપ એના ઉપર ઊભા રહીને ખુત્બો ફરમાવો.અને ખુત્બો સાંભળવાવાળા આપને જોઈ શકે અને આપનો અવાજ સાંભળી શકે.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલમે ઈઝાઝત ફરમાવી.ત્યારબાદ ત્રણ પગથીયાવાળો મીમ્બર બનાવવામાં આવ્યો.અને તે ખજુરના ઝાડનાં ટુકડાને તે જગ્યાએ રાખવામાં આવ્યું જ્યાં આજે મીમ્બર છે.

જુમ્માનાં દિવસે જ્યારે આકા સલ્લલ્લાહો અલયહે વસલમ તે ટુકડાથી આગળ આવીને નવા બનેલા મીમ્બર ઉપર ઊભા રહયા તો તે થડનો ટુકડો રોવા લાગ્યો. એનો અવાજ સાંભળીને આકા સલ્લલ્લાહો અલયહે વસલમ મીમ્બર પરથી નીચે ઉતર્યા અને એના ઉપર હાથ મુબારક ફેરવ્યો ત્યારે તેને સુકુન આવ્યો.

સુતુને આઈશા:—એક વખત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલમે મસ્જીદમાં કોઈ એક જગ્યા ઉપર નમાઝ પઢવાની ફઝીલત બયાન ફરમાવી.સહાબા એ કીરામના બાળકોની જમાત હઝરત આઈશા રદીઅલ્લાહો તઆલા અન્હાને અરજ કરી કે,ઉમ્મુલ મોમેનીન,તે જગ્યા કઈ છે.જેની ફઝીલત આકા સલ્લલ્લાહો અલયહે વસલમે ફરમાવી છે. હઝરત આઈશા રદીઅલ્લાહો તઆલા અન્હા તે વખતે ખામોશ રહયા.તે બાળકો થોડીવાર બેસી ચાલ્યા ગયા.પરંતુ તેઓના ભાણેજ અબ્દુલાબીન જુબેર બેઠા રહયા.તે બાળકો ત્યાંથી નીકળી આપસમાં ચર્ચા કરી કે કદાચ હઝરત આઈશા હઝરત અબ્દુલાને તે જગ્યા બતાવી દે માટે ખ્યાલ રાખજો કે તે (અબ્દુલા)કયાં નમાઝ અદા કરે છે.થોડી વાર બાદ તે(અબ્દુલા)ત્યાંથી નીકળ્યાં.અને આ સુતુનની જગ્યાએ નમાઝ અદા કરી.માટે તેમના સાથી સમજી ગયા કે,હઝરત આઈશા રદીઅલ્લાહો તઆલા અન્હાએ તેમને આ જગ્યા મુતઅય્યન કરીને બતાવી દીધી છે.જેથી આ જગ્યાને સુતુને આઈશા કહે છે.

સુતુને અબી લુબાબા:— આ સુતુન મીમ્બર શરીફથી ચોથો સુતુન છે.આ જગ્યાએ સહાબીએ રસુલ હઝરત અબુલુબાબા રદીઅલ્લાહો તઆલા અન્હોએ એક ભુલ માટે પોતાને નવ દિવસ સુધી બાંધી રાખ્યો હતો.નવ દિવસ બાદ આપની તોબા કબુલ થઈ .માટે આ જગ્યાને સુતેન અબી લુબાબાનાં નામથી ઓળખવામાં આવે છે.

હુઝરા શરીફ:— હઝરત ઉમ્મુલ મોમેનીન આઈશા સિદ્દીકા રદીઅલ્લાહો તઆલા અન્હાનો હુઝરો છે.જે અજવાજે મુત્તહરાતનાં નવ હુઝરામાંથી એક છે.જે હુઝરામાં હુઝૂર રહમતલ્લીલઆલમીન,શાફએ મહેશર,નુરે મુજસ્સમ,મહેબુબે કીબરીયા,ઝીનતે આલમ,અઝમતે આદમ,મુરસીલેદાવર,સાકીએ કૌશર,મુનીસો હમદમ,હાદીએ આઝમ,હુસને લાસાની,નુરે યઝદાની,ઝીલ્લે સુબ્હાની,શમ્એ ઈરફાની,જાને ઈમાં,ફખ્રે ઈન્સાની,કસ્સામેનઈમ,કન્દીલેહરમ,રાઝેકુનફકાં,મુખ્તારે જહાં,નાઝેઅર્શીયા,સૈય્યદે આલા,સાઈરેઅસરા,હાદીયેઈશા,રહબરે મુશા,મલ્જા વ માવા,રોનકે કાબા,કીબ્લએ હાજાત,સદરે કાએનાત,બદરે મખ્લુકાત,આલી નસબ,કુતબેકરમ,રાહીમોઅરહમ,

અહમદે મુજતબા,મોહમ્મદે મુસ્તફા,સલ્લલ્લાહો અલયહે વસલમ આરામ ફરમા છે. આ દુનિયાનાં તમામ દરબારોથી આલા દરબાર છે.જે વખતે ઝાલીમુબારક ઉપર હાજરીનો શર્ફ મળે ત્યારે આકા સલ્લલ્લાહો અલયહે વસલમની બારગાહમાં અદબથી આ સલામ અર્ઝ કરો.

"અસ્સલામુ અલયક યા રસુલલ્લાહ,અસ્સલામુ અલયક યા હબીબલ્લાહ ; અસ્સલામુ અલયક યા ખયર ખલ્કીલ્લાહ,અસ્સલામુ અલયક યા ખયરતલ્લાહી મીન જમીએ ખલ્કીલ્લાહ, અસ્સલામુ અલયક યા સય્યિદ વુલ્દે આદમ,અસ્સલામુ અલયક અય્યુહન્નબીય્યુ વ રહમતુલ્લાહી વ બરકાતુહુ યા રસુલલ્લાહી ઈન્ની અશહદુ અલ્લાઈલાહ વહદહુ લા શરીકલહુ અન્નક અબ્દોહુ વ રસુલુહુ વ અશહદો અન્નક યા રસુલલ્લાહી,કદબલ્લગતર રીસાલત વ અદ્રૈતલ અમાનત,વ નશહતલ ઉમ્મત,વ કશફતલ ગુમ્મત,ફ જઝાકલ્લાહો અન્તા,ખયરન,જઝાકલ્લાહો,અન્ના અફઝલ,વ અકમલ મા જઝાબિહી નબિય્યન અન ઉમ્મતીહી,અલ્લાહુમ્મા,આતિહીલ વસીલત,વલ ફઝીલત વદર જતર્રફીઅતા,વબ્અસ્હુલ મકામલ મહમુદુલ્લજી વઅતહુ,ઈન્નક લા તુખલેફુલ મીઆદ વ અન્નઝીલ લહુલ મન્ઝિલલ,મુકર્રબ ઈન્દક સુબ્હાનક ઝુલ ફદલીલ અઝીમ"

" યા રસુલલ્લાહે,અસ્અલુકશશફાઅત વ અતવસ્સલુબિક ઈલ્લલ્લાહી ફી અન અમુત મુસ્લીમન અલામિલ્લતિક વ સુન્નતિક "

અરજ કરી ખુશીના આંસુ આંખોમાંથી સરી જાય છે.તે વખતે આલા હઝરતના ઈશ્કો મોહબ્બતના તે મુબારક કલામ યાદ આવી જાય છે.

" સબસે ઔલા વ આલા હમારા નબી,સબસે બાલા વ વાલા હમારા નબી;
જીન કે તલવોં કા દોવન હૈ આબે હયાત,હૈ વો જાને મસીહા હમારા નબી;
કૌન દેતા હૈ દેને કો મુંહ ચાહીએ,દેનેવાલા સચ્ચા હમારા નબી."
" ચમક તુજ સે પાતે હૈં સબ પાનેવાલે,મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે;
બરસતા નહી દેખકર અબરે રહેમત,બંદોં પર ભી બરસાદે બરસાનેવાલે;
તું જીન્દા હૈ વલ્લાહ તું જીન્દા હૈવલ્લાહ,મેરે ચશ્મે આલમ સે છૂપ જાનેવાલે;
રહેગા યુંહી ઉનકા ચર્ચા રહેગા,પડે ખાક હો જાયે જલ જાનેવાલે."
" સરવર કહું કે માલિકો મૌલા કહું તુજે,બાગે ખલીલ કા ગુલે ઝેબા કહું તુજે;
તેરે તો વશફ ઐબે તન્નાહી સે હૈ બરી,હૈરાં હું મેરે શાહા મૈં કયા કહું તુજે;
લેકીન રઝાને ખતમેં શુખન ઈસ પે કર દીયા,ખાલીક કા બંદા ખલ્ક કા આકા કહું તુજે."

આજે જે બારગાહની હાજરીનો સર્ફ મળ્યો છે.જેના માટે મારા આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું,"મન ઝારા કબરી વઝબત લહુ શફાઅતી."(અર્થ:–જેણે મારી કબરની ઝીયારત કરી એની શફાઅત મારા ઉપર વાજીબ છે.)

મારી કલમમાં એટલીતાકત નથી કે,હુઝુર હાદીએ આઝમ,મોહસીને ઈન્સાનીય્યત,સરવરે કાએનાત,મદની તાજદાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાન અને અઝમત અને તારીફ કરી શકે.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વહેદાનિય્યતનો પૈગામ પુરા જહાનને આપ્યો.હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જુલ્મો–સીતમ–અત્યાચારમાં

ડુબેલી દુનિયાને સત્યનો,મોહબતનો,માનવતાનો,ન્યાયનો,પ્રેમનો,દયાનો,તોહીદનો, સખાવતનો,ભાઈચારાનો,કુરબાનીનો,પાકીનો પૈગામ,ફકત આપ્યો નહી.પરંતુ પોતે જે હુકમ કર્યો.તેનો અમલ કરીને પોતાની ૬૩ વર્ષની મુકદદસ જીંદગીમાં કરી દેખાડયો છે.જે આજેપણ હુઝુર ખેરૂલંબશર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જીંદગી મુબારક દુનિયા વાળાઓ માટે કામીયાબીનો તાઝ છે.આ ફૈઝનો દરિયો આજેપણ ગુમ્બદે ખીઝરાથી ઝારી–વ–સારી છે.

આ મુબારક હુઝરા શરીફમાં જમણી બાજુ હઝરત અબુબકર સિદીક રદીઅલ્લાહોત્આલાઅનહોનું મઝાર મુબારક આવેલ છે.ત્યાં આવી રીતે સલામ અરજ કરો. "અસ્સલામો અલયકુમ યા ખલીફત રસુલિલ્લાહે વસાનહી લગારી વ રફીકહી ફીલ અસ્ફારિં વ અમીનીહી અલલ અસરારે અબાબક્રીની સ્સિદીકી જઝાકલ્લાહુ અન ઉમ્મતિ મોહમ્મદીન ખયરા."

આ મુકદશ હુઝરા શરીફમાં હઝરત ઉમર ફારૂક રદીઅલ્લાહોત્આલાઅનહોનું મઝાર મુબારક આવેલ છે.એ જગ્યાએ આવી રીતે સલામ અર્જ કરો.

"અસ્સલામો અલયક અતરૂલ મુઅમિનીન ઉમરલ્ફારૂકલ્લઝી અઅઝઝલ્લહુ બિહીલ ઈસ્લામ ઈમામલ મુસ્લીમીન મરદીય્યન હય્યંવ વ મય્યીતન જઝાકલ્લાહુ અન ઉમ્મતિ મોહમ્મદીન ખયરા."

હઝરત ઉમ્મુલ મોમેનીન મા આઈશા સિદીકા રદીઅલ્લાહોત્આલાઅનહા ફરમાવે છે કે, " મેં એક વખત ખ્વાબ જોયો કે ત્રણ ચાંદ મારી ગોદમાં આવીને પડયા છે.મેં હઝરત અબુબકર રદીઅલ્લાહોત્આલાઅનહોને આ ખ્વાબ વિશે વાત કરી.ત્યારબાદ જયારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મારા હુઝરામાં દફન થયા તો હઝરત અબુબકર સિદીક રદીઅલ્લાહોત્આલાઅનહોએ ફરમાવ્યું કે આ તે ત્રણ ચાંદમાંથી એક છે જે બધાથી અફઝલ અને આલા છે.જયારે હઝરત અબુબકર સિદીક રદીઅલ્લાહોત્આલાઅનહોનો ઈન્તકાલ થયો તો વસીયત મુજબ તેઓને પણ હુઝરે આઈશા મા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પહેલુ મુબારકમાં દફન કરવામાં આવ્યા.આ તે ત્રણ ચાંદમાંથી બીજો ચાંદ હતો."

જે વખતે હઝરત ઉમર રદીઅલ્લાહોત્આલાઅનહો ઉપર કાતિલાના હુમલો થયો તો આપ પોતાના સાહબજાદા હઝરત અબ્દુલ્લા બિન ઉમરને ફરમાવ્યું કે, ઉમ્મુલ મોમેનીન હઝરત આઈશા રદીઅલ્લાહોત્આલાઅનહાની ખીદમતમાં હાજર થઈ મારા સલામ અરજ કરો અને મારા પ્યારા સાથીઓની બાજુમાં દફનની ઈજાજત માંગો.આથી હઝરત અબ્દુલ્લા બિન ઉમર ઈજાજત માંગવા હઝરત આઈશા રદીઅલ્લાહોત્આલાઅનહા પાસે આવ્યા.હઝરત આઈશા રદીઅલ્લાહોત્આલાઅનહાએ ફરમાવ્યું, આ જગ્યા મેં મારા માટે રાખી હતી પણ આજે હું હઝરત ઉમરને તે જગ્યાએ દફન માટે ઈજાજત આપું છું.

હઝરત ઉમરને જયારે ખબર પડી તો આપે ફરમાવ્યું,આ પડોશથી વધારે બહેતર મારા માટે કોઈ ચીજ નથી.હઝરત અબ્દુલ્લા બિન સલામ ફરમાવે છે કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સિફત તૌરાતમાં મૌજૂદ છે તેમાં પણ લખેલું છે કે હઝરત ઈશા અલયહીસ્સલામ આ હુઝરામાં દફન થશે.આજે પણ તે મુબારક હુઝરામાં ચોથી કબરની જગ્યા ખાલી છે.

હઝરત અબ્દુલ્લા બિન સલામ ફરમાવે છે કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સિફત તૌરાતમાં મૌજૂદ છે તેમાં પણ લખેલું છે કે હઝરત ઈશા અલયહીસ્સલામ આ હુઝરામાં દફન થશે.આજે પણ તે મુબારક હુઝરામાં ચોથી કબરની જગ્યા ખાલી છે.

જન્નતુલ બકીઅ શરીફ : મદિના શરીફનું આ કબ્રસ્તાન છે.જેમાં ૧૦૦૦૦ જેટલા સહાબા એ કીરામ દફન છે.જેમાં આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની અજવાજે મુત્તહેરાત અને સાહેબજાદીઓ અને ઘણાં તાબેઈન અને સાલેહીન દફન છે.હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહોત્આલાઅનહો,હઝરત અબુશઈદ ખુદરી રદીઅલ્લાહોત્આલાઅનહો,હઝરત હલીમા સાદીઆ રદીઅલ્લાહોત્આલાઅનહા, હઝરત ફાતીમા રદીઅલ્લાહોત્આલાઅનહા,હઝરત અબ્બાસ રદીઅલ્લાહોત્આલાઅનહો,હઝરત ઈમામ હસન રદીઅલ્લાહોત્આલાઅનહો,હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન રદીઅલ્લાહોત્આલાઅનહો,હઝરત ઈમામ જાફર સાદીક અને હઝરત ઈમામ મોહમ્મદ બાકીરના મજારો આવેલ છે.

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બકીઅવાળાઓ માટે મગફીરતની દુઆ કરતા અને ફરમાવ્યું,કે હું અહીં મરવાવાળાની ગવાહી આપીશ.

સુબ્હાનલ્લાહ,"જો લોગ દફન હૈ મદિને મેં,ઉનહેં જન્નત કી કયા જરૂરત હૈ,ફીરદોશ સે બહેતર હૈ વો જગહ જહાં મેરે નબી કી તુરબત હૈ."

જન્નતુલ બકીના દરવાજાની સામે સરવરે કૌનેન સલ્લલ્લાહો અલયહે વસલ્લમના હુઝરા શરીફનું ગુમ્બદ 'ગુમ્બદે ખીજરા' નજર આવે છે.જે ગુમ્બદ શરીફ ઉપર રાત દિવસ નુરની વરસાદ થાય છે.આ હસીન મન્ઝર જોઈ આશિકે રસુલ આલા હઝરતના તે અલ્ફાજ જબાનથી સરી પડે છે.

" ગૌર સે સુન તો 'રઝા' કાબે સે આતી હૈ સદા,
મેરી આંખો સે મેરે પ્યારે કા રોઝા દેખો."

" વો નુર જો તુરપે ચમકા થા જીસે દેખકે મુશા ગશમે હુએ,
આતી હૈ નજર અબ વોહી ઝલક તેરે રોઝે કે મીનારો મે."

" હર ચિરાગ મઝાર પર કુદશી કૈસે પરવાના વાર ફીરતે હૈં,
લાખોં કુદશી હૈ કારે ખીદમત પર લાખોં ગીરદે મઝાર ફીરતે હૈ."

મસ્જિદે કુબા: મદિના શરીફની અન્ય જીયારતોમાં એક મસ્જિદે કુબા પણ છે.જયારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હિજરત કરી મદિના મુનવ્વરા તશરીફ લાવયા તો આ જગ્યાએ એક કબીલો રહેતો હતો.આ કબીલાના એક સહાબી જેનું નામ હઝરત કુલસુમ રદીઅલ્લાહોત્આલાઅનહોને ત્યાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે કયામ ફરમાવ્યું અને તેઓની જમીન ઉપર મસ્જિદે કુબા તામીર ફરમાવી.જેની ફઝીલત સુર એ તોબાની આયત નં.૧૮૪ માં બયાન ફરમાવેલી છે.

અર્થ: જે મસ્જિદ પેહેલા દિવસથી જ તકવા ઉપર કાયમ કરવામાં આવી છે.તે જ વધારે મોજૂ છે કે તમે તેમાં(ઈબાદત માટે) ઊભા રહો.

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, જે શખ્સ પોતાના ઘરેથી વઝુ કરી મસ્જિદે કુબામાં આવી નમાજ પઢે તો તેને એક ઉમરાહનો સવાબ મળશે.

મસ્જિદે કુબા મસ્જિદે નબવીથી ચાર કિ.મી.ના અંતરે છે.અહીં રહેવાવાળા કબીલાની તારીફમાં કુરાન શરીફની સુર એ તોબાની આયત નં.૧૦૮ માં અલ્લાહ ત્આલાએ ઈરશાદ ફરમાવ્યું કે, આમાં એવા લોકો છે કે જે પાક રહેવાનું પસંદ કરે છે અને અલ્લાહ ત્આલા પાકીઝગી ઈખ્તેયાર કરવાવાળાઓને પસંદ કરે છે.

મસ્જિદે દારે સઅદ બિન ખેયશમા : આ જગ્યાએ હઝરત સઅદ બિન ખેયશમા રદીઅલ્લાહત્આલાનું ઘર હતું.જેમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની હિઝરતથી પહેલા ઈસ્લામનું મરકઝ હતું.સહાબા એ કિરામ કયારેક અહીં નમાઝે જુમ્મા પણ પઢતા હતાં.જયારે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હિઝરત કરી અહીં આવ્યા તો હઝરત કુલસુમ રદીઅલ્લાહોત્આલાઅનહોના મકાનમાં કયામ ફરમાવ્યું હતું ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હઝરત સઅદના ઘરે પણ તશરીફ લઈ આવતાં.આ ઘર મસ્જિદે કુબાની દક્ષિણે પશ્ચિમ બાજુના ખૂણામાં હતું.આ નિસબતથી ત્યાં તે વખતે મસ્જિદ બનાવવામાં આવી જે મસ્જિદ હાલમાં સઉદી હકુમતે મસ્જિદે કુબામાં સામેલ કરી દીધી છે.

હઝરત સઅદ રદીઅલ્લાહોત્આલાઅનહો જંગે બદરમાં શહીદ થયા હતાં અને આપના વાલિદ હઝરત ખેયશમા જંગે ઓહદમાં શહીદ થયા હતા.

મસ્જિદે જુમ્મા : હઝરત મુશઅબ બિન ઉમેર રદીઅલ્લાહોત્આલાઅનહો અને હઝરત અશઅદ બિન જરારહ રદીઅલ્લાહોત્આલાઅનહો મદિના શરીફમાં નમાઝે જુમ્મા પઢાવતા હતા.જયારે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હિઝરત કરીને મદિનામાં આવ્યા ત્યારે કુબામાં કયામ ફરમાવ્યું.જુમ્માના દિવસે ત્યાંથી મદિના તરફ રવાના થયા.કુબાથી આશરે એક કિ.મી. દૂર બનુ સાલેમના કબીલાના રહેઠાણે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે નમાઝે જુમ્મા અદા ફરમાવી.બનુ સાલેમવાળાઓએ તે જગ્યાએ મસ્જિદ બનાવી જે મસ્જિદ 'મસ્જિદે જુમ્મા' નામથી મશહૂર થઈ.

મસ્જિદે બની ઉનેયફ : મસ્જિદે કુબાની દક્ષિણે મસ્જિદે ઉનેયફ આવેલ છે.હઝરત તલ્હા રદીઅલ્લાહોત્આલાઅનહો બિમાર થયા તો રહમતે કાયેનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાના આ જાંનિશાર સહાબીની અયાદત માટે તશરીફ ફરમાવતા હતા.આ દરમિયાન જયાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે નમાઝ અદા ફરમાવી તે જગ્યાએ બનુ ઉનેયફે મસ્જિદ બનાવી હતી.

ઈદગાહ : આ મેદાન મસ્જિદે નબવી શરીફની દક્ષિણ બાજુએ આવેલ છે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આ મેદાનમાં અલગ-અલગ જગ્યાએ ઈદ-ઉલ-ફિત્ર અને ઈદ-ઉલ-અઝહાની નમાઝ અદા ફરમાવી હતી.નજાશી બાદશાહની નમાઝે જનાજા પણ અહીં અદા ફરમાવી હતી.અને એ સિવાય નમાઝે ઈસ્તસ્કા પણ આ જ મેદાનમાં અદા ફરમાવી હતી.

હઝરત અબુ શઈદ ખુદરી રદીઅલ્લાહોત્આલાઅનહોથી રીવાયત છે કે,હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઈદ-ઉલ-ફિત્ર અને ઈદ-ઉલ-અઝહાના દિવસે આ મેદાનમાં તશરીફ ફરમાવતા અને નમાઝે ઈદ અદા કરીને લોકોને વઅઝ અને નસીહત ફરમાવતાં અને બીજો કોઈ પણ હુકમ હોય તો તે હુકમ ફરમાવતાં.(બુખારી શરીફ)

હઝરત ઉબાદ બિન તમીમ રદીઅલ્લાહોત્આલાઅનહો ફરમાવે છે કે,હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ મેદાનમાં નમાઝે ઈસ્તસ્કા અદા ફરમાવી અને દુઆ બાદ પોતાની ચાદર મુબારકની રૂખ બદલાવી (સહી મુસ્લિમ શરીફ)

હઝરત અબુ હુરૈરહ રદીઅલ્લાહોત્આલાઅનહોથી રીવાયત છે કે,હુઝૂરસલ્લલ્લાહો અલયહે વસલ્લમે લોકોને નજાશીની વફાતની ખબર સંભળાવી અને આજ મેદાનમાં ચાર તકબીરથી નમાઝે જનાજા અદા ફરમાવી.

તારીખી રીવાયતથી અંદાજ આવે છે કે જયારે હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ હિ.સ.૮૩ થી ૯૩ સુધી મદિનાના ગવર્નર બન્યા તો તેમણે આ તારીખી જગ્યાઓ ઉપર મસ્જિદો બનાવી.જેનો નીચે મુજબ મુખ્તસર જીકર છે.

મસ્જિદે ગમામા :મસ્જિદે નબવી શરીફથી ૩૦૫ મીટરની દૂરી ઉપર મસ્જિદે ગમામા છે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આખરી વર્ષોમાં આ જગ્યા ઉપર ઈદની નમાઝ અદા ફરમાવતા હતા.માટે તારીખની કિતાબોમાં આ 'મસ્જિદે મુસ્લા'ના નામથી પણ ઓળખવામાં આવે છે.હાલની જે મસ્જિદની ઈમારત છે તે સુલ્તાન અબ્દુલમજીદ તુર્કીના જમાનાની બનેલી છે.

મસ્જિદે અબુબકર : આ મસ્જિદે ગમામાથી ૪૦ મીટર અને મસ્જિદે નબવી શરીફથી ૩૩૫ મીટરની દૂરી ઉપર છે.આ જગ્યાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઈદની નમાઝ અદા ફરમાવી હતી.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બાદ ખલીફએ અવ્વલ હઝરત અબુબકર સિદીક રદીઅલ્લાહોત્આલાઅનહોએ આ જ જગ્યાએ ઈદની નમાઝ અદા ફરમાવી હતી.જેથી આ મસ્જિદને 'મસ્જિદે અબુબકર સિદીક' ના નામથી ઓળખવામાં આવે છે.

મસ્જિદે ઉમર : આ મસ્જિદ મસ્જિદે નબવી શરીફથી ૪૫૫ મીટર અને મસ્જિદે ગમામાથી ૧૩૩ મીટરની દૂરી ઉપર છે.

મસ્જિદે અલી : મસ્જિદે નબવી શરીફથી ૨૯૦ મીટરની દૂરી ઉપર મસ્જિદે અલી આવેલ છે.આ જગ્યાએ પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈદની નમાઝ અદા ફરમાવી હતી.

મસ્જિદે ઉસ્માન અને મસ્જિદે બિલાલ : આ બંને મસ્જિદો શાર એ કુરબાનના વિસ્તારમાં આવેલી છે.

મસ્જિદે કિબ્લતૈન : આ મસ્જિદ હાલ શાર એ ખાલીદ બિન વલીદના વિસ્તારમાં અને વાદી એ અકીકની બાજુમાં આવેલ છે.આ મુકદ્દદશ જગ્યાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઝોહર નમાઝ અદા ફરમાવી રહ્યા હતા.અને નમાઝની દરમિયાનમાં જ કિબ્લો બદલવાનો હુકમ કુરઆન શરીફની સુર એ બકરાહની આયત નં.૧૪૪ માં નાઝીલ થયો હતો.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ચાલુ નમાઝમાં કિબ્લો બદલ્યો માટે આ જગ્યા ઉપર જે મસ્જિદ છે તેને 'મસ્જિદે કિબ્લતૈન' કહે છે.

મસ્જિદે અબીઝર : આ મસ્જિદ મસ્જિદે નબવી શરીફથી ૯૦૦ મીટરની દૂરી ઉપર આવેલ છે.આ મસ્જિદનું તવારીખી નામ 'મસ્જિદે સજદા' છે.હઝરત અબ્દુર્રહમાન બિન ઓફ રદીઅલ્લાહોત્આલાઅનહોની રીવાયત છે કે,નબી એ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બયતુલ માલના એક બગીચામાં તશરીફ લઈ આવ્યા અને વઝુ કરી બેરકાત નમાઝ અદા કરીને

એક તવીલ (લાંબો) સજ્દો કર્યો.જયારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સજદામાંથી સર ઉપાડ્યું તો મેં અરજ કરી 'યા રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ,મારા મા–બાપ આપ પર કુરબાન,આજે આપે એટલો લાંબો સજદો કર્યો કે હું ડરી ગયો હતો.ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, હઝરત જિબ્રિલ અલૈહીસ્સલામ અલ્લાહતઆલાનો પયગામ લાવ્યા કે, જે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર દુરૂદોસલામ મોકલશે એના ઉપર અલ્લાહતઆલા સલામતી અને રહેમત નાઝીલ ફરમાવશે.માટે આ ઈનાયત ઉપર મેં સજદ એ શુક્ર અદા કર્યો.ત્યારબાદ આ જગ્યા ઉપર મસ્જિદ તામીર કરવામાં આવી અને આજે આ મસ્જિદ 'મસ્જિદે અબીઝર' નામથી મશહૂર છે.

શનિયતુલ વદાઅ : લુગતના એતબારથી પહાડોની વચ્ચે જે રસ્તો હોય તેને શનિયા કહેવામાં આવે છે.આ રસ્તો કુબાની તરફ હતો.કુબાના રસ્તેથી મક્કા શરીફની અવર જવરનો રસ્તો અહીંથી પસાર થતો.આ જગ્યાને શનિયતુલ વદાઅ કહે છે.મસ્જિદે કુબા અને મસ્જિદે જુમાની બાજુમાં આ રસ્તો આવેલ છે.જયારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મક્કા શરીફથી મદિના શરીફ તશરીફ લાવ્યા તો બનુ નજારની નાની બાલિકાઓએ 'તલઅલ બદરો અલયના' કસીદો પઢીને આ જગ્યાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઈસ્તકબાલ કર્યો હતો.

બનુ નજાર : આ કબીલો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મોસાળનો કબીલો છે કારણ કે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પરદાદા જનાબ હાશીમ બનુનજારની એક ઔરત સલમા બિન્તે ઉમરૂથી શાદી કરી હતી.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દાદા હઝરત અબ્દુલમુત્તલીબ તેઓના ફરઝંદ હતા.આથી બનુ નજાર માટે આનાથી વધારે કોઈ ખુશી અને સઆદત ન હતી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ખાનદાની તાઅલુક એમની સાથે હતો.

આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જયારે મદિના શરીફ તશરીફ લાવ્યા ત્યારે હર જગ્યાએથી 'મરહબા,મરહબા' ની સદાઓ બુલંદ થઈ રહી હતી.પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બનુ નજારના હઝરત અબુ ઐયુબ અન્સારી રદીઅલ્લાહોત્આલાઅનહોને ત્યાં કયામ ફરમાવ્યું કારણ કે ખુદાના હુકમથી તેમની ઊંટડી પણ ત્યાં જ બેસી ગઈ.

બનુ નજારની જમીન ઉપર જ મસ્જિદે નબવી શરીફ તામીર કરવામાં આવી.હઝરત હારેસા બિન નૌમાન રદીઅલ્લાહોત્આલાઅનહો બનુ નજારના કબીલામાંથી હતા.જેમણે મસ્જિદે નબવી શરીફની આજુબાજુની પોતાની માલિકીની જમીન હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ખીદમતમાં પેશ કરી દીધી.શાયરેરસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હઝરત હસાન રદીઅલ્લાહોત્આલાઅનહો પણ બનુ નજારમાંથી હતા.એના સિવાય અન્સારના પ્રથમ મુબલેગીન હઝરત અશઅદ બિન જરારહનો તઅલુક પણ બનુ નજાર સાથે હતો. જે જન્નતુલ બકીઅમાં સૌ પ્રથમ દફન થયા.

જબલે ઓહદ : મદિના શરીફની હદમાં ઉતર બાજુએ આ પહાડ આવેલ છે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઓહદ પહાડને જોઈને ફરમાવ્યું,આ પહાડ અમારાથી મોહબ્બત કરે છે અને અમે એનાથી મોહબ્બત કરીએ છીએ.(શહી મુસ્લીમ).

એક વખત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ,હઝરત અબુબકર રદીઅલ્લાહોત્આલાઅનહો,હઝરત ઉમર રદીઅલ્લાહો ત્આલા અનહો અને હઝરત ઉસ્માન રદીઅલ્લાહોત્આલાઅનહો ઓહદ પહાડ ઉપર ચડયા તે વખતે આ પહાડ ડોલવા માંડયું.આ જોઈ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું,'ઓહદ,ઊભો રહી જા.તારા ઉપર એક નબી,એક સિદીક અને બે શહીદ છે.'(શહી બુખારી)

જબલે રમાતા (તિરંદાજોનો પહાડ) : આ પહાડ શોહદાએ ઓહદની દક્ષિણ બાજુએ આવેલ છે.જંગે ઓહદમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત અબ્દુલા બિન જૂબેરની કેયાદતમાં પચ્ચાસ તિરંદાજોને આ પહાડ ઉપર ઊભા રહેવાનો હુકમ કર્યો હતો.

મસ્જિદે ફસહા : ઓહદ પહાડના દામનમાં ગારની નીચે આ મસ્જિદ આવેલ છે.જંગે ઓહદના દિવસે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આ જગ્યાએ ઝોહરની નમાઝ અદા ફરમાવી હતી.હાલે આ મસ્જિદના ખંડેરો જોવા મળે છે.જેમાં મહેરાબ અને દિવાલોની નિશાનીઓ નજર આવે છે.એની ચારે તરફ કાંટાળી તારની બાઉન્ડ્રી બાંધેલ છે.

શોહદા એ ઓહદની મજારો : હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના હુકમ પ્રમાણે શોહદા એ ઓહદને ઓહદના દામનમાં જ દફન કરવામાં આવ્યા.જેમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ચાચા હઝરત સૈય્યદુશશોહદા અમીર હમઝા રદીઅલ્લાહોત્આલાઅનહો તથા અન્ય સહાબીઓને દફન કરવામાં આવ્યા.

વાદી કનાતા જબલે રમાતાની બંને બાજુઓથી પસાર થતી હતી.જબલે રમાતા તેની વચ્ચે આવી જતો હતો.સૈય્યદુશશોહદા હઝરત અમીર હમઝા અને તેમના રજાઈ ભાઈ હઝરત અબ્દુલા બિન જહશ અને હઝરતે મુશઅબબીન ઉમેરની કબરો વાદીના ઉતર કિનારા ઉપર હતી.અમીરૂલ મોમેનીન હઝરત મઆવીયા રદીઅલ્લાહોત્આલાઅનહોના દૌરે ખિલાફતમાં આ વાદીમાંથી પાણીનું વહેણ એટલો ઊંચો અને ઝડપી હતો કે તે કબરોને નુકશાન થાય તેનો ખતરો હતો.જેથી શોહદાઓના જીસ્મ મુબારકને ત્યાંથી કાઢી અન્ય જગ્યાએ દફન કરવામાં આવ્યા.હાલે આ કબરો કબ્રસ્તાનની ચાર દિવાલમાં આવેલી છે અને અન્ય સહાબીઓના જીસ્મ મુબારક પણ ત્યાંથી આ જગ્યાએ મુન્તકીલ કરવામાં આવ્યા.

જબલે સલ્આ : આ પહાડના દામનમાં કબીલએ બનુ હરામની આબાદી હતી અને એની આજુબાજુમાં જ તે ગાર(ગુફા) હતી.જેમાં જંગે ખંદક વખતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ રાતના સમયે કયામ ફરમાવતા.આ પહાડીની એક ટેકરી ઉપર આપસલ્લલ્લાહો અલયહે વસલ્લમનો તંબુ હતો.જયાંથી આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જંગની તૈયારીઓ ઉપર નજર રાખતા હતા અને અલ્લાહની બારગાહમાં દુઆઓ માંગતા.

મસાજિદે સબઆ : સલા પહાડના દામનમાં આ મસ્જિદો આવેલ છે.જેમાં મસ્જિદે ફતાહ,મસ્જિદે સલમાન ફારસી,મસ્જિદે અલી,મસ્જિદે ઉમર,મસ્જિદે સઅદ બિન મઆઝ અને મસ્જિદે અબુબકર વગેરે સામેલ છે.ગજવએ ખંદક વખતે મસ્જિદે ફતાહની જગ્યાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે દુઆઓ માંગી હતી.હાલે આ પહાડના દામનમાં સઉદી હકુમતે મસ્જિદે ખંદકના નામથી એક મોટી મસ્જિદ બનાવી છે.જેમાં મસાજિદે સબઆમાંની અમુક મસ્જિદોને અંદર સમાવી લેવામાં આવી છે.

મસ્જિદે બની હરામ : સહાબાએ કિરામના જમાનામાં અહીં મસ્જિદ બનેલી હતી.આ વિસ્તારમાં અન્સારનો એક કબીલો રહેતો હતો.કબીલા બનુ સલમાના એક શખ્સનું નામ હરામ હતું.તેની ઔલાદમાંથી જે કબીલો બન્યો તે બનુ હરામના નામથી મશહૂર છે.તેઓની આબાદી જબલે સલઆની પૂર્વે બાજુએ આવેલ હતી.આ જગ્યાએ જે મસ્જિદ છે તે આજે પણ મસ્જિદે બનીહરામના નામથી ઓળખાય છે.

બીરે રૂમા (બીરે ઉસ્માન રદીઅલ્લાહોત્આલા અનહો): આ કૂવો મસ્જિદે નબવી શરીફથી આશરે સાડા ત્રણ કિ.મી. અને મસ્જિદે કીબ્લતૈનથી એક કિ.મી. વાદી એ અકીકની બાજુમાં આવેલ છે.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મદિના શરીફમાં તશરીફ લાવ્યા ત્યારે મીઠા પાણીનો આ એક જ કૂવો હતો જે યહુદીની માલિકીનો હતો.આ યહૂદી લોકોને મોંઘા ભાવે પાણીનું વેંચાણ કરતો.હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું,જે કોઈ આ કૂવાને મુસલમાનો માટે વેંચાતો લેશે એને જન્નતમાં આથી વધારે બહેતર ઈનામ મળશે.તે વખતે હઝરત ઉસ્માન રદીઅલ્લાહોત્આલાઅનહોએ આ કૂવો ખરીદીને મુસલમાન ગરીબો,મુસાફરો અને મદિનાવાળાઓ માટે વકફ કર્યું.(જામેઅ તીરમિજી) (નોંધ : હાલે આ કૂવો ખેતીવાડી ખાતાનાં તાબામાં છે.)

મસ્જિદે મીકાત : મદિનાશરીફથી ૧૨ કિ.મી.ના અંતરે આ મસ્જિદ આવેલી છે.ઈમામુલઅંબીયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મકકા શરીફ જતાં–આવતાં તો તે જગ્યાએ રોકાણ કરતાં અને નમાઝ પણ અદા ફરમાવતા.

મદિના શરીફની ખજૂર : હુઝૂર રહમતુલ્લીલઆલમીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવ્યું કે, જે મદિના શરીફની સાત ખજૂરો સવારે ખાશે.તેને સાંજ સુધી કોઈ ઝેર નુકશાન કરશે નહી.(મુસ્લીમ શરીફ)

અમુક હદીશોમાં ઈરશાદ છે કે જે સવારના સાત અઝવા ખજૂર (મદિનાની એક જાતની ખજૂર) ખાશે,તો તેને તે દિવસે કોઈ જહેર(ઝેર) નુકશાન નહીં કરે.

બીજો ઈરશાદે નબવી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ છે કે અવાલીની અઝવા ખજૂરમાં શફા છે.તેને સવારના પહોરમાં ખાવી તિરીયાક છે.(શહી મુસ્લીમશરીફ)(અવાલી મદિના શરીફનો દક્ષિણ બાજુના વિસ્તારને કહેવામાં આવે છે.)

મદિના શરીફની મિટ્ટી(ખાકે શફા) : કયારેક કોઈ માણસને ફોડા અથવા જખમ થઈ જતું તો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાની શહાદતની આંગળીને જમીન ઉપર લગાવીને ઉપાડી કરી આ દુઆ પઢતા.“ અલ્લાહના નામ સાથે અમારી જમીનની મિટ્ટી અમારી લુહાબે દહન સાથે બીમારી માટે શીફાનુ સબબ છે.અમારા રબના હુકમથી (શહી મુસ્લીમ શરીફ).

સુબ્હાનલ્લાહ “ ન હો આરામ જીસ બિમાર કો સારે જમાને સે
ઉઠા લે આએ થોડી ખાક ઉનકે આસ્તાનસે.”

સુબ્હાનલ્લાહ, મદિના શરીફનું એક–એક મકામ અને જર્રા જર્રા બરકતો અને રહમતોથી લબરેઝ છે.

"યે હૈ બજારે મુસ્તફા યારોં,
ખોટે સિક્કે યહીં ચલતે હૈ."
"યહી અરજ હૈ ખાલીકે અરદો સમા,
વોહ રસુલ હૈં તેરે, મૈં બન્દા તેરા,
મુજે ઈન્કે ઝવાર મેં દે વો જગાહ,
કે હૈ ખુલ્દ કો જીસ કી શફા કી કસમ."
" ઉન કી મહકને દિલ કે ગુંચે ખીલા દીયે હૈં,
જીસ રાહ ચલ ગયે હૈ કુચે બસા દિયે હૈં."
"બખુદા ખુદા કા યહી હૈ દર નહી ઔર કોઈ મકર મકર,
જો વહાં સે હો યહી આકે વો જો યહાં નહી વો વહાં નહી"

દસ દિવસ મદિના શરીફના રોકાણ બાદ રવાનગીનો વખત આવે દિલ કહેવા લાગે.અફસોસ ! કે મોત ન આવી આ પ્યારા નગરમાં આખરી સલામ અરજ કરવા બારગાહે રીસાલતમાં મસ્જિદે નબવીમાં બેરકાત નમાઝ અદા કરી.દુન્યા આખેરતની બહેતરી અને હાજતો માટે તથા હજજ અને જીયારત થાય તે માટે તથા વતન સહી સલામત પહોંચવાની દુઆ કરી આખરી સલામ અરજ કર્યા.

"અલ્લાહુમ્મ લાતજઅલ હાઝા આખીરલ અહદે બિન્નબીય્યક વ મસ્જીદહી વ હરમેહી વ યસ્સિર લીલ્અવદે ઈલયહી વલ ઉકુફા લદયહી વર ઝુકનીલ અફ્વ વલ આફીયત ફીદદુન્યા વલ આખીરતી વ રૂદના ઈલા આહલીના સાલીમીન ગાનીમીન આમીન,બિરહમતીક યા અરહમર્રાહીમીન"

આ સલામ અને દુઆ કરી આંસુઓથી તર આંખેં, હસરતભર્યા દિલે રડતા રડતા બારગાહે રીસાલતની જુદાઈ અને અફસોસ સાથે મસ્જિદે નબવીથી બહાર નીકળ્યાં.

'ફીર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબ કી ખાય કયું,દિલ કો અકલ દે ખુદા તેરી ગલી સે જાયે કયું,
" ઉસ ગલી કા ગધા હું જીસ મેં,માગતે તાજદાર ફીરતે હૈં.
"ફુલ કયા દેખું મેરી આંખોં મે,દશ્તે તયબા કે ખાર ફીરતે હૈં.

યા ઈલાહી હર જગહ તેરી અતા કા સાથ હો,જબ પડે મુશ્કીલ શહે મુશ્કીલ કુશા કા સાથ હો.
યા ઈલાહી ભૂલ જાઉં નજઆ કી તકલીફકો,શાદએ દીદારે હુશને મુસ્તફા કા સાથ હો.
યા ઈલાહી મશહર મેં શોરે દારોગીર,અમન દેનેવાલે પેશવા કા સાથ હો.
યા ઈલાહી નામએ આમાલ જબ ખુલને લગે,ઐબ પોશ ખલકે સતારે ખતા કા સાથ હો.
યા ઈલાહી જો દુઆએં મેં તુજ સે કરૂં,કુદશીયોં કે લબ સે આમીન રબ્બના કા સાથ હો.
યા ઈલાહી જબ 'રઝા' ખ્વાબે ગીરાં સે સર ઉઠાએ,દોલતે બયદારે હુસ્ને મુસ્તફા કા સાથ હો.



(મસ્જિદે કુબા)



(મસ્જિદે કિબ્લતૈન)



(મસ્જિદે જુમ્આ)



(શનિયતુલ વદાઅ)



(મસ્જિદે ઉસ્માન)

(મસ્જિદે બિલાલ)



(મસ્જિદે ઉમર)



(મસ્જિદે અલી)



(મસ્જિદે ગમામા)

(મસ્જિદે અબુબકર)

(મસાજીદે સબા)

(જબ્લે ઓહદ)



(ઈ.સ.૧૯૦૫નું મદિના શરીફનું એક દશ્ય)



(જન્નતુલ બકીઅનું એક હવાઈ દશ્ય)

(મહેરાબે નબવી)



(મહેરાબે તહજ્જુદ)



(મસ્જિદે ફસાહનું ખંડેર
જબ્લે ઓહદની દામનમાં)

(મસ્જિદે નબવીનું એક સુંદર દશ્ય)



સૈયદ હાજી જંહાગીર શાહ બાવા
ની લખેલી કિતાબો

1) ફતાવાએ હનફીયા

2) સઆદતે દારૈન

3) અઝમતે ઈસ્લામ

4) નુરે ઈસ્લામ - ૧

5) નુરે ઈસ્લામ - ૨

6) નુરે ઈસ્લામ - ૩

7) સાચા મોમીન મુસલમાન ની
શાન

8) રસુલુલ્લાહ ની શાન
દાનીશમંદો ની જબાની